
Sandhya Suraj (Gujarati Edition)

Trivedi, Vicky

VISIT...

LANZAROTE Caliente.COM



સંધ્યા સૂરજ

વિકી ત્રિવેદી

પ્રસ્તાવના

મોટા ભાગની કહાનીઓ સારી જ હોય કેમ કે નાયક બધા નાયકને શોભે તેવા જ કામ કરે છે પણ મારી વાત કઈક જુદી હતી. ચોક્કસ પહેલા પરિચય થવો જોઈએ. શરૂઆતમાં પરિચય જરૂરી છે. પરિચય વિના પાત્રને ઓળખી ન શકાય.

હું મારી ઓળખ તમને બરાબર આપીશ પણ મારી ઓળખ બે લાઈન કે ચાર શબ્દોથી આપી શકાય તેમ નથી! એમ ન સમજતા કે મારામાં વાત કરવાની રીતભાત નથી કે હું તોછડી છું પણ એ જ હકીકત છે. જેમ જેમ તમે મારા વિશે વાંચે જશો તેમ તેમ મારાથી પરિચિત થતા જશો. હું તમારામાંથી કેટલાકને પોતાને અરીસામાંનું પ્રતિબિંબ દેખાઇશ તો કોઈને તેમની સામે ઉભેલી સૌથી સુંદર છોકરી દેખાઈશ! કોઈ મને પોતાની ફ્રેન્ડ સમજશે તો કોઈ પોતાની હરીફ! બધાને હું કઈકને કઈક અલગ જ લાગીશ પણ મને એક વાતની ખાતરી છે વાર્તાના અંત સુધીમાં તમે મને ચાહવા લાગશો. હા, તમે મને શું સમજી ચાહશો એ તમારા ઉપર નિર્ભર કરે છે કેમ કે દરેક કહાનીમાં એક નાયક હોય છે અને એક ખલનાયક. તમે મને કઈ નજરથી દેખો છો, કયા ભાવથી પામો છો એ તમારા વિચાર અને અનુભવ ઉપર આધાર રાખે છે.

જેમ જેમ તમે કહાનીમાં ઉતરતા જશો તેમ તેમ મારી જાતમાં જાણે ઊંડા ને ઊંડા ઉતરતા જશો. ક્યારેક હું તમારી પાસે બેઠી હોઈશ તો ક્યારેક તમારી સામે ઉભી હોઈશ! ક્યાંક તમે મને નફરત કરશો તો કયાંક તમે મને ચાહવા લાગશો! ક્યારેક તમે મારી સાથે ખુશીથી નાચવા લાગશો તો ક્યારેક મારા માટે આંસુ બગાડશો!

એકંદરે તમે આ પુસ્તક વાંચતી વખતે, મારી કહાની વાંચતી વખતે મારું જીવન જીવી રહ્યા છો તેવો અનુભવ કરશો. એકાદ પાનું હસાવી દેશે તો કેટલાક પાના તમને રડાવી દેશે.! એકાદ પાનું તમને બહાદુર બનાવશે તો કેટલાક પાના તમારા શરીરમાંથી ભયનું લખલખું પસાર કરી દેશે. જો તમે નરમ હ્રદયના હશો તો આ પુસ્તક તમને કંપાવી નાખશે..!

ક્યારેક તમને એમ લાગશે કે મારી આત્મા તમારી અંદર રહેલી છે તો ક્યારેક તમે વિચારશો કે મારા વિચારો તમારા મનમાં વસે છે! ક્યાંક ક્યાંક તો તમે તમારી જાતને મને ધારી લેશો. ક્યારેક મારાથી અલગ ન થવાની સોગન લઇ લેશો તો ક્યારેક મારાથી અળગા થવા તમે પુસ્તકનો છુટ્ટો ઘા કરશો! પણ મને ખાતરી છે થોડીકવાર પછી એ જ ખૂણામાં પડેલું પુસ્તક હાથમાં લઇ વાંચવા બેસી જશો અને વાંચી રહ્યા પછી પણ દિવસો સુધી આ પુસ્તકના પાના તમે મનમાં ઉથલાવ્યા કરશો!

ક્યારેક હું તમને સફેદ રંગ જેવી શાંત દેખાઈશ પણ ધીમે ધીમે મારામાં રહેલ સાત રંગોનું મિશ્રણ તમને દેખાશે. કહે છે ને સફેદ રંગ સાત રંગોનું મિશ્રણ છે. એ હું તમને સાબિત કરી બતાવીશ અને એ સાબિત કરવા મારે કોઈ પ્રીઝમની જરૂર નથી પડવાની.

કોઈ એક પળે, તમે વાર્તામાં હાંફી રહ્યા હશો તો બીજી પળે કઈક નવું જાણી રહ્યા હશો! ક્યાંક હું તમને બોર કરીશ તો ક્યારેક હું તમને ભાવ વિભોર કરીશ!

હું સંધ્યા, એક સામાન્ય ન કહી શકાય તેવી છોકરી. તમને લાગશે કે ફરી ક્યાંક હું મારો ઈગો બતાવી રહી છું! પણ ના! જ્યારે તમે મારી સાથે શ્વાસ લેશો અને મારા શ્વાસની સુગંધ મહેસુસ કરશો તમને ખાતરી થઇ જશે હું સામાન્ય નથી. તમારા મોમાંથી રાડ નીકળી જાય તેવા જીવ સાટોસાટના ખેલ ખેલતી જોઈને તમે મને સામાન્ય છોકરી કહેવાની હિમ્મત નહી જ કરી શકો. જો તમે પોતે એવા જીવ સાટોસાટના ખેલ નહી ખેલ્યા હોય તો!

વ્યક્તિગત રીતે મને બ્લેક રંગ પસંદ છે. કદાચ મારા જીવનમાં એ કલર સૌથી ઊંડી અસર કરનાર છે માટે જ. જો કે મેં જીવનના દરેક રંગોનો આનંદ માણ્યો છે પણ મારી પાસે હવે છેલ્લો રંગ બચ્યો છે બ્લેક. ક્યારેક જીવનમાં કાળો રંગ એટલો છવાઈ જાય છે કે આપણે માણેલા અન્ય રંગોનું કોઈ મહત્વ નથી રહેતું. મારી સાથે પણ કઈક આવુ જ થયું.

તમને સવારના રંગો જોવા ગમતા હશે. નવાઈની વાત નથી. દરેકને જીવનમાં સવારના સુંદર રંગો જ જોવા ગમે છે મનેય એ જ સવારના સુંદર રંગો જોવા ગમતા હતા પણ આજે હું તમને સંધ્યાના રંગો બતાવવા માંગુ છું. સંધ્યા મતલબ હું નહિ, સંધ્યા મતલબ સાંજ, અસ્ત થતા સુરજના રંગો, અજવાળાને અંધકારમાં લઇ જતા રંગો...!!

હું ક્યારેય ઈર્ષાળુ નહોતી. હું ક્યારેય વાયોલંટ ન હતી કે હું ક્યારેય ઉદાસ પણ ન હતી. મારા જેવી છોકરી મોટા ભાગે તમને ગ્રાઉન્ડ પર બેઝબોલ રમતી જોવા મળે. કા'તો પછી ટ્રીપલ સવારીમાં જતી સ્કુટી પર ટાઈટ જીન્સમાં વચ્ચે બેસી પાછળ બેઠેલ છોકરીને કોણી મારતી જોવા મળે. એ સમયે કેટલાકને એ ગમી જાય છે. કેટલાક એની સાથે ફરવાના સપના જોવા લાગે છે અને કેટલીક છોકરીઓ તેની ઈર્ષા કરે છે...!! પણ ક્યારેય વિચાર્યું છે કે કેટલાક તેને કિડનેપ કરવાનું આયોજન કરવા લાગે છે અને ત્યારબાદ એ બેઝબોલ ગ્રાઉન્ડ પર તમને દેખાતી બંધ થઇ જાય છે, નથી એ કોઈને સ્કૂટી પર વચ્ચેની સીટમાં બેસીને મસ્તી કરતી દેખાતી...!!

પણ...! બધા એ ભૂલી જાય છે તેના બદલે કોઈ બીજી છોકરીને જોવા લાગે છે એના બદલે કોઈ બીજી સાથે સપના દેખવા લાગે છે અને પેલી ઈર્ષા કરવાવાળી છોકરીઓ કોઈ બીજી છોકરીની ઈર્ષા કરવા લાગે છે. પણ કિડનેપ કરવાનું આયોજન કરનાર એ બીજી છોકરીને કિડનેપ કરવાનું આયોજન કરવા લાગે છે.?

ના...!! તે કોઈ બીજી છોકરીને કિડનેપ કરવાનું આયોજન કરવામાં સમય નથી બગાડતો. તેની પાસે કોઈ બીજું કામ હોય છે. કોઈ એકાંત સ્થળે આવેલ મકાનના ભોયરામાં કે પછી કોઈ વર્ષોથી બંધ પડેલાં વેર-હાઉસમાં બાંધેલી એ બેઝબોલ પ્લેયર કે સ્કૂટી પિલિયન રાઈડરને ઠેકાણે લગાવવાનું...!! એને તડપતી જોવાનું...!! એને એ દરેક દર્દ આપવાનું જે સાંભળતા જ કાળજું કંપી ઉઠે...!! આજ સત્ય છે, કડવું ભયાનક સત્ય.... નગ્ન સત્ય...!!

મારી કહાની એ કીડનેપરે કિડનેપ કરેલ છોકરી સાથે શું થાય છે એની છે. એ કિડનેપર ફરી એકવાર કોઈ એમેટર, ચીયર લીડર કે બાસ્કેટબોલ ટીમમાં નવી જ જોડાયેલ છોકરીને કિડનેપ કરવાનું આયોજન કરે છે. માત્ર એના માંસલ દેહ ખાતર. માત્ર એના સુંદર શરીર ખાતર કે પછી કોઈ એવા કારણ ખાતર જેનાથી તમે આજ સુધી એકદમ અજાણ હો! જેનાથી હું પોતે પણ અજાણ હતી. કદાચ કોઈ એવું કારણ કે જે જાણવું મુશ્કેલ જ નહી પણ અશક્ય હોય!!!

ને એ જાણવા હું મારો અંત કરવા ત્યાં ગઈ હતી... ત્યાં જ્યાં જીવન નથી, ત્યાં જ્યાં અજવાસ નથી, ત્યાં જ્યાં માનવ હોય પણ માનવતા ન હોય, જ્યાં મરવું સહેલું છે પણ જીવવું અશક્ય છે.....!!

મારા જીવનમાં ઘણી બધી ઘટનાઓ બની હતી. મારા જીવનમાં અનેક એવી ક્ષણ છે જે મારા માટે અત્યંત મહત્વની હતી પણ મારા જીવનની એ ક્ષણ કેટલાક સમય પહેલા આવી હતી, જયારે હું બીચ કેબીન પર મિત્રો સાથે પાર્ટી પર હતી. જયારે હું કિડનેપ થઇ...!!

***

હું કોઈ અજબ બંધિયાર જગ્યાએ હતી. એ સ્થળ એટલું બંધિયાર હતું કે ત્યાની હવા પણ જાણે વર્ષોથી ત્યાં કેદ હોય તેવી લાગતી હતી. એ હવામાં કોઈ અજબ વાસ હતી. સડેલા

મડદાની ભયાનક દુર્ગંધ જેવી તે વાસ નહોતી ન તો કોહવાયેલા કચરાની તે વાસ હતી. કદાચ તે હવામાં ડર ભળેલો હતો. એ ભયની વાસ હતી જે માણસની સિકસ્થ સેન્સને અનુભવાય. મને એમ લાગતું હતું જાણે હું કોઈ બીજી જ દુનિયામાં હતી જ્યાં ન હતા માનવ, ન હતા પશુ કે ન હતા પક્ષીઓ, માત્ર હું, માત્ર અંધારું, માત્ર એકલતા અને મારા મનનો ભય!!! હવે શું થશે? એ ભયાનક ભયભર્યો સવાલ જેનો જવાબ હું જાણતી જ ન હતી.

કેટલું અજીબ છે કિડનેપ થવું? ફિલ્મોમાં કિડનેપ થતી છોકરીનું દ્રશ્ય જોઈએ ત્યારે ખબર હોય છે હમણાં નાયક આવશે અને તેને છોડાવી લેશે પણ આ તો થિયેટરનો પરદો કે ટીવીની સ્ક્રીન ન હતી! આ હતી નરી વાસ્તવિકતા, ભયાનક સત્ય જ્યાં ખલનાયક પગલેને ડગલે મળી રહે છે પણ નાયક મળતા નથી.

આમ તો રૂપાળી છોકરીની વ્હારે ઘણા માણસો આવે છે પણ માત્ર કોલેજમાં કે થીયેટરની ભીડમાં જ્યાં એ જાણતા હોય કે અહી અમને કોઈ વાંધો નથી, છોકરીને છેડનાર માણસ જાહેરમાં અમને કઈ નથી કરી શકવાનો અને અમે અમારું ઇમ્પ્રેશન જમાવવામાં સફળ રહીશું એટલે જ એ લોકો બાહોશી બતાવે છે. જયારે હું તો હતી એકાંતમાં, એક અંધારિયા આલમમાં અને કદાચ એ આલમ બનેલો હતો સખત મેટલનો જ્યાં એવા જ સખત લોકોનું સામ્રાજ્ય હતું! હું એ મૂંગા મેટલની કઠોરતાને મહેસુસ કરી શકતી હતી.

મને એ સ્થળ અંદરથી જોઈ જરાય અંદાજ આવી શકે તેમ નહોતો કે એ કયું સ્થળ હશે? અને કદાચ બહાર નીકળી એ સ્થળ જોવું મારા માટે અશક્ય હતું.

એ બંધીયાર સ્થળમાં શ્વાસ લેવા માટે પુરતો ઓક્સીઝન તો હતો કે નહિ એ હું નથી જાણતી પણ ત્યાં ગૂંગળાવી મારવા માટે પુરતો ધુમાડો જરૂર હતો. ધુમાડો કદાચ આ ધુમાડા અને ધુમ્મસ સાથે મારો કોઈ અજબ સંબંધ છે.

મારી ચારે તરફ સિગારેટનો ધુમાડો અને વિદેશી દારૂની વાસ ફેલાયેલી હતી. હું પોતે પણ સિગારેટ પીતી. મેં ઘણીવાર સિગારેટ માત્ર એન્જોયમેન્ટ માટે પીધી હતી. મને મારા જીવનની પ્રથમ સિગારેટ યાદ છે, દિલ્હીમાં અનીતા રાજનનો જન્મ દિવસ હતો અને હું અઢારની નહોતી છતાં તેણીએ મને નાઈટ ક્લબમાં એન્ટ્રી અપાવી હતી. હું તેના જેમ બ્રાન્ડી લઇ શકું એટલી બોલ્ડ તો નહોતી પણ જન્મ દિવસના પ્રસંગે એને માઠું ન લાગે એ માટે નોન-આલ્કોહોલિક બીયર સાથે મેં મારા જીવનમાં પહેલીવાર સિગારેટ લીધી હતી.

મને જીવનના દરેક અનુભવ લેવાનો ગજબ શોખ હતો. પહેલી સિગારેટના પહેલા જ કશ ઉપર હું કેટલી ખાંસી હતી અને બધી ગર્લ્સ મારા ઉપર કેટલી હસી હતી એ મને હજુ યાદ છે! માત્ર મને જ નહિ દરેકને ખબર પડી ગઈ હતી કે એ મારી પહેલી જ સિગારેટ હતી!

એ સિવાય ઘણીવાર સ્ટ્રેસને દુર કરવા માટે મેં સિગારેટ પીધી હતી અને જીનલના ગયા પછી તો સિગારેટ જ જાણે મારી સાથી બની ગઈ હતી! પણ અહી... અહી કદાચ એ વાસ એટલી હદે વધારે હતી કે મારું મગજ સ્પીન થઇ રહ્યું હતું! મને ચક્કર આવી રહ્યા હતા એટલી તીવ્ર વાસ આવતી હતી!

હું ક્યાં હતી મને ખબર નહોતી પણ હું કહી શકું કે મારી ચારે તરફ સિગારેટનો ધુમાડો અને દારૂની ગંદી વાસ ફેલાયેલી હતીં.! હું ત્યાંથી દુર જવા ઇચ્છતી હતી. હું ઘરે જવા ઇચ્છતી હતી. હું પપ્પાને જોવા માંગતી હતી. હું દાદાને મળવા માંગતી હતી. હું પોતાના કોઈ વ્યક્તિનો ચહેરો જોવા માંગતી હતી. હું કોઈ મારું હોય એના ખભા પર માથું મૂકી રડવા માંગતી હતી. કોઈ મારા માથા પર હાથ મૂકી મને કોન્સોલેશન આપે તેમ ઇચ્છતી હતી. પણ??? એ બધું શક્ય નહોતું. માણસનું મન પણ ગજબનું હોય છે કોલેજની ભીડમાં ઉદાસ થઈને હું ઘણીવાર બધાથી દુર એકલી જઈને બેસતી, ઘણી સાંજ મેં એકલા વિતાવવાનું પસંદ કર્યું હતું અને જયારે આ અંધારી કોટડીની દુનિયામાં આવી ત્યારે મારું મન લોકો માટે મારા જેવા બીજા હલનચલન કરતા માણસોને જોવા તડપી ઉઠ્યું!

પણ એ મને હવે અશક્ય લાગવા માંડ્યું હતું. કેમ કે હું કિડનેપ થઇ હતી. કોલેજના કોઈ મિત્રની એ પ્રેંક નહોતી કે જ્યાંથી મને મુક્તિ મળે! એ હતી ભયાનક અંધારી દુનિયા, નિર્દય માણસોની દુનિયા!

અંધારામાં મેં પહેરેલ ટી-શર્ટનો રંગ મને દેખાતો ન હતો પણ મને યાદ હતું કે છેલ્લીવાર બાથટબમાંથી બહાર આવી મેં આછા ભૂરા રંગની હાફ સ્લીવની સ્કીન ટાઈટ ટી-શર્ટ, એના નીચે મેચિંગ ન લાગતું હોય તેવું ડાર્ક બ્લુ શેડવાળું જીન્સ પહેર્યું હતું. મને હમેશા અલગ દેખાવાની ઈચ્છા રહેતી માટે હું ખાસ ક્રોસ મેચિંગ પહેરવાનું પસંદ કરતી. જોકે એ માત્ર મને જ મેચિંગ લાગતું હતું બાકી કોઈને ન લાગતું. લોકો મને પીઠ પાછળ ડ્રેસિંગ મેનર વગરની છોકરી કહેતા હશે તો નવાઈ નહિ. પણ મને ક્યાં ક્યારેય ચિંતા હતી કે લોકો મારી પીઠ પાછળ મારા વિશે શું કહે છે?

ફિલ્મોમાં બતાવે છે એ રીતે મારું કિડનેપ નહોતું થયું. કિડનેપ થયા પછી પણ મને એ રીતે રાખવામાં નહોતી આવી જેમ ફિલ્મોમાં બતાવે છે. મારા હાથ બાંધેલા નહોતા, મારા મો પર ટેપ નહોતી મારેલી છતાં હું ક્યાય જઈ શકુ તેમ ન હતી. હું ચીસો પાડી કોઈને મદદ માટે બોલાવી શકું તેમ નહોતી.

હું મારી પીઠ ને આધારે પડી હતી.....

હું મદદ માટે ચીસ પાડવા માંગતી હતી.....

મારા હોઠ પર ટેપ મારેલી નહોતી... હું બુમો પાડી શકું તેમ હતી.. અને મેં એવું કર્યું પણ હતું કે જેથી મને કોઈ બચાવવા આવે પણ કોઈ ફાયદો થયો નહી. ત્યાં મારી ચીસો સાંભળી મારી મદદે આવનાર કોઈ નહોતું. હું હવે જાણતી હતી કે હું કોઈ એવા સ્થળે હતી જ્યાં મારો અવાજ સાંભળનાર કોઈ જ ન હતું. જ્યાં મારી મદદ કરનાર કોઈ નહોતું. માટે ખોટી બુમો પાડી રહી સહી શક્તિ ધ્વનીઉર્જા સ્વરૂપે વેડફવાનો કોઈ અર્થ નહોતો. આઈ ન્યુ આઈ વોઝ હેલ્પલેસ....! હું જાણતી હતી હું બિચારી બની ગઈ હતી.!!

મારી આંખો ખુલ્લી હતી. મને ખાતરી છે મારી આંખો ખુલ્લી હતી પણ મારી આંખો ત્રણ દિવસ સુધી સતત ઊંઘી ન હોવાને લીધે સુજી ગઈ હતી. માથામાં જાણે વજનીયા મુક્યા હોય તેવું ભાર લાગતું હતું. પાછળના ભાગે માથામાં તીવ્ર સણકા ઉપડતા હતા. મારી આંખોમાં

કઈક એવો ચીકણો પદાર્થ ભેગો થઇ ગયો હતો જેને હું હટાવવા ઇચ્છતી હતી. હું એ ચિકણા પદાર્થને હટાવી શકું તેમ હતી પણ મેં એવું ન કર્યું. કારણ હું જાણતી હતી કે આંગળીના સ્પર્શથી આંખમાં ઇન્ફેકશન લાગી શકે છે.

હું મારી આસપાસની જગ્યાને જોવાનો પ્રયાસ કરી શકું તેમ હતી પણ મેં એવું ન કર્યું કેમકે હું જાણતી હતી કે એ નિષ્ફળ પ્રયાસ છે. કેમકે મેં પહેલા પણ મારી આસપાસ જોવાનો પ્રયાસ કર્યો હતો પણ મને એમ લાગતું હતું જાણે હું મારી આસપાસની ચીજોને પુરા ભરેલ સ્વીમીંગ પુલને પેલે પાર દેખતી હોઉં. મને લાગતું હતું જાણે હું તૂટેલા કેલિડોસ્કોપ વડે આકાશ દર્શન કરી રહી હોઉં. બધુ જ ઝાંખું હતું. કઈ જ સાફ દેખાતું ન હતું. એવરીથીંગ વોઝ બ્લર એન્ડ શોર્ટ સાઈટેડ. મારા માટે દુનિયા ધૂંધળી થઇ ગઈ હતી.

બસ હું મારી આસપાસની હવા, પેલી દુર્ગંધને અને અંધારાને મહેસુસ કરી શકતી હતી. મહેસુસ કરવા માટે ત્યાં આસપાસ સિગારેટના ધુમાડા અને દારૂની ગંદી વાસ સિવાય હતું પણ શું? ધુમાડો.... બસ એ એક મારા સાથે કોઈ જન્મો જન્મનો સંબંધ ધરાવતો હોય એમ મારી આસપાસ ઘેરાઈને રહેલો હતો.

મારી આંખો બંધ થવા લાગી...!!

કદાચ હું બેભાન થઇ રહી હતી....!!

પણ આ કહાની અહીથી તો ચાલુ નથી થતી. જરાક ભૂતકાળમાં જઈ આવીએ. જરાક મારા ભૂતકાળમાં જોઈ આવીએ. તમને જરાક ખયાલ આવી જાય કે હું કોણ છું? મારા સપના શું હતા? મારી ભૂલ શું હતી? મને મરતા જોતી વખતે તમારી આંખો કોરી ન રહી જાય એ માટે મને જાણવી જરૂરી છે. મને જાણ્યા વિના જ મારા મોતનો અફસોસ કરવાનો શું મતલબ. કમ-સે-કમ તમને ખબર તો હોવી જ જોઈએ કે તમે કોના માટે રડી રહ્યા છો?

હું સંધ્યા.

તમને રોજ દેખવા મળતી સુંદર છોકરીઓમાંની એક. તમારા આસપાસના વિસ્તારમાં રહેતી સ્માર્ટ, ક્યુટ, ટેલેન્ટેડ, આઝાદ સ્વભાવની અને પહેલી જ નજરે મનને ગમી જાય એ છોકરીઓમાંથી એક! જેને તમે માલ કે હોટ કે બોમ્બ ફિગર કહો છો તેમાંની એક. આઈ વોઝ બ્યુટીફૂલ વિથ લોટ ઓફ સ્ટાઈલ એન્ડ ગ્રેસ. દાદી મને સુંદરતાની મૂર્તિ અને પપ્પા મને બ્યુટીફૂલ ડોલ કહેતા. કોલેજમાં મિત્રો મને સામે મોઢે અપ્સરા લાગે છે અને લૂકિંગ બ્યુટીફૂલ કહેતા જયારે પીઠ પાછળ તો મારા જેવી સુંદર છોકરીઓ માટે કયા શબ્દો વપરાય એ તમને ખબર જ હશે. માલ, આઈટમ, સ્વીટ પીસ, જક્કાસ, ચીઅર લીડર, એમેચ્યુઅર અને એવા ઘણા શબ્દો કોલેજીયન છોકરાઓમાં ચલણ ધરાવે છે. ફક્ત કોલેજીયન જ કેમ? ગલ્લા ઉપર બેસતા ઘણા હરામખોર ડોશાઓ પણ એવું બોલતા હોય છે.

મારા વાળની રેડ હાય લાઈટ્સ જ્યારે તડકામાં ચમકતી એ મને વધુ સુંદર બનાવતી. સનસાઇન વોઝ ઓલ્વેઝ ટુ મેક મી ચાર્મિંગ. મારી ફ્રેન્ડસ મને કહેતી કે હું મારા રેડ હાઈલાઈટ વાળ અને લેફ્ટ નેક પરના બટરફ્લાયના ટેટુને લીધે સુંદર લાગતી. મારામાં આઈ ડોન્ટ કેર એટીટ્યુડ હતો. આઈ ડોન્ટ કેર એટીટ્યુડ મતલબ મને દુનીયાની કોઈ જ ફિકર ન હતી.

હું મારી મરજી મુજબ જીવતી. હું હંમેશા પોતાનામાં જ રાચતી. હું કોલેજની બીજી છોકરીઓની જેમ રિસ્ક લેવામાં ક્યારેય ડર ન અનુભવતી. જો રિસ્ક નહિ લેતા ઉસકી જીંદગી રિસ્કી બન જાતી હે એ મારો જીવનમંત્ર હતો. જોકે એ મંત્રનો મને ખાસ ફાયદો નહોતો થયો કેમકે એનાથી કોઈ ફેર પડ્યો હોત તો મારું જીવન એક કાળ કોટડીમાં એન્ડ અપ થવા ન જઇ રહ્યું હોત!

મને ટેટુ પસંદ હતા. દિલ્હીમાં મેં મારી ડાબી ગરદન પર મારી ખાસ ફ્રેન્ડ અનીતા રાજન સાથે ગોવા ગયેલી એ વખતે બટરફલાયનું ટેટુ બનાવડાવ્યું હતું જેના વખાણ કરતા છોકરા છોકરીઓ ક્યારેય થાકતા નહિ. પણ કોલેજમાં આવ્યા પછી મને સુંદર કરતા હોટ દેખાવામાં વધુ રસ હતો કેમકે અહી મારી સુંદરતા કરતા હોટ્નેસ વધુ ઉપયોગી સાબિત થાય એમ હતી એટલે મેં મારી લોવર બેક પર એક બીજું ટેટુ બનવડાવ્યું હતું, જે મને સેકસી અને હોટ ગર્લ્સના લીસ્ટમાં આસાનીથી સમાવી દેતું. મને જોઈ બધાને લાગતું કે હું બધાથી અલગ હતી. છોકરાઓ મને છાને છાને ચાહતા.

દરેક છોકરીને કોલેજમાં એ ઇચ્છાઓ હોય કે બધા એને દેખે, એને ચાહે, એના વખાણ કરે પણ હું જરાક અલગ હતી. મારું જીવન જરાક અલગ હતું. મેં કોઈ જુદા જ મકસદથી સુંદર દેખાવને બદલે હોટ દેખાવ પસંદ કર્યો હતો. કદાચ મારા માટે બીજી છોકરીઓ જેમ પ્યાર-મહોબત જેવા શબ્દોને બદલે તેના વિરોધી શબ્દનું વધુ મહત્વ હતું - નફરત...!

મને સ્પોર્ટ્સનો બહુ શોખ હતો. સ્પોર્ટ્સમાં સાનિયા મિર્જા મારી ફેવરીટ હતી. અરુણીમા સિન્હા અને મેરીકોમમાંથી મેં ઘણી પ્રેરણા લીધી હતી. હું ખુબ જ મહત્વકાંક્ષી હતી. હું પ્રાયમરીમાં હતી ત્યારે મીનીસ્ટર બનવાના સપના દેખતી. એની પાછળનું એક કારણ હતું અમારા વિસ્તારમાં રહેતા ભગવાનદાસ પટેલને મેં અમારા વિસ્તારના કોર્પોરેટર તરીકે જોયા હતા અને એમને મળતા માન સમ્માનથી હું ઈમ્પ્રેસ હતી પણ હાઈસ્કુલમાં આવ્યા પછી મેં એ મહત્વકાંક્ષા છોડી દીધી. એના બે કારણ હતા એક તો મને સમજાઈ ગયું કે મંત્રીઓ અને કોર્પોરેટરઝને મળતું માન મોભો બનાવટી હોય છે. લોકો તેમના પાસેથી કામ નીકાળવા તેમને માન આપતા ન હોવા છતાં બસ સમ્મ્માન આપવાનો અભિનય કરે છે અને એમની સાથે એ થવું પણ જોઈએ કેમકે એ પણ લોકોને સુખ સુવિધા આપવાનો અભિનય જ કરે છે! બાકી તો પોતાની જ સુખ સુવિધા વિશે વિચારતા હોય છે.

બીજું કારણ હતું કે મેં કલ્પના ચાવલા અને સુનીતા વિલિયમ્સ વિશે સાંભળ્યું એટલે મેં સ્પેસ વોયેન્જર બનવાનું નક્કી કર્યું. પણ આગળ જતા મને સમજાયું કે એ લોકો તો બસ કહેવાના ભારતીયો છે બાકી ભારત સાથેનો છેડો તો એમને મહત્વ મળતા જ કાપી નાખ્યો છે! બસ આતો બીજું કોઈ ભારતીય અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે એટલી પ્રગતિ સાધી નથી શક્યું એ ખામી છુપાવવા સરકાર પુસ્તકોમાં એમના ઓરીજીનને આગળ કરી તેમને ભારતીયોમાં ખપાવી આગળ ધરી દે છે! છીછરું! સત્ય હમેશા કડવું જ હોય છે ને?

બારમાં ધોરણમાં આવ્યા પછી આઈ.પી.એસ. ઓફિસર અને કોલેજમાં આવ્યા પછી કોઈ એવું સપનું હું દેખવા લાગી હતી જે તમે વાર્તા વાંચ્યા પછી સમજી જશો.

હું મારી જાતને ડે-ડ્રીમર કહું તો પણ ચાલે. મેં જીવનભર બસ અનેક સપનાઓ જ

જોયા હતા. એ સપના ક્યારે પુરા થશે કે પછી ક્યારેય પુરા થશે જ નહિ એ તો વિચાર્યું જ ન હતું અને એટલે જ કદાચ હું બિન્દાસ્ત જીવી શકતી હતી. હું મસ્ત જીવી કારણ કે ઉપર કહ્યામાંથી મેં કાંઈ જ કર્યું ન હતું. માત્ર બધુ કરવાના સપના જોયા હતા અને મને એ બધું કરવાનો અવસર જ ક્યાં મળ્યો?

મારી હરકતો વિચિત્ર લાગી ને? હા મેં તમને કહ્યું હતું કે ક્યારેક તમે મને મૂરખ સમજશો પણ અફસોસ નથી કેમ કે તમે મને ક્યારે ચાહવા લાગશો એનો તમને જ ખ્યાલ નહિ રહે કારણ મારું આગળનું જીવન અને એમાં ઘટેલી એક એક ઘટનામાં હું એ બાલિશ સંધ્યા રહી ન હતી. મેં જીવ સાટોસાટના ખેલ ખેલ્યા છે. ના મારા માટે નહી, નિર્દોષ બાલિશ છોકરીઓ માટે, તમારા માટે અને મારા જેવી ઘણી સંધ્યા માટે જે ઉછળતી કુદતી સંધ્યાને મેં ક્યારનીયે દફન કરી નાખી હતી. પણ હું ઇચ્છતી નહોતી કે મારા જેવી બીજી છોકરીઓ પોતાના જીવનના રંગીન દિવસો અંધારી દુનિયામાં કાઢે જ્યાં એમને ચાહવા માટે પુરુષ તો શું એક અરીસો પણ ન હોય.

હું પણ પહેલા એવી જ બાલિશ, ઉછળતી કુદતી જિંદગીના દિવસો માણતી હતી. હું બધાથી ખાસ અને અલગ હતી એમ તો ન કહી શકું પણ હું બીજા જેટલી સામાન્ય ન હતી એવું હું ખાતરીપૂર્વક કહી જ શકું. હું ડીફરંટ હતી કે ન હતી પણ દરેક કામ કરવાની મારી રીત ડીફરંટ હતી. લોકો જે કામ સરળતાથી અને આસાનીથી કરી શકતા હોય તે જ કામને હું મુશ્કેલ અને અઘરું બનાવી દેતી. લોકો જે કામને મુશ્કેલ અને અઘરું સમજતા એ જ કામ હું આસાનીથી અને સરળતાથી પાર પાડી શકતી હતી!

મારી કોલેજમાં ઘણા લોકો એવા હતા જે મારા મિત્રો બનવા માંગતા હતા અને હમેશા મારા વખાણ કરતા તો ઘણા એવા પણ હતા કે જે મારી ઈર્ષા કરતા ખાસ તો છોકરીઓ. મને હજુ નથી સમજાતું છોકરીઓ મારાથી આટલી જલતી કેમ? હું હંમેશાથી જાણતી હતી હું બીજાથી અલગ છું. અને મારી પૂરી કહાની સાંભળ્યા પછી તમે પણ એવુ જ માનશો કે હું બધાથી અલગ હતી અને છું કદાચ કાયમ અલગ જ રહીશ.

મને ખબર હતી કેટલાક લોકો મને વિચિત્ર સમજતા. કયારેક કયારેક તો હું મારી પીઠ પાછળ થતી કોમેન્ટ પણ સાંભળી લેતી. એમાં મોટે ભાગે હલકી, ઓવર એક્ટિંગની દુકાન અને પોતાની જાતને શું સમજતી હશે? જેવા શબ્દો મને સંભળાતા પણ મને એની કોઈ જ ફિકર ન હતી. હું કયારેય એ કોમેન્ટના જવાબ આપવા પાછળ ન ફરતી. કેમ કે હું ચાહતી હતી કે મને બધા બિન્દાસ્ત, બોલ્ડ અને બેફિકરી છોકરી સમજે અને મારું કામ સરળ બને.

લાઈફમાં હરડલ્સ હોય જ છે. દરેકની લાઈફમાં હોય છે મારી લાઈફમાં પણ હતા. કહેવાય છે ને કે જીંદગી કોઈ ફૂલોથી સજાવેલી પથારી નથી! મારી જીંદગી પણ એ સૂત્રથી અલગ ન હતી. હું કોઈ એક્ઝેપ્સન ન હતી. એ પળ મારા જીવનમાં આવી જયારે મેં કોઈ એવા વ્યક્તિને ગુમાવી નાખ્યું જેનાથી વિશેષ મારા માટે કાંઈજ ન હતું. કોઈક એવું જે મારા શ્વાસ સાથે જોડાયેલ હતું. મેં મારી બહેન જીનલને ખોઈ નાખી...!! ત્યારબાદ મને જીવનમાં એન્જોયમેન્ટમાં કોઈ જ રસ ન રહ્યો પણ તે છતાં મેં કોલેજમાં એ જ જિંદગી જીવી જે હું પહેલેથી જીવતી આવી હતી કેમકે મારે એ કોલેજમાંથી એના કાતિલને શોધવાનો હતો અને એ

કામ કરવા માટે જૂની સંધ્યા જેવું જીવન જીવવાનું નાટક કરવું જરૂરી હતું જે મેં બખૂબી કર્યું. જયારે મેં ઉદાસ આંખે હસવાનો પ્રયાસ કર્યો ત્યારે મને ખબર પડી કે જે સંધ્યા તરીકે હું વરસોથી જીવી છું એજ સંધ્યા જેવું જીવવાનું નાટક કરવું કેટલું મુશ્કેલ છે..? કેવી અજબ વાત છે આપણે આપણા જ ભૂતકાળની નકલ કરી શકતા નથી!

હું મારા દાદાજીના મકાનમાં રહેતી હતી. મનુભાઈ અને સવિતા બહેન મારા દાદા દાદી. મને લાગે એવું કહેવું મૂર્ખાઈભર્યુ જ કહેવાય કે હું દાદા દાદી સાથે રહેતી હતી કેમકે એમના સાથે તો હું લાંબુ રહી જ છું ક્યાં...??

મારા દાદાનું ઘર શહેરના મોટા અને ભવ્ય ઘરોમાંનું એક ગણી શકાય. જયારે મારા પિતાજી મારી ઉમરના હતા ત્યારે દાદાજીએ એ બનવડાવ્યું હતું. હું દાદાનું ઘર એટલા માટે કહું છું કેમકે દાદાએ એ બનવડાવ્યું હતું. મારા પિતાજી જીવનભર એ જ મકાનમાં રહ્યા. પોતાનું મકાન બનાવવામાં એ નિષ્ફળ રહ્યા. આમ જોવા જઈએ તો એમને પોતાનું મકાન બનાવવાની જરૂર પણ ન હતી. મારે બીજા કોઈ કાકા ન હતા મારા પપ્પા એક જ હતા એટલે એમને જ એ મકાન મળવાનું હતું આથી મકાન ન ખરીદી શકવાનો ખાસ અફસોસ પપ્પાએ ક્યારેય નથી કર્યો.

હું એ જ મકાનમાં નીચેના માળે જન્મી હતી. એ મમ્મી પપ્પાનો બેડ રૂમ હતો જ્યાં હું જન્મી, જ્યાં મેં પ્રથમ વાર શ્વાસ લીધો, જ્યાં મેં પ્રથમવાર કોઈ શબ્દ ઉચ્ચાર્યો, જ્યાં હું પ્રથમ વાર હસી, જ્યાં હું પ્રથમ વાર રડી, જ્યાં મને પ્રથમ વાર માતાનું સ્તનપાન મળ્યું અને જ્યાં હું જીનલ સાથે ઝઘડતી. જીનલ એ જ માંસની બનેલી જેમાંથી હું બની, હા એ મારી બહેન હતી, પ્યારી બહેન જેને મેં મારી આંખો સામે મરતા જોઈ હતી અને ત્યારથી મારું જીવન બદલાઈ ગયું. ત્યારથી હું ક્યારેય કોઈને એમ ન કહી શકી ‘જો હું તારા કરતા ઉંચી છું, કે મારું ફિગર તારા કરતા સારું છે, મારો ચહેરો તારા કરતા વધારે નીખરેલો છે.’ કેમ કે એ એક જીનલ જ હતી જેની આગળ હું મારા વખાણ કરતી અને એ કહેતી ‘છે તો મારી બહેનને? તું વધારે સુંદર દેખાય તો એમાં મને શું વાંધો હોય?’ પણ હું જાણતી હતી કે એ જુઠ્ઠું બોલતી હતી. ખરેખર તો એ મારા કરતા વધારે સુંદર હતી, કદાચ એ સુંદરતા જ એની મોતનું કારણ બની હતી. કાશ કે એની જગ્યાએ હું હોત!

દાદીએ કહ્યું હતું કે હું એ લાકડાના ફર્નીચરથી શોભતા રૂમમાં જન્મી હતી. મારી મમ્મી શોભના મને હોસ્પિટલને બદલે ઘરે જ જન્મ આપવા માંગતી હતી અને ભગવાનની દયાથી એનું એ સપનું પૂરું થયું હતું.

મમ્મી છવ્વીસની હતી જયારે મારો જન્મ થયો. એ મને ખુબ પસંદ કરતી હતી પણ બસ મને એની સાથે રહેવાનો ઓછો સમય મળ્યો.. બાળપણના વરસો હું એની સાથે રહી એ મને યાદ નથી. હું આઠ વરસની હતી જયારે એ મને છોડી ગઈ, માત્ર મને જ નહી દુનિયાને છોડી ગઈ! પિતાજી એ ફરી લગ્ન ન કર્યા. એ જીદ્દી હતા એમણે બધાને એક જ જવાબ આપ્યો. મમ્મીએ મને મોટો કર્યો છે એમ મારી દીકરીઓને પણ કરી દેશે.

દાદી ઘણીવાર મને આ કહાની કહેતી. હું જન્મી ત્યારે મમ્મી કેટલી ખુશ હતી. એ બેડ પર આંગળીથી ગોળ દોરી કહેતી. તું એના લોહી ખરડાયેલા પગ પાસે પહેલીવાર આ જગ્યા

પર સુતી હતી. હું ત્યાં હાથ મુકતી. હું એ બેડ પર ઊંઘતી અને બાજુમાં મમ્મી સુતી હોય એવી કલ્પના કરતી પણ એ બધું વ્યર્થ હતું હું અને દાદી બંને જાણતા હતા. એકવાર દુનિયા છોડી ગયેલ વ્યક્તિ એના વિશે ગમે તેટલું વિચારવાથી પણ પાછું નથી આવતું. પણ મમ્મીનું મૃત્યુ મને એટલું રડાવી ન શકે કેમ કે એ ઈશ્વરની મરજી હતી. કમ-સે-કમ મારે એના મરવાની દુવા ઈશ્વર જોડે નહોતી માંગવી પડી! જયારે જીનલ, મારી એવી બહેન જેને હું પોતાના જીવ કરતા પણ વધારે ચાહતી હતી. એનું દર્દ જોઈ મારે ઈશ્વર આગળ એના મોતની દુવા માંગવી પડી હતી! એલાસ..... પણ સત્ય છે, એક કોમળ છોકરી પોતાની સગી બહેનના મોત માટે પ્રાથના કરે કેવું ભયાનક? કેટલું વિચિત્ર? કેવું સુગ ચડે તેવું સત્ય? પણ હું મજબુર હતી, લાચાર હતી, એ ભયાનક દર્દથી પીડાતી હતી. હું શું કરુ? એ બોલી તો નહોતી શકતી પણ એની આંખો બંધ થતા પહેલા મને કહીને ગઈ હતી કે મારા મોતનો બદલો લેજે સંધ્યા. મારી જેમ એ બધા પણ તડપીને મરવા જોઈએ. એ શબ્દોમાં નહોતી બોલી પણ એની આંખો મને એ બધું કહી ગઈ કદાચ એને જ ખુનનો સબંધ કહેવાતો હશે? એટલે જ કદાચ હજુયે એ પળ યાદ કરું ત્યારે એના માથામાંથી વહેતું એ લોહી મારી આંખોમાં ઉભરાઈ આવે છે અને હું એક કોમળ છોકરીને બદલે બનું છું એક બેદર્દ કાતિલ જેની હર અદા ફરેબ છે, જૂઠ છે. હા એ બંધ થતી આંખોને આપેલ વચન પૂરું કરવા મેં ઘણા એવા કામ કર્યા છે જે યાદ કરી મને પોતાની જાતથી જ નફરત થાય છે પણ મારી પાસે બીજો રસ્તો પણ ક્યાં હતો? જો એ વચન પૂરું ન કરી શકું તો પણ મારે પોતાની જાતને જીવનભર નફરત જ કરવાની હતી.

*

પીતાજી મોટેભાગે પોતાના બીઝનેસમાં જ ડૂબેલા રહેતા. તેઓ જે કંપનીમાં કામ કરતા એ કંપનીના કામે અઠવાડિયાઓ સુધી બહાર રહેતા. પહેલા હું એમ સમજતી કે પિતાજીને અમારી ફિકર નથી પણ જેમ જેમ મોટી થતી ગઈ સમજતી ગઈ કે પિતાજીને મમ્મી વગરનું ઘર ખાવા દોડતું એટલે તેઓ માર્કેટીંગમાં કામ કરતા અને સમયને બને તેટલો બહાર વિતાવતા. અમારી સંભાળ રાખવા દાદા દાદી હતા એટલે એ બાબતે એમને કોઈ ચિંતા ન હતી. ખાસ તો જીનલને ગુમાવ્યા પછી મને સમજાયું કે જીનલ વગર એ ઘરમાં એક પળ રહેવું મને ગમતું નથી તો પપ્પા મમ્મી વિના કાયમ માટે કઈ રીતે જીવતા હશે? મારા જીવનમાં તમને પ્રશ્નાર્થ ચિહ્નો અને ઉદગાર ચિહ્નો પળે પળે જોવા મળશે કેમ કે આગળ કહ્યું તેમ મારી કહાની કોઈ એવી રૂપાળી છોકરીની કહાની નથી જેને એક દેખાવડા છોકરાથી પ્રેમ થયો અને એ પ્રેમ કહાનીમાં સાસુ વહુના ઝઘડાનું કુત્રિમ દુ:ખ લેખક ભયાનક સ્વરૂપે બતાવીને છેવટે પુસ્તકનો અંત સુખી બનાવી દે.

પ્રાયમરી પછી હું હોસ્ટેલ ગઈ અને એસ.એસ.સી. સુધીનું ભણતર હોસ્ટેલમાં રહી દિલ્હીની સેન્ટ પોલમાં પૂરું કર્યું. એક વર્ષ પહેલા જીનલ અમને છોડીને ચાલી ગઈ. એના આઘાતમાં કે કદાચ દાદીને પોતાની લાડકવાયીને એકલા મુકતા જીવ નહિ ચાલ્યો હોય જે હોય તે પણ જીનલના સમાચાર સાંભળતા જ એમનો જીવ નીકળી ગયો.

જીનલ વિના એકલા પણ જીવવું પડશે એવું કદાચ મેં ક્યારેય વિચાર્યું ન હતું. જીનલને ખોવાનું દુ:ખ જે મેં અનુભવ્યું એનું વર્ણન કરવા માટે કોઈ શબ્દ જ નથી, કદાચ એમ કહીએ કે કોઈ પક્ષીની પાંખો કાપી એને ઉડવાનું કહો તેવી હાલત મારી હતી. મારી પાસે જીવન હતું પણ

મારી પાંખો, મારી ઉડવાની શક્તિ, ઉડવાનો ઉમંગ- જીનલ મારી સાથે ન હતી અને મારે જીવન જીવવાનું હતું એ પણ ઉદાસી ખંખેરીને કેમકે મેં એક વચન જીનલને હોસ્પીટલના બેડ પર આપ્યુ હતું. મેં એને વચન આપ્યું હતું કે એના મૃત્યુ માટે જવાબદાર લોકોને સજા આપીશ જ અને એ કામ કરવા માટે મારે જીવવું જરૂરી હતું. મારે એ જ હસતી ખેલતી નાચતી કુદતી સંધ્યાને જીવિત રાખવાની હતી કેમકે મુરજાયેલી સંધ્યાને કોઈ સાથ નહી આપે તે હું જાણતી હતી.

એ પળ દાદાજી માટે અસહ્ય હતી, પિતાજી અને મારા માટે પણ એ આઘાત અસહ્ય હતો. હું ભલે પ્રાયમરી પછી ઘણા વરસ દુર રહી હતી પણ વેકેસન તો દાદા દાદી સાથે જ ગાળતી અને જીનલ તો અમે એકબીજાથી દુર હોઈએ ત્યારે પણ જાણે મારા હ્રદયની સૌથી નજીક રહેતી. મને ક્યારેય એવો વિચાર સુધ્ધા પણ નહોતો આવેલો કે એક દિવસ દાદી અને જીનલ મને છોડી જશે. મમ્મી છોડી ગઈ એ વખતે હું બહુ નાની હતી. મમ્મી સાથે હું કેટલો સમય રહી એ મને યાદ પણ નથી. આજેય મને દાદીનો ચહેરો યાદ છે પણ મમ્મીનો નહિ. એટલે જ કદાચ મમ્મી કરતાયે દાદીની જુદાઈનું દુઃખ મને વધુ લાગ્યું.

જીનલ અને દાદીના ગયા પછી દાદાજી એ મોટા મકાનમાં એકલા પડી જશે એ મને ખબર હતી કેમકે પપ્પા બીઝનેસ ટ્રીપમાં અઠવાડિયા અઠવાડિયા સુધી ઘરથી દુર રહેતા. આઈ હેટ માર્કેટિંગ એટલે જ મેં સામાન્ય પ્રવાહ પસંદ કર્યો હતો. કોઈ જોબ ન મળે તો પણ ઘરે બેઠા બાળકોને ટ્યુશન તો આપી શકાય. કમ-સે-કમ તમે ટ્યુટર તરીકે આઝાદીપૂર્વક કામ તો કરી શકો! દાદી ગયા પછી હું દાદાજીને એકલા છોડવા નહોતી માંગતી. મારે જીનલના ગુનેગારોનો હિસાબ ચૂકવવો હતો એટલે મેં મુંબઈમાં જ કોલેજ કરવાનું વિચાર્યું. મારે દિલ્હીથી ઘરે જવું પડ્યું અને હું મુબઈ પાછી ફરી. કદાચ મુબઈ પાછી ફરી એ ફેસલાને લીધે જ હું એ કાળ કોટડીમાં હતી પણ મને એનો કોઈ અફસોસ નથી.

મેં મુંબઈમાં કોલેજ કરવાનું વિચારી તો લીધું પણ હવે પહેલું કામ જીનલની જ કોલેજમાં દાખલ થવાનું હતું. એ કોલેજ મને એડ્મીસન આપે છે કે કેમ તે જોવાનું હતું. હું છેકથી જ સ્પોર્ટસમાં રસ ધરાવતી હતી. મને ભણવા કરતા રમત ગમત અને અન્ય ઈતર પ્રવૃતિઓમાં વધુ રસ હતો. પપ્પાનું પણ એ જ માનવું હતું - માત્ર ભણવાથી કાંઈજ મળતું નથી, ભણવા સાથે રમત ગમત ખેલકુદ અને અન્ય પ્રવૃતિઓમાં જોડાવું જોઈએ. જોકે મેં એમની સલાહને જરાક વધુ પડતી જ માની લીધી હતી અને ભણવા કરતા સ્પોર્ટ્સ પર કઈક વધારે જ ધ્યાન આપ્યું હતું.

જોકે એ બાબત એ દિવસ સુધી મને ક્યારેય બાધા રૂપ નહોતી લાગી પણ અહી જીનલની કોલેજમાં એડ્મીસન મેળવવામાં મને એ બાબત જરાક આપત્તિ જનક લાગી. મેં ત્રણ ચાર મેરીટ લીસ્ટ સુધી રાહ જોઈ. એ કોલેજ જીનલ જેવી હોશિયાર છોકરીઓથી ભરેલી પડી હતી એટલે ત્રણ મેરીટ પછી પણ એ કોલેજમાં મારું એચ.એસ.સી.નું સ્કોરિંગ કોઈને પસંદ ન આવ્યું.

આખરે મેં એ જ રસ્તો અપનાવ્યો જે મોટાભાગના બાળકોને અપનાવવો પડતો હોય છે. હું એવા વ્યક્તિની તલાશમાં લાગી ગઈ જે વ્યક્તિ લાગવગ ધરાવતો હોય. મને એવો

વ્યક્તિ શોધતા ખાસ વાર ન લાગી. થોડીક હાઈ ફીસ ચુકવણી અને ડોનેશન સાથે મને એડમીશન મળી ગયું. એમાં અખિલેશ સરનો મોટો ફાળો હતો. મેં કોલેજની ફીસ અને ફોર્મ જમા કરાવ્યા અને વેકેસન પૂરું થવાની રાહ જોવા લાગી. મને ત્યારે ક્યાં ખબર હતી કે એ કોલેજનો એ ભવ્ય દરવાજો મને એક અંધારી કાળ કોટડીમાં દોરી જશે? મને ક્યાં ખબર હતી કે એ અન્વેષણ આતિશ બની જશે???

***

હું એક અંધારી કોટડીમાં બંધ હતી. હંમેશા વીજળીના ઉજાસમાં રહેવાને લીધે આપણે કદાચ ભૂલી જ ગયા છીએ કે અંધકાર કેટલી ભયાનક ચીજ છે? કદાચ મને પણ એ બાબત ત્યારે જ સમજાઈ કે અંધકાર અને ઉજાશ વચ્ચે કેટલો મોટો તફાવત છે? કહે છે ને દિવસ રાતનો તફાવત. દિવસ અને રાતના તફાવતનું ઉદાહરણ સૌથી મોટું ઉદાહરણ કેમ કહેવાય છે એ મને ત્યારે સમજાયું. મને ચોક્કસ ખ્યાલ ન હતો હું કયા સ્થળે હતી. મને એ પણ ખબર ન હતી કે હું અહી કઈ રીતે પહોચી હતી. મને અહી કેમ ગોંધી રાખવામાં આવી હતી એ પણ મારા માટે વિચારવાનો વિષય હતો. હું છેલ્લા ત્રણ દિવસથી એ જ વિચારતી હતી. મારા પાસે આમેય કાઈ બીજું કરવા માટે હતું જ નહી.

કદાચ થોડાક સમય પહેલાની સંધ્યાને એ અંધકારમાં મુકવામાં આવી હોત તો એ છળી મરત! પણ.. આ સંધ્યાને અંધકાર ગળી શકે તેમ ન હતો. આ સંધ્યાએ અંધકારને ગળી જતા થોડાક મહિનાઓ પહેલા જ શીખી લીધું હતું. જીનલના ગયા પછી આમ પણ મારા જીવનમાં અંધકાર જ હતો. બસ હું દેખાવ કરતી રહેતી કે મારી ચારે તરફ અજવાળું છે અને કદાચ એ સાચું પણ હતું. કહે છે ને કે દીવાની ચારે તરફ અજવાળું હોય છે પણ તેના હ્રદયમાં અંધકાર હોય છે મારી પણ સ્થિતિ કઈક એવી જ હતી. હું લોકોને કોઈ દીવાની જેમ ચારે બાજુથી પ્રકાશિત અને ઝગારા મારતી દેખાતી પણ હકીકતમાં મારા હ્રદય જેટલો અંધકાર કદાચ અમાસની રાત પાસે પણ નહી હોય.

જીવનમાં મેં આવી પરિસ્થિતિ ક્યારેય જોઈ ન હતી. બેઝબોલ ગ્રાઉન્ડ પર અને કોલેજમાં આઝાદ ફરેલ એક યુવતી જ્યારે કોઈ કાળ કોટડીની એકલતામાં હોય છે ત્યારે એના પર શું વીતે છે એ તો માત્ર એ છોકરી જ જાણી શકે જેણે આવી કાળ કોટડીના અંધકારને અનુભવ્યો હોય. ભગવાન ન કરે મારા સિવાય કોઈ યુવતીએ એ અંધકાર ભોગવવો પડે!

કોઈની શું કામ વાત કરું હું પોતે પણ એ બધાથી અજાણ હતી. મેં પોતે ક્યારેય નહોતું અનુભવ્યું કે પૃથ્વી પર એવું કોઈ સ્થળ હોઈ શકે જે નરક કરતા પણ ભયાવહ હોઈ શકે. પણ એનાથી શું ફેર પડે ભલે મેં અનુભવ્યું ન હતું, મેં વિચાર્યું ન હતું પણ એવું સ્થળ હતું અને એ સમયે હું એવા જ એક ભયાવહ સ્થળમાં કેદ હતી. કદાચ નરકની પરિકલ્પના કોઈ વ્યક્તિએ આવા જ કોઈ બિહામણા સ્થળને જોઇને કરી હશે તો નવાઈ ન કહેવાય.

મને નરકનો ડર ક્યારેય ન હતો. જે દિવસે મેં બદલો લેવાનું નક્કી કર્યું, જે દિવસે એ બદલા માટે કોઈ પણ હદ સુધી જવાનું નક્કી કર્યું, જે દિવસે મેં બદલા માટે ખરાબ બનવાનું નક્કી કર્યું ત્યારથી જ મને ખબર હતી કે એક ને એક દિવસ મારે નરકમાં જવાનું છે! જોકે મારે નરકમાં એટલું વહેલું જવું પડશે એ પણ મારો બદલો લીધા પહેલા એ મેં ક્યારેય વિચાર્યું ન હતું.

મને સમયનો પણ પાક્કો અંદાજ ન હતો. ત્યાં હું આદિમાનવના યુગમાં જીવી રહી હોઉં એમ મને લાગી રહ્યું હતું. મારી પાસે આદિમાનવની જેમ સમયને નોધવા કે જાણી શકવા માટે

કશું જ ન હતું. ખરેખર જયારે સમયની જાણ ન થાય એ સમયે જ સમજાય છે કે સમય કેટલો ઈલાસ્ટીક છે. લોકો કહે છે કે સમય રેત જેવો છે. મુઠ્ઠીમાંથી ક્યારે વહી જાય છે ખબર જ નથી પડતી પણ અહી મને 'સમય વહી નથી રહ્યો' એની સમસ્યા હતી. મારા માટે એક એક પળ કલાકો અને એક એક કલાક દિવસો બની ગયા હતા. દિવસો તો મને મહિનાઓ કે વર્ષ જેવા લાગી રહ્યા હતા. ખરેખર આ સમયના ધીમા અને ઉતાવળા થઈ જવાની રમત બહુ અજબ હોય છે.

મેં મારી રીતે ગણતરી કરી અંદાજ લગાવ્યો હતો કે કદાચ હું ત્રણ દિવસથી એ અંધકારમાં કેદ હતી પણ હું ચોક્કસ ન હતી. કદાચ એનાથી વધુ કે ઓછો સમય પણ હોઈ શકે. બારી વગરનો એ રૂમ અંધારિયો અને ગૂંગળાવી મારનાર હતો. હું જમીન પર પાથરેલી એક છ બાય ચારની ચાદર પર સુતી હતી. મેં આંખો બંધ રાખી હતી, ખુલ્લી રાખવાનો પણ કોઈ અર્થ ન હતો. એ અંધકારમાં કઈ જ દેખાય એમ ન હતું. ઉભા થઇ દરેક ભીત મેં ફંફોસી હતી. લગભગ છેલ્લા કેટલાક સમયમાં મેં એ ભીતો ફંફોસવાનું કામ દશેક વખત કર્યું હતું અને દરેક વખતે નિરાશા મેળવી કઈ જ શોધ્યા કે એ જગ્યા વિશે જરાક અંદાજ મેળવી શકાય તેવી કોઈ જ નિશાની મેળવ્યા વિના પાછી આવી હું એ જ ચાદર પર સુઈ જતી. કદાચ રૂમમાં અંધકાર ન હોત તોયે ત્યાં દેખવા માટે કશું જ ન હતું.

હું મારા ઘરમાં ક્યારેય એક વેત જાડી મેટ્રસ વિના ઊંઘી ન હતી. મને ક્યારેય માથે ઓઢ્યા વિના ઊંઘ ન આવતી અને તકિયા....? પંદરસોની કિમતના રિલાયંસના તકિયા વિના તો મને ઊંઘ જ ન આવતી. અને અહી...? અહી મારી પાસે કશુ જ ન હતું છતાં મને ઊંઘ આવી રહી હતી. મારા માટે આંખ ખોલવું મુશ્કેલ હતું. મારી આંખના સોજામાં સતત વધારો થતો હતો એવું મને લાગતું હતું. શરીરમાં સૌથી નાજુક અંગ કદાચ આંખ જ હોય છે.

મેં મારા હાથ મારા માથા ફરતે વીંટાળેલ હતા. એક હાથ માથાની ઉપર ચાદર તરીકે રાખ્યો હતો તો બીજો હાથ માથાની નીચે તકિયાની જેમ. મને એ દિવસે સમજાયું કે જે લોકો પાસે રૂપિયા નથી, જે ગરીબ છે અને ફૂટપાથ પર, બસ સ્ટેશનમાં કે રેલ્વે સ્ટેશનમાં સુઈ રહે છે એમના પર શું વીતતી હશે? મેં દાદાજીને ઘણીવાર રેડિયો પર ભજન સાંભળતા જોયા હતા. નાની હતી ત્યારે દાદાજી જોડે બેસી સાંભળેલ એક ભજનની મને એક બે લીટીઓ યાદ રહી ગઈ હતી જે મને એકવાર ફરી યાદ આવી. મહેલોના વાસી ગરીબી શું જાણે.....! સાચી વાત છે લોખંડનો સ્વાદ જાણવો હોય તો લુહારને નહિ એ ઘોડાને પૂછો જેના મોમાં લોખંડની નાળ લગાવેલ હોય! અનુભવને કેમ શ્રેષ્ઠ શિક્ષક કહેવાય છે એ હું જાણી ચુકી હતી.

મારી પાસે પાથરવાની ચાદર સિવાય એ રૂમમાં કશુ જ ન હતું. કેવી અજબ વાત હતી જે છોકરીના બેંક એકાઉન્ટમાં લાખોની રકમ જમા હતી એની પાસે ખાવા પીવા, કે સુવા માટે કાઈ જ ન હતું. મુશ્કેલ સમયે ધનનું પણ કોઈ જ મહત્વ નથી રહેતું.

હું મારા મનમાં આવતા ડરને દુર રાખવાનો પ્રયાસ કરી રહી હતી. હું એ સ્થળે છું એ ભૂલી જવાનો પ્રયાસ કરતી હતી પણ એ કાઈ સહેલું કામ ન હતું. પોતાની જાતને નરકમાં કેદ હોય એ સમયે પોતે નરકની બહાર છે એવું વિચારવું કેટલું મુશ્કેલ છે તે તો નરકમાં એક પળ વિતાવી હોય તેને જ સમજાય. મનને કઈ રીતે કાબુમાં રખાય અને મનમાં આવતા વિચારોને

કઈ રીતે ડાયવર્ટ કરી શકાય એ વિશેના ઘણા લેકચર અને સેમીનાર મેં એટેન્ડ કર્યા હતા. એ સમયે મને એ બહુ ઉપયોગી લાગેલા પણ હવે સમજાઈ રહ્યું હતું કે એ બધો નકામો બકવાસ હતો. ખરા સમયે એ કાઈ જ કામ નથી આવતું. સાચા ડર અને વાસ્તવિકતાથી ક્યારેય ભાગી નથી શકાતું.

હું મારા મનને ડાયવર્ટ કરવાના અનેક પ્રયાસો કરી રહી હતી. હું કોલેજના વિચારો કરવા મથી રહી હતી. હું રાઘવના વિચારો મારા મનમાં તાણી લાવવા મથી રહી હતી. હું એ સ્થળ સિવાયના કોઈ પણ વિચારોને મારા મનમાં લાવવા મથી રહી હતી. પણ મનને ચંચળ કહે છે અને એને કેમ ચંચળ કહે છે તે હું જાણતી હતી. એને ચંચળ કહે છે કેમકે એ જે ન વિચારવું હોય તે જ વિચારે છે. મને ખબર છે બ્રેકઅપ થયા બાદ જેટલું મન એક્સ બોયફ્રેન્ડ વિશે વિચારે તેટલું એ બોયફ્રેન્ડ હોય ત્યારે તેના વિશે ક્યારેય નથી વિચારતું. મારી પાસે દષ્ટાંત આપવા માટે આ જ છે કેમકે આ એક જ બાબત હું કોલેજમાંથી સમજી છું અને આપણે જે બાબત નજરે જોઈ હોય તે જ બાબતનું ઉદાહરણ આપવું સહેલું પડે છે.

હું એ અંધારી કોટડીમાં છું એ વાસ્તવિકતા મેં હજાર વાર મારા મન સામે સ્વીકારી હતી છતાય ક્યારેક ક્યારેક મારું મન એ વાસ્તવિકતા સ્વીકારવા તૈયાર જ ન થતું. મને લાગતું આ કોઈ ખરાબ સપનું છે અને હું સવારે ઉઠીશ એટલે એ હું ભૂલી જઈશ. હું જયારે ઉઠીશ ત્યારે મારા ઘરમાં ઉપરને માળે મારા રૂમમાં મારા બેડ પર મારા મેટ્રેસ પર મારી કાશ્મીરી બ્લેંકેટ ઓઢીને સુતી હોઈશ. પણ એ વિચાર બેહુદો હતો, ધડ માથા વગરનો હતો.... સાવ નકામો ખોટો અને વધારે દુઃખ આપનાર હતો!

એ સપનું ન હતું. કાશ એ કોઈ નાઈટમેર કે ખરાબ સ્વપન હોત? પરંતુ મને તો ક્યારેય ડરાવણા સપના આવતા જ ક્યા હતા?? હું છેકથી બોલ્ડ અને બહાદુર હતી ડર અને નાઈટમેર બેડ વેટર બોયસ માટે હોય છે. મેં તો હમેશા મારી જાતને બહાદુર સમજી હતી, અલબત્ત કાળ કોટડીમાં આવ્યા પહેલા.

મને ક્યારેય ભૂતના કે ડરના સપના આવતા જ નહિ. મારી લાઈફ અઘરી હતી અને મને એવાજ અઘરા સપના આવતા. હું સપનાઓમાં પણ બસ પોતાની જાતને લડતી જોતી. મોટા ભાગે મને જીનલ સાથે હોઉં એ જ સપના આવતા.

મારા સપનામાં મારી જીનલ સાથે ન હોય એવું કેમ બને?? ના, એ સપનું તો ન જ હતું.

હું જરાક મારા ભયથી છુટકારો મેળવતી ત્યાજ મને લાગતું જાણે કોઇએ દરવાજા પર ટકોરા માર્યા છે. લોખંડનો દરવાજો રણકતો. કોઈ એ દરવાજો ખોલી હમણા અંદર આવશે મારું હ્રદય જોરથી ધબકવા લાગતું. હું કોઈ યમદૂત અંદર આવી મને મારી નાખે એની રાહ જોતી પણ કાઈ જ ન થતું. કોઈ અંદર ન આવતું એ દરવાજો ખુલતો જ નહી. હું અહી આવી ત્યારથી હજુ સુધી એ દરવાજો એમનો એમ બંધ હતો. હા, મને ઘણીવાર એમ આભાસ જરૂર થતો હતો કે જાણે દરવાજાનું હેન્ડલ જરાક ગોળ ફરી રહ્યું છે અને હમણા દરવાજો ખુલશે. પણ એ માત્ર ભ્રમ હતો. કેદમાં અંધારી કોટડીમાં આવા હજારો ભ્રમ થાય છે – શક્યત: માણસ પાગલ થઇ જાય તે પણ શક્ય છે.

કદાચ એ લોકો મને અહી પૂરીને હું અહી કેદ છું એ વાત ભૂલી તો નહિ ગયા હોય ને? મને એકવાર એવો વિચાર પણ આવેલો. શું એવું હોઈ શકે? મહામહેનતે કિડનેપ કરેલા શિકારને કોઈ કઈ રીતે ભૂલી શકે? એમાય મારા જેવી રૂપાળી છોકરીને કોઈ જુના વેર-હાઉસમાં બંધ કરી ભૂલી જાય તેવો મુર્ખ કિડનેપર કોણ હોય?

હું આવા વિચારોમાં મગ્ન હતી ત્યારે અચાનક બહાર કઈક અવાજ સંભળાયો. બહાર કોઈ વ્યક્તિ જરૂર હોવી જોઈએ, ફરી મને એ ભૂરા રંગના લોખંડના દરવાજા પર કોઈ હથોડી ઝીંકી રહ્યું હોય એવો અવાજ સંભળાયો. એ અવાજ મારા માટે ગન શોટ કરતા પણ વધુ ભયાવહ હતો. મને એ અવાજ વાર વાર સંભળાતો હતો. પહેલા તો મને એમ લાગતું હતું કે એય મારો ભ્રમ છે પણ અમુક સમય પછી મને ખાતરી થઇ ગઈ કે કોઈ હથોડી વડે બહારના દરવાજાને ટીપી રહ્યું છે.

શું કોઈ એ અવાજો જાણી જોઇને કરી રહ્યું હશે? શું કોઈ બહારથી મને પાગલ બનાવવા મથી રહ્યું હશે? શું એ મને તડપાવવાની કોઈ રીત હશે? શું એ મને ડરાવીને મારી નાખવા માંગતા હશે?

મારા મનમાં અનેક સવાલો ઉદભવ્યા પણ એમાંથી એક જ સવાલનો જવાબ મારી પાસે હતો. એ લોકો મને મારી નાખવા નહોતા માંગતા. હું કીડનેપર માટે એ લોકો શબ્દ વાપરું છું જોકે ખરેખર તો મને ખબર જ ન હતી કે કોઈ એક વ્યક્તિએ મને કિડનેપ કરી હતી કે એક કરતા વધારે વ્યક્તિ હતા.

એ સમયે એ બધું વિચારવાનો કોઈ જ ફાયદો ન હતો. કોઈ એક વ્યક્તિએ મને કિડનેપ કરી હોય કે એક કરતા વધારે એનાથી શું ફેર પડે? મેં વિચાર્યું પણ બીજી જ પળે મને થયું ના, હું ખોટી છું. કોઈ એક વ્યક્તિએ મને કિડનેપ કરી છે કે એક કરતા વધારે એ મહત્વનું છે. એનાથી ઘણો ફેર પડે છે.

જો એક કરતા ઘણા વ્યક્તિઓએ મને કેદ કરી હોય તો એનો મતલબ હતો કે એ કોઈ ગેંગ હતી. પણ કોઈ ગેંગ મને કેદ કેમ કરે? મારી સાથે કોઈને શું દુશ્મની હોઈ શકે?

કદાચ પપ્પા સાથે એમને દુશ્મની હોય?

પણ પપ્પા કોઈ સાથે દુશ્મની કરે તેવા હતા જ ક્યાં?

તો કદાચ ફીરોતીની રકમ મેળવવા માટે મને કેદ કરવામાં આવી હોય?

ના, એ પણ શક્ય ન હતું. પપ્પા કોઈ નામાંકિત વેપારી ન હતા જેમના ઘરના કોઈ સભ્યને ઉઠાવી એ લોકો મન ચાહી રકમ મેળવી શકે. એ લોકોએ પૈસા માટે એ બધું કર્યું હોત તો તેઓ મારા કરતા સોનિયાને ટાર્ગેટ બનાવવાનું વધુ પસંદ કરત. કદાચ કિરણ સર.? કદાચ એ માણસ હોઈ શકે? મેં વિચાર્યું પણ ના આટલા મોટા કાવતરામાં એ જ છે એવું માની લેવું યોગ્ય ન હતું..

કોઈ પ્રોફેશનલ હતું. મને મારા સિક્ષ્થ સેન્સથી એવું લાગતું કે એ કોઈ પ્રોફેશનલ હોવું જોઈએ. આરાધના, સ્નેહા અને તેની ત્રીજી પાતળી ફ્રેન્ડને ઉઠાવનાર લોકોની જેમ જ કોઈ

પ્રોફેશનલ હોવું જોઈએ.

પ્રોફેશનલની શક્યતા પર જેમ મેં વધુ ભાર મુકયો તેમ તેમ મારો ડર પણ વધતો ગયો કેમકે પ્રોફેશનલ દ્વારા કિડનેપ થયેલ આરાધના, સ્નેહા કે એની પાતળી ફ્રેન્ડ જેનું નામ મને યાદ નથી એ ક્યારેય પાછા નથી આવ્યા અને કદાચ હું પણ ક્યારેય પાછી નહી જઈ શકું. મારા શરીરમાંથી ભયનું એક લખલખું પસાર થઇ ગયું. એ છ બાય આઠની કેબીનમાં પણ મને ઠંડીનો અનુભવ થવા લાગ્યો.. મારા હાથ પગ કાંપવા લાગ્યા.

ઓહ! ગોડ.. આઈ હેવ બિન કિડનેપ!

મેં ઊંડા શ્વાસ લેવાનું શરુ કર્યું હતું.

એક.. બે... ત્રણ... શ્વાસ... એક.... બે... ત્રણ... ઉચ્છવાસ.

એક.. બે... ત્રણ... શ્વાસ... એક.... બે... ત્રણ... ઉચ્છવાસ.

એક.. બે... ત્રણ... શ્વાસ... એક.... બે... ત્રણ... ઉચ્છવાસ.

તમને એમ લાગશે કદાચ કે કિડનેપ થયેલી છોકરીને આવું બધું કેમ સૂજે? પણ મેં એ કર્યું હતું. જ્યાં સુધી હું જરાક સ્વસ્થ ન થઇ મેં એ ક્રિયા ચાલુજ રાખી. દાદાજી સવારે યોગા કરતા ત્યારે મને પણ યોગા કરાવતા અને હું મન પર કાબુ મેળવવા માટેના આ યોગને સારી રીતે જાણતી હતી. હું યોગના બીજા કેટલાય નુસખા જાણતી હતી.

મારા માથામાં એક મોટો જાટકો લાગ્યો હોય એવું મને લાગ્યું. મને લાગ્યું કદાચ બહારની લાઈટો ચાલુ થઇ હતી, હું ઉભી થઇ. મારે ઉભા થવા માટે દીવાલનો ટેકો લેવો પડ્યો. મેં છેલ્લા કેટલા સમયથી ખાધું પીધું ન હતું એ પણ મને ક્યાં ખયાલ હતો! એટલે મારા શરીરમાં અશક્તિ કેમ હતી એ બાબતે મને જરાયે નવાઈ ન લાગી. ઉલટાનું મને તો એ જ નવાઈ લાગતી હતી કે જો ખરેખર મને લાગે એટલા સમયથી હું એ અંધારામાં હતી તો હું ડીહાઈડ્રેશનથી બેભાન થઇ જવી જોઈતી હતી. હું બેભાન કેમ ન થઇ એ જ મને સમજાતું નહોતું. જો હું ત્રણેક દિવસથી ત્યાં હતી તો મારા શરીરમાં એટલું પાણી ક્યાંથી આવ્યું કે હું સતત ત્રણ દિવસ સુધી પાણી વિના રહી શકી હતી? શું હું બેભાન થઇ ગઈ હોઈશ એ વખતે મને કોઇ લીક્વીડ આપવામાં આવ્યું હશે જેના લીધે હું ડીહાઈડ્રેશનથી બચી શકી હોઈશ? કેમકે એ સિવાય અન્ય કોઈ વિકલ્પ મને યોગ્ય નહોતો લાગતો.

મેં પહેલા પણ એક બે વાર અનુભવ્યું હતું કે જાણે બહારની લાઈટો ચાલુ થઈ હોય. કોણ જાણે મને એમ લાગ્યું કે વાર વાર કોઈ બહાર આંટો મારી જતું હતું. તો કોઈ અંદર કેમ ન આવ્યું? મને અહી કેદ કરનારાઓ કેમ મારી સાથે આવો અજીબ વ્યવહાર કરી રહ્યા હતા?

હું ઉભી થઇ, દિવાલના સહારે ઉભી થઇ હું સીધી જ દરવાજા તરફ જવા લાગી. લોન્ગ શુંઝમાં મારા પગ દુ:ખતા હતા. એ ઉતારી લેવા હું નીચે નમી પણ ત્યાં જ વિચાર આવ્યો કદાચ ભાગવાનો મોકો મળે તો? એ વિચાર આવતા જ મારું મગજ એ દુ:ખતા પગની તકલીફ સહન કરી લેવા તૈયાર થઇ ગયું. હું કી-હોલમાંથી જો બહારની લાઈટ ચાલુ હોય તો બહાર કોણ છે? બહાર શું છે? ને હું ક્યા છું એ જોવા માંગતી હતી. પણ મેં એકાદ પગલું આગળ ભર્યું ત્યાજ

મને ખયાલ આવી ગયો કે મને ચક્કર આવી રહ્યા છે. મારા માટે એ સીધા જ રસ્તે દરવાજા સુધી જવું અશક્ય હતું. હું દીવાલ તરફ સરકી, હું દીવાલને સહારે ધીમે ધીમે દરવાજા તરફ જવા લાગી. એ છ બાય આઠની કેબીનમાં પણ મને દરવાજા સુધી જતા ખાસ્સી મિનીટો થઇ હશે.

હું દીવાલને સહારે માંડ દરવાજા સુધી પહોચી એનો અર્થ એ જ હતો કે મેં બે ત્રણ દિવસથી કાઈ ખાધું પીધું ન હતું અને મારી શારીરિક શક્તિ ક્ષિણ થઇ ગઈ હતી. કદાચ કિડનેપર હું ભાગી ન શકું તે માટેનો સહેલો રસ્તો અપનાવી રહ્યો હતો. મારામાં ચાલવાની પણ શક્તિ ન હોય તો મારા ભાગી જવાનો કે તેના પર હુમલો કરવાનો ડર જ ન રહે ને? એટલે જ કદાચ મારા હાથ ખુલ્લા રાખવામાં આવ્યા હતા કેમકે એને મારા તરફથી કોઈ ડર ન હતો.

હું દરવાજા પાસે ગઈ. કી હોલમાંથી મેં બહાર નજર કરી અને ખરેખર મારો અંદાજ સાચો હતો. બહારની લાઈટ ચાલુ હતી.

***

કો લેજનું પહેલું વર્ષ આર્ટસ કોલેજના એક સામાન્ય વર્ષ જેવુ જ હતું. મેં ક્યારેય કોઈને એવું લાગવા ન દીધું કે હું અંદરથી ભાંગી પડેલ અને ઉદાસ છોકરી છું કેમકે હું જાણતી હતી કે લોકો તમને હમદર્દી સિવાય કશુ જ આપી શકતા નથી અને મારે હમદર્દીની જરૂર ન

હતી! મારે મોહરાની જરૂર હતી! મારે બદલાની જરૂર હતી! મારે અન્વેષણની જરૂર હતી! મારે મારા જેવા કોઈ આતીશની જરૂર હતી જેના કાળજામાં પણ આગ સળગતી હોય, જેની પાસે વાઘ જેવું કાળજું હોય! જે તરાપ મારવા તૈયાર હોય!

એ દિવસો હતા જયારે હું મારી જિંદગીને ઇન્જોય કરી રહી હતી. કમ-સે-કમ બધાને તો એવું જ લાગતું કે હું ઇન્જોય કરું છું. ખરેખર કોઈએ સાચું જ કહ્યું છે કે હસતા ચહેરા પાછળ ઘણા રહસ્યો અને દુ:ખો છુપાયેલા હોય છે. હું પણ એવું જ કઈક કરી રહી હતી.

હું સ્પોર્ટ્સમાં રસ ધરાવતી છોકરી હતી અને મારા માટે એન્જોયમેન્ટથી મહત્વનું કઈ જ ન હતું એવું બધાને લાગતું હતું પણ હું એ કોલેજમાં એક અલગ જ ઈરાદાથી ગઈ હતી. મારા ત્યાં જવા પાછળનું કારણ એટલું ખાનગી અને ગુપ્ત હતું કે મારા પરિવારને પણ તેની ખબર ન હતી. ઈવન મારા પપ્પા પણ એમ સમજતા હતા કે હું મુંબઈમાં રહી ભણવા માંગુ છું એટલે જ મેં એ કોલેજમાં એડ્મીશન લીધું છે. એમને ક્યાં ખબર હતી કે જીનલ સાથે શું થયું હતું.?

મારા જીવનને મેં એક જ લક્ષ બનાવી નાખ્યું હતું કે મારે એ કોલેજમાંથી આગળના વર્ષે ગુમ થયેલ ત્રણ છોકરીઓ વિશે માહિતી મેળવવાની કેમકે એ જ રસ્તો મને મારો પ્રતિશોધ પૂરો કરવામાં મદદ કરી શકે તેમ હતો. છેલ્લા એક વર્ષમાં મુંબઈની આવી કેટલીયે કોલેજોમાં થઈને અનેક છોકરીઓ ગુમ થઇ હતી અને એ દરેક કીડનેપીંગ પછી કોઈ જ ટ્રેસ નથી મળ્યો.

કેટલી અજીબ વાત હતી જે એક સુંદર છોકરીને જોવા માટે પણ છોકરાઓના ટોળા વળી જતા હોય છે એવી અનેક છોકરીઓ એકાએક ગુમ થઈ જતી એ પણ કોઈ જ ટ્રેસ વિના!

એ છોકરીઓને કોણ ગુમ કરે છે? કેમ ગુમ કરવામાં આવે છે??? એ બધું જાણવા માટે હું એ કોલેજમાં આવી હતી. આમેય દાદીના મૃત્યુ પછી દાદાજી એકલા ન પડી જાય એ માટે પણ હું મુંબઈમાં જ રહેવા માંગતી હતી.

મેં એવી છોકરીઓનું લીસ્ટ તૈયાર કર્યું હતું. મારા લીસ્ટમાં એક વર્ષમાં પ્રથમ વર્ષમાં જ કોલેજમાંથી ગુમ થનાર તેર છોકરીઓનું લીસ્ટ હતું અને એ પણ માત્ર અમારા એક જ વિસ્તારમાંથી. અમારી આસપાસની કોલેજોમાંથી એકલ દોકલ છોકરીઓ ગુમ થઇ હતી પણ મેં એ જ કોલેજ પસંદ કરી હતી જે કોલેજમાંથી એક સાથે ત્રણ છોકરીઓ ગુમ થઈ હતી.

એ દિવસોમાં મિત્રો મારી દુનિયા હતા. હું મિત્રો માટે બોલતી, મિત્રો સાથે બોલતી, મિત્રો સાથે ખાવું પીવું, મિત્રો માટે ખાવું પીવું, મિત્રો સાથે ઝઘડવું અને મિત્રો માટે ઝઘડવું મારી આદત હતી. મને બધા એક કોલેજના દિવસો માણતી છોકરી જ સમજતા.

હું એ કોલેજમાં એક મોટું નાટક ભજવવા માટે હતી અને મેં એ સફળતાપૂર્વક ભજવ્યું હતું. હું ખરેખર ફ્રેન્ડશીપમાં બ્લાઇંડ ફોલ્ડેડ થયેલ હતી - મિત્રોને બ્લાઇંડ બનાવી રહી હતી. મિત્રો મારા ભગવાન બની ગયા હોય એવું આખી કોલેજને લાગવા માંડ્યું હતું. મને હજુ નથી સમજાઈ રહ્યું ક્યા ચૂક થઇ ગઈ? કોઈને મારા પર જરા સરખોય શક ન હતો કે હું કોણ છું છતાં મને કોઈ કિડનેપ કેમ કરે?

મને કોઈ પણ સામાન્ય છોકરીને કોલેજમાં પ્રથમ વર્ષે મળે તેનાથી વધુ મિત્રો મળ્યા હતા. મેં જાણી જોઇને વધુ મિત્રો બનાવ્યા હતા કેમકે હું જેટલી બને તેટલી વધુ માહિતી મેળવવા માંગતી હતી અને એ માટે મારે બને તેટલા વધુ લોકોના પરિચયમાં આવવાનું હતું. એક રૂપાળી છોકરી માટે મિત્રો બનાવવા કોઈ અઘરી વાત નથી જ પણ એ માટે ફ્રેંક અને બોલ્ડ બનવું પડે છે! ઈજ્જત દાવ ઉપર મુકવી પડે છે! શરમનો ઘૂંઘટ ખોલીને બેશરમી ઓઢી લેવી પડે છે! અને મેં એમ કર્યું, મારે કરવું પડ્યું!

ખાસ તો અમારું પાંચ જણનું ગ્રુપ હતું.

હું - મને તો તમે લગભગ ઓળખવા લાગ્યા જ હશો?

આરાધના - મારાથી જરાક ઓછી દેખાવડી પણ જેની પાછળ લગભગ અડધી કોલજ પાગલ હતી એવી છોકરી. એ પોતાની બે ફ્રેન્ડ સાથે એક મકાન ભાડે રાખી રહેતી. એમનું વતન મુંબઈથી અમુક કિલોમીટર જ દુર હતું.

રાઘવ - મુંબઈનો જ વતની. ગળી ગળી ચપ્પા ચપ્પા નુક્કડ નુક્કડ ઉપર ફરતો હરતો દિનચર..! કોલેજમાં સૌથી હેન્ડસમ તો ન કહી શકાય પણ પ્રથમ મુલાકાતમા જ મારું દિલ જીતી લેનાર કોઈ હોય તો એ રાઘવ જ હતો - એવું બધાને લાગવા માંડ્યું હતું. ફોર્મલ કપડા અને સ્વતંત્ર મિજાજ એ એની ઓળખ હતી. એના ઘણા એવા ફીચર હતા જે એને બધાથી અલગ બનાવતા હતા. નાની આંખો, સુઘડ હોઠ, વ્યવસ્થિત ઓળવેલા વાળ.

શુનીલ - કોલેજના સૌથી ઠોઠ છોકરાઓમાં તેનું નામ આવતું. કોણ જાણે કઈ રીતે પણ એ આરાધનાને પટાવવામાં સફળ થયો હતો.! ખાલી મને જ નહિ આખી કોલેજના છોકરાઓ કે જે આરાધના પાછળ પાગલ હતા એ બધાને નવાઈ થતી કે એણે આરાધનાને કઈ રીતે પટાવી – જરૂર એને કોઈ જાદુની બુટ્ટી મળી ગઈ હશે એવું ઘણી છોકરીઓ માનતી. શુનીલ અને રાઘવ ખાસ સાથે જોવા મળતા.

સોનિયા - કોલેજમાં સૌથી અમીર ઘરની છોકરી – આખી કોલેજમાં સૌથી મોટું શરીર અને સૌથી મોઘી કાર ધરાવનાર - મોટાભાગે એના ચહેરા પર આઈ એમ સમથીંગ એટીટ્યુડ જોવા મળતો પણ કોણ જાણે કેમ અમારા ગ્રુપમાં જોઈન થયા પછી એ એકદમ બદલાઈ ગઈ. એના વાણી અને વર્તન બંનેમાંથી ઈગો ઓછો થઈ ગયો અને એ ફ્રેન્ડલી બની ગઈ હતી! જોકે અમારી ફ્રેન્ડશીપ પણ તેના ઈગોને સંપૂર્ણ દુર કરવામાં નિષ્ફળ રહી હતી.

મને ઘણા મિત્રો મળ્યા તેના બે કારણ હતા. એક તો હું દેખાવે સુંદર અને સ્વભાવે સ્માર્ટ. બીજું જયારે હું પહેલા દિવસે કોલેજ ગઈ ત્યારે નવા આવેલા બધા જ જૂનીયરો રેગીગના ટ્રોમાને સહન કરી રહ્યા હતા. એ સમયે મેં રેગીંગ કરનાર છોકરાને મેનપાર્ટ પર લાત મારી હતી. મને પહેલે જ દિવસે પ્રિન્સીપાલની ઓફિસમાં લઈ જવામાં આવી હતી. અને હું કોલેજમાં પહેલે જ દિવસે મોસ્ટ પોપ્યુલર ગર્લ બની ગઈ. લગભગ ચારેક દિવસ એ અર્ધ મર્દ બનીને ઘરે જ રહ્યો હતો અને પછી કોલેજમાં આવતો ત્યારે એ જાણતો જ નહોતો રેગીંગ એટલે શું? કે પછી મને એમ લાગતું હતું.

“હેય સંધ્યા, યુ આર રોક. આઈ હેવ નેવર ઈમેજીન યુ વુડ ડુ ધેટ!!” મોટા ભાગના

લોકોના મુખેથી મને આ વાક્ય સાંભળવા મળતું. લંચ ટાઈમ સુધીમાં તો હું મારો પરિચય બધાને આપતા થાકી ગઈ હતી. હું થાકી ગઈ હતી કેમકે મેં ક્યારેય એક જ દિવસમાં આટલા લોકોને મારો પરિચય આપ્યો ન હતો. લગભગ અડધી કોલેજ મને લંચ ટાઈમ સુધીમાં મારા નામથી ઓળખતી થઈ ગઈ હતી. મને ત્યારે ખબર ન હતી કે સીનીયરથી દુશ્મની બાંધવી મને કેટલી મોઘી પડશે? પણ હું બધાથી અલગ હતી. મને ખબર હોત કે સીનીયર મને પોતાનું ટાર્ગેટ બનાવશે તો પણ મેં એ હરકત કરી જ હોત. કદાચ વધુ જોરથી એ લાત લગાવી હોત. કદાચ એ પ્રિન્સીપાલ ઓફિસને બદલે સીધો જ સરકારી હોસ્પિટલ ગયો હોત.! મારી વાતોમાં દરેક વાક્ય પાછળ તમને ઉદગાર ચિહન લગભગ જોવા મળશે કેમ કે મારું જીવન જ એવું હતું! હું તમને બોલકણી લાગતી હોઈશ પણ ના મારી એક એક વાતને સમજવી પડશે તો જ તમે મને મારી કહાનીને જાણી શકશો. ક્યારે કઈ નાની વાત મોટો પહાડ બની જાય એ મને પણ ખબર ન હતી!

આરાધના ચૌહાણ એ દિવસે મને બસમાં મળેલ અને ફર્સ્ટ ડે ફ્રેન્ડ બની હતી.

હું અને આરાધના થોડાક દિવસોમાં જ કોલેજના વોન્ટેડ લીસ્ટમાં આવી ગયા હતા. એના પણ બે કારણ હતા એક તો અમે બંને બોલ્ડ હતા અને બીજું બ્યુટીફૂલ.

આરાધના પણ મારી જેમ જ બોલ્ડ અને બ્રેવ હતી. કદાચ એ કારણથી જ અમે પહેલા જ દિવસે મિત્રો બની ગયા હતા. પહેલે જ દિવસે કોલેજમાં જયારે આરાધના મને મળી ત્યારે એણીએ મને કહ્યું હતું ‘તે જે કર્યું એ મને ખુબ જ ગમ્યું પણ પ્લીઝ નેક્સટ ટાઈમ તું કાઈ એવું કરવાની હોય તો કહેજે હું પણ તારી સાથે જોઈન થઈશ. મને પણ સીનીયરો પર હાથ સાફ કરવાની ખુબ જ ઈચ્છા છે.’

એ વાક્ય ઉપર અમે બંને ખડખડાટ હસ્યા હતા અને એના એ શબ્દો મને કહી ગયા કે એ મારા જેવી જ હતી. અમે એકબીજાને મિત્રો માની લીધા. સમયની સાથે એ મિત્રતા ગાઢ બનતી ગઈ અને તેમાં નવા કેટલાય મિત્રો ઉમેરાતા ગયા.

આરાધના પછી બીજા નંબરે કોઈ મિત્રને મૂકી શકાય એમ હોય તો એ રાઘવ હતો. એ બધા મને ખાસ સમજવા લાગ્યા હતા.

રાઘવ એક ઇન્ટ્રેસ્ટીંગ છોકરો હતો. એ પણ મારી અને આરાધનાની જેમ જ બીજા બધાથી અલગ હતો. તે ઉંચો, દેખાવડો, સ્માર્ટ અને અમારી કોલેજમાં સીનીયરોથી ન ડરનાર અને જુનિયરોનો સાથ આપનાર એક માત્ર સીનીયર હતો. તેનો અવાજ પણ બોલ્ડ હતો. તેને મારી અને આરાધનાની જેમ ઇંગ્લીશ પણ સારું આવડતું અને સૌથી મહત્વની વાત જયારે પણ હું અને આરાધના કોલેજ બંક કરવા કહેતા બધા મિત્રોમાં સૌથી પહેલા અમારી વાતને ટેકો આપનાર એ જ હોતો. કદાચ રાઘવ અમારા મિત્રોમાં ન હોત તો અમે ક્યારેય એ કોલેજમાં માસ બંક ન કરી શકયા હોત. બધી રીતે જોવા જઈએ તો રાઘવ મારો મિત્ર બનવા માટે પેરફેક્ટ હતો. હા, એનામાં એક વસ્તુ હતી જે મને ન ગમતી. એ કોઈ પણ બાબતમાં ખુબ જ દલીલ કરતો અને હું ક્યારેય એને દલીલમાં પહોચી ન શકતી. એ એની વાતને અમારા સામે લોજીકલી સાબિત કરીને જ રહેતો. એનામાં કોઈ પણ વાતને લોજીક સાથે સમજાવવાની અજબ કળા હતી.

પાર્કિંગ લોટમાં અમારી પહેલી મુલાકાત થઇ અને ત્યારબાદ અમે એકબીજાના સારા મિત્રો બની ગયા. અમે એકબીજા સાથે ખુબ જ વાતો કરતા અને મને ખબર પડી હતી કે તે મુબઈનો તેમજ અમીર ઘરનો છે. અમારી કોલેજમાં માંડ પાંચેક અમીર ઘરના છોકરા હતા. મને હમેશા એનામાં એક સારો મીત્ર દેખાતો. એ મને કેટલા અંશે મિત્ર માનતો હતો એ મને બહુ મોડી ખબર પડી.

હું એની કોઈ ચીજને નફરત કરતી હતી તો એ હતી એની મોઘી કાર. એની પાસે એક ઓડી હતી જોકે એ પણ ઓડી આર. એઈટ. રાખી શકે એટલો અમીર ન હતો તેની પાસે ઓડીનું સ્ટારટીંગ મોડેલ હતું. લગભગ પચાસેક લાખની એની કિંમત હશે. એનામા એ પોતાના પાંચેય મિત્રોને ઘેટા બકરાની જેમ ભરીને કોલેજ લાવતો.

અમારા વચ્ચે કોલને બદલે મોટાભાગની વાતચીત મેસેજથી જ થતી. હું મોટાભાગના લોકો સાથેની વાતચીત મેસેજ પર જ કરતી જેથી વાતચીત પછી હું એમના શબ્દોનું વિશ્લેષણ કરી શકું અને એમણે કોઈ ભૂલ કરી હોય અથવા પહેલી અને બીજી વાતચીત દરમિયાન કોઈ કોન્ટ્રોવર્સી વાક્ય લખ્યું હોય તો હું જાણી શકું.

બીજી એક બાબત એની મને ન ગમતી એ હતી એ હમેશા મારો વડીલ બનવાનો પ્રયાસ કરતો. એ મોટે ભાગે મને સલાહ આપવાનું પસંદ કરતો જયારે મને કોઈની સલાહ લેવાનું ન ગમતું. જોકે એકવાર એની એ આદત મારા કામે લાગી હતી.

“યુ ડોન્ટ અન્ડરસ્ટેન્ડ ગાયસ. સંધ્યા, ધેય આર બેડ.” તે કહેતો. તેની વાત સાચી હતી પણ મને એ બોરિંગ લાગતી. તે જયારે મારા સાથે હોય ત્યારે બસ એનું ધ્યાન એ જ બાબત પર રહેતું કે કયા છોકરાનું ધ્યાન મારા પર વધુ હતું. મને એમ લાગતું હતું કે એ મને ચાહવા લાગ્યો હતો પણ મારો એવો કોઈ આઈડિયા ન હતો.

હું એને કોઈ રીતે સમજાવી શકું તેમ ન હતી કે છોકરીને કોઈ જુવે તો એને ખરાબ નથી લાગતું પણ સારું લાગે છે. કેમ તમે છોકરાઓ છોકરીને જોઈ ખુશ નથી થતા? તો તમને શું લાગે છે છોકરીઓમાં ભગવાને એ જ વિજાતીય આકર્ષણનો ગુણ નહિ મુક્યો હોય? શું ધન ધ્રુવ અને ઋણ ધ્રુવ એકબીજા સાથે સમાન રીતે ન વર્તી શકે? શું એક હાથથી તાળી પડી શકે? અને શું સ્ત્રીઓને સેકસમાં રસ જ ન હોત તો આ દુનિયાનું અસ્તિત્વ જ હોત? જેવા કેટલાય લોજીકલ સવાલો પૂછી હું એને સમજાવવાનો પ્રયાસ કરતી પણ કોણ જાણે કેમ એ મારી એક પણ દલીલ સમજવા ન માંગતો. હું એને એ વાસ્તવિકતા પણ કહી શકું તેમ ન હતી કે કોલેજમાં હું લાઈમ લાઈટમાં આવવા માંગતી હતી જેથી કેટલાક ચોક્કસ લોકોનું ધ્યાન મારી તરફ ખેચી શકું.

“સંધ્યા એ બધું બોલવામાં ને ફિલોસોફીની બુકમાં સારું લાગે છે પણ એ હકીકત નથી. હું જાણું છું છોકરી શું છે અને એનું કેટલું મહત્વ છે.”

“હા, હું બધુ જ જાણું છું, તું શું કહેવા માંગે છે. તું એમ કહેવા માંગે છે કે છોકરીઓને જીવ હોતો જ નથી! તેમનું ચંચળ મન કોઈ ઇચ્છાઓ કરતું જ નથી?”

“તું કશું જ નથી જાણતી. અરે એક છોકરી હોવામાં કેટલું રિસ્ક હોય એ પણ તું

જાણતી નથી!"

"હા, જાણે તું તો સાત જનમથી છોકરી હોય અને આ જન્મે પહેલીવાર જ છોકરો બન્યો હોય એમ વાત કરે છે?" હું એની મજાક ઉડાવતા કહેતી.

આવી દલીલો અમારા વચ્ચે થયા કરતી. એ સિવાય અમારા વચ્ચે સારી દોસ્તી હોવા છતાં સ્પોર્ટ્સમાં અમારા વચ્ચે જોરદાર કમ્પીટીશન રહેતી. અમે મોટા ભાગની મિક્ષ સ્પોર્ટ્સમાં ભાગ લેતા અને મોટા ભાગે હું જ જીતતી અને ફરી અમારા વચ્ચે એક નાનકડું યુદ્ધ થઇ જતું.

"યુ હેવ ચીટેડ સંધ્યા." એ કહેતો અને દર વખતની જેમ એ સાચો પણ હોતો.

પણ મને એ ન ગમતું અને અમારા વચ્ચે નાનકડો ઝઘડો થતો. હા, જોકે એકબીજાને ટેકસ્ટ કરવાનું ચાલુ જ રહેતું. અમારા ઝઘડા અને અમારી દોસ્તી વચ્ચે કોઈ જ લેવાદેવા ન હોય એમ એ એક સાથે ચાલુ જ રહેતા.

હું દોસ્તી કરવામાં અને દોસ્તો બનાવવામાં હાઈસ્કુલથી જ માહિર હતી. હું હોસ્ટેલમાં પહેલા વર્ષે ભણવા ગઈ ત્યારે એ જ વર્ષે અડધી શાળા મારી મિત્ર બની ગઈ હતી. અને અહી તો દોસ્તો બનાવવા એ મારા મુહીમનો જ એક ભાગ હતો. પણ છતાં મેં ક્યાંક થાપ ખાધી હતી અને તેના લીધે ભયાનક આફતમાં પડી હતી.

***

હું ધીમે ધીમે દીવાલનો ટેકો લઇ દરવાજાની નજીક ગઈ. મેં મારા એક હાથની હથેળીને દીવાલ સાથે ટેકવેલ રાખી હતી અને બીજા હાથને દરવાજા પર જેથી હું ચક્કર આવી

મારું સમતોલન ગુમાવું તો પણ દીવાલ અને દરવાજાને સહારે જમીન પર બેસી શકું. કોઈ નકામો અવાજ ન થાય અને બહાર ઉભેલી વ્યક્તિને ખબર ન પડે કે હું અંદરથી એના પર ધ્યાન રાખી રહી છું. જો કે હાલ તો એમ જ લાગી રહ્યું હતું કે હું એના પર કોઈ કાળે ધ્યાન રાખી શકું તેમ ન હતી અને એ મારા પર નજર રાખી રહ્યો હતો એ દેખીતી ચીજ હતી. મેં સ્લાઈડ કરીને દરવાજાના પીપ હોલનું સ્ટીલ કવર હટાવ્યું. હું મારા ચહેરાને બને એટલો દરવાજાની નજીક લઇ ગઈ જેથી મારી આંખો બહારનો વ્યુ ક્લીયર જોઈ શકે. મને ખબર ન હતી હું કોનો ચહેરો જોવાની છું. મને જરા પણ અંદાજ આવી શકે તેમ ન હતો કે એ કોઈ ઓળખીતો ચહેરો હશે કે કોઈ અજાણ્યો ચહેરો. મને ચહેરાનો અંદાજ ક્યાંથી હોય?? કોણ હોઈ શકે??

મને તો એ પણ ખબર ન હતી કે મને કોણે કિડનેપ કરી હતી. મને તો એ પણ ખબર ન હતી કે મને કેમ કિડનેપ કરવામાં આવી હતી.

હું મારી હાલતથી મારી સ્થિતિથી એકદમ અજાણ હતી. મેં ગણી શકાય તેટલો સમય અંદાજ લગાવવામાં વિતાવ્યો હતો પણ પરિણામ શૂન્ય જ મળ્યું હતું. હું કોઈ પણ અંદાજ લગાવવામાં નિષ્ફળ રહી હતી. કદાચ હું દુનિયાની એવી પહેલી વ્યક્તિ હતી જેની યાદદાસ્ત ગુમ થયા વિના જ એ આસપાસની દરેક ચીજથી અજાણ હતી.

છતાં મને કોઈ ઓળખીતો ચહેરો હોવાની સંભાવના વધુ લાગી રહી હતી કેમકે જે રીતે આરાધના અને તેની સાથે રહેતી તેની ફ્રેન્ડસ ગુમ થઇ હતી, ત્યારબાદ મારા પર હુમલો થયો હતો એ જોતા મને એમ લાગી રહ્યું હતું કે કોઈ વ્યક્તિ એ બધું મને એમની તપાસ કરતા અટકાવવા માટે કરી રહ્યું છે. કોઈ મને લાંબા સમયથી ડરાવવાનો પ્રયાસ કરી રહ્યું હતું પણ હું ડરી ન હતી કદાચ એટલે જ એમણે મને કિડનેપ કરી હશે અને હું કોલેજમાં ગુમ થયેલ છોકરીની તપાસ કરી રહી છું એ વાતની એમને ખબર પડી ગઈ હતી એનો અર્થ એ હતો કે એ કોઈ ઓળખીતો ચહેરો જ હતો. કોઈ અમારી જ કોલેજમાંથી હતું જે એમને ખબર આપી રહ્યું હતું કે હું આરાધના અને અન્ય મિસિંગ ગર્લ્સની તપાસ કરી રહી છું.

જો કોઈ ઓળખીતો ચહેરો એમાં સંડોવાયેલ ન હોય તો એને શું ખબર પડે કે હું આરાધનાની બેસ્ટ ફ્રેન્ડ હતી અને એના મિસિંગ થયા પછી હું જંપીને બેસુ તેમ નથી? કે કદાચ એ ઘટનાને આ ઘટના સાથે કોઈ નિસ્બત ન હોય તેવું પણ બની શકે? હું કોઈ નિર્ણય પર આવી શકું તેમ ન હતી.

પણ હું ખોટી ઠરી, મારો અંદાજ છેતરામણો નીકળ્યો. જયારે મેં પીપ હોલમાંથી બહાર જોયું મને એક અજાણ્યો ચહેરો દરવાજાની બહાર દેખાયો. એ વ્યક્તિ રાઘવની ઉમરનો જ હતો. એ ઉંચો અને દેખાવડો હતો. એના દાઢી અને મૂછના વાળ થોડાક વધેલા હતા અને એણે કાળા રંગનું આખી બાયનું શર્ટ પહેરેલ હતું. એના ચહેરા પરથી એ જરાય કિડનેપર જેવો નહોતો લાગી રહ્યો. એ કોઈ કોલેજીયન યુવક જેવો દેખાઈ રહ્યો હતો. એની ઉમર પણ હજુ કોલેજના બીજા કે ત્રીજા વરસમાં ભણતા છોકરા જેટલી જ લાગતી હતી. એના દાઢી મુછના જથ્થા પરથી જ દેખાઈ આવતું હતું કે એ હજુ વીસ એકવીસનો માંડ હશે.

મને એમ હતું કે એ દરવાજો ખોલી અંદર આવશે પણ એવું ન થયું. એ થોડીકવાર મારા દરવાજા સામે ઉભો રહ્યો. એ કઈક વિચારી રહ્યો હોય એવું મને લાગ્યું. પછી એકાએક એ પાછો ફરી ચાલવા લાગ્યો. એ દરવાજો ખોલી અંદર ન આવ્યો. એ કોરીડોરમાં આગળ તરફ ચાલવા લાગ્યો.

મેં દરવાજો ખોલવા પ્રયાસ કર્યો. હું એને રોકવા માંગતી હતી. હું એનાથી વાત કરવા માંગતી હતી. મેં દરવાજાનું હેન્ડલ ફેરવ્યું. એ દરવાજો ખુલી ગયો. એ દરવાજો બહારથી લોક ન હતો. મને અફસોસ થયો મેં છેલ્લા ત્રણ દિવસમાં એ દરવાજો ખોલવાનો પ્રયાસ ઘણી વખત કર્યો હતો પણ એ દરવાજો ખુલ્યો ન હતો, કદાચ એણે હમણા બહારનું લોક હટાવી નાખ્યું હશે? મને થયું.

પણ કેમ? એ એવું શા માટે કરે?

મારી પાસે કોઈ જવાબ ન હતો. એ જવાબ મેળવવા મારે બહાર એની પાછળ જવું પડે તેમ હતું.

દરવાજાની સેફટી ચેન હટાવી, દરવાજો સ્લેમ કરી હું બહાર નીકળી, દરવાજો એકદમ આરામથી ખુલી ગયો.

“હેય.” મેં બુમ મારી.

“હેય, યુ વેઇટ! હું તારી સાથે વાત કરવા માંગું છું.” મેં ફરી કહ્યું.

પણ તેણે કશું સાંભળ્યું જ ન હોય તેમ તે આગળ ચાલતો રહ્યો. એણે એકવાર પણ પાછળ ફરી મારા તરફ જોયુ નહી. હું કોરીડોરમાં એની તરફ ઉતાવળા પગલે જવા લાગી, એ સમયે મારામાં ચાલવાની હિમ્મત ક્યાંથી આવી ગઈ હતી એ મને ખબર ન હતી. કદાચ કોઈ ઈશ્વરીય શક્તિથી એની પાછળ જવા સક્ષમ બની હોઈશ. બસ હું એની તરફ જઈ રહી હતી. મારું પૂરું ધ્યાન એના તરફ જ હતું.

હું લગભગ દોડવા લાગી હતી. તે એક બીજા લોખંડના દરવાજા સુધી પહોચી ગયો હતો. મેં મારી ચારે તરફ નજર દોડાવી અહી દીવાલો ન હતી. અહી બધે જ એ લોખંડના દરવાજા જેવુ જ મેટલ હતું. બધી જ દીવાલો મેટલની બનેલી હતી. બસ એમના પર દરવાજા જેવો ભુરાને બદલે સફેદ રંગ હતો. કદાચ અંધકારને લીધે મને રૂમની દીવાલો જોઈ ત્યારે એ સમજાયું નહી હોય.

તેણે એ લોખંડના દરવાજા પર કઈક કોડ દબાવવાનું શરુ કર્યું. જ્યારે તેણે દરવાજો ખોલ્યો હું એની નજીક પહોચી ગઈ હતી.

હું એની પાછળ દરવાજા બહાર નીકળવા માંગતી હતી પણ એકાએક એ મારી તરફ પલટ્યો. હું સ્તબ્ધ ઉભી રહી એના સામે જોઈ રહી. મારા પગમાં અશક્તિ હતી એટલે ધ્રુજતા હતા. તેના ચહેરા પર કોઈ જ ભાવ ન હતા. ન ગુસ્સાના ભાવ હતા ન ડરના ભાવ કે ન અપરાધના ભાવ હતા. તેનો ચહેરો કોરા કાગળ જેવો હતો જેના પર વાંચી શકાય તેવું કઈ જ ન હતું. મને એ ભાવશૂન્ય ચહેરો જરાક અજીબ લાગ્યો.

મને એકપળ માટે થયું કે એ મને જોઈ રહ્યો છે, મારી કોલેજના બીજા છોકરાઓની

જેમ એ પણ મારા રૂપના સોંદર્યને પી રહ્યો છે. કદાચ તે તેની જાતને મારામાં ખોઈ રહ્યો હતો પણ હું ફરી ખોટી ઠરી. એક ડગલું આગળ વધીને તેણે અચાનક મારા વાળ પકડ્યા અને મને ધક્કો મારી દરવાજાની અંદરની તરફ ફેકી.

મારામાં ખાસ શક્તિ રહી ન હતી. હું એના જરાક ધક્કાથી જ જમીન પર ફસડાઈ પડી. જોકે એ જમીન ન હતી એ ફ્લોરબોર્ડ જેવું કશુક હતું. કદાચ એની નીચે પેલી ચારે તરફ રહેલી મેટલની દીવાલો જેવુ જ મેટલ હોઈ શકે એમ મને લાગ્યું. હું ફરી ઉભી થાઉં એ પહેલા એ દરવાજો બંધ થઇ ગયો. તેણે એક પણ શબ્દ બોલ્યા વગર એ દરવાજો બંધ કરી નાખ્યો. હું સમયસર ઉભી ન થઇ શકી પણ મારી આંખોએ જે જોયું એના પરથી હું સમજી ગઈ કે હું ક્યા હતી.

મને ચારે તરફ અલગ અલગ કન્ટેનર દેખાયા. હું કોરીડોરમાં હતી. એણે બંધ કર્યો એ બેઝમેન્ટ રૂમનો દરવાજો હતો. એ બેઝમેન્ટ રુમનો દરવાજો ખોલી જે રૂમમાં દાખલ થયો એ સ્ટાફ રૂમ હતો. હું એક જુના અને વર્ષોથી બંધ હોય તેવા વેર-હાઉસમાં હોઈશ એમ મને લાગ્યું. મને પહેલી જ વાર અંદાજ આવ્યો કે હું ક્યાં હતી!

એકાએક કોરીડોરમાં અંધકાર વધી ગયો. હું એ અંધારામાં જોવાનો પ્રયાસ કરવા લાગી. મારી આંખો આટલા સમયમાં એ અંધકારથી ટેવાઈ ગઈ હતી કે પછી કોરીડોરમાં મારા રૂમ જેટલું અંધારું ન હતું એટલે પણ મને હવે થોડુક દેખાતું હતું. મારી આંખો એ અંધકારમાં જોઈ શકતી હતી. હું મારા રૂમ તરફ જવા લાગી. હું મારા રૂમના દરવાજે ગઈ. મેં દરવાજો ખોલ્યો કોરીડોર કરતા એ રૂમમાં અંધારું વધારે હતું પણ ખુલ્લા દરવાજાને લીધે મને દેખાયું કે એ રૂમ ન હતો એ કેબીન હતી. મેટલ કેબીન.

મને એ કેબીનમાં જવાની ઈચ્છા ન થઇ. મેં બહારના કોરીડોરમા જ રહેવાનું વિચાર્યું. હું બહારના કોરીડોરમાં ફરી એક એક ચીજો નિહાળવા લાગી, દીવાલો ફંફોસતા મને બે ત્રણ દરવાજા મળ્યા પણ હું જાણતી હતી કે એ ફેક ડોર હતા જેમને ખોલવા માટે કોઈ ચોક્કસ કોડની જરૂર પડે એટલે મેં એમને ખોલવાનો નકામો પ્રયાસ કરી મારામાં રહી સહી ઉર્જાને વેડફવાને બદલે સાચવવાનું નક્કી કર્યું જેથી કદાચ હજુ એકાદ દિવસ સુધી મને ખાવાનું ન મળે તો પણ હું જીવી શકું.

ખાધા વિના હું જીવી શકું તેમ હતી પણ મારું ગળું સુકાઈ રહ્યું હતું, મને પાક્કો અંદાજ ન હતો મેં છેલ્લે ક્યારે પાણી પીધું હતું. કદાચ નિશાની વોટરબેગમાંથી? ના, મનીષાની પ્લાસ્ટિક બોટલમાંથી મને યાદ આવ્યું મેં છેલ્લે મનીષાની પ્લાસ્ટિક બોટલમાંથી પાણી પીધું હતું. સાવ વિના મુલ્યે મળતું પાણી કેટલું કિમતી હતું એ મને સમજાયું. કાશ! મેં એ વખતે થોડુક વધારે પાણી પી લીધું હોત!

હું એ કોરીડોરના અંધકારમાં એકલી હતી. ચારે તરફ બસ મેટલની બનેલી દીવાલો હતી. આખરે અંધારામાં ટેવાયેલી મારી આંખોએ એક બેડ જોયો. મને જરાક રાહત થઇ કમ-સે-કમ મારે એ કોરીડોરમાં જમીન પર એક ચાદરને સહારે સુવાનું ન હતું. મને સુવા માટે એક બેડ મળવાનું હતું. હું રૂમમાં ગઈ અને મારી ચાદર લઈ આવી. હું એ બેડ પર ચાદર ઓઢી સુઈ ગઈ. મારા માથામાં અસહ્ય દુ:ખાવો થતો હતો. મારી આસપાસ ચારે તરફ હજુયે દારૂ અને સિગારેટની વાસ આવતી હતી. આંખોમાં હજુ બળતું હતું અને પગમાં સતત દુ:ખાવો થતો હતો.

હું એક પેન કીલર અને એક ગ્લાસ કોલ્ડ વોટરની સખત જરૂરીયાત અનુભવી રહી હતી. મને લાગી રહ્યું હતું કે મને એ બંને ચીજોની તાત્કાલિક જરૂર છે. પણ એ સમયે એ ચીજો જોવી પણ મુશ્કેલ હતી તો એ મળવાની ઈચ્છા કરવી નરી મૂર્ખાઈ જ કહેવાય અને છતાં હું એ મૂર્ખાઈ કરી રહી હતી!

જે યુવક હમણાં આવ્યો હતો એની એકદમ હું નજીક ગઈ હતી. તેણે શરાબ નહોતો પીધેલ. કદાચ અહી કોરીડોરમાં પહેલા કોઈએ શરાબ અને સિગારેટની મીજબાની કરી હશે. જ્યારે હું એ અંધારી કેબીનમાં હતી ત્યારે અહી કોરીડોરમાં એક કરતા વધુ લોકો હશે. એમણે અહી શરાબ અને સીગરેટની લહેજત માણી હશે. અને એટલે જ મને એ વાસ કેબીનમાં આવી રહી હશે. મેં અંદાજ લાગાવ્યો.

પણ એ યુવકના મોમાંથી સિગારેટ કે શરાબની વાસ કેમ ન આવી? મને અહી કિડનેપ કરી કેદ કરી રાખનાર વ્યક્તિ શરાબી ન હોય એવું કઈ રીતે શકય હતું? ત્યાં કોઈ શરાબને સિગારેટની મહેફિલ મંડાઈ હોય અને છતાં એ એમાંથી કોરો નીકળી જાય એ કઈ રીતે શક્ય હતું? મને ત્યાં ગોંધી રાખનાર વ્યક્તિ સારા ઘરનો કોઈ સંસ્કારી વ્યક્તિ તો ન જ હોય ને? જે શરાબ અને સિગારેટને અછૂત માનતો હોય?

કદાચ હોઈ શકે? મને એકપળ માટે થયું. પણ બીજી જ પળે હું સમજી ગઈ કે ફરી મુર્ખ મન મને મૂરખ બનાવી રહ્યું છે કે એ કોઈ સારો વ્યક્તિ હશે અને મને કોઈ જ નુકશાન પહોચાડ્યા વિના ત્યાંથી જવા દેશે. માનવ મન પણ કેવું અજીબ છે તેનામાં કેવી કેવી આશાઓ અને ઉમ્મીદો હોય છે?

પણ હું ઉમ્મીદમાં ક્યારેય માનતી જ ક્યા હતી? લોકો ભલે ઉમ્મીદને માનવ મનની સૌથી મોટી તાકાત માનતા હોય. હું એને માનવ મનની સૌથી મોટી કમજોરી સમજતી. હું ‘જીના યહા મરના યહા ઇસકે સિવા જાના કહા’ ગીતના શબ્દોને માનનારી હતી અને એટલે જ જીવનમાં જે પળ માણવાનો મોકો મળતો હું એને ક્યારેય મિસ ન કરતી. હું જાણતી હતી કે એકવાર ખોઈ નાખેલ પળ ક્યારેય મળતી નથી. માટે આજને જીવી લેવું જોઈએ. કાલ કોણે જોઈ છે? અને હું સાચી જ હતી. કોણે વિચાર્યું પણ હતું કે બીચ પર બિકીનીમાં ફરનાર અને સ્ટેજ પર બમ હલાવી આખી કોલેજને હલાવી નાખનાર બેઝબોલના ગ્રાઉન્ડ પર એક પર એક ગોલ કરી છોકરા છોકરીઓની આંખોને રોલ કરી દેતી છોકરીઓ આવા અંધારા આલમમાં એન્ડ અપ કરતી હશે?

મેં પોતાની જાતને સાંત્વના આપવાનો પ્રયાસ કર્યો પણ એ નિષ્ફળ રહ્યો. મેં એક ઊંડો શ્વાસ લીધો. એક.. બે.. ત્રણ... શ્વાસ છોડ્યો.... એક... બે... ત્રણ.... એક ઊંડો શ્વાસ લીધો...

મને ભૂખ્યા ઊંઘ આવતી ન હતી પણ હું જાણતી હતી કે ઊંઘ્યા વિના શરીરમાં વધારે ઉર્જા વપરાય છે અને એ ઉર્જાના ઘસારાને પહોચી વળવા માટે મારી આસપાસ કઈ જ ન હતુ. એટલે મેં શીખેલી ઊંઘવાની ટેકનીક હું અપનાવવા લાગી. હું મનમાં એકથી ત્રણ સુધી ગણી શ્વાસ લેતી હતી અને એકથી ત્રણ સુધી ગણી શ્વાસ છોડી રહી હતી... એનાથી મને કદાચ ઉંઘવામાં રાહત મળતી.

ઘરે પણ જ્યારે મને મમ્મી કે જીનલની ખુબ જ યાદ આવતી અને હું ઉઘવામાં નિષ્ફળ

રહેતી ત્યારે હું એવુ જ કરતી અને મને ઊંઘ આવી જતી.

મારી આંખ મળી ત્યાં જ એકાએક એ ખુલી ગઈ. મને મેં વાંચેલી સ્ટીગ લાર્સનની ‘ધ ગર્લ વિથ એ ડ્રેગન ટેટુ’ અને પોલ હોકીન્ગ્સની ‘ગર્લ ઓન ધ ટ્રેઈન’ નવલકથાઓ યાદ આવી ગઈ. હા હું અંગ્રેજી નવલકથાઓ વાંચતી કેમ કે મારું અંગ્રેજી સારું હતું અને ખાસ્સી ગુજરાતી નવલકથાઓના પાના મેં ઉથલાવ્યા હતા. મને એકાએક પેલો યુવાન જે રીતે શાંત હતો એ દ્રશ્ય યાદ આવ્યું. આ રીતે કોઈ કિડનેપર ઠંડો કઈ રીતે હોઈ શકે? શું એ કોઈ સીરીયલ કિલર હશે? મારા માનસ પટલ સમક્ષ ‘સાયલન્સ ઓફ ધ લેમ્બ’ના હેનીબલ લેકટરનું ચિત્ર ઉપસી આવ્યું.

મને થયું એ જરૂર સીરીયલ કિલર હોવો જોઈએ. એના કારણો પણ મારા મને મારી આગળ તરત રજુ કરવા માંડ્યા. એક તો એ માણસ દારુ નહોતો પીતો અને એના મોમાંથી સિગારેટની વાસ પણ નહોતી આવતી. બીજું કે એની ઉમર અને દેખાવ પણ કોઈ ક્રિમીનલ સાથે મેળ નહોતા ખાતા! એ જે રીતે બંધ દરવાજા ઉપર હથોડીઓ ઝીંકીને મને ગભરાવતો હતો એ જોતા તો એ સીરીયલ કિલર જ હોવો જોઈએ! છતાં પણ એ સીરીયલ કિલર નહિ હોય કદાચ કોઈ નવશીખીયો ગુનેગાર હશે એમ મન મનાવી ફરી મેં ઊંઘવાનો પ્રયાસ કર્યો. પણ તેનો સપાટ કોઈ ભાવ વગરનો અજીબ ચહેરો મારા પોપચામાં દેખાતો હતો. કોણ હશે એ? સવાલ મનમાંથી ખસતો ન હતો.

***

મારી કોલેજનો સમય દસ ત્રીસનો હતો. કોલેજના પહેલા દિવસના વિચારો સાથે જ હું સવારે બેડમાંથી ઉઠી બાથરૂમમાં ફ્રેશ થવા ગઈ હતી. જ્યારે હું બાથરૂમમાંથી બહાર આવી અને મારો ચહેરો અરીસામાં જોયો મને મારા ચહેરા પર ખુશી અને ડર બંને ભાવ જોવા મળ્યા. આનંદ એટલા માટે કે એ કોલેજનો પહેલો દિવસ હતો અને ભય પણ એટલા માટે કે એ કોલેજનો પહેલો દિવસ હતો.

મેં જીવનમાં કઈક બનવા માટે કોલેજ જોઈન કરી જ ન હતી. આમ તો પહેલા મારા સપના ઘણા બધા હતા પણ એમાના કોઈ સપના પુરા કરવા હું કોલેજમાં ગઈ ન હતી. હું કોઈ ખાસ કારણથી કોલેજ જઈ રહી હતી અને મારે દુનિયાને એ માનવા મજબુર કરવાની હતી કે હું માત્ર એન્જોય કરવા માટે કોલેજ જઈ રહી છું.

હું ઘરથી લગભગ સાડા નવ વાગે જીનલે મને મારા જન્મ દિવસે મોકલાવેલી બ્લુ જીન્સ અને રેડ ટી-શર્ટ પહેરી નીકળી હતી. વરસાદ પડી રહ્યો હતો પણ એ ઉનાળુ વરસાદ મને કોલેજ જતા અટકાવી શકે એટલો જોરમાં ન હતો. કોલેજનો એ પહેલો દિવસ હતો. મારા દાદાજીને પણ મારો ફેસલો ગમ્યો હતો. તેઓ પણ હું મુંબઈમાં રહી ભણું એવુ જ ઇચ્છતા હતા. પપ્પાએ મને ક્યારેય દીલ્હી છોડવા નહોતું કહ્યું પણ હું જાણતી હતી કે અંદરથી તેઓ પણ હું મુંબઈમાં જ કોલેજ કરુ તેવું ઇચ્છતા હતા. અને તે દિવસ હતો જ્યારે એક જ દિવસે મારું, પપ્પાનું અને દાદાજીનું સપનું પૂરું થવા જઈ રહ્યું હતું. કદાચ નસીબ સાથ આપે તો મેં જીનલને આપેલું વચન પણ!!!

અગિયાર વાગે પહેલું લેકચર હતું. હું સવા દશે ત્યાં પહોચી ગઈ હતી. કોલેજના પહેલા દિવસે સમયસર જવું મને વાજબી લાગ્યું કેમકે મોડા ગયા પછી પોતાને અલોટ થયેલો નંબર અને સ્પોર્ટ્સ કોચનું નામ જેવી અનેક નાની નાની વિગતો જાણવા મોટી માથાકૂટ કરવી પડે છે. હું ત્યાં બિલકુલ અજાણ હતી પણ મને કોઈ અજાણી જગ્યાએ ડર લાગે કે હું ગભરાતી હોઉં એવો મારો સ્વભાવ હતો જ નહી. હું છેક જ બોલ્ડ છોકરી હતી. બધા જ મારા માટે અજાણ હતા. સાચું કહું તો હુ મુબઈની હતી પણ મુંબઈ મારે માટે અજાણ્યું હતું. હું દિલ્હીના રસ્તાઓને જેટલી સારી રીતે જાણતી હતી એટલી સારી રીતે મુંબઈના રસ્તાઓથી ક્યારેય પરિચિત નહોતી થઇ શકી. મને મુંબઈથી પરિચય કેળવવા મોકો કે સમય બેમાંથી એકે ક્યા મળ્યા હતા?

મેં જીનલે આપેલા કપડા પહેરવાનું પસંદ કર્યું હતું જેથી મારા મન ઉપર સતત જીનલ છવાયેલી રહે અને હું શું મકસદથી કોલેજમાં આવી છું એ ક્યારેય ભૂલું નહિ!

હું મનમાં બધું બરાબર ગોઠવીને કેમ્પસમાં દાખલ થઇ. કેમ્પસ કાઈ ખાસ સારું કહી શકાય તેમાનું ન હતું. જોકે મેં પહેલા ક્યારેય આટલું મોટું કેમ્પસ જોયું નહોતું. હું દિલ્હીની હાઈસ્કુલમાં ભણી હતી અને ત્યાં મોઘી ફી વસુલતી સ્કૂલો પાસે પણ કેમ્પસને નામે માત્ર વાયદા જ હોય છે - આવતા વર્ષે સુહાસ નગરમાં આપણી શાળા એક સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખરીદવાની છે કે પછી આવતા વર્ષથી આપણી શાળા હાઈવેની પેલી તરફ નવી બિલ્ડીંગમાં સિફ્ટ થવાની છે જ્યાં બહુ મોટું ગ્રાઉન્ડ છે જેવા લોલીપોપ આપી દેવામાં આવે છે. જોકે હકીકતમાં હાઈવેની પેલી તરફ શાળાનું કોઈ બિલ્ડીંગ જ નથી હોતું તો સ્પોર્ટ્સ ગ્રાઉન્ડનો તો સવાલ જ ક્યાંથી આવે?

કોલેજની ઈમારત પણ એકદમ ટ્રીકી હતી. બાંધકામ કરનાર ઈજનેરે ઊંઘમાં પ્લાન બનાવ્યો હોય તેવું લાગતું હતું. ઘણા બધા એન્ટરેન્સ હતા. ક્યાંથી પ્રવેશવું એ જ નહોતું સમજાઈ રહ્યું. ક્યાંથી બહાર નીકળવું એ પણ નહોતું સમજાઈ રહ્યું છતાં એની ચિંતા મેં એ વખતે ન કરી. એ ચાર કલાક પછી વિચારવાનું હતું. માંરો સ્વભાવ જ એવો હતો હું દૂરની ચિંતા ક્યારેય ન કરતી.

જ્યારે હું કોલેજમાં પ્રવેશી મારી પહેલી લાગણી હતી ડર અને બીજી લાગણી હતી એક્સાઈટમેન્ટ. મને પહેલે દિવસે કોલેજ સમયસર પહોચવાની ઉતાવળ હતી. ભલે મને વિશ્વાસ થાય કે નહિ હું ઓફિશિયલી કોલેજ સ્ટુડેન્ટ બની ગઈ હતી. હવે કોઈ યુનિફોર્મ ન હતો. ન કોઈ સ્ટ્રીકટ નિયમો પાળવાના હતા.

મોટા ભાગના સ્ટુડેન્ટ એક્સાઈટેડ હતા કારણ મોટા ભાગના મારી જેમ જ નવા હતા. બધા અઢારના થઇ ગયા હતા અને પોતાની જાતને એડલ્ટ માનવા લાગ્યા હતા. જોકે આજકાલ તો બધા વહેલી ઉમરે એડલ્ટ બની જાય છે! કેટલાક તો પંદરના હોય ત્યારથી જ એડલ્ટ કોન્ટેન્ટમાં રસ લેતા થઇ જાય છે. બધા ખુબ જ ઉત્સાહિત હતા કેમકે એ વરસ બધાને બે ત્રણ નવા અધિકારો અપાવનાર હતું. મત આપવાનો અધિકાર અને મેરેજ કરવાનો અધિકાર આપનાર વર્ષ બધાને ખુબ જ પસંદ આવ્યું હોય એમ લાગતું હતું. એ બંને અધિકાર કરતા પણ બધાને બંધારણમાં ન લખ્યો હોય એવો એક અધિકાર અપાવનાર હતું - રાઈટ ઓફ લવ એન્ડ સેક્સ. આ પણ વાહિયાત લાગતી વાત છે છતાં આજના જમાનામાં આ જ વિચારો અઢારની ઉમરે મનમાં ઘર કરે છે! જો કે મારે આ બધા વિચારોથી દુર રહેવાનું હતું કારણ હું હવે માત્ર બહારથી જ ઉછળતી કુદતી સંધ્યા હતી બાકી હ્રદયમાં તો સંધ્યાની જેમ રંગો ઢળી ચુક્યા હતા.

અંદર જતા મને ખ્યાલ આવ્યો હતો કે મને બહારથી ટ્રીકી લાગતી એ બિલ્ડીંગ અંદરથી સ્માર્ટ અને મોડર્ન હતી. તે સાથે સાથે એ એકદમ સ્વચ્છ પણ હતી. કદાચ સ્વચ્છ ભારત અભિયાનની અસર હોઈ શકે!

કોર્ટયાર્ડમાં ઘણા બધા વ્રક્ષો હતા. કેટલાય નવા વિધાર્થીઓ એ વ્રક્ષોની નીચે ટોળે વળી અવનવી ચર્ચાઓ કરી રહ્યા હતા. કદાચ તેમના વચ્ચે કોલેજ કેમ્પસ, પહેલા દિવસને લઈને અથવા તો નવી આવનાર છોકરીઓમાં કોણ સૌથી વધુ સુંદર છે એની ચર્ચા ચાલતી હશે.

કેમ્પસ એરિયા મીનીમમ મને ત્રણ એકરમાં ફેલાયેલ હોય એવો લાગ્યો. ત્રણ ચાર અલગ અલગ વિભાગો દેખાઈ રહ્યા હતા. એક નવી બિલ્ડીંગ એક જૂની બિલ્ડીંગ અને કદાચ ત્રીજું દુર દેખાતું બિલ્ડીંગ હોસ્ટેલ માટેનું હશે એમ તેની બહાર સુકાતા કપડા જોઈ મને લાગ્યું. મેં પહેલા જ ક્હ્યું, હું અહી બીજા ઈરાદાથી આવી હતી એટલે કોલેજમાં બીજી છોકરીઓના કપડા, છોકરાઓના ચહેરા કે કોલેજના લવ બર્ડ્સ ઉપર નજર કરવાને બદલે હું ઝીણી ઝીણી વાતોનો તાગ મેળવી રહી હતી.

મને એમ લાગી રહ્યું હતું જાણે આ ઝાડ નીચે વાતો કરતા ટોળામાં જીનલ લીડર બનીને બધાને કઈક કહી રહી હશે. તો ઘડીક એમ થતું હતું કે ના, આ નહિ પેલા ટોળામાં જીનલ વાતો કરી રહી હશે અને મને જોતા જ એ દોડીને મારી પાસે આવશે અને કહેશે કે વેલકમ ઇન ટુ માય કોલેજ. પણ એ માત્ર મારી કલ્પના હતી. જીનલ મારાથી બહુ દુર ચાલી ગઈ હતી. તે એ કોલેજ કેમ્પસથી પણ વિશાળ કેમ્પસ ધરાવતા હેવન તરફ ચાલી નીકળી હતી અને હવે તે મને વેલકમ કરવા ક્યારેય પાછી આવવાની ન હતી.

મેં એ લાગણીઓને ફંગોળી અને એક સીનીયરોના ટોળા ઉપર ધ્યાન આપ્યું. હું તેમની નજીક ગઈ.

“હેલો, બધાએ ક્યાં બેસવાનું છે?” એક સીનીયરને મેં પૂછ્યું.

“ક્વોડરેન્ગલ આગળ ભેગા થવાનું છે.” તેણે હાથ કરીને ઈશારો કર્યો.

થેન્ક્સ કહી હું એ તરફ ચાલવા લાગી. હું ત્યાં પહોચી ત્યાં સુધીમાં મોટા ભાગના નવું એડમીશન લેનાર બધા જ સ્ટુડેન્ટ ત્યાં ભેગા થઇ ગયા હતા. હું ત્યાં પહોચી ત્યારે બધા લીસ્ટમાં પોતાનો કલાસ શોધી રહ્યા હતા. મને ખબર હતી નામનું લીસ્ટ સાંજ સુધી ત્યાજ ડિસ્પ્લે પર લાગેલું રહેશે એટલે હું આરામથી ઉભી રહી. મને એકદમ ભીડમાં રહેવું ન ગમતું.

બધાએ પોતાનું નામ લીસ્ટમાં ચકાસી લીધું ત્યારબાદ બધાને ડીવીઝન એલોટ કરવામાં આવ્યા. ક્વોડરેન્ગલ આગળ થોડીકવારમાં મોટી ભીડ જમા થઇ ગઈ હતી. મેં એ ભીડથી દુર રહેવાનું જ પસંદ કર્યું. હું બધાને જોઈ રહી હતી. અલગ અલગ સેપ અને સાઈઝના છોકરા છોકરીઓ એકબીજા તરફ આંખના ખૂણેથી જોઈ લેતા આમતેમ ફરી રહ્યા હતા. મોટા ભાગના એકલા જ ફરી રહ્યા હતા કેમકે મોટા ભાગનાનો એ પહેલો દિવસ હતો. એમની પાસે વાતો કરવા માટે કોઈ ફ્રેન્ડ ન હતું. એમાંથી ઘણા દુરથી આવેલા હશે તેવું મને લાગ્યું કારણ ઘણાના ચહેરા ઉપર સ્ટ્રેસ હતો. કેટલીક ટાઈટ જીન્સ અને ક્યુટ સ્માઈલવાળી છોકરીઓએ આટલા ટૂંકા સમયમાં પણ મિત્રો બનાવી લીધા હતા. હું એ બધાથી દુર જ રહી. મને મિત્રો બનાવવાની કોઈ ઉતાવળ ન હતી કેમકે મને ફેન બનાવવાની આદત હતી!

મને ખબર હતી કે એ મારો ભ્રમ હતો પણ છતાં મને એવી લાગણી થઇ રહી હતી કે મારી જીનલ મારી આસપાસ જ ક્યાંક છે. તે મને ફોલો કરી રહી છે. તેની સુંદર મોટી આંખો મને જોઈ રહી છે. તેના સુવાળા હાથ મને સ્પર્શ કરવા ઈચ્છી રહ્યા છે પણ કદાચ તે મજબુરહશે. કદાચ એકવાર આ દુનિયા છોડી દીધા પછી એ દુનિયામાં કોઈનાથી પણ સંબંધ રાખવાની છૂટ નહિ મળતી હોય - ભલેને એ તમને ગમે તેટલું ગમતું વ્યક્તિ કેમ ન હોય? કેમ કે જો એવું ન હોય તો જીનલ મારી પાસે આવ્યા વિના રહે જ નહિ. તેને જોવાની મને એકદમ તીવ્ર લાગણી થઇ રહી હતી. મને ખબર હતી કે તે નથી છતાં હું કલ્પના કરી રહી હતી કે કદાચ જો તે મારી સામે આવશે તો કયા ડ્રેસમાં આવશે? મને એમ પણ લાગી રહ્યું હતું કે જો તે મને છેલ્લીવાર મળવા આવશે તો જરૂર તેના ગમતા ચલો ટોપ અને બ્લેક લોવરમાં આવશે. મારા મનમાંથી જીનલ અને તેનું મર્માળ સ્મિત કેમેય ખસતું નહોતું. પણ હું કમજોર બની શકું તેમ ન હતી. મેં ફરી મારી જાતને કહ્યું “કમોન સંધ્યા યુ આર નોટ હિયર ટુ ક્રાય અહી તું રડવા નથી આવી.....”

બીજા પણ કેટલાક હતા જે મારી જેમ જ પોતાની દુનિયામાં વ્યસ્ત હતા. હું એકલી ઉભી હતી અને વિચારોને ફંગોળતી કેમ્પસ ઉપર ધ્યાન આપતી હતી ત્યાં જ એક સીનીયરોનું ગ્રૂપ આવ્યું.

તેમણે આવી એ ટોળામાંથી કેટલાકને ઓડીટોરીયમ પર તેમને જોઈન કરવા કહ્યું, ટોળામાંથી નવા આવેલા દસેક છોકરાઓ અને ત્રણ ચાર છોકરીઓ એમની સાથે જવા લાગ્યા. એ બધા કોઈ સામાન્ય શાળામાં ભણીને આવેલા હોય એમ મને લાગ્યું કેમકે એ સમજ્યા હતા કે સીનીયર તેમને કોઈ માહિતી આપવા લઈ જઈ રહ્યા છે. કદાચ તેઓ કોઈ નાનકડા શહેરોથી

આવેલા હતા અને રેગીગ નામના શબ્દથી એકદમ અજાણ હતા.

સીનીયરોએ મારા તરફ ધ્યાન નહોતું આપ્યું. તેમણે મને ન’તી બોલાવી છતાં હું એ ટોળામાં પાછળ જઈ ભળી ગઈ. સીનીયરો પાછળ એ છોકરા છોકરીઓ જવા લાગ્યા કે તરત હું ઝડપથી એમાં પાછળથી ઘુસી હતી. કદાચ હું જે મુહિમ પર હતી તેનું એ પહેલું પગથીયું હતું. હું ત્યાં મિસિંગ ગર્લ્સની મિસ્ટ્રી જાણવા માટે ગઈ હતી તેમ તો ન કહી શકું પણ તેમાં મને વધુ રસ હતો એમ કહું તો ચાલે. કદાચ એ સીનીયરો મને કોઈ રહસ્ય તરફ દોરી જશે તેવી મને આશા હતી કારણ કોલેજમાં ચાલતા ગોરખ ધંધાઓ વિષે કોલેજના રેગીંગ કરતા છોકરા છોકરીઓ જાણતા હોય તેવું હું માનતી હતી જોકે તે મારી ભૂલ હતી.

અમે ઓડીટોરીયમ પાસે આવ્યા. ઓડીટોરીયમ બહુ વિશાળ હતું. એટલી મોટી કોલેજમાં પણ આવડું મોટું ઓડીટોરીયમ જોઈ નવાઈ લાગે એવું હતું. અંદરના ભાગમાં એક વિશાળ સ્ટેજ બનાવવામાં આવેલ હતું.

હજુ નવા આવનાર વિધાર્થીઓ કેમ્પસમાં જ ફરી રહ્યા હતા એટલે ઓડીટોરીયમ હોલ એકદમ ખાલી હતો. સીનીયરો અમને એ તરફ દોરી ગયા.

“તો સૌથી પહેલા રેગીગની મજા કોણ લેશે?” એ ત્રણ સીનીયરોમાંના એકે પોતાનો પ્રભાવ પાડવા કહ્યું.

આખા ટોળામાં ફફડાટ થઇ ગયો. મોટાભાગના નવા હતા તેથી ગભરાઈ ગયા. હું સમજી શકતી હતી એ લોકો ડરી કેમ રહ્યા છે. હું દિલ્હીમાં રહી હતી એટલે જાણતી હતી કે રેગીગ કોને કહેવાય. મને થયું આ લોકો પહેલા દિવસે જ પોતાની છાપ પાડી દેશે તો આખી કોલેજમાં નવા એડમીશન ઉપર આખું વર્ષ ત્રાસ ગુજારશે. મારે કઈક કરવું જોઈએ તો અંદરથી એક અવાજ એવો પણ આવતો હતો, “નહિ સંધ્યા નહિ કદાચ પહેલે જ દિવસે તું ઉલટા રસ્તે ચડી જઈશ.....” પણ મારું મન મારા કાબુમાં ન રહ્યું અને મેં ફેસલો કરી લીધો. એ દિવસ મારા ફેમશ થવાની શરુઆતનો દિવસ હતો.

“હું જાણવા માંગું છું રેગીગ એટલે શું.?” મેં આગળ વધતા કહ્યું.

ટોળામાંના છોકરા છોકરીઓ મને જોઈ રહ્યા. મારે આગળ જવાની કોઈ જરૂર ન હતી પણ કોઈ ભલી ભોળી છોકરીને તેઓ રેગીગથી તંગ કરે અને એ કોલેજ છોડી દે એના કરતા મેં આગળ જવાનું વધુ પસંદ કર્યું.

એક સીનીયર નવાઈ પામી મારી તરફ આગળ આવ્યો. એની ઊંચાઈ છ ફૂટ જેટલી હતી અને તેના વાળ ખભા સુધીની લંબાઈના હતા. તેનો બાંધો કાઈ ખાસ મજબુત તો લાગતો ન હતો. તે કદાચ મજબુત ન હતો કે કદાચ એની હાઈટને લીધે એવું લાગી રહ્યું હતું. મને સમજાયું નહી.

“પેલી તરફ ઉભી રહી જા.” તેણે મારી નજીક આવતા બાજુની દીવાલ તરફ ઈશારો કર્યો.

હું એનાથી ડરી રહી હોઉં એવો ડોળ કરતા એણે આંગળી કરી એ તરફ જઈ ઉભી રહી. મેં બાકીના વિધાર્થીઓ તરફ એક નજર કરી અને મેં કોઈ ભૂલ કરી લીધી હોય એમ ગભરાતી હોવ એવો ડોળ કરવા પ્રયત્ન કર્યો. મારા ગળામાં લટકતી બેગને હાથમાં પકડી હું

ભયભીત હોઉં તેવો અભિનય કર્યો. ડર મારા જીવનમાં તો હતો જ નહિ પણ છોકરીઓ ડરે ત્યારે બેગના પટ્ટા, વાળની લટ, કે શર્ટના બટન પકડે છે તે મને ખબર હતી. મને પહેલી જ વાર થયું આ સુંદર ચહેરો અભિનય પણ કરી શકે ખરા?

"બીજું કોઈ?" એણે ટોળા પર નજર ફેરવતા કહ્યું અને લાંબા વાળમાં આગળથી પાછળ સુધી હાથ ફેરવી તેના ફેલો સામે જોઈ આંખ મારી.

કોઈ જ કશું બોલ્યું નહી.

"તું આગળ આવ?" તેણે એક છોકરી તરફ હાથથી ઈશારો કરતા કહ્યું.

એ છોકરી ગભરાતી હતી. તેનો ડર તેના ચહેરા ઉપર સ્પસ્ટ દેખાઈ રહ્યો હતો. મને થયું હું એની વ્હારે જાઉં પણ મને જીનલ યાદ આવી ગઈ. ના હજુ રાહ જો સંધ્યા! તમાશો થોડો ચાલવા દે જેથી અંદાજ આવે કે એ લોકો કેટલા પાણીમાં છે. જો એ છોકરી પ્રતિકાર કરે તો એ લોકો શું કરે છે એ તારે પહેલા જાણવું જોઈએ તો જ તને એમની શક્તિ અને કોલેજમાં એમની લાગવગનો અંદાજ આવી શકશે. મારે પરાણે મારી જાતને રોકવી પડી. મને એ છોકરી ઉપર દયા આવતી હતી પણ એની હાલત જીનલ જેવી તો ન'તી જ!

તે બે એક કદમ આગળ આવી ઉભી રહી ગઈ. તેના પગમાં આછી કંપારી થતી હતી જે ફક્ત મારા ધ્યાનમાં આવ્યું કારણ સીનીયરોનું ધ્યાન તેની ઉભરાતી છાતી ઉપર હતું અને બાકીનાઓ હવે શું થશે તેવા વિચારમાં ખોવાયેલા હતા. મને એની આંખોમાં ડર દેખાઈ રહ્યો હતો. હું સમજી ગઈ હતી કે રેગીંગ ચાલુ થતા જ એ રડવા લાગશે અને સિનિયરોને ખબર પડી ગઈ કે એ કમજોર છે તો તેને ટાર્ગેટ બનાવી નાખશે અને વધુ હેરાન કરશે.

"પહેલા મારા રેગીગનું શું કર્યું એ કહે?" મેં સીનીયર તરફ જોઈ કહ્યું. મેં એને એ છોકરી સાથે વધુ વાત કરવાનો મોકો જ ન આપ્યો.

તેને નવાઈ લાગી. એની આંખોમાં નવાઈના ભાવ હતા કે નહિ એ મેં નોધ્યું નથી કેમકે મેં પેલી છોકરીની આંખો તરફ ધ્યાન આપ્યું હતું. મારું વાક્ય સાંભળતા જ એની આંખોમાં રહેલ ડરની જગ્યા નવાઈ અને સરપ્રાઇઝે લઈ લીધી હતી. માત્ર એને જ નહી ત્યાં ઉભેલ દરેક વ્યાક્તિને નવાઈ લાગી હતી. ટોળામાંના દરેકની આંખમાં નવાઈના ભાવ હતા. એમાંના કેટલાક મને બેવકૂફ સમજ્યા હોય તો નવાઈ ન કહેવાય!

મારા શબ્દો સાંભળી પહેલા તો એણે માત્ર ગરદન જ ઘુમાવી અને પછી એ આખો મારા તરફ ફર્યો અને પોતાની ભોઠપ છુપાવવા હસીને બોલ્યો, "તને રેગીંગ કરાવવાની બહુ ઉતાવળ લાગે છે છોકરી?"

"હાસ્તો, તે ઓફર આપી હતી કે કોને રેગીગ કરાવવું છે. મેં પહેલા બઝર વગાડી એટલે પહેલો વારો મારો... હવે તું બીજાને વચ્ચે કઈ રીતે લાવી શકે...??" મેં હસીને કહ્યું.

"રાજુ, ભાઈ આનું રેગીંગ તો કઈક જુદી જ રીતે કરવું પડશે!" એણે બીજા સીનીયર તરફ જોતા કહ્યું.

"એય તું બહાર આવ." એ બીજા સીનીયરે જેનું નામ રાજુ હતું એણે ટોળામાંના એક છોકરા તરફ જોઈ કહ્યું. ટોળામાંથી એક ક્રીમ શર્ટ અને જીન્સ પહેરેલ છોકરો આગળ આવ્યો.

એ જે રીતે બેધડક આગળ આવ્યો એ જોતા મને એ મારા જેમ જ બહાદુર લાગ્યો.

“આ છોકરીને એક ડીપ પેસનેટ કિસ આપ.” સીનીયરે તે ક્રીમ શર્ટવાળા છોકરા તરફ જોઈ કહ્યું.

એ મારી તરફ આવવા લાગ્યો. હું સમજી ગઈ કેમ એ કોઈ પણ ડર વિના બહાર આવ્યો હતો. મેં દિલ્હીમાં રેગીગના ઘણા કિસ્સા સાંભળેલા હતા. મને ખબર પડી ગઈ કે એ છોકરો નવો ન હતો. એ સીનીયર હતો પણ નવા સ્ટુડેન્ટના ટોળામાં ભળીને આવ્યો હતો. જ્યારે સીનીયરે તેને બહાર બોલાવ્યો તે કોઈ પણ ખચકાટ વગર બહાર આવ્યો કેમકે તેને ખબર હતી તેનું રેગીગ થવાનું નથી તેને રેર્ગીગ કરવાનું છે. કોલેજીસમાં સીનીયરો આવા પ્લાન કરે છે તે બધું મારા માટે નવું ન હતું.

સીનીયર આ ટ્રીક અજમાવી નવી આવેલી છોકરીઓનો ફાયદો ઉઠાવતા. એમની એ ખાસ રીત હતી. જો છોકરી પણ ચાલુ હોય તો એમનું કામ થઇ જતું. એ કિસ પછી તેમના વચ્ચે સંબંધ બંધાઈ જતો. કોઈ લાગણીનો નહી માત્ર શારીરિક. કેમકે કિસ કરતી વખતે બંનેને અંદાજ આવી જતો કે એ તેમની પહેલી કિસ ન હતી અને બંને એકબીજાનું કેરેક્ટર જાણી જતા.

એ છોકરો નજીક આવ્યો, તે મારી નજીક આવી મારા તરફ જોઈ રહ્યો, મેં પણ એની આંખોમાં જોયું અને મારી આંખોમાં કિસ પહેલા જેવી માદકતા હોય એ લાવવાનો પ્રયાસ કર્યો. લગભગ હું સફળ થઇ હોઈશ એટલે જ જ્યારે મેં એના મેન પાર્ટ પર લાત મારી ત્યારે એ રોકી શક્યો નહી. એને એ ખ્યાલ મોડો આવ્યો હતો એનો અર્થ એ હતો કે એ સમયે મારી આંખોમાં પૂરી માદકતા હતી. એ બેવડો થઈ ત્યાજ બેસી ગયો. તેનો સાથી તેની મદદે આવ્યો પણ મેં દિલ્હીમાં લીધેલ જુડોની ટ્રેનીગ એ સમયે કામ આવી. મેં તેને એક હાથથી જાટકો આપી ચિત કરી દીધો ત્રીજા એ કદાચ આ બધાનો અંદાજ ન હતો રાખેલો. એ ભાગીને નીચે જવાની કોશિશ કરવા ગયો પણ તમને તો ખબર છે ને એકવાર આપણા દેશમાં જે ડરી જાય એની શું હાલત થાય? અત્યાર સુધી ડરીને સત્બ્ધ બની ઉભેલું ટોળું એના પર તૂટી પડ્યું. જ્યારે ટોળું હટ્યુ એનો ચહેરો દેખવા લાયક ન હતો. મને ખાતરી થઈ ગઈ હતી કે એ એકાદ મહિના સુધી તો પોતાનો ચહેરો આરીસામાં નહી જ જુવે!

મને પ્રિન્સીપાલ ઓફિસમાં બોલાવવામાં આવી હતી. પહેલે જ દિવસે મારામારી કરવા બદલ માફી પત્રક લખાવવામાં આવ્યું. તમને નવાઈ લાગી રહી હશે પણ આજ સત્ય છે. રેગીગ કરનારા સીનીયરોને ક્યારેય માફી પત્રક નથી લખવા પડતા. તેઓ કોઈ સાથે ગમે તેટલું કરે ક્યારેક ક્યારેક તો રેગીગના નામ પર શારીરિક ઈજા પહોચાડી દે છે છતાં પણ તેમના પર કોઈ જ કેસ નથી થતો કેમકે એનાથી કોલેજની રેપ્યુટેશન ખરાબ થાય છે. કોલેજની વાત કોલેજ કેમ્પસમાં જ દફન કરી દેવામાં આવે છે.

જે હોય તે પણ હું કદાચ પહેલી સ્ટુડેન્ટ હતી જેને રેગીગથી ફાયદો થયો હતો. હું પહેલે જ દિવસે લાઈમ લાઈટમાં આવી ગઈ હતી. કોલેજ આખી મને પહેલે જ દિવસે મારા નામથી ઓળખવા માંડી હતી. એ જ તો હું ઇચ્છતી હતી કે હું બધાથી અલગ દેખાઉં. બધા મારા ઉપર ધ્યાન આપે અને બધા મારા ફેન બને કેમ કે એ જ એક રસ્તો હતો જેની મદદથી જીનલના કાતીલોનું ધ્યાન મારા ઉપર પડે! એ લોકો મને પણ જીનલની જેમ જ.....

***

એ કાએક બહાર થયેલાં કોઈ અવાજથી મારી આંખ ખુલી હતી. મને સમયનો કોઈ અંદાજ ન હતો. દિવસ હતી કે રાત એ પણ અંધારાને લીધે નક્કી કરી શકાય તેમ નહોતુ કેમકે ત્યાં કાયમને માટે જાણે એક સરખુ જ અંધારું હતું. હું પોતાની જગ્યા પરથી ઉભી થઈ. મારે ઉભા થવા માટે મહેનત કરવી પડી. બહુ મહેનત. મહામહેનતે ઉભી થઈ એમ કહો તો પણ ચાલે.

મારી જાતને દીવાલ સાથે એક હાથથી પ્રોપીંગ કરીને હું આગળ ખસવા માંડી. મારે ચાલવા માટે દીવાલનો ટેકો લેવો પડતો હતો કેમકે મારા શરીરમાં ખુબ અશક્તિ આવી ગઈ હતી. હું કઈ તરફ જઈ રહી હતી અને શા માટે જઈ રહી હતી એનો મને જ ખયાલ ન હતો. બસ હું એ જગ્યાએથી બહાર નીકળી શકવાનો કોઈ રસ્તો મળી જશે એ વિચારે ભટકી રહી હતી.

દીવાલને ફંફોસતા ફંફોસતા આગળ વધતી વખતે મારા હાથમાં એક દરવાજાનું હેન્ડલ આવ્યું. મેં તે આમતેમ ફેરવી જોયું પણ દરવાજો લોક હતો. મેં મહેનત કરી હતી બાકી હું જાણતી હતી કે એ દરવાજો લોક જ હશે કેમકે એ બધા દરવાજા લોક જ રહેતા હતા. બસ પેલો અજાણ્યો યુવક બહાર કોઈ સિસ્ટમને અનલોક કરતો ત્યારે જ એ દરવાજા ખુલતા હતા. કદાચ તે મુખ્ય દરવાજાને કોડ લગાવતો એટલે એના સાથે કનેકટ થયેલ અન્ય દરવાજા પણ અનલોક થઇ જતા હતા. એ અજાણ્યા યુવકની મરજી વિરુધ્ધ એક પણ દરવાજો જાણે ખુલવા જ નહોતો માંગતો! બધા દરવાજા એની મરજીથી ખુલવા ટેવાયેલા હોય તેમ લાગતું હતું. એ આવે ત્યારે જ દરવાજા ખુલતા હતા. એ અજાણ્યો યુવક જાણે એ જગ્યાનો ભગવાન હતો!

હું જાણતી હતી કે એ દરવાજાઓને ટ્રાય કરવાનો કોઈ જ અર્થ નથી તો પણ જાણે મારું મન એ માનવાનો અસ્વીકાર કરી રહ્યું હોય એમ હું આગળ વધી અને એક બીજા દરવાજા પર ટ્રાય કરી જોયો. એ દરવાજો પણ મારી ધારણા મુજબ બંધ જ હતો. હું પાછી ફરી પહેલા દરવાજે આવી અને ફરી તે ખોલવાનો પ્રયાસ કર્યો. કદાચ હું પાગલ થઇ રહી હતી! હું જાણતી હતી એ ચીજો પણ હું માનવા તૈયાર ન હતી.

હું માનું કે ન માનું હું ફસાઈ ગઈ હતી. હું એ અંધારામાં કેદ હતી. ભલે હું માનું કે ન માનું એનાથી કોઈ ફેર પડે તેમ ન હતો. હું ફસાઈ ગઈ હતી. હું કેદ થઇ ગઈ હતી! મારો દુનિયા સાથેનો નાતો તૂટી ગયો હતો અને કદાચ શ્વાસ સાથેના નાતાને તૂટવાને પણ ખાસ વાર હોય તેમ મને નહોતું લાગી રહ્યું!

આઈ વોઝ રીયલી ટ્રેપડ!!!

કદાચ હું ટ્રેપ હતી, હું કોઈ કેદમાં હતી એ શબ્દો લખી નાખવા કે વાંચી લેવા બહુ આસાન છે પણ એ અનુભવવું માની ન શકાય તેટલું મુશ્કેલ હોય છે. હું પોતે પણ જ્યારે જીનલના કાતીલોની સર્ચમાં હતી ત્યારે મને એટલી ખબર ન હતી કે કાળ કોટડીમાં કેટલી યાતનાઓ હોય છે? કેટલું અજીબ છે કોલેજ અને કાળ કોટડી બંને શબ્દો 'ક'થી શરુ થાય છે પણ બંને વચ્ચે કેટલો તફાવત છે? હું કોઈ કવિ ક્યાં છું છતાં મારાથી શબ્દાનુપ્રાસ અલંકારના ઉદાહરણો બની રહ્યા હતા. મેં ઘણી નવલકથાઓ વાંચી હતી જેમાં લેખકો આવા ભયાનક દ્રશ્યો વર્ણવે છે. શું એ બધા કલ્પના કરતા હશે કે એમને આવા ભયાનક અનુભવો થયા હશે?

મેં મારી આસપાસ નજર કરી. કોઈ ચીજ મળી જાય તો તેનો લેવર તરીકે ઉપયોગ કરી હું દરવાજો ખોલવાનું વિચારી રહી હતી. હું છેકથી એવી જ હતી. કયારેય હાર ન માનતી પછી ભલે એ જીંદગી હોય કે મેદાન પરની રમત. પણ એ દિવસે જીંદગી મારી સાથે કોઈ અજીબ રમત રમી રહી હતી જેના નિયમો હું જાણતી ન હતી! તેની શરતો હું જાણતી ન હતી! અરે! હું તો એ પણ જાણતી ન હતી કે વિજેતા કઈ રીતે નક્કી થશે?

કદાચ કોઈ આવી રમત પહેલા નહી રમ્યું હોય કે પછી કોલેજમાંથી, કલબમાંથી કે ગ્રાઉન્ડ પરથી, કોઈ રાત્રે કોલ-સેન્ટરમાંથી નોકરી કરીને પાછી ફરતી વખતે ગુમ થયેલ દરેક છોકરી સાથે એ જ ગાંડી અને ગંદી રમત રમાતી હશે તો કઈ નક્કી ન કહી શકાય! કદાચ હું પહેલી ન હતી. કદાચ હું છેલ્લી ન હતી? કદાચ ક્યારેય ખતમ ન થનાર એ સીલસીલો ચાલુ જ રહેવાનો હશે??

હું લેવર શોધવા પ્રયાસ કરવા લાગી પણ એ સ્થળે કઈ જ ન હતું જેનો ઉપયોગ લેવર તરીકે થઈ શકે. જયારે પ્રાયમરીમાં વિજ્ઞાનમાં ઉચ્ચાલનના નિયમો ભણાવવામાં આવે છે ત્યારે બધાને એ નકામા લાગે છે. આર્કીમીડીઝે કહ્યું કે કોઈ મને એક મજબુત દંડ આપે અને પૃથ્વી બહાર ઉભા રહેવાની જગ્યા પૂરી પાડે તો હું એકલો આખી પૃથ્વીને ખસેડી શકું. શિક્ષકના એ શબ્દો પર એ વખતે મને હસવું આવેલ પણ હવે મને સમજાઈ રહ્યું હતું કે ઉચ્ચાલન કેટલું મહત્વનું છે? કાશ! મારી પાસે એવો કોઈ મજબુત દંડ હોત જેનો ઉચ્ચાલન તરીકે ઉપયોગ કરી હું એ દરવાજાને ખોલી શકું!! રૂમમાંની દરેક ચીજ બોલ્ટેડ અને સ્ક્રુડ ડાઉન હતી. જે ચીજો બોલ્ટેડ ન હતી એ ફેબરીકની બનેલી હતી. એનો કોઈ હિસાબે લેવર તરીકે ઉપયોગ થઈ શકે તેમ ન હતો. મેં ફરી હેન્ડલ પર દબાણ આપ્યું પણ એ વ્યર્થ હતું. હું જાણતી હતી મારા પ્રયાસો ડક હતા. આઈ વોઝ વેસ્ટીગ માય એનર્જી વિધાઉટ પ્રપોઝ. કદાચ મને કોઈ લોખંડના ખીલા જેવી ચીજ મળી ગઈ હોત તો હું એ દરવાજાના હેન્ડલમાં ભેરવી તેને ખોલવામાં સફળ થાત તેમ મને લાગી રહ્યું હતું પણ ત્યાં કોઈ એવી ચીજ ન હતી જેનો ઉપયોગ લેવર તરીકે થઇ શકે. કદાચ ત્યાંથી નીકળવું શક્ય જ ન હતું.

પણ હું માનવા તૈયાર ન હતી કે હું વિન્ડોલેસ મેટલ રૂમમાં કેદ છું. મને એમ લાગી રહ્યું હતું કે હું કોઈ જુના વેર-હાઉસની એક લોખંડની કેબીનમાં કેદ છું પણ એ સ્વીકારવું કઈ રીતે એ નહોતી જાણતી. મુંબઈની ભીડભરી કોલેજમાં ભણતી કોઈ છોકરી એકાએક આ સ્ટીલના રૂમમાં આવી જાય તો એ કઈ રીતે માની શકે? મારી હાલત કોઈ ડેસ્ટોપિયન મુવીના પાત્ર જેવી થઇ ગઈ હતી. મને લાગતું હતું જાણે કે હું વેરોનીકા રોથની કોઈ નોવેલનું કેરેક્ટર છું કે પછી જેમ્સ ડેસનરની મેજ રનરના એકાદ ભાગમાં, એની એકાદ મેજમાં કેદ થઇ ગઈ છું. બસ મારી આસપાસ મેજ રનરના પાત્રોની જેમ માઈલો સુધી રેતીના ઢગને બદલે હજારો કન્ટેનર હતા!

ચારે તરફ કન્ટેનર અને માત્ર કન્ટેનર! હા, હું કોઈ ઓલ્ડ વેર-હાઉસ પર હતી જ્યાં અનેક ઉપયોગમાં લઇ ન શકાય તેવા જુના અને તૂટેલા કન્ટેનરો કચરાના ઢગલાની જેમ પડ્યા હતા. પણ કેમ? એ હું જાણવા માંગતી હતી.

મેં દરવાજાના હેન્ડલ પર ફરી દબાણ આપવા પ્રયાસ કર્યો પણ એનાથી કઈ જ ન થયું. બસ એક ચીજમાં ફરક પડ્યો. જોર લગાવવાને લીધે મારા માથામાં સણકા ઉપાડવા લાગ્યા. પેઈન ઇન માય હેડ વોઝ જેબીંગ વિથ નીઓન ઇન્ટેન્સીટી. હું એ સહન કરી શકું તેમ ન હતી. મારામાં એ સણકાનું દર્દ વધુ સહન કરવાની શક્તિ ન હતી. હું ફરી જ્યાંથી ઉભી થઇ આવી હતી તે જ જગ્યા પર જઈ ટૂંટિયું વાળી સુઈ ગઈ.

હું ટૂંટિયું વાળી સુઇ ગઈ પણ એકાએક ઉપડેલા એ સણકા બંધ ન થયા. મારી આખી ખોપડી જાણે ચિરાઈ રહી હોય એમ લાગતું હતું. મેં મારા લમણા પર હાથ દબાવ્યો, લામણાની નશો બહાર આવી ગઈ હતી. ના, લમણાંની નશો બહાર ન હતી.

પણ કેમ? કેમ મેં એટલી તાકાત લગાવી? મારા માથામાં સણકા ઉપડી રહ્યા હતા છતાં મારા લામણાની નશો બહાર નથી?

ઓહ ગોડ...!! મેં મોટી ભૂલ કરી હતી. હું સમજી ગઈ મેં એ નકામા દરવાજા ખોલવામાં મારી રહી સહી તાકાત પણ વાપરી દીધી હતી. મારી લમણાની નશો ગાયબ થઇ ગઈ હતી એનો અર્થ એ હતો કે ધીમે ધીમે મારા શરીરમાંથી પાણી ઓછું થઇ રહ્યું હતું. કદાચ એક દિવસ એવું વધુ ચાલશે તો ડીહાઈડ્રેશન મારો જીવ લઈ લેશે એવું મને લાગ્યું. શરીર વિજ્ઞાનના નિયમો મુજબ તો હું વિચારવા પણ સક્ષમ ન હોઈ શકું છતાં હું વિચારી રહી હતી કેમકે મારું શરીર ક્યારેય બાયોલોજીના બંધનમાં રહ્યું જ ક્યાં હતું?

મેં વિચારવાનો પ્રયાસ કર્યો. મારે શાંત રહેવાની જરૂર હતી. મારે શાંત રહેવુ જ પડે તેમ હતું. જો હું વધારે ઉકળાટ કરું તો એ ભૂલ ભરેલું હતું. વધુ પડતો સ્ટ્રેસ મારી મગજની નાશોને ફાડી નાખે તેમ હતો. હું કદાચ માનસિક સંતુલન ગુમાવી બેસું તેમ હતી. મારે મારી જાત પર કાબુ મેળવવો જ હતો.

મારે કોઈ પણ ભોગે શાંત રહેવું પડે તેમ હતું કેમકે હવે હું મારી જાતને એટલી અશક્ત નહોતી બનાવવા માંગતી કે હું મારી જાતે મારા પગ પર ઉભી પણ ન થઇ શકું.

મેં એક ઊંડો શ્વાસ લીધો. મારે શાંત થઇ જ જવું પડશે. મારે મારી જાતને આંખોમાં ઉભરાતી આંસુઓની ભરતીથી દુર જ રાખવી પડશે. મેં મારી જાતને જ કહ્યું. હું જાણતી હતી આંસુઓ માણસને કમજોર બનાવી દે છે. મેં ઘણી છોકરીઓને ગેમ હારી જાય ત્યારે રડતા જોઈ હતી પણ હું એમાંની એક ન હતી. હું ક્યારેય ગેમ હારીને રોઈ ન હતી. પણ એ વાત અલગ હતી અને આ પરીસ્થિતિ અલગ હતી. અહી આંસુઓની ભરતીને રોકવી શક્ય ન હતી. અહી મનને ડરથી મુક્ત રાખવું લગભગ અશકય જ હતું!

સ્ટે કામ, સ્ટે લોઝીકલ, સ્ટે ઇન કંટ્રોલ, સ્ટે સ્માર્ટ, એન્ડ થીંક. મેં મારી જાતને એક પછી એક સૂચનો આપી તૈયાર કરવા માંડી. આઈ હેવ ટુ થીંક. મેં મારી જાતને ફરી એકવાર યાદ અપાવ્યું.

એ કયો દિવસ હતો?

હું ક્યા હતી?

કોણે મને કિડનેપ કરી હતી?

આ વેર-હાઉસ કોનું હશે?

આ વેર-હાઉસ ક્યાં હશે?

કીડનેપર શું ચાહતો હશે?

મારો રેપ થશે? કે પછી મારી નાખવામાં આવશે?

એવા ઘણા સવાલો મારા મનમાં ઉદભવ્યા. મેં એમના લોજીકલ જવાબો મેળવવાનું નક્કી કર્યું પણ મારું મન કોઈ જ તાગ મેળવી શકે તેમ ન હતું. કેટલો સમય વીતી ગયો હતો એ કહેવું તો જાણે અશક્ય જ હતું.

હું કેટલો સમય ઊંઘી હોઇશ? મને થયું, વધુમાં વધુ બાર કલાક કેમકે જો એનાથી વધુ હું ઉંધી હોત તો મારા શરીરમાં પાણી ન રહ્યું હોત. જો હું તેના કરતા વધુ સમય ઊંઘી રહી હોત તો મને ડીહાઈડ્રેશનથી કોઈ ન બચાવી શક્યું હોત!

પાણી વિશે વિચારતા જ અચાનક મને ખયાલ આવ્યો કે ફરી મારું ગળું સુકાઈ રહ્યું હતું. મને તરસ લાગી હતી. મને બહુ તરસ લાગી હતી. મારું ગળું જાણે સુકાઈ રહ્યું હોય તેમ મને લાગી રહ્યું હતું. હું ખરેખર તરસને લીધે અંદરથી શોષાઈ રહી હતી કે બસ તે બધું મારા મનમાં થઇ રહ્યું હતું તે જ મને સમજાઈ નહોતું રહ્યું. શું હું પાગલ થઇ રહી છું? તેવું મનમાં થયેલું.

કદાચ જો મને અહી આવ્યાને આજે ત્રીજો દિવસ થયો હોય તો આજે બુધવાર હશે. મેં વિચાર્યું. અને જો હું બે દીવસથી અહી છું તો દાદા અને પપ્પા મારી તપાસ કરી રહ્યા હશે. કોલેજના મિત્રો પણ મારી તપાસ કરી રહ્યા હશે. પોલીસ પણ મારી તપાસ કરી રહી હશે. મારા મનમાં એક પળ માટે આશાનું એક કિરણ જાગ્યું પણ બીજી જ પળે એ કિરણ પણ એ અંધારામાં ભળી ગયું. એ અંધકાર એ નાનકડી આશાના કિરણને ગળી ગયો. મને થયું હું કોઈ આવા અજાણ્યા અને વર્ષોથી બંધ હોય એવા સ્થળે મરી જઈશ. કેમકે આવા અજાણ્યા અને વરસોથી બંધ સ્થળે કોઈ તપાસ કરશે કે કેમ? અને હું મુંબઈમાં જ હતી કે કોઈ અન્ય શહેરમાં એ પણ મને જાણ ન હતી. કદાચ હું મુંબઈમાં હતી, કદાચ હું મુંબઈ બહાર હતી, મારું મન વારંવાર અલગ અલગ ધારણાઓ લગાવી રહ્યું હતું પણ કોઈ ચોક્કસ નિર્ણય પર પહોચી શકાય તેમ ન હતું કારણ મને બહારનું કઈ જ હજુ સુધી જોવા મળ્યું ન હતું અને બહારની કોઈ ચીજ જોયા વિના હું ક્યાં હતી એનો અંદાજ લગાવવું નર્યું મૂર્ખાઈ ભર્યું જ કહેવાય.

મેં આમ તેમ ફરી નજર કરી. કાશ! એ રૂમમાં એકાદ બારી હોત. હવાની અવર જવર માટે ક્યાંક ઉંચે એક નાની ખડકી હોત તો પણ મેં એના આધારે અંદાજ લગાવી લીધો હોત. ભલે મને ગમે તેવા સ્થળે એમણે ગોંધી રાખી હોત આસપાસ કોઈ બિલ્ડીંગ ન હોત તો પણ હું બારી બહાર જોવા મળતા પક્ષીઓ અને અન્ય સજીવો જોઇને પણ અંદાજ લગાવી લેત કે હું ક્યા છું.

***

પહેલા દિવસે કોલેજ લંચબ્રેક પછી બે વાગે શરુ થઈ. અમે બધા અમારા કલાસ તરફ રવાના થયા અને સાંજ સુધી અમારા કલાસમાં વ્યસ્ત રહ્યા.

હું છેલ્લી પાટલી પર ગોઠવાઈ. મને છેલ્લી પાટલીની આદત હતી. મને છેલ્લી પાટલી પર બેસવું ગમતું. એનો મોટો ફાયદો એક હતો કે આખા કલાસ પર ધ્યાન આપી શકાય અને ભણવામાં ધ્યાન આપવાની બિલકુલ જરૂર ન પડે. છેલ્લી પાટલી પર બેસવાનું એક બીજું પણ કારણ હતું કે હું દરેક અનયુઝઅલ ચીજ પર ધ્યાન આપી શકું. અલબત્ત છેલ્લી બેંચ પણ મારા કામનો એક હિસ્સો જ હતી.

આખો વર્ગખંડ કોઈ થિયેટરની માફક લાગી રહ્યો હતો. મને થયું કાશ હું થિયેટરમાં હોત! તમને થશે કે હું આવું દષ્ટાંત કેમ આપું છું? પણ એની પાછળ પણ એક કારણ છે. મારા જીવનમાં થીયેટર એક મહત્વનું સ્થળ છે. જ્યારે રાઘવ સાથે મારી મિત્રતા થઈ અને હું મારા મકસદ સુધી પહોચવા એને પ્રેમજાળમાં ફસાવવામાં સફળ રહી હતી. મારા અને રાઘવની લવ સ્ટોરીમાં પણ થીયેટરનું ખુબ જ મહત્વ રહ્યું હતું.

હા, મેં એક વ્યક્તિને પ્રેમજાળમાં ફસાવ્યો હતો. હું કોઈના હ્રદયની લાગણીઓ સાથે રમત રમી હતી કેમકે મારે એક એવા સ્થળેથી જાણકારી મેળવવાની હતી જ્યાંથી પોલીસ પોતાની પુરતી તપાસ પછી પણ કોઈ માહિતી મેળવી શકી ન હતી. હું કોઈને જીનલ કે તેની સાથે શું થયું હતું તે પૂછી શકું તેમ ન હતી કેમકે એનાથી કોઈને પણ મારા પર શક જાય તેમ હતો અને કોઈને પૂછવાનો ફાયદો પણ ન હતો. કોઈને પૂછવાથી મને કાઈ નહિ મળે તે હું જાણતી હતી. મને બિચારી કે બાપડી બનવાથી કોઈ ચીજ મળે તેમ ન હતી. પણ રાઘવ જેવા અમીર, કોલેજમાં વર્ચસ્વ ધરાવતા છોકરાને ફસાવીને હું જરૂર કઈક મેળવી શકું તેમ હતી. અને મારા મત મુજબ એવરીથીંગ ઈઝ ફેર ઇન લવ એન્ડ વોર.

રાઘવ માટે પણ કદાચ હું ફસ્ટ લવ ન હતી. તે અમીર ઘરનો બગડેલ છોકરો હતો. મને ખાતરી હતી કે તેણે એ પહેલા પણ કેટલીય છોકરીઓ સાથે આડા સંબંધો રાખેલ હતા જ. કદાચ તેથી જ તેની સાથે એ રમત રમવી મને અયોગ્ય ન લાગી. મને તેના ફર્સ્ટ અને સેકન્ડથી કોઈ લેવાદેવા ન હતી, મારા મુહીમથી લેવાદેવા હતી.

મારા માટે એ પ્રેમ શબ્દનું કોઈ જ મહત્વ ન હતું. હું જાણતી હતી કે પ્રેમ ગમે ત્યારે ગમે તેને ગમે તે વ્યક્તિ સાથે થઇ શકે છે. પણ નફરત સનાતન સત્ય છે. તે પ્રેમ જેમ નકામો શબ્દ નથી. તે કોઈ કારણ વિના નથી થતી. કોઈને ચાહવા માટે કારણની જરૂર નથી પડતી પણ કોઈને નફરત કરવા માટે ચોક્કસ કારણની જરૂર પડે છે. એટલે જ કદાચ નફરત પ્રેમ કરતા એક પગથીયું આગળનો શબ્દ છે! કમ-સે-કમ મારા માટે તો પ્રેમ કરતા નફરત શબ્દ વધુ મહત્વનો હતો!

મને તેના વર્તન પછી એવું લાગતું હતું કે તે મને પોતાનો લાસ્ટ લવ સમજવા લાગ્યો હતો. મે જોયું કે તેણે 'કેન લવ હેપન સેકંડ ટાઈમ' પુસ્તક પણ લાવીને વાંચ્યું હતું. મેં પણ તેની પાસેથી એ પુસ્તક લઇ માત્ર જીજ્ઞાસા ખાતર વાંચ્યું હતું. હું એનામાંથી એ શું શીખ્યો હશે તે જાણવા માંગતી હતી. મને એમાંથી કાઈ ખાસ નવું શીખવા મળ્યું ન હતું. એમાં લગભગ બધી એ જ માહિતી આપેલી હતી જે હું હાઈસ્કુલ સમયથી જાણતી હતી. કદાચ બધા કહે

એમ હું બધી ચીજો મારી ઉમર કરતા વહેલી શીખી લેતી. કદાચ બધા સાચા પણ હતા. હું મારા જીવનનો અંત પણ મારી ઉમર કરતા બહુ વહેલો આવે એવું પગલું ભરી બેઠી હતી અને એ પણ અજાણ્યે. મને ખબર પણ ન હતી કે મારો એક મુહિમ મને મોતની એટલી નજીક લઈ જશે કે જ્યાંથી પાછા જીંદગી પાસે જવું મુશ્કેલ જ નહિ અશક્ય બની જશે.!

દરેક બેંચ પર બે જણ બેઠેલ હતા. મારા બાજુમાં એક છોકરી બેઠી હતી જેણીએ ચલો ટી-શર્ટ પહેરેલ હતું. એ જ આરાધના હતી. જે પહેલે જ દિવસે મારી મિત્ર બની હતી. મારા આગળની બેંચ પર બે છોકરાઓ બેઠા હતા. અને મારી બાજુની બેન્ચ પર એક સુઘડ કપડાવાળો હેન્ડસમ છોકરો હતો, જે શુનીલ હતો. જે મારો એક સારો મિત્ર બન્યો હતો. હું એ રીતે હરોળમાં બેઠી હતી કે કલાસનો ક્લીયર વ્યુ મને મળે એમ હતો અને લેકચરરને ભાગ્યે જ મારો ક્લીયર વ્યુ મળી શકે તેમ હતો.

આર્ટસ કોલેજમાં આ છેલ્લી બેંચ માટે પડાપડી થતી હોય છે. ત્યાં છોકરાઓ જ કબજો જમાવી લેતા હોય છે પણ મારા પહેલા જ દિવસના એ પરાક્રમને લીધે મને એ સીટ પર જગ્યા મળી ગઈ અને આરાધનાને કેમ એ સીટ પર જગ્યા મળી હતી એ તમે આરાધના વિશે વધુ જાણશો એટલે સમજી જશો. મારા રૂમમાં સુંદર દેખાવવાળી છોકરીઓ તો ઘણી હતી પણ મને એમનામાં કોઈ જ રસ ન હતો. મેં આખા કલાસ પર નજર ફેરવી હેન્ડસમ કહી શકાય કે જેમની સાથે વાત કરવાની મજા આવે એવા ગણ્યા ગાંઠ્યા પાંચેક છોકરાઓ જ મને દેખાયા. પણ ચિંતા જેવી કોઈ બાબત ન હતી મારે માત્ર એકની જરૂર હતી અને મને વિશ્વાસ હતો કે એ એકને પણ મારે શોધવાની જરૂર નહોતી પડવાની કેમકે છોકરાઓ આપમેળે જ સુંદર છોકરીઓને શોધી લે છે. અને મારી ધારણા મુજબ જ મને પહેલે જ દિવસે રાઘવ મળી ગયો.

હું ખરેખર સુંદર હતી. કદાચ તમને નવાઈ લાગશે કે એમ થશે કે હું અભિમાની છું. પણ મેં મોડલીંગમાં કે સિનેમામાં ટ્રાય કર્યો હોત તો આજે મારું હિન્દુસ્તાનમાં નામ હોત!! જોકે દરેક રૂપાળી છોકરીની જેમ બોયફ્રેન્ડ બનાવવો, પ્રેમ મેળવવો કે પોતાના સપના પુરા કરવા એ બધા વિષય મારા જીવનમાં ન હતા. હા દરેક છોકરી માત્ર પ્રેમ કે સપનાઓ માટે નથી જીવતી અમુક જીવે છે બદલા માટે... ક્યારેક ક્યારેક મારું મન પણ એ બધી ચીઝો તરફ ખેંચાઈ જતું હતું પણ એ સમયે હું યાદ કરી લેતી કે જીનલ હજુ સ્વર્ગ સુધી નથી પહોંચી. એ સ્વર્ગ અને પૃથ્વી વચ્ચે ભટકી રહી છે! એના બદલાનું સપનું પૂરું ન થાય ત્યાં સુધી એ સ્વર્ગ સુધી પહોંચી શકે એમ નથી.

કલાસમાં મોટાભાગના છોકરા છોકરીઓ એકબીજાથી પરિચય કેળવી રહ્યા હતા પણ મેં તમને કહ્યું તેમ મને કોઈ એવી ઉતાવળ ન હતી. મેં મારા આગળની બેંચ પર બેઠેલ છોકરા સાથે વાત કરવાનું શરુ કર્યું. એ એવરેજ લુકિંગ ગાય હતો પણ એની પર્સનાલીટી સારી હતી. એ મારા જેટલો જ પાંચ ફૂટ છ ઇંચની ઊંચાઈ અને એકદમ ફ્રેન્ડલી હોય તેવો લાગી રહ્યો હતો. એનું નામ એણે આલોક કહ્યું હતું. મને એ નામ જરા જુનું લાગ્યું હતું પણ આપણે દોસ્તી કરવામાં ગમે તે નામ હોય શું ફર્ક પડે?

મેં એને મારો પરિચય સંધ્યા શર્મા તરીકે આપ્યો.

અમે બંનેએ વાત કરવાનું શરુ કર્યું. ત્યારબાદ ધીમે ધીમે બીજા છોકરા છોકરીઓ કલાસમાં આવવા લાગ્યા. મને એકાએક એવું લાગ્યું કે એક છોકરો મને ધારીને જોઈ રહ્યો છે. મને એક પળ માટે થયું એ મને કેમ આમ જોઈ રહ્યો હશે? શું એને મારો ચહેરો જીનલથી

મળતો લાગતો હશે? શું એને મારા ઉપર કોઈ શક પડ્યો હશે? પણ બીજી જ પળે મારા મનમાંથી એ ડર ચાલ્યો ગયો. કેમકે મોટાભાગના છોકરાઓ મને તાકી રહ્યા હતા. કોલેજના પહેલા દિવસે છોકરાઓ કોઈ છોકરીને તાકી રહે એમાં ચોકવા જેવું મને કશું જ ન લાગ્યું. આમ પણ ક્લાસમાં બધા નવા આવેલા જ હતા એફ.વાય.નું કોઈ વિધાર્થી જીનલને ઓળખતો જ ન હોય તો મારો ચહેરો જીનલથી મળતો આવે એવો કોઈને વહેમ પણ ક્યાંથી પડે? એ માત્ર મારો ભ્રમ હતો.

પહેલું લેકચર બધાની ઓળખ કરાવવામાં જ ગયું. કોલેજનો પહેલો દિવસ હતો એટલે પહેલું લેકચર એકબીજા સાથે ઓળખાણ કરવામાં જ જાય એ સ્વાભાવિક હતું. બીજું લેકચર એકદમ બોરિંગ હતું. મેં ખાસ તો પ્રોફેસરે શું કહ્યું એ સાંભળ્યું જ ન હતું. હું મારા જ વિચારોમાં ખોવાયેલી હતી. અમુક અમુક માનસિક અને શારીરિક સ્વાસ્થ્યને લગતી ચર્ચાઓ તેમણે કરી હતી. મને કહેવાનું મન થયું હતું કે આ લાંબા લાંબા ભાષણો આપવાને બદલે કોલેજમાંથી રેગીગ અને એવા કેટલાય ખોટી રીતે ચાલતા દુષણો દુર કરી નાખો તો દરેક સ્ટુડેન્ટનું માનસિક સ્વાસ્થ્ય સુધરી જશે.

હું છેકથી રેબલ હતી! ઘરમાં શું કે બહાર શું મને જે યોગ્ય લાગે એ બોલી જતી. હું ક્યારેય ડરતી નહિ પણ એ દિવસે હું ચુપ રહી. હું એક જ દિવસમાં બીજીવાર પ્રિન્સીપાલની ઓફિસમાં જવા માંગતી ન હતી. પહેલે જ દિવસે રસ્ટીગેટ થવું કોને ગમે? એમાય મને એ પરવડે એમ ન હતું.

મને એ લેકચરના શબ્દે શબ્દથી નફરત થઇ રહી હતી. મને વિચાર આવી રહ્યો હતો કે હું એ કોલેજમાં લેકચરનો સમય કઈ રીતે વિતાવીશ? થેંક ગોડ! હું એ કોલેજમાં ભણવા માટે ન હતી.

બધાએ પોતાના પહેલા દિવસનો આનંદ બખૂબી ઉઠાવ્યો હતો. મારા કોલેજના પહેલે દિવસે સારું કહી શકાય તેવું કઈ જ થયું ન હતું સિવાય કે મારી આરાધના અને રાઘવ સાથેની મિત્રતા. ત્યારબાદ અમારી મિત્રતામાં શુનીલ અને નિશા પણ ભળી ગયા હતા. જે કદાચ એ કોલેજમાં મારા ટાર્ગેટ તરફ ભરાયેલ એ પ્રથમ પગથીયું હતું.

અમારી પાંચની ટીમ બની ગયા પછી એ કોલેજ મારા માટે બોરિંગ ચીજ રહી ન હતી. જોકે છતાયે એ લેકચરો તો મારે માટે બોરિંગ જ હતા. મને ક્યારેય એ ન સમજાયું કે ફસ્ટ બેંચ પર બેઠેલ ત્રણ હોશિયાર છોકરાઓ કઈ રીતે એ લેકચર પર એટલું ધ્યાન આપી શકતા હશે? તેઓ લેકચર દરમિયાન પ્રોફેસરને એ રીતે જોઈ રહેતા જાણે તેમના આગળ કોઈ નવું રીલીઝ થયેલ ફિલ્મ ચાલી રહ્યું હોય!!! એ લોકો એ લેકચર એ રીતે ધ્યાનથી સાંભળતા જાણે કે કોઈ નવી મુવી જોઈ રહ્યા હોય! જ્યારે મને એ લેકચર એક વરસ સુધી એક જ થીયેટરમાં એકની એક મુવી જોવા જેવા લાગતા! મોટાભાગે તો લેકચર દરમિયાન હું કલાસમાં હોતી જ નહિ. અને જો હોઉં તો પણ મારા વિચારોમાં જ વ્યસ્ત હોતી.

મને ખબર પડી કે જો કોલેજમાં આરાધના, શુનીલ, રાઘવ અને નિશા જેવા મિત્રો ન મળે તો ભણવામાં રસ ન હોય એવા છોકરા છોકરીઓ કોલેજનું એક વરસ તો શું એક મહિનો પણ પૂરો ન કરી શકે. અમારી કોલેજમાં જુનીયર તો શું સીનીયર પણ માસ બન્કીંગથી ડરતા હતા એવા સમયે અમે પાંચ મિત્રોએ કોલેજમાં માસ બન્કિંગની પ્રથા ચાલુ કરી હતી. ભલે કોલેજ બીજા કોઈ કામ માટે અમને યાદ રાખે ન રાખે અમારા નામ તેજસ્વી તારલાઓના

લીસ્ટમાં આવવા જ જોઈએ કેમકે અમે કોલેજમાં એક નવો ચીલો પાડ્યો હતો. જે ચીલા પર ચાલી કેટલાય વિધાર્થીઓ અનંત સમય સુધી અનહદ આનંદ મેળવતા રહેશે.!

જોકે મેં એ નવો ચીલો કોઇ આનંદ મેળવવા માટે પાડ્યો ન હતો. બસ હું વાર વાર માસ બંક કરીને કોલેજ છોડી જતી જેથી જે કોઈ પણ કોલેજ ગર્લ્સને કિડનેપ કરતુ હતું એના ધ્યાનમાં આવે કે આ ઉછાછળી છોકરીને કિડનેપ કરવું બહુ આસાન છે અને એ મને કિડનેપ કરવાનો પ્રયાસ કરે.

નવાઈની વાત હતી પણ એ કોલેજમાં ગયા પછી મને ખ્યાલ આવ્યો કે હું એ બધું જોખમ એક કારણસર ખેડી રહી હતી પણ કોલેજના મોટા ભાગના છોકરા છોકરીઓ પોતાની જાતને રોજ કોઈ કારણ વિના જોખમમાં મુક્ત હોય છે - ક્યારેક બીચ પાર્ટીના નામે તો ક્યારેક બર્થડેના નામે. ક્યારેક જંગલમાં પીકનીકના નામે તો ક્યારેક કોઈ સાથે ડેટિંગ પર જવાને નામે. બસ દરેક વખતે બહાનું અલગ હોય છે બાકી કારણ એક જ હોય છે શરીરની હવસ સંતોષવી અને એમાં જ તેઓ કોઈ એવા હવસખોરના હાથમાં સપડાઈ જાય છે કે જીવનભર તેમની આબરૂ નીલામ થતી રહે છે.

મેં કોલેજ કાળમાં મીડસમર નાઈટ ડ્રીમ વાંચ્યું હતું. એ અમારા અભ્યાસક્રમમાં હતું એટલે એ વાંચ્યું એવું ન હતું પણ કોલેજમાં બધા કહેતા હતા કે એ બહુ સરસ લવ સ્ટોરી છે એટલે મેં એ પુસ્તક વાંચ્યું હતું. એ પુસ્તક વાંચીને મને કોઈ જ જાતની લાગણી ન થઇ. ભલે લોકો કહેતા હોય કે એ પુસ્તક તમને લવનું ઘેલું લગાડી શકે તેવું છે પણ મારા હ્રદયમાંથી તો નફરત ઓછી કરવાનું કામ પણ તે કરી શક્યું ન હતું! હું મારી જાતને હર્મિઆ સાથે સરખાવવા લાગી હતી એમ રાઘવનું કહેવું હતું પણ મને મારા મિસ એડવેન્ચર હમેશા મિસ ચીવીયસ પક જેવા લાગતા.

મને એમ લાગતું કે હું એ કોલેજમાં મીડસમર નાઈટ ડ્રીમ જીવી રહી છું...!! મિસિંગ ગર્લ્સનો મુદ્દો મને તદ્દન તીતાનિયા અને ઓબેરોન વચ્ચેના ઝઘડા જેવો જ લાગતો. બસ ચેન્જલીંગ બોયમાં કોઈ સેટ થાય એમ હતું ન હતું.

માસ બન્કીંગમાં મને ખરેખર એટલી બધી મજા ન આવેલી. એ એક અલગ જ અનુભવ હતો પણ એ વખતે અમે પાંચ જ એકબીજાથી પરિચિત હતા જયારે બન્કીન્ગમાં આખો કલાસ જોડાયો હતો એટલે એ એન્જોયમેન્ટ દરમ્યાન મોટા ભાગના અજાણ્યા ચહેરાઓને લીધે મને એટલી બધી મજા ન આવી. જોકે હું એમના માટે અજાણ્યો ચહેરો ન હતી. કેમકે એ બધા મારા નામથી પહેલે જ દિવસે પરિચિત થઇ ગયા હતા. કોલેજમાં તમે ભલે બધાને ન ઓળખતા હોવ પણ તમને બધા ઓળખતા થઇ ગયા હોય અને એમાય પર્સનલી બધા તમને તમારા નામથી ઓળખતા થઇ જાય એ એક અલગ જ અનુભવ હોય છે! એમાય મારા માટે તો એ એક અલગ જ મહત્વ ધરાવતું હતું.

ત્યારબાદ કોલજમાં જરાક વધુ ઘટનાઓ ઘટવા લાગી. માસ બન્કીંગ પછી હું રાઘવ અને આરાધના કોલેજના મોસ્ટ વોન્ટેડમાં આવી ગયા હતા. મોસ્ટ વોન્ટેડના લીસ્ટમાં આવવાના અનેક ફાયદા હોય છે. એક તો સીનીયરો તમારી સાથે રીસ્પેક્ટથી વાત કરે છે. પ્રોફેસરો તમારી પાસેથી અસાઇનમેન્ટ કે હોમવર્ક જેવી નકામી ચીજોની આશા રાખતા નથી. તમને ક્યારેય નાની નાની બાબતોમાં ધમકાવવામાં આવતા નથી કે તમારી પાસે માફી પત્રો લખાવવામાં આવતા નથી કેમકે પ્રિન્સીપાલ સમજી જાય છે કે એમની પાસે માફી પત્ર લખાવવાનો કોઈ

ફાયદો નથી!

કોલેજમાં બર્થડેનું એક અલગ જ મહત્વ હોય છે. એ વાત જો તમે ક્યારેય કોલેજમાં બર્થડે મનાવ્યો હોય તો જ તમને સમજાય. મને પણ એ શુનીલના જન્મદિવસે સમજાયું હતું. શુનીલના જન્મદીવસે ફરી અમે કોલેજ બંક કરી પણ આ વખતે માસ બન્કીંગ ન હતું. અમે માત્ર ચાર જ હતા. હું સુનીલ, નિશા અને રાઘવ. અમારી સાથે આરાધના પણ નહોતી.

અમે એ જ ગાર્ડન જવાનું વિચાર્યું. કદાચ તમને નવાઈ લાગશે કે કોઈ પોતાનો જન્મદિવસ મનાવવા ગાર્ડન કેમ જાય? પણ એમાં એક મજાનું લોજીક છે. એ ગાર્ડનમાં કોઈ જ ભીડ નથી હોતી. સારી હોટલ જેવી સુવિધાઓ પૂરી પાડતી એ જગ્યા તમને મફતમાં વાપરવા મળી જાય છે. એ જગ્યા એવી છે જ્યાં તમે ક્રિકેટ રમી શકો છો. તમારી ગર્લફ્રેન્ડ સાથે ફરવા જાઈ શકો છો અને કોઈ ફ્રેન્ડનો બર્થડે મનાવી જેટલો શોર કરવો હોય તેટલો શોર કરી શકો છો. એ સમયે તમારો કોણ પીછો કરે છે કે તમારી ઉપર કોણ નજર રાખે છે એ ખાતરી કરી શકાય છે. અને એ દિવસે પણ એવું જ થયું હતું. રાજુ અને બીજા એના સાથી જેમને મેં પહેલા જ દિવસે રેગીંગ વખતે પાઠ ભણાવ્યો હતો એ અમારો પીછો કરી રહ્યા હતા પણ મેં એ વાત કોઈને કહી નહી કારણ કે મારે જોવું હતું એ લોકો કઈ હદ સુધી જાય છે. મારે જાણવું હતું શું એ લોકો જ કિડનેપર છે?

નવી મુબઈના મોટાભાગના ગાર્ડનની જેમ એ પણ એક ક્લીન સ્થળ છે. અમે ગાર્ડન માટે નીકળ્યા. અમારી કોલેજથી માંડ પંદરેક મિનીટનો રસ્તો હતો. અમેં જ્યારે ગાર્ડન પહોચ્યા ગાર્ડન પર ભાગ્યે જ કોઈ સામાન્ય માણસો હતા. હા, કેટલાક જલસા કરવા આવેલા યુવાનીયા હતા. એમની સંખ્યા સામાન્ય માણસો કરતા વધુ હતી.

કેટલાક કપલ એકલતાની મજા માણી રહ્યા હતા તો કેટલાક યુવાનીયા પોતાની ગર્લની કમરમાં હાથ વીંટાળી એ કોઈ બોલ ડાન્સ સ્થળ હોય તેમ ટેસથી ફરી રહ્યા હતા. કપલ કરતા તેઓ વધુ ઉત્સાહિત હતા. હોય જ એમાં કોઈ નવાઈ ન હતી. હસબંડ ક્યારેય લવર જેટલો પેસનેટ હોઈ જ ન શકે અને વાઈફ કદી તમારી ગર્લ જેટલી ઇન્ટરેસ્ટેડ હોઈ જ ન શકે - એવું એમના વર્તન પરથી મારું માનવું છે.

અમે ગાર્ડન પહોચ્યા પછી એ કપલ અને લવર્સને ખલેલ ન પડે એમ જરાક દૂરનું શાંત સ્થળ શોધી અમારી પાર્ટી શરુ કરી હતી.

“શુનીલ તું એકદમ નર્વસ કેમ છે?” મને શુનીલ જરાક ચિંતામાં હોય એવું લાગ્યું હતું.

“હા યાર, આજે તારો બર્થડે છે. તારા ચહેરા પર કાયમ કરતા વધુ ખુશી હોવી જોઈએ.” રાઘવે પણ ટાપસી પૂરી.

“હું... હું એ વિચારું છું કે આરાધના... એ કેમ ન આવી?” શુનીલે કહ્યું, એની આંખોની ઉદાસી ચોખ્ખી વર્તાઈ રહી હતી.

“તને ખબર છે ને એના માટે ફેન્સીંગ કેટલું મહત્વનું છે? એ સ્પોર્ટ્સ માટે જ તો કોલેજ આવે છે. એનું સપનું ઇન્ટરનેશનલમાં રમવાનું છે.” રાઘવે એના ખભા પર હાથ મુકતા કહ્યું.

“હા, મને ખબર છે.” શુનીલે જવાબ તો આપ્યો પણ તે મંદ અવાજમાં બોલતો હતો.

“તો પછી કેમ ઉદાસ છે?” નિશાએ કહ્યું.

“મને એ અહી ન આવી એની ચિંતા નથી પણ એ કિરણ સર સાથે ખુબ જ હળીમળી રહી છે એની ચિંતા છે.”

“કેમ?” મેં નવાઈથી પૂછ્યું. હું કહાનીના એ હિસ્સાની એકદમ નજીક હતી જે માટે હું એ કોલેજમાં આવી હતી.

“કેમ કે કિરણ સર કહેવાના સપોર્ટ ટીચર છે બાકી એમનામાં એક પણ ગુણ ટીચરનો નથી. એમને કોલેજની જ સ્પોર્ટ્સમાં ભાગ લેતી છોકરીઓ સાથે આડા સંબંધ છે.” શુનીલની આંખોમાં ઉદાસી ચોખ્ખી વર્તાઈ રહી હતી.

“હા, પણ એ તો જે એવી છોકરીઓ હોય તેમના સાથે.. તને તારી આરાધના પર ભરોસો નથી?” રાઘવે કહ્યું.

અમે કોલેજમાં બધા જાણતા હતા કે શુનીલ અને આરાધના એકબીજાને ચાહે છે. રાઘવના સવાલથી મને રાઘવ પ્રત્યે માન થયું ખરેખર એના અને મારા વિચારો એક જેવા હતા. જો હું એ કોલેજમાં કોઈ ખાસ કારણથી ન હોત તો હું એને ચાહવા લાગી હોત.

“મને એના પર ભરોષો છે પણ તને ખ્યાલ છે ને કે આ કોલેજમાંથી કેટલીક છોકરીઓ ગુમ થઇ છે અને એ બધી સ્પોર્ટ્સમાં હતી. મેં એના વિષયે નેટ પર રિસર્ચ કરી હતી. લગભગ મુંબઈમાંથી દર વરસે સ્પોર્ટ્સમાં ભાગ લેતી અમેટર અને ચીર લીડર સૌથી વધુ ગુમ થાય છે. તે ક્યારેય એ વિશે વિચાર્યું છે?” શુનીલે પોતાનો રોષ ઠાલવતા કહ્યું.

“મતલબ?” મેં વધુ જાણવાનો પ્રયાસ કર્યો.

“મતલબ સાફ છે, કિરણ સર જેવા કોચ શરાબ અને બીજા નાશાઓની લતમાં લાગેલા હોય છે. તેઓ પોતાની જ વિધાર્થીનીઓ સાથે આડા સંબંધ બાંધતા પણ ખચકાતા નથી. મને એ બધી કિડનેપીંગમાં પણ એવા સપોર્ટ ટીચર્સનો હાથ હોય એવું લાગે છે. કેમકે ઘણી વખત તો છોકરીઓ બેડમિન્ટન કે હોકીની પ્રેક્ટીસ માટે ઘરથી નીકળે છે અને ક્યારેય ગ્રાઉન્ડ પર નથી પહોચતી અથવા તો ગ્રાઉન્ડ પરથી સાત વાગે પ્રેક્ટીસ કરીને નીકળેલી છોકરી બીજી સવારે સાત સાત વાગ્યે ગુમ હોય છે. તેઓ કયા સમયે કઈ જગ્યાએ હશે તે માત્ર સપોર્ટ કોચ જ જાણતા હોય છે.” શુનીલ દિવસોથી કે મહિનાઓથી આ બધું ધ્યાનમાં રાખતો હોય એમ એણે વિસ્તારમાં સમજાવ્યું.

“શું આપણી કોલેજમાંથી પણ?” મેં ટૂંકો પર્શ્ન કર્યો.

“હા, આપણી કોલેજમાંથી પણ ત્રણ છોકરીઓ ગુમ થઇ હતી અને એક મૃત્યુ પામી હતી. એને કોઈએ ચાલુ કારમાંથી બહાર ફેકી દીધી હતી અને એ બધી જ છોકરીઓ સ્પોર્ટ્સમાં હતી.” શુનીલે કહ્યું અને મારા હાથની નશો ફાટી જાય તેવી ગતિએ મારા હાથમાં લોહી ધસી આવ્યું પણ મેં કાબુ રાખ્યો કેમ કે કાબુ રાખવાની મને ટ્રેનીંગ મળી હતી.

“હા, શુનીલની વાતમાં લોજીક છે પણ એમાં આપણે કરી શું શકીએ?” નિશાએ કહ્યું.

“હમણાં એ વાતને જવાદો. એ બધું સંભાળવા માટે પોલીસ છે. આપણે અહી શુનીલનો જન્મદિવસ મનાવવા આવ્યા છીએ.” રાઘવે અમે જે દીવાલ પર બેઠા હતા એના

પરથી નીચે ઉતરતા કહ્યું. અમે બધા ગાર્ડનની બીજી તરફની ચારેક ફૂટ ઉંચી દીવાલ પર બેસીને વાતો કરી રહ્યા હતા.

હું પણ દીવાલ પરથી નીચે ઉતરી. મેં શુનીલ તરફ જોયું. એ હજુ ખિન્ન હતો.

“ઓકે, બર્થડે એ ગુસ્સામાં કે ઉદાસ રહેવાનો દિવસ નથી, બર્થડે ઉજવણીનો દિવસ છે, એ દિવસ છે જયારે તમારે પૂરી દુનિયાને ભૂલીને એ દિવસ તમારા માટે મનાવવાનો હોય છે. જયારે તમે આ દુનિયામાં આવ્યા એની ખુશી વ્યક્ત કરવાની હોય છે.” મેં કહ્યું અને તેનો હાથ પકડી મેં એને દીવાલ પરથી નીચે ઉતાર્યો. હું વધુ પૂછપરછ કરવા માંગતી હતી પણ હું જાણતી હતી કે પહેલી જ વાર વધુ પૂછપરછ કરવાથી તેમને શક થઇ શકે તેમ હતો. અને મને ખાતરી હતી કે ફરી પણ ક્યારેક એ મુદ્દો ચર્ચામાં નીકળવાનો જ હતો.

“ઓકે, હું એ ઉજવવા માટે જ તો તમારી સાથે છું.” શુનીલે જરાક હસીને કહ્યું.

ત્યારબાદ અમે બધાએ ભેગા મળી સુનીલને વિશ કરી અને અમારી કોલેજ સ્ટાઈલમાં તેનો જન્મ દિવસ ઉજવાયો. કોલેજ સ્ટાઈલમાં જનમ દિવસ ઉજવ્યો એ શબ્દ એ માટે વાપરું છું કેમકે જો એનું વર્ણન કરવા જાઉં તો નકામા ચાર પાના બગડે અને મને તો એક શબ્દ પણ વેડફવો પરવડે તેમ નથી.

અમે ગાર્ડનથી બહાર આવ્યા ત્યારે વાતાવરણમાં થોડી ગરમી હતી. ગાર્ડનની સામેની જ એક ટાપરી પર ગયા. ટાપરી મતલબ ચા નાસ્તાની લારી કે નાનકડું પાર્લર. પણ કોલેજમાં એને ફેશનમાં ટાપરી કહેવાનો ક્રેજ ચાલે છે. શુનીલે ચા અને સમોસાની પાર્ટી આપી. સૌથી વધુ સમોશા રાઘવે ખાધા હતા. શુનીલે ટાપરી પરથી બે ગોલ્ડ ફ્લેક લાવી અને એ બંને મિત્રોએ સળગાવી ટેસથી કશ લેવા માંડ્યા.

“કેમ મને તમે મિત્રમાં નથી ગણતા?” મેં કહ્યું.

“કેમ?” નવાઈ લાગી હોય એમ શુનીલ બોલ્યો.

“કેમકે પાર્ટી આપવી હતી તો પૂરી આપવી હતી, મારા માટે પણ એક વિલ્સ લેતો આવ જા.” મેં એને ધક્કો મારતા કહ્યું.

“બાપરે... વિલ્સ... તું એટલી આગળ વધેલ છે?” રાઘવે નવાઈ પામી કહ્યું.

“એમાં ચોકવા જેવું શું છે? ક્યારેય કોઈ હુક્કાબારમાં નથી ગયો કે શું?” મેં કહ્યું.

“ના, અમે ક્યારેય કોઈ હુક્કાબારમાં નથી ગયા.” સુનીલે એવા ટોનમાં કહ્યું કે હું કન્ફયુઝ થઇ ગઈ એ ખરેખર મને કહી રહ્યો છે કે મારી મજાક ઉડાવી રહ્યો છે.

“હા, તો તમને નહિ સમજાય હવે મારા માટે સિગારેટ લેવા કોઈ જાય છે કે હું પોતે જ જાઉં?” મેં ચુપ ચાપ ઉભી નિશા તરફ જોઈ કહ્યું.

“જાઉં છું મારી મા... થોડીક શાંતિ રાખીશ.” કહેતા રાઘવ ઉભો થઇ ટાપરીના કાઉન્ટર તરફ જવા લાગ્યો. ત્યાં એક ચાળીસેકની ઉમરના કાકા કાઉન્ટર સંભાળી રહ્યા હતા.

“તો તારા બર્થડે વખતે હુક્કાબારમાં પાર્ટી આપવી પડશે?” શુનીલે મને કહ્યું.

"હા, એમેય તું એના વિશે બહુ જાણે છે." નિશાએ મને ટોણો મારતી હોય એમ કહ્યું.

"કેમ નહિ? હુક્કાબાર શું કામ? આપણે કોઈ નાઈટ કલબમાં જઈશું, મુંબઈ શું ચીજ છે એ તમને ત્યારે સમજાશે." મેં કહ્યું.

રાઘવ સિગારેટ લઈ આવ્યો અને મને આપી. મેં રાઘવના હાથમાંથી લાઈટર લીધી અને સ્ટાઈલમાં સળગાવી સિગારેટ ચેતવી અને એક ઊંડો કસ લઈ લાઈટર રાહુલના હાથમાં ફેંકયુ. મને સિગારેટના કશ ખેચતી એ લોકો નવાઈથી જોઈ રહ્યા. હું જાણતી હતી મોડર્ન જમાનામાં પણ કોઈ છોકરી સિગારેટ પીતી હોય એ પણ તેના છોકરા દોસ્તો સાથે ત્યારે લોકો એને ખરાબ સમજે છે. લોકોને એના પ્રત્યે એક ઠંડી સુગ જન્મે છે પણ મારે એ જ તો જોઈતું હતું. હું ગમે તેમ કરી બધી રીતે લાઈમ લાઈટમાં આવવા માંગતી હતી. મારે ગમે તેમ કરી ગર્લ્સને કિડનેપ કરનાર એ લોકોના ધ્યાનમાં આવવું હતું અને એ માટેનો એક સરળ રસ્તો હતો ખરાબ દેખાવું. જે લોકો ખરાબ હોય છે તેઓ પોતાના જેવા જ સ્વભાવવાળા સાથીદારોની તાલાસમાં હોય છે! જન્મજાત હરામી શોધવા કાઈ સહેલું કામ નથી. એમાય છોકરીઓને કિડનેપ કરવામાં મદદ કરે તેવા હરામી શોધવા કેટલા મુશ્કેલ છે એ હું જાણતી હતી. મને ખ્યાલ હતો કે એમને જરૂર નવા માણસની જરૂર હશે જ અને એમાય જો એ નવો હરામી કોઈ છોકરી હોય તો બીજી છોકરીને કિડનેપ કરવાનું કેટલું સરળ બની જાય? બસ આજ વિચાર કીડનેપરના મનમાં આવે એ માટે હું બને તેટલી બોલ્ડ અને બેકાર દેખાવા માંગતી હતી. હું કોલેજમાં ગાળો પણ બોલતી. વોટ ધ ફક જેવી અંગ્રેજી ગાળો કરતાય બીસી અને એમસી જેવી ગુજરાતી ગાળો બોલીને હું મારી જાતને એક વાહિયાત ઓરત જેવી સાબિત કરતી. જોકે આવી ગાળો બોલનારા હવે તો મોડર્ન ગણાય છે. આવી ગાળો બોલતી છોકરીઓ પોતાની જાતને ફ્રી માઈન્ડ ગર્લ તરીકે ઓળખાવે છે પણ એ છોકરીઓ જાણતી નથી કે આવી બનીને તે ઘણીવાર પોતાની લાઈફ નર્કમાં ધકેલે છે. એ મેં લાઈટર એમ સ્ટાઈલથી સળગાવવા એક કલાક પ્રેકટીશ કરી હતી એ માત્ર હું જ જાણતી હતી!

મેં ક્યાંક વાંચ્યું હતું કે જયારે મેં ખરાબ બનવાનો નિર્ણય કર્યો ત્યારે શેતાને મારી સામે જોયું અને તે નરકની સાંકળોમાં બંધાયેલ હોવા છતાં હસ્યો કેમકે તેને એમ લાગ્યું કે તેની સાથે રહેવા તેને કંપની આપવા માટે એને એક માણસ મળી ગયો છે. પણ મારા કિસ્સામાં અલગ હતું. અહી જો શેતાનનું ધ્યાન મારા પર જાય તો શેતાને નહી પણ મારે ખુશ થવાનું હતું. બસ હવે જોવાનું એ હતું કે હું ખરાબ દેખાવામાં કેટલી સફળ રહું છું અને ક્યારે મારા પર શેતાનનું ધ્યાન જાય છે?

મને વિશ્વાસ હતો કે ક્યારેક ને ક્યારેક તો શેતાનનું ધ્યાન મારા પર જશે જ. જો જીનલ જેવી સીધી અને સરળ છોકરી તેના ધ્યાનમાં આવી હતી તો હું કેમ નહિ? મને ખાતરી હતી એકવાર મારા તરફ નજર કર્યા પછી તે નજર હટાવી નહિ શકે. તેણે મારી નજીક આવવાની ભૂલ કરવી જ પડશે અને એ એના જીવનની છેલ્લી ભૂલ હશે. ધ લાસ્ટ મિસ્ટેક ઓફ હીઝ લાઈફ.....!

***

હું બીચ પાર્ટીમાંથી ગુમ થઈ હતી. ત્યાં મારી સાથે બીજા પણ કેટલાક છોકરા છોકરીઓ હતા. અમે કોલેજ પીકનીક પર હતા. ઘણો સમય હું નહી મળી હોવ એટલે તેમણે કોલેજમાં જાણ કરી હશે અને કોલેજે મારા ઘરે ખબર કરી હશે. મને પોલીસ શોધી રહી હશે. મુંબઈમાં એ લોકો મને શોધી રહ્યા હશે પણ હું તેમને મળીશ નહી કેમકે એ મને ખોટી જગ્યાએ શોધી રહ્યા હશે! મુંબઈ બહારના સ્થળે તો કોઈ વિચારે જ શા માટે?

પોલીસ મુંબઈના દરેક સ્લમ એરિયા અને રેડ લાઈટ એરિયા ફેદી વળી હશે કે કદાચ કોલેજમાંથી બધાએ મારો રેફરન્સ આપ્યો હશે કે હું કોઈ છોકરા સાથે ભાગી ગઈ હોઈશ તો તેઓ માત્ર ભાગી ગયાનો જ કેસ બનાવી હાથ પર હાથ મૂકી બેઠા હશે? મેં જ મારી એ છાપ ઉભી કરી હતી જે મને હવે નડી રહી હતી. મેં બોલ્ડ અને બેકાર છોકરી બનવા શું શું નહોતું કર્યું? કદાચ એટલે જ કોઈ પોલીસને એમ કહેશે કે સંધ્યા તો કોઈ છોકરા સાથે ભાગી ગઈ હશે અને પોલીસ એ બાબતને હળવી લઇ લેશે!

કદાચ કોઈએ એ વાત ન કરી હોય એવું પણ બની શકે? કદાચ કોઈએ પોલીસમાં ખબર ન કરી હોય તો? પણ એવું કેમ બને? મારા સાથે જે પીકનીક પર હતા એ લોકો પોલીસને જાણ કેમ ન કરે? કદાચ એ બધા પણ મારી જેમ કિડનેપ થઇ ગયા હશે તો? કદાચ એ બધા પણ મારી જેમ જ આ વેર-હાઉસના કોઈ સ્ટીલ કેબીનમાં કેદ હશે તો?

તો....??? મારા ધબકારા વધવા લાગ્યા... જો કદાચ એવું થયું હશે તો? તો...? પોલીસ અમને કોઈને ચાર દિવસ સુધી નહિ શોધે કેમકે અમે ચાર દિવસની પીકનીક પર હતા... તો.. અમને કોલેજમાંથી પણ કોઈ નહી શોધે કે ઘરના પણ કોઈ અમને શોધવાનો પ્રયાસ નહિ કરે!!

એનો અર્થ એ હતો કે ચાર દિવસ પછી જ્યારે બધાને ખબર પડશે ત્યાં સુધીમાં અમને કોઈ એવા સ્થળે પહોચાડી દેવામાં આવ્યા હશે જયા પહોચવું પોલીસ માટે પણ અશક્ય હશે અને અમારા માટે પાછા આવવાના દરેક રસ્તા બંધ થઇ ગયા હશે. એનો અર્થ એ હતો કે જો મારે મારી જાતને બચાવવી હોય તો મારે પોતે જ કઈક કરવું પડે તેમ હતું. મારા સિવાય કદાચ મારી મદદ કરવા માટે કોઈ જ ન હતું! અને કદાચ કોઈ મને બચાવવાનો પ્રયાસ કરી રહ્યું હોત તો પણ મારે એ ભરોશે બેસી રહી શકાય તેમ તો ન જ હતું!!

હું વિચારોમાં હતી. મારી આંખ દુખતી હતી. મારું શરીર હવે ભૂખ અને તરશ સહન કરી શકે એમ ન હતું. કદાચ શરીર જેટલી અશક્તિ સહન કરી શકે એટલું દર્દ સહન કરી ચુક્યું હતું. હું માંડ માંડ બેઠી હતી. મેં મારા ચહેરા ઉપર હાથ ફેરવ્યો. મારા હાથમાં ધૂળ આવી. બીચ ઉપર જતા પહેલા લગાવેલ આછા કોમ્પેક્ટ લેયર ઉપર હવે ધૂળ લાગી ગઈ હતી. હું બીચ ઉપર બેભાન થઇ ત્યારે એ ધૂળ લાગી હશે. કદાચ એટલે જ આંખોમાં પણ સોજો હતો કે પછી આંખોમાં એ ધુમાડાથી ઇન્ફેકશન થયું હશે? મને કઈ ચોક્કસ સમજાતું ન હતું.

એકાએક એ કોરીડોરના એક ખૂણામાં રહેલો ઝાંખો બલ્બ ચાલુ થયો. કોઈ એ કોરીડોરમાં આવવાનું હશે એમ મને લાગ્યું.

આઈ હેડ ટુ હેંગ ઓન. મેં વિચાર્યું. મારે આવનાર દરેક વ્યક્તિનું ઝીણવટભર્યું

અવલોકન કરવું જોઈએ અને જેટલા મળી શકે તેટલા કલુ મેળવવા જોઈએ પણ એ બહુ અઘરું હતું. તમારા મનને શાંત રાખવું અને કોઈ ઉમ્મીદના નાના કિરણને જોવું એ બહુ અઘરું છે. એ પણ જ્યારે પૂરી જગ્યાને અજવાળવા માટે એક ઝીણો અને ઝાંખો બલ્બ હોય જેના અજવાળામાં આવનારનો ચહેરો પણ માંડ દેખાય તેમ હોય!

મેં મારી આંખો બંધ કરી. એક ઊંડો શ્વાસ લીધો અને પોતાની જાતને તૈયાર કરવા લાગી. તે યુવક કોણ હતો? તેણે મારા કેબીનનો દરવાજો કેમ ખુલ્લો છોડ્યો? શું તેણે ઈરાદાપૂર્વક એવું કર્યું હશે?

જો એણે જાણી જોઇને દરવાજો ખુલ્લો છોડ્યો હોય તો કેમ? એ લોકોએ મને અહી કેમ ગોંધી રાખી છે? શું તેઓ મને મારી નાખવા માંગે છે? પણ જો તેઓ મને મારી નાખવા માંગતા હોય તો એ માટે આટલો બધો સમય લેવાની કોઈ જરૂર જ ન હતી. તેઓ મને આ સુમસાન સ્થળે લાવ્યા પછી તરત જ મારી શકતા હતા.

એકાએક મને કોરીડોર બહાર પગલાનો અવાજ સંભળાયો. હું મારી જગ્યા પર ગોઠવાઈ અને મેં ચાદર ઓઢી લીધી. હું આવનારને ખબર પડવા દેવા માંગતી ન હતી કે હું હજુ સુધી માનસિક રીતે સ્વસ્થ હતી.

આંખો બંધ હતી અને ચાદર ઓઢેલી હોવા છતાં જ્યારે દરવાજો ખૂલ્યાનો અવાજ સંભળાયો મારા મને એ પહેલા આવ્યો હતો એ જ યુવકના ચહેરાની કલ્પના કરી. મારા મને એ જ હાથને દરવાજાના હેન્ડલ બાર પર અનુભવ્યા.

મને અહેસાસ થયો કે કોરીડોરમાં કોઈ આવ્યું છે છતાં હું મારી આંખો બંધ રાખી એમ જ પડી રહી. હું આવનાર વ્યક્તિના એક્સપ્રેશન જોવા માંગતી ન હતી પણ એના એક્સપ્રેસન બદલવા માંગતી હતી. હું ઇચ્છતી હતી કે તેને એવું લાગે હું સાવ તૂટી ગઈ છું.

આવનાર વ્યક્તિ એ કોરીડોરના દરવાજા પાસે જ અટકી ગયો હોય એમ મને લાગ્યું. મને એક પળ માટે થયું કદાચ એ મારાથી વધુ ચાલાક છે. એ પણ એ જ જાણવા આવ્યો હતો કે મારામાં હજુ કેટલી હિમ્મત બાકી છે. મારામાં હજુ કેટલો જીવ બાકી છે.

“એય છોકરી, તારા માટે ખાવાનું લાવ્યો છું.” મને અવાજ સંભળાયો. હું એના અવાજનો કોઈ જવાબ આપવા માંગતી ન હતી પણ મેં કેટલા સમયથી ખાધું ન હતું એ મને પણ યાદ ન હતું. મારે શક્તિની જરૂર હતી અને શક્તિ મેળવવા માટે ખોરાકની જરૂર હતી.

કદાચ હું ન જાગું અને એ ખાવાનું લઈને પાછો ચાલ્યો જાય તો? એ ડરથી મેં ચાદર હટાવી. મેં ચાદર હટાવી, બને તેટલા કમજોર હોવાનો દેખાવ કરતા મારી જગ્યા પરથી બેઠી થઇ. મેં એની તરફ જોયું મારો અંદાજ સાચો હતો. એ એ જ યુવક હતો જે પહેલા પણ આવ્યો હતો. પહેલાની જેમ તેના વાળ વ્યવસ્થિત ઓળેલા ન હતા. દાઢી અને મૂછો એવી જ હતી. કદાચ એણે પંદરેક દિવસ પહેલા સેવ કરી હોય એવું લાગતું હતું. એની આંખો લાલ હતી પણ એણે દારૂ પીધેલો નથી એ હું જાણતી હતી. એ વિચિત્ર હતો. મને યાદ છે ત્યાં સુધી એણે એ જ કાળું શર્ટ પહેરેલ હતું જેનો અર્થ હતો કે એ માણસ પણ અહી જ રાત્રે રોકાયો હશે જે ન્હાયો ધોયો ન હતો. કદાચ એને મળેલી કેબીનમાં પણ મારી કેબીન જેમ જ ટોઇલેટ સિવાય કઈ નહી હોય.

હું એને જોઈ રહી હતી. તેણે લાવેલી પ્લેટ ફ્લોર પર મૂકી. મેં પ્લેટ તરફ નજર કરી. એમાં શાક અને ચાર રોટલી હતી. શાક શેનું હતું એ મને બરાબર દેખાયું નહી. કદાચ હોટલમાં બનેલ એ ખાવાનું હશે. મેં વિચાર્યું એણે હોટલમાંથી ખાવાનું લાવ્યું હોય તો એનો અર્થ એ હતો કે હું શહેરની આસપાસ જ હતી. મારું મગજ ઝડપથી વિચારી શકતું હતું. કમ-સે-કમ હું હાઈવેની આસપાસ તો હતી જ કેમકે એ કોઈ હોટલમાંથી મારે માટે જમવાનું લાવ્યો હશે. એનો અર્થ એ હતો કે એ બોસ નથી, બોસ ઉપરના ભાગે હતો જે તેને ઓર્ડર આપતો હતો. તે માત્ર તેના બોસને ફોલો કરી રહ્યો હતો.

તેણે પ્લેટની બાજુમાં એક ખાલી ગ્લાસ અને પાણીની બોટલ મૂકી. તેણે મારી તરફ જોયું. તેની આંખોમાં મારા પ્રત્યે ગુસ્સાના ભાવ બિલકુલ ન હતા. જોકે દયા કે સહાનુભૂતિના ભાવ પણ ન હતા. તેની આંખોમાં કોઈક દુઃખ, કોઈક ઊંડું દુઃખ મને દેખાયું. તેણે મારા ઉપરથી નજર ફેરવી લીધી અને પોતાની પાછળ દરવાજો બંધ કરી બહાર નીકળી ગયો.

જેવો દરવાજો બંધ કરી એ બહાર ગયો હું મારા શરીરમાં હતી તેટલી બધી શક્તિનો ઉપયોગ કરી જાટકે ઉભી થઇ એ ડીશ તરફ ધસી. મને એક પળ માટે ગળીની બહાર ખોરાક માટે રખડતા કુતરાની હાલત યાદ આવી ગઈ. મેં એ ડીશ પર એ જ રીતે ઝાપટ મારી જે રીતે કુતરા કોઈએ ફેંકેલી રોટલીના ટુકડા પર ઝાપટ મારે છે. જોકે મારી એ ડીશ ઝુંટવી લેવા બીજું કોઈ ત્યાં ન હતું!

જેવી ડીશ મારા હાથમાં આવી જાણે કે મારી ભૂખ મરી ગઈ. મને થયું હું જે વ્યક્તિ મને કેદ કરી છે એણે આપેલું ખાવાનું કઈ રીતે ખાઈ શકું? કદાચ જીનલને પણ એ જ લોકોએ કિડનેપ કરી હશે તો? કદાચ જીનલને પણ એ જ લોકોએ એ હાલતમાં મોકલી હશે તો? શું મારે જીનલની એ હાલત કરનારા લોકોએ આપેલ ખાવાનું ખાવું જોઈએ?

મને થયું ના, એમનું આપેલ ન ખવાય! મને મારો જવાબ મળી ગયો હતો પણ ત્યાંજ જાણે મારાથી થોડેક દુર જીનલ ઉભેલ હોય તેમ મને દેખાયું. ખૂણામાં અંધારામાં બલ્બના આછા અજવાળે પરી જેવી જીનલ ઉભી હતી.

તે તેના ગમતા સફેદ ડ્રેસમાં સજ્જ હતી! કદાચ વાસ્તવિકતામાં લાગતી એનાથી પણ એ સુંદર લાગી રહી હતી. તેણીએ મારા તરફ જોઈ એક હળવું સ્મિત આપ્યું અને કહ્યું સંધ્યા તું ખાઇશ નહિ તો તારા શરીરમાં શક્તિ ક્યાંથી આવશે? જો તારા શરીરમાં શક્તિ નહીં હોય તો તું એમનાથી લડીશ કઈ રીતે? તું લડી નહિ શકે તો એમનાથી બચીશ કઈ રીતે? તું એમનાથી બચી નહિ શકે તો એમનાથી બદલો કઈ રીતે લઈશ? તને તો ખબર છે આ દુનિયા કમજોર વ્યક્તિને જીવવાનો હક્ક પણ નથી આપતી. જો તું કમજોર રહીશ તો તને બદલો લેવાનો હક્ક કોણ આપશે?

મેં ડીશ બાજુ પર મૂકી અને બોટલમાંથી થોડુક પાણી એ ખાલી ગ્લાસમાં ભર્યું. મેં એકી શ્વાશે એ ગ્લાસ ખાલી કરી નાખ્યો. પાણી પેટમાં જતા જ મારા શરીરમાં એક નવી શક્તિનો સંચાર થયો! આપણે જે પાણીને ગમે તેમ ઢોળી દેતા હોઈએ છીએ એ પાણી જો ત્રણ દિવસ સુધી ન મળે તો ખબર પડે કે એની સાચી કીમત શું છે?

મેં ફરી ગ્લાસમાં પાણી ભર્યું અને પીવા લાગી પણ પહેલા જેટલી ઉતાવળે નહી જરાક શાંતિથી. મને પાણીના બે ઘૂંટડા ભરતા જ ખ્યાલ આવ્યો કે કાશ મારી પાસે મારી સ્ટ્રેસથી દુર

રહેવાની ટેબલેટ હોત! હું બહારથી હમેશા આનંદી સ્વભાવની હતી પણ મમ્મીના અને દાદાના ગયા પછી, ખાસ તો જીનલના ગયા પછી અંદરથી એકદમ ભાંગી ગઈ હતી. પપ્પા મોટા ભાગે જે કંપની માટે કામ કરતા હતા એ કંપનીના કામે દિવસો સુધી બહાર રહેતા અને દાદીના ગયા પછી દાદાજી પણ બિલકુલ સુન થઇ ગયા હતા. તેઓ વાતચીતમાં પહેલા જેટલો રસ ન લેતા. હું દુનિયામાં બિલકુલ એકલી હતીં એમ કહો તો પણ ચાલે.

એ એકલતા મને કોરી ન ખાય એ માટે મારે સ્ટ્રેસથી દુર રહેવાની ગોળી લેવી પડતી. જોકે મેં એ વાતની ક્યારેય કોઈને ખબર પડવા દીધી ન હતી - ન ઘરમાં કોઈને ન કોલેજમાં કોઈ મિત્રોને. માત્ર રાઘવ એ જાણતો હતો કે હું સ્ટ્રેસની ગોળીઓ લઉં છું.

મને ખબર હતી કે અહી મને એ ટેબલેટ મળી શકે તેમ નથી. કાશ! મને એક પેઈન કીલર મળી ગઈ હોત! એવું વિચારવું પણ મને નકામું લાગ્યું.

મારા માથાના સણકા બંધ થઇ ગયા હતા છતાં એ ઠંડુ પાણી પણ તેના દુખાવાને એકદમ દુર કરી શક્યું ન હતું. મને હજુ માથુ જરાક ભારે લાગી રહ્યું હતું. મેં ડીશ તરફ નજર કરી, એક પળ માટે હું એ ખાવાનું વિચારતી હતી તો બીજી પળે એમ થતું હતું મને આ રીતે બાંધી રાખનાર લોકોનું આપેલ ખાવાનું મારે ન ખાવું જોઈએ. એક પળ માટે એમ થતું હતું કે ફરી પોતાની જગ્યા પર જઈ સુઈ જાઉં તો બીજી પળે એમ થતું હતું એ ડીશ મારા માટે જ તો છે.

મને થયું મારે ખાવું જોઈએ. મને ખબર હતી ગમે તે રીતે પણ જો મને એ દરવાજાની પેલે પર જવા મળ્યું તો મારે એક ચીજની જરૂર પડશે - શક્તિ ઉર્જા, એનર્જી...!!

એ એનર્જી મેળવવા માટે ખાવું જરૂરી હતું. મારી એ સમયની કંડીશન જોતા તો જો કોઈ દરવાજો ખુલ્લો મૂકીદે તો પણ હું એ સ્થળના ઉપરના ભાગ સુધી જઈ શકું તેમ ન હતી.

હું પલાઠી વાળી ફ્લોર પર બેસી ગઈ. મારા જમણા હાથ વડે એ ડીશને ખસેડી મારા તરફ લાવી. મેં રોટલીનો ટુકડો તોડ્યો. મને એ ખોટું લાગ્યું. જેમણે મને ચારે બાજુ મેટલની દીવાલો અને એની બહાર કન્ટેનરોના ઢગ વચ્ચે કેદ કરીને રાખી હતી એમણે આપેલું ખાવાનું મને યોગ્ય ન લાગ્યું. પણ એ સમય લાગણીઓમાં તણાઈ જવાનો ન હતો.

કદાચ એ ખોરાકમાં રેટ પોઈઝન હશે તો? કદાચ એમાં ઊંઘની ગોળીઓ હશે તો? કદાચ....? એમાં ઝેર હશે એ વિચાર આવતા જ કોળીયો પકડેલ મારો હાથ ધ્રુજવા લાગ્યો. હું એ હાથ મારા મોં તરફ ન લઈ જઈ શકી.

એકાએક મારા મનમાં એક કોળીયો પણ ન ભરવાનો વિચાર આવ્યો. એ સમયે કેવી લાગણી થાય છે કેવી મનોદશા થાય છે કેવો ડર લાગે છે એ માત્ર એ સ્થિતિમાંથી પસાર થયું હોય એ જ સમજી શકે છે.

મેં એ ડીશ ન ખાવાનો વિચાર કર્યો. મેં ડીશ ઉપાડી બહાર ફેકી દેવાનું વિચાર્યું, પણ એય શક્ય ન હતું! કોઈ આવી ફરી એ દરવાજો ન ખોલે ત્યાં સુધી હું એ ડીશને બહાર પણ ફેકી શકું તેમ ન હતી.

તેઓ મને મારવા નહી માંગતા હોય? મને એકાએક થયું. તેઓ મને શા માટે મારવા માંગે? તેઓ મને શા માટે ઝેર આપે? જો તેઓ મને મારવા જ માંગતા હોય તો મને હજુ એકાદ

દિવસ ખાવાનું ન આપ્યું હોત તો હું ભુખથી જ મરી જાત. જો તેઓ કાઈ પણ કર્યા વગર મને મારી શકતા હોય તો તેઓ શા માટે ઝેરના પૈસા બગાડે?

જયારે મારી લાશ પોલીસને મળે ત્યારે પોસમોર્ટમમાં ઝેર બતાવે અને તપાસ થાય એવું એ લોકો શા માટે ઈચ્છે? અને એક વાત એ પણ હતી કે જો તેઓ મને મારી નાખવા માંગતા હોય તો તેઓ મને અહી લાવ્યા ત્યારે જ મારી શકતા હતા.

સાચું, તેઓ મને ગમે ત્યારે ગમે તે રીતે મારી શકતા હતા. તેઓ જરૂર મને જીવતી રાખવા માંગતા હતા. પણ કેમ? એ મારે જાણવું હતું. અને એ જાણવા માટે એ ખાવું જરૂરી હતું કેમકે મારે જીવવું હતું. મારે જાણવું હતું કે મને અહી લાવનાર કોણ છે?

મેં એક કોળીયો ભર્યો અને પાંચેક મિનીટ રાહ જોઈ. કદાચ કાઈ થાય તો? કદાચ તેમાં કોઈ ઝેર હોય તો હું એની અસર અનુભવી શકુ. પાંચ મિનીટ ભયાનક બીકમાં વીતી. ધબકારા જરૂર વધ્યા પણ એ ઝેરની અસર ન હતી માત્ર આશંકાની અસરથી ગભરાહટથી જ એ ધબકારમાં વધારો થયો હતો. ઝેરની પહેલી અસર ઉલટી છે એ હું જાણતી હતી જે મને થઇ નહિ. કઈ જ ન થયું. મેં ધાર્યું હતું તેવું કઈ જ ન થયું. ખોરાકમાં કોઈ ઝેર ન હતું. મને પહેલા કોળીયાના સ્વાદ પરથી જ સમજાઈ ગયું હતું કે એમાં કોઈ અસામાન્ય વસ્તુ હતી નહી, એનો સ્વાદ સામાન્ય ભોજન જેવો જ હતો. મેં કોળીયો સુંઘી પણ જોયો હતો. તેમાં રેટ પોઈઝન તો ન જ હતું કેમકે રેટ પોઈઝનમાં સલ્ફર હોય છે અને તેની વાસ છુપાવી શકાતી નથી.

જો તેમણે કોઈ ભારે અને ઊંચા લેવલનું ઝેર વાપર્યું હોત તો મેં ભરેલ એક કોળીયાની અસર પાંચ મીનીટમાં થઇ ગઈ હોત. એનો અર્થ એ હતો કે ખોરાકમાં કોઈ જ ઝેર ન હતું.

મેં બાકી બચેલ ડીસ પૂરી કરવાનું વિચાર્યું. મેં ડીશ તરફ હાથ લંબાવ્યો એ જ સમયે એ દરવાજો ફરી ખુલ્યો. મેં કોઈના આવવાના પગલાનો અવાજ કેમ ન સંભળાયો સંધ્યા?

કદાચ હું ઝેરના વિચારોમાં ખોવાયેલ હતી... કદાચ આવનારે જાણી જોઈને પોતાના પગલાનો અવાજ નહી થવા દીધો હોય... જો તેણે તેના પગલાનો અવાજ જાણી જોઈને નહી થવા દીધો હોય તો કેમ? એનો જવાબ મેળવવા હું દરવાજામાં કોણ દાખલ થાય છે એની રાહ જોવા લાગી.

દરવાજો ખુલ્યો. એ જ યુવક અંદર દાખલ થયો. તેના ચહેરા પર એ જ ભાવ અકબંધ હતા. એ પહેલા આવ્યો હતો ત્યાંથી અત્યાર સુધી સમય એમનો એમ થંભી ગયો હોય એમ લાગતું હતું. એનો ચહેરો પહેલા જેવો જ હતો. એક કોરી કિતાબ જેવો!

“કેમ હજુ ખાધું નથી તે?” એણે મારા તરફ જોઈ કહ્યું. એના મોમાંથી શબ્દો નીકળ્યા પણ એના ચહેરાના ભાવ જરાય ન બદલાયા.

“એમાં ઝેર હશે એટલે.” મારા પાસે કહ્યા વિના કોઈ છૂટકો ન હતો.

એ સ્થિર ઉભો રહ્યો. મને જરાક નવાઈ લાગી. મારા એ વાક્ય પર એ ખડખડાટ હસવો જોઈતો હતો. દરેક વિલનની એ આદત છે. ગુનેગારો સામેવાળા વ્યક્તિની નાનકડી કમજોરી પર પણ હસતા હોય છે. પણ એ ચુપચાપ મને જોઈ રહ્યો. હું પણ એની તરફ જોઈ રહી.

"તને લાગે છે કે તને મારવા માટે મારે કોઈ ઝેરની જરૂર છે?" એણે બેડ પર બેસતા કહ્યું.

"હોઈ પણ શકે?" મેં કહ્યું. કોણ જાણે કેમ પણ મને એ વ્યક્તિથી એટલો ડર લાગતો ન હતો જેટલો એક કિડનેપ થયેલી છોકરીને કિડનેપરથી લાગે છે. કદાચ હું ટ્રેન્ડ હતી એટલે!

"ખાઈ લે.. તને હું મારવા નથી માંગતો. એમાં કોઈ ઝેર નથી." તેણે કહ્યું. બોલતી વખતે એની આંખો અનિમેશ પણે મને જોઈ રહી હતી પણ તેની આંખોમાં રાઘવની જેમ પ્રેમ કે કિરણ સરની જેમ લાલસા ન હતી. એ મને કોઈ અલગ જ નજરથી દેખી રહ્યો હતો. કદાચ શિકારી પોતાના શિકારને એ રીતે જ જોતા હશે. એક અલગ જ નજરથી.

"તો મને અહી કેમ ગોંધી રાખી છે?" મેં સવાલ કર્યો. હું જાણતી હતી કે મારો સવાલ નરી મૂર્ખાઈ હતો. એ મને ક્યારેય એ સવાલનો જવાબ આપવાનો નથી. પણ હું અહી કેદ હતી એટલે એ હવે મને જવાબ આપીદે તો પણ એને કોઈ ફરક પડે તેમ ન હતો એટલે એ જવાબ આપશે એવું મને લાગ્યું. હું ગુનેગારો વિશે ઘણું બધું જાણતી હતી. જ્યારે બાજી તેમના હાથમાં હોય ત્યારે મોટા ભાગના ગુનેગારો ફિલ્મી વિલનની જેમ બધું બકી નાખતા હોય છે. ક્રિમીનલ સાઈકોલોજીના રૂલ્સ મેં ઘણી નવલકથાઓમાં વાંચ્યા હતા અને અખિલેશ સર પાસેથી એવા ઘણા કિસ્સા મેં સાંભળ્યા હતા.

"એ જાણવાથી તને કોઈ ફાયદો નહી થાય. ઉલટાનું નુકશાન થશે. એ ન જાણવામાં જ તારી ભલાઈ છે." તેણે સપાટ ચહેરે એક એક શબ્દ છૂટો પાડીને કહ્યું કહ્યું, "અન્ડરસ્ટેન્ડ?"

"અને હું કઈ રીતે માની લઉં કે મારી ભલાઈમાં તમને રસ છે?" મેં કહ્યું.

"તારા આગળ પડી આ ડીશ.. આ ડીશ એનો પુરાવો છે કે હું તારી ભલાઈ ઈચ્છું છું." એનો જવાબ મને કઈક અંશે વાજબી લાગ્યો. કમ-સે-કમ એ મને અત્યારે તો મારવા માંગતો નથી અને એ એક ભલાઈ ન હતી તો બીજું શું હતું?

મેં ડીશ હાથમાં લીધી અને ખાવાનું શરુ કર્યું. એ મને જોઈ રહ્યો હતો. એની આંખના ભાવમાં કોઈ જ ફેરફાર નોધાયો નહિ.

"તમેં મને મારી નાખશો?" મેં એક બે કોળીયા બાદ એના તરફ જોઈ કહ્યું.

"તું મારા માટે તમે શબ્દ કેમ વાપરે છે? તું મને તું કહી શકે છે મને એ સાંભળવાની આદત છે."

"હું તારા માટે તમે શબ્દ નથી વાપરતી. હું એ શબ્દ બહુવચન તરીકે વાપરી રહી છું. હું જાણું છું કે ઉપર કોઈ છે જે તને આદેશ આપી રહ્યું છે અને તું એના માટે કામ કરી રહ્યો છે. કોણ છે એ?" મેં કહ્યું. હું એનાથી બને તેટલી વધુ વાત કરવા માંગતી હતી જેથી એ કઈક તો ભૂલ કરે જ અને મારે વધુ રાહ જોવી ન પડી.

"તને શું લાગે છે છોકરી આ ખાવાનું આપ્યું એટલે હું તને બધું કહી દઈશ? આ તારા કોલેજના કોઈ મિત્રોએ કરેલી પ્રેંક નથી જે તું કોઈ ચાલાકીથી પકડી પાડે..." મારા સવાલનો જવાબ એણે સવાલથી જ આપ્યો. પણ મને મારો જવાબ મળી ગયો. એ મને ઓળખતો હતો. એ મારી કોલેજ વિશે જાણતો હતો. તેના એક જ વાક્યમાંથી મારા મગજમાં એક વાક્ય

ઝડપાઈ ગયું કે તે જાણે છે કે હું કઈ કોલેજમાં ભણું છું.

આઈ વોઝ બ્લડી ટ્રેપડ ઇન ગેમ ઓફ માઉસ એન્ડ કેટ!

"ટેલ મી વું? પ્લીઝ..... ટેલ મી વું એન્ડ વ્હાય?" મેં એની તરફ જોઈ કહ્યું.

"યુ આર રિસ્પોન્સીબલ ફોર યોંર કન્ડીસન." તેણે કહ્યું. મને તેના ચહેરા પર ગુસ્સાના ભાવ દેખાયા. એનો અર્થ એ હતો કે મેં કઈક એવું કર્યું હતું જે એમને પસંદ ન હતું. કઈક એવું કર્યું હતું જેનાથી એમને કોઈ નુકશાન થયું હતું અથવા કઈક એવું કર્યું હતું જેનાથી એમને નુકશાન થવાનો ડર હતો. પણ શુ? એ મારે જાણવું જ રહ્યું.

"હાઉ?" મેં કહ્યું.

"બસ... એનાથી વધુ હું તને કાઈ નહી કહી શકું અને હવે જો તે નકામા સવાલો કર્યા તો તને ફરી એજ રૂમમાં પૂરી દઈશ જે કેબીનમાં તને રાખવાનો મને ઓર્ડર મળ્યો છે." એણે પેલી નાની કેબીન તરફ આંગળી કરી. તેના હાથ મજબુત હતા એ મને ત્યારે જ ધ્યાનમાં આવ્યું હતું.

"મતલબ તે મને જાણી જોઇને કોરીડોરમાં લાવી છે?" મને એની વાત સાંભળી નવાઈ લાગી કારણ મને પહેલા એમ લાગ્યું હતું કે તે કદાચ મને કેબીનમાં પુરવાનું ભૂલી ગયો હશે.

"હા, અને આ બલ્બ પણ હું ચાલુ રાખું છું. હું એ બંધ કરવાનું ભૂલી ગયો હતો એમ ન સમજીશ." એણે માથું હલાવ્યા વગર જ આંખો ફેરવી બલ્બ તરફ જોઈ ફરી એની આંખો મારા ઉપર સ્થિર કરી. હું એ બધું ધ્યાનથી જોઈ રહી હતી.

શું એ ખરેખર સાચું બોલી રહ્યો હશે? શું એને સાચે જ મારા તરફ સહાનુભુતિ હશે? કે પછી એ પણ મારી જેમ ટ્રેઈન્ડ હશે? એ જાણતો હતો કે એ મારા તરફ બનાવટી સહાનુભુતી બતાવશે તો હું ભાંગી પડેલી હાલતમાં એને તાબે થઇ જઈશ. અને એ મને એના તાબે કરવા માંગતો હોય એના બે જ અર્થ નીકળે. એક તો એ મારા તરફથી સેક્સ્યુઅલ ફેવરની આશા રાખતો હોય અથવા કઈક એવી માહિતી જે તેમને ડર હોય કે મને ડરાવી ધમકાવીને નહી મેળવી શકાય.

એ મારા તરફથી કોઈ સેક્સ્યુઅલ ફેવરની આશા રાખતો હશે એવું વિચારવાને કોઈ અવકાશ ન હતો કેમકે એને એ સ્થળે મારા પાસેથી એવા કોઈ ફેવરની જરૂર ન હતી. હું સંપૂર્ણ પણે તેના કબજામાં હતી અને તે જે ધારે તે મારી સાથે કરી શકે તેમ હતો. બીજું એ કે તેની આંખોમાં કોઈ જ એવો ભાવ દેખાતો ન હતો. હું હરામીઓની હવસભરી નજર બહુ સહેલાયથી ઓળખી જતી. હું શું કોઈ પણ છોકરી સામેવાળા વ્યક્તિની નજરમાં કયા ભાવ છે તે સહેલાઇથી ઓળખી જાય છે. ભાગ્યે જ કોઈ એવો વ્યક્તિ હોય છે જેના નિયતમાં રહેલ ખોટ તેના ચહેરા પર અવ્યક્ત હોય છે. તેના નીચ ઈરાદા અવ્યાપ્ત હોય છે.

હવે માત્ર બીજો વિકલ્પ જ રહેતો હતો કે એ મારા પાસેથી કોઈ માહિતી નીકાળવા માંગતા હોય જે તેમને ખાતરી હોય કે મને ડરાવી ધમકાવી નહી મેળવી શકાય. અને એ લોકો જો એમ માનતા હોય કે મને ડરાવી ધમકાવી કોઈ ચોક્કસ માહિતી નહી મેળવી શકાય તો તેનો અર્થ એ હતો કે તેઓ મારા વિશે બધું જાણતા હોય. શું તેઓ જાણતા હશે કે હું કોણ છું?

જો તેઓ જાણતા હતા કે હું કોણ છું તો એનો અર્થ એ હતો કે હું એ સ્થળેથી કોઈ પણ રીતે જીવતી બહાર નીકળી શકવાની નથી. પણ કદાચ એને મારા તરફ સહાનુભુતી ઉપજી હોય તો? મેં એ બાબતને અત્યાર પુરતી મહત્વની ગણવાનું નક્કી કર્યું.

“તો એક ઉપકાર વધુ કરી શકે મારા પર?” મેં એના તરફ જોઈ કહ્યું. મારા ચહેરા પર જેટલી માસુમિયત લાવી શકાય તેટલી માસુમિયત લાવવાનો મેં પ્રયાસ કર્યો.

“એ તું કઈ ચીઝ માંગે છે એના પર આધાર રાખે છે.” એણે શરતી વિધાન ઉચ્ચારીને જવાબમાં હા અને ના બંને મુક્યા.

“હું સ્ટ્રેસથી પીડાઉં છું અને એ માટે મારે રોજ એક ગોળી લેવી પડે છે. મેં અહી આવ્યા પછી એ ગોળી નથી લીધી એટલે મારા મગજની નશો ફાટી રહી છે. શું તું મને એ ગોળી લાવી આપી શકે?” મેં કહ્યું. મેં એક મોટું જોખમ ઉઠાવ્યું હતું. જો એ મને એ ટેબલેટ લાવી આપે તો પણ હું તેનો ઈરાદો ક્લીયર તો જાણી શકું તેમ ન હતી પણ જો તેઓ મારી પાસેથી કોઈ માહિતી કઢાવવા માંગતા હોય તો મેં એમને મારી જ જાતને બ્લેકમેઈલ કરવાનું એક સરસ સાધન આપ્યું હતું. જો તેઓ મારી પાસેથી કોઈ માહિતી કઢાવવા માંગતા હશે તો મેં તેમને એવું કરવા માટેનું સરળ હથિયાર સોપ્યું હતું. કેટલું અજીબ હતું!

હું મારા દુશ્મનને બ્રહ્માસ્ત્ર આપી રહી હતી! મારી જે કમજોરી મેં પરિવાર, ઘર અને મિત્રોથી છુપાવી હતી એ કમજોરી હું એક દુશ્મનને કહી રહી હતી. મારી પાસે કોઈ બીજો રસ્તો પણ ન હતો.

“હું કાલે લઈ આવીશ. મને એ ટેબલેટનું નામ કહીદે.” એ તરત તૈયાર થઇ ગયો.

મેં એને ટેબલેટનું નામ આપ્યું અને એના ઇન્ગ્રેડીયન્ટ જણાવ્યા જેથી કદાચ એ જ કંપનીની ટેબલેટ ન મળે તો પણ એ મારા માટે એ જ ઇન્ગ્રેડીયન્ટવાળી કોઈ બીજી કંપનીની ગોળી લાવી આપે.

મને જરાક રાહત થઇ. મેં ડીશ પતાવી પાણીનો આખો ગ્લાસ ગટગટાવી ગઈ. એણે મારા તરફ એક નજર કરી. આ વખતે મને એની આંખોમાં જરાક સહાનુભૂતિના ભાવ દેખાયા. હું એના ચહેરા પરના વધુ ભાવોને કળી શકું એ પહેલા એ ડીશ અને ગ્લાસ લઈ બહાર નીકળી ગયો. એના પાછળ દરવાજો મને એકલતાની દુનિયામાં ધકેલી બંધ થઇ ગયો.

મને ઘણા સમયે ખાવાનું મળ્યું હતું એટલે ગજબની રાહત મળી હતી. પાણીથી તો મારા જીવમાં જીવ આવ્યો હતો! રણમાં રખડતા હરણની જેમ મારી હાલત પાણી વગર કફોડી થઇ ગઈ હતી એટલે એ એક ગ્લાસ પાણી મારા માટે અમૃત જેવું હતું! હું ફરી વિચારવા લાગી મારી શું ભૂલ હોઈ શકે જેનાથી તેમણે મને કિડનેપ કરી હશે?

એ કિડનેપર કોણ હશે? મને કેમ કિડનેપ કરવામાં આવી હશે?

(એ) તેઓ મને મારી નાંખવા ઇચ્છતા હશે.

(બી) તેઓ જાણી ચુક્યા હશે કે હું કોણ છું.

(સી) કદાચ હું આરાધનાના કિસ્સામાં વધુ રસ લઈ રાઈ હતી એ માટે.

(ડી) આપેલ તમામ.

મારી પાસે માત્ર ચાર જ વિકલ્પો ન હતા ઘણા વિકલ્પો હતા પણ મને એ ચાર વિકલ્પો વધુ મહત્વના દેખાયા. મેં મારા પ્રશ્નનો જવાબ એ ચાર વિકલ્પોમાંથી મેળવવાનું નક્કી કર્યું. પહેલા તો મને ઓપ્સન ડી યોગ્ય લાગ્યો. આપેલ તમામ પણ અચાનક મારા મનમાં એક ઝબકારો થયો. મને મારી ભૂલ સમજાઈ ગઈ. મને ઓપ્સન સી વધુ યોગ્ય લાગ્યો. હું આરાધનાના કેસમાં વધુ પડતો રસ લઈ રહી હતી એટલે. કદાચ આરાધનાને પણ...? અને જો એમ હોય તો સૌથી ગંભીર વાત એ હતી કે હું કોઈ અન્ય ગેંગ દ્વારા નહી પણ જે મિસિંગ ગર્લ્સની તપાસ કરી રહી હતી એ ગર્લ્સને કિડનેપ કરનાર ટીમ દ્વારા જ કિડનેપ થઇ હતી. એ મિસિંગ ગર્લ્સમાંથી કોઈ છોકરી જીવતી પાછી નહોતી ફરી. જો મને એ જ ગેંગના માણસોએ ઉઠાવી હોય તો મારો અંત પણ અહી જ હતો.

મારા હ્રદયના ધબકારા ફરી વધવા લાગ્યા. મને ગભરાહટ થવા લાગી. મને ફરી એમ લાગવા માંડ્યું મારા ફેફસા છીછરા શ્વાસ લઇ રહ્યા છે. માય ડેમન લંગ્સ વેર ટેકીંગ ધ હોલો બ્રિધ!!!

એ બધું સ્ટ્રેસને લીધે થઇ રહ્યું હતું. હું જાણતી હતી મારે શું કરવું જોઈએ. મેં ઊંડા શ્વાસ લેવાનું શરુ કર્યું. શ્વાસ... એક.. બે... ત્રણ.. ઉછ્સ્વાસ... એ ક્રિયા પુનરાવર્તિત કરતી જ રહી.

***

હું આરાધનાનો કિસ્સો યાદ કરવા લાગી. એક એક કડીઓનો તાગ મેળવવા લાગી. મેં છેક શરુઆતથી જ બધું યાદ કરવા માંડ્યું. એ દિવસે શનિવાર હતો. હું આરાધનાને ઘરે ગઈ હતી. હું દરવાજો ખોલવા જતી હતી, પણ હું આરાધનાને સરપ્રાઈઝ કરવા માંગતી એટલે મેં દરવાજો જરાક ખોલ્યો જેથી મારો ચહેરો અંદરની તરફ જોઈ શકે. મેં દરવાજાની તિરાડમાંથી અંદર ડોકીયું કર્યું પણ ફોયરમાં કોઈ દેખાયું નહી. કદાચ તેઓ કોઈ રૂમમાં હશે અથવા તો ઉપર હશે મેં વિચાર્યું. મને અંદાજ લગાવવાની છેકથી આદત હતી.

"હેલો? આરાધના..." મેં અંદર દાખલ થઇ હળવા અવાજે આમ તેમ જોતા કહ્યું.

મને મારા જ અવાજનો પડઘો સંભળાયો. એ મારી કલ્પના હતી કે ખરેખર મારા અવાજનો પડઘો સંભળાયો હતો એ હું ન સમજી શકી. એ ઘર પડઘો સંભળાય તેટલું વિશાળ તો ન જ હતું. હું થ્રેસહોલ્ડ પર પગ મૂકી અંદર પ્રવેશી.

"આરાધના? સ્નેહા?"

સ્નેહા આરાધનાની ફ્રેન્ડ હતી. એની સાથે ત્રીજી પણ એક છોકરી હતી પણ મને એ પાતળી છોકરીનું નામ યાદ નહોતું. મારો એમની સાથે ખાસ પરિચય ન હતો પણ એક બે વાર એમને મળી હતી. છેલ્લીવાર હું તેમને ઇસ્કોન મોલમાં મળી હતી. તેઓ આરાધના સાથે ખરીદી કરવા આવી હતી. એ બંને છોકરીઓ આરાધના સાથે જ રહેતી હતી. આરાધના અને તે બેય છોકરીઓ એક જ ગામની હતી એટલે ત્યાં રૂમ રાખીને રહેતી હતી. મેં સ્નેહાનું નામ લઇને પણ બુમ મારી જોઈ પણ એ ઘર શાંત રહ્યું કોઈ જવાબ ન આવ્યો.

"ક્લિક....."

અચાનક થયેલ અવાજથી હું એકદમ ઉછળી. હું ડરી ગઈ પણ બીજી જ પળે મને ખ્યાલ આવ્યો હતો કે એ માત્ર ઘડિયાળના લોલકનો અવાજ હતો. બાકી ઘર એમ જ શાંત હતું.

"ધીસ ઈઝ સંધ્યા." મેં કહ્યું. મારા અવાજમાં ચિંતા આપોઆપ તણાઈ આવી. મને કઈક અજુગતું થયું હોય તેમ લાગી રહ્યું હતું.

ઘર એકદમ સરસ રીતે બનાવેલ હતું છતાં મને એ દિવસે એ ઘરમાં જતા ડર લાગી રહ્યો હતો. ઓપન લીવીંગ રૂમ, સ્પેસીયસ કિચન, ત્રણ બાથરૂમ, એક નીચેના માળે અને બે ઉપરના માળે. બેડરૂમ પણ એવી જ ગોઠવણના હતા - બે ઉપર અને બે નીચે.

કદાચ તેઓ બેક યાર્ડમાં હશે? એમ વિચારી મેં પગ ઉપડ્યા પણ ત્યાં જ યાદ આવ્યું. ના, ત્યાં હોત તો હું આવી ત્યારે જ મને એ દેખાઈ જાય કેમકે હું ઘરના પાછળના રસ્તે આવી હતી. એ છોકરીઓ ત્યાં હોત તો મેં એમને જરૂર દેખી હોત.

મેં કિચન તરફ નજર કરી. કિચનનો સાઈડ ડોર અધખુલ્લો હતો. એ દરવાજાથી અટેચડ ગરાજમાં જવાતું. હુ અરાધનાને જેટલી સારી રીતે જાણતી હતી એટલી જ સારી રીતે તેના ઘરને પણ જાણતી હતી. તે એક પારસીનું મકાન હતું. એમણે ત્રણેયે તે ભાડા પર લીધું

હતું. ભાડું પણ મકાન જેમ જ હાઈ હતું - ચાર હજાર રૂપિયા. પણ એ ત્રણ એ વહેચી લેતા એટલે એમને મોઘું ન પડતું.

મેં ગરાજમાં જઇને જોયું તો આરાધનાની એકટીવા ગરાજમાં પડી હતી. સ્નેહાની પેપ જયારે હું ઘરમાં દાખલ થઇ ત્યારે પોર્ચ આગળ જ મેં જોઈ હતી. ત્રીજી છોકરી પાસે કોઈ વિહિકલ હતું જ નહી. એનો અર્થ એ હતો કે તેઓ ક્યાય બહાર ગયા હોય એ શક્ય ન હતું. તેઓ ઘરમાં જ હોવા જોઈએ.

કદાચ કોઈ બીજા વાહનમાં ગયા હોય તો? પણ તેઓ કોઈ બીજા વાહનમાં બહાર કેમ જાય? એ પણ શનિવારના દિવસે? એમાય આરાધનાને ખબર હતી કે હું ત્યાં આવવાની હતી. આરાધના એવી ન હતી. કોઈને ઘરે આવવાનું કહી પોતે જ ક્યાંક બહાર ચાલી જાય તેવી ન હતી.

મને ચિંતા થવા લાગી. હું ગભરાવા લાગી કેમકે આ આરાધનાનું બિહેવિઅર ન હતું. કદાચ રવિવારે તેઓ ક્યાંક બહાર ગયા હોય તો એ સામાન્ય હતું પણ શનિવાર?

મેં ઘરમાં ધ્યાનથી જોયું. દરેક વસ્તુ પોતાની જગ્યા પર હતી. જ્યાં સુધી મને યાદ હતું બધી જ વસ્તુઓ એ રીતે ગોઠવાયેલી હતી જે રીતે હોવી જોઈએ. કોઈ ચીજ અસ્તવ્યસ્ત ન હતી કે કઈ જ ગુમ ન હતું સિવાય કે મારી ફ્રેન્ડઝ.!

સુટકેશ બેડરૂમમાં વ્યવસ્થિત ગોઠવાયેલ હતી. આરાધનાની લગેજ બેગ પણ એમ જ હતી. હું આરાધનાના બેડ રૂમમાં ગઈ. તેના મેટ્રેસના ખૂણા પર બેઠી. કોઈની ગેરહાજરીમાં તેના બેડરુમમાં જવું સભ્યતા નથી. હું જાણતી હતી કોઈના બેડરૂમથી પ્રાયવેટ જગ્યા કઈ હોઈ શકે? પણ તપાસ કર્યા સિવાય મારી પાસે કોઈ રસ્તો ન હતો. મને ખબર હતી કે કોઈ વ્યક્તિ હાજર ન હોય ત્યારે તેના બેડરૂમમાં પ્રવેશી તેના ડ્રોઅર ફંફોસવા સારી બાબત નથી.

અચાનક મારું ધ્યાન મેટ્રેસ પાસે ફ્લોર ઉપર પડેલ ફોન પર ગયું. એ આરાધનાનો ગેલેક્ષી હતો. મારું હ્રદય જોરથી ધબકવા લાગ્યુ. કોલેજમાં ભણતી છોકરી પોતાનો ફોન ઘરે છોડી ક્યાય કેમ જાય?

હું ઉભી થઇ. મેં એ ફોન તપાસવાનું વિચાર્યું પણ ત્યાજ મારા મનમાં થયું કદાચ કઈક થયું હશે તો? કદાચ એમના પર કોઈ અન્ય વ્યક્તિના ફીન્ગરપ્રિન્ટ હશે તો? મેં ફોન ત્યાજ રહેવા દીધો. હું એ બેડરૂમમાંથી બહાર આવી.

હું સ્નેહાના રૂમમાં ગઈ. એના રૂમમાં એના બેડના ફૂટ પાસે એનું સ્વેટર પડ્યું હતું. મેં સાચવીને પગથી એને ખસેડ્યું. એની નીચે કાઈ ન હતું. મેં સ્નેહાના સ્ટડી ટેબલ તરફ નજર કરી ત્યાં અધખુલ્લી ફિલોસોફીની ડાઈજેસ્ટ પાસે તેનો ફોન આરામ કરી રહ્યો હતો.. સ્નેહાનો ફોન પણ ઘરમાં? એ કઈ રીતે શક્ય છે?

હું ફરી મેન હોલમાં આવી. અત્યાર સુધી મારું ધ્યાન મારી ફ્રેન્ડઝના ચહેરા જોવા પર હતું એટલે કદાચ હું પહેલીવાર ફોયરમાં આવી ત્યારે મારા ધ્યાનમાં નહી આવ્યું હોય પણ બીજી વાર જ્યારે ફોયરમાં આવી ત્યારે મારા ધ્યાનમાં આવ્યું કે એ ત્રીજી છોકરીનો સલીમ ગ્રે ફોન ખૂણાના ટેબલ પરના સ્ટેન્ડમાં હતો - તે ચાર્જ થઇ રહ્યો હતો. એ કયા મોડલનો ફોન હતો એ મને ખબર નથી પણ હું જાણતી હતી કે હું કઈક અજીબ જોઈ રહી છું.

મેં જે જોયું એનો શું અર્થ? એનો અર્થ એક જ હતો - ગર્લ્સ આર મિસિંગ....!

અજાણ્યા લોકો ગાયબ થઇ જતા હોય છે પણ કોલેજમાં ભણતા મિત્રો આમ એકાએક કોઈ ટ્રેસ વગર ગાયબ થઇ જાય એ કઈ રીતે માન્યામાં આવે? કદાચ તેઓ ક્યાંક બહાર ગયા હશે? મેં વિચાર્યું. કદાચ ક્યાંક ટ્રાફિકમાં ફસાઈ ગયા હશે? પણ ફોન કેમ ઘરે છોડીને જાય? કદાચ બીચ પર ફરવા ગયા હશે અને એન્જોયમેન્ટમાં કોઈ ડીસ્ટર્બ ન કરે એ માટે ફોન ઘરે છોડીને ગયા હશે?

ના, ના એવું ન હોઈ શકે...! તેઓ બીચ પર જવું હોય તો રવિવાર પસંદ કરત... શનિવારે શા માટે?

મને એક અજબ એહસાસ થવા માંડ્યો. હું છોકરીઓ કેમ ગાયબ થાય છે એ જાણવા માટે કોલેજમાં આવી હતીં અને મારી આંખ સામેથી છોકરીઓ ગાયબ થઇ ગઈ! એ પણ મારી ફ્રેન્ડઝ અને મારી પાસે કોઈ કલુ ન હતો.

આઈ વોઝ ધેર ટુ નો એબાઉટ ઓલ ધ મિસિંગ ગર્લ્સ.

*

“મારે ચિંતા કેમ ન કરવી જોઈએ?” હું, રાઘવ અને શુનીલ પોલીસ સ્ટેશનમાં બેઠા હતા. આરાધનાનો કિસ્સો મારા રાઘવ સાથેના બ્રેકઅપ પછીનો છે પણ શુનીલ આરાધનાના ગુમ થયા પછી એકદમ ભાંગી પડ્યો હતો એટલે એને રાઘવના સાથની જરૂર હતી. મને પણ એમ જ લાગતું હતું કે રાઘવ એની સાથે હોય તો સારું એટલે અમે રાઘવને પણ સાથે લઇ લીધો હતો.

“કેમકે એ લોકો ગુમ થયા હોય એવું તમારી વાત પરથી ક્યાય નથી લાગતું.” ઇન્સ્પેકટર દવે મક્કમતાથી બોલ્યો.

હું જાણતી જ હતી કે પોલીસ આ બાબતમાં રસ નહિ દાખવે. મને જાણ હતી કે એ લોકોને કેવા કેસમાં રસ હોય છે.

“તો તેઓ ક્યા જઈ શકે?” મેં સામો સવાલ ધર્યો. કદાચ હું કોલેજની સામાન્ય છોકરી હોત તો એટલી બેધડક રીતે સવાલ ન કરી શકી હોત પણ હું પ્રોફેશનલ હતી.

“કદાચ તેઓ ક્યાંક ફરવા ગયા હોય.. કદાચ કોઈ આકસ્મિક કામથી બહાર ગામ ગયા હોય. ગમે તે કારણ હોઈ શકે.” ઈન્સ્પેકટરે એ મુદ્દાને એકદમ હળવેથી લેતા કહ્યું હતું.

“મેં પણ પહેલા મારી જાતને એ જ કહ્યું હતું ઇન્સ્પેકટર સાહેબ. પણ એમના બધાના ફોન ઘરે જ પડ્યા છે. એવું કઈ રીતે બની શકે કે એ કોઈ આકસ્મિક કામે જાય અને પોતાના ફોન ઘરે છોડીને જાય?” હું દલીલ માટે કેટલાય સવાલ પૂછવા તૈયાર હતી કારણ મંજિલ હવે નજીક હતી.

“ફોનની વાતથી જરાક અજીબ લાગે છે પણ તમે કહ્યું કે ઘરમાં અપહરણ થયું હોય એવા કોઈ નિશાન નથી.”

"કોઈ નિશાન નથી એમ મેં કહ્યું પણ એનો અર્થ એ નથી કે અપહરણ નહિ જ થયું હોય." મારાથી અનાયાસે જ બોલી જવાયું. મને લાગ્યું હું જરાક રુડ બની રહી હતી.

"હું સમજી શકું છું તમે શું વિચારી રહ્યા હશો. દરેક સારો મિત્ર એજ વિચારે છે પણ કદાચ સાંજે એ જ્યારે પાછા આવશે અને તમને ખબર પડશે કે એ કોઈ બીચ પર ફરવા ગયા હતા અને એમને કોઈ ડીસ્ટર્બ ન કરે એ માટે ફોન ઘરે છોડીને ગયા હતા ત્યારે તમે એમને સમજાવી નહી શકો કે તમે કેમ ઉતાવળ કરી પોલીસ ફરિયાદ નોધાવી." ઈન્સ્પેકટરે મને ચેતવણી આપી સમજાવી કે હું ઉતાવળ કરી રહી છું.

"અને એવું નહિ થાય તો?" રાઘવે પોતાની શંકા વ્યક્ત કરી.

"મોટા ભાગના કિસ્સાઓમાં એવુ જ થતું હોય છે. લોકો પાછા આવી જતા હોય છે. તમે વિચાર્યું હોય એમાનું કશુ જ હોતું નથી. જ્યારે એમને ખબર પડે છે કે તમારે લીધે એમના મિસિંગના સમાચાર લોકલ ટીવી પર દેખાડવામાં આવ્યા હતા તમે એમને દોસ્ત નહી પણ દુશ્મન જેવા લાગવા માંડો છો." ઇન્સ્પેકટર દવેની સમજુતી રાઘવને વાજબી લાગી હોય એમ એ ચુપ રહ્યો.

"તો હવે અમારે શું કરવું જોઈએ?" શુનીલે અમને ચુપ જોઈ ઈન્સ્પેક્ટરને પૂછ્યું.

"તમારે રાહ જોવી જોઈએ. કમ-સે-કમ ચોવીસ કલાક. કાનુન પણ એમ જ કહે છે કોઈ વ્યક્તિની ભાળ ચોવીસ કલાક સુધી ન મળે પછી જ એને મિસિંગ જાહેર કરવું જોઈએ." ઇન્સ્પેકટર આ બાબતે અનુભવી હશે એટલે એનો ચહેરો અમારી જેમ ગભરાયેલો ન હતો. હું જાણતી હતી કે માત્ર ફિલ્મો અને વાર્તાઓમાં જ અપહરણના ચોવીસ કલાક બાદ ફરિયાદ નોધાવાય છે હકીકતમાં નહી. પણ એ દલીલ હું કરી શકી નહી કારણ રાઘવ અને શુનીલને મારા ઉપર શંકા થાય કે આ અલ્લડ રખડું છોકરીને કાયદા ક્યાંથી ખબર હોય?

"પણ એ ચોવીસ કલાકમાં એમની સાથે ગમે તે થઇ શકે છે." મેં ચિંતા વ્યક્ત કરતા કહ્યું.

"અને કઈ ન થાય એવું પણ બને. લગભગ એવુ જ બનશે. એ લોકો સાંજ સુધીમાં પાછા આવી જશે અને તમને ખુશી થશે કે તમે પોલીસ ફરિયાદ ન નોધાવી એમના પર ઉપકાર કર્યો છે." ઇન્સ્પેકટર દવેએ અમને સમજાવતા કહ્યું. હું ચાહોત તો મારી સાચી ઓળખ આપી એને કેસ લખવા મજબુર કરી શકોત પણ મેં એવું ન કર્યું એના બે કારણ હતા. એક તો મને પણ એની વાત વાજબી લાગી હતી કદાચ એ સાંજ સુધીમાં પાછા આવી જાય તો અને બીજું એ કે એ લોકોના ગુમ થવામાં જો પોલીસ ભેગી જ હોય તે પોતાના આંખ આડા કાન કરી રહી હોય તો મારી સાચી ઓળખ મૂળ ગુનેગારો સુધી પહોચતા વાર ન લાગે. અલબત્ત રાઘવ અને શુનીલ એક બીજી ઉપાધી હતી.

અમે પોલીસ સ્ટેશનમાં અમારો નંબર છોડી બહાર નીકળ્યા. ઇન્સ્પેકટર દવેએ પોતાની રીતે કેસ ફાઈલ કર્યા વિના જ હોસ્પિટલોમાં પૂછપરછ કરી. હાઈવે પેટ્રોલિંગ કરતા પોલીસોને એ વિશે જાણ કરીને અમારી મદદ કરવાનું વચન આપ્યું હતું પણ મને એના પીન્કી પ્રોમિસ પર ભરોસો ન હતો. મને પોલીસ પર કયારેય ભારોસો હતો જ નહી.. જો પોલીસ પોતાનું કામ

સંભાળી લેતી હોત તો મારા જેવાની જરૂર જ ક્યા હતી.

અમે કોલેજના મિત્રોને ફોન કરી જોયા. બધે એ ત્રણેયને શોધ્યા પણ હતા છતાં ચોવીસ કલાક સુધી એમનો કોઈ પતો ન લાગતા ફરી એકવાર અમે ઇન્સ્પેકટર દવે સામે હતા અને એ વખતે એ કેસ લેવાથી ઇનકાર કરી શકે તેમ ન હતો. એણે પહેલા અમારી વાત ન માની અને કેસ ફાઈલ ન કર્યો એ બદલ ખેદ પણ વ્યક્ત કર્યો. મને ગુસ્સો આવ્યો. એના ખેદથી કોઈ ફાયદો થવાનો હતો જ નહી પણ એની એ ભૂલને લીધે કિડનેપરોને ફાયદો જરૂર થયો હતો. કદાચ ચોવીસ કલાક એમના માટે આરાધના, સ્નેહા અને એની ત્રીજી ફ્રેન્ડને મુંબઈ બહાર લઈ જવા માટે પૂરતા હતા.

કેસ નોધાવ્યા પછી હું પોલીસ તપાસ દરમિયાન સાથે જ રહી હતી. દવે અને એના માણસોને મેં આરાધનાના ઘરમાં ઠેર ઠેર બ્રશ કરતા જોયા. નાના મોટા એવીડન્સને પોલીથીન બેગમાં પેક કરતા જોયા અને એમને લેબમાં મોકલવામાં આવ્યા. ફરી એ જ ચોવીસ કલાકની રાહ જોવાની અને ત્યારબાદ લેબ રીપોર્ટ.

મારી આંખો પણ એ ઘરમાંથી કઈ જ શોધી શકતી ન હતી. હું એક પ્રાઇવેટ ડીટેક્ટીવ કરતા પણ હાઈલી ટ્રેન્ડ હતી છતાં મને નાનકડો અણસાર પણ આવ્યો નહિ કે આરાધના અને તેની ફ્રેન્ડઝને કઈ રીતે કિડનેપ કર્યા હશે! એ પણ કોઈ જ નિશાની છોડ્યા વિના..? કમ-સે-કમ ઘરમાં ઘુસી કીડનેપીંગ કર્યું હોય તો કોઈ નિશાની તો મળેને..? એમના ફોન જમીન પર પડ્યા મળ્યા હતા છતાં એક પણ ફોન તુટ્યો ન હતો મતલબ આરાધના અને તેની સહેલીઓએ એ ફોન પોતાની મરજીથી ત્યાં મુક્યા હતા. એ ફોન સાચવીને જમીન પર મુકાયેલ હતા.

કોઈ વ્યક્તિ એવું કેમ કરે? કોઈ છોકરી પોતાનું કીડનેપીંગ થતા પહેલા પોતાના ફોન કોઈ જગ્યાએ સાચવીને કેમ મુકે? મને કઈ જ સમજાતું ન હતું.

બારેક કલાક પછી એવીડેન્સનો લેબ રીપોર્ટ આવી ગયો. મને રાહત થઇ કે એમાં ચોવીસ કલાક ન લાગ્યા પણ એમાં અમને કઈ જ ન મળ્યું.

ત્યાંથી આરાધના, સ્નેહા અને ત્રીજી ફ્રેન્ડ તેમજ મારા સિવાય કોઈના ફીન્ગરપ્રિન્ટસ ન મળ્યા. કોઈ જ સબુત કે કોઇ પુરાવો ન હતો. અરે આસપાસમાં રહેતા લોકો શુધ્ધાને કોઈ ખબર ન હતી. એમ લાગતું હતું જાણે એમને જમીન ગળી ગઈ હોય. જાણે એ પાતળી હવામાં ગાયબ થઇ ગયા હોય.

***

આ રાધનાનો કિસ્સો નજીકનો ભૂતકાળ હતો. પણ એ માણસે મને કોઈ ભૂલ માટે કિડનેપ કરી છે એમ કહ્યું એટલે મને આરાધનાનો કીસ્સો યાદ આવી ગયો. કારણ કે આરાધનાના કેસમાં મેં ઘણો રસ લીધો હતો જે કિડનેપરોને ગમ્યું નહી હોય. પણ આરાધના ગુમ થઇ એ પહેલા ઘણી ઘટનાઓ થઇ હતી. હું એ બધી ઘટનાઓ યાદ કરવા લાગી.

કદાચ શનિવારને મારા જીવન સાથે કોઈ ખાસ સંબંધ હતો. મારો જન્મ શનિવારના દિવસે થયો હતો. મમ્મી મને શનિવારને દિવસે છોડીને ગઈ હતી અને આજે પણ શનિવાર હતો. શનિવારની સાંજ હતી. હું મારા લેપટોપ પર ટોમ્બ રાઈડર ગેમ રમી રહી હતી. લારા ક્રાફ્ટના એડવેન્ચર મને ખુબ જ પસંદ હતા.

હું ગેમના ત્રીજા લેવલ પર અટકી ગઈ હતી. એક પઝલ એવી હતી કે મને એ સમજાઈ નહોતી રહી. મને પઝલ સોલ્વ કરવાનો ખુબ શોખ હતો. અમારી કોલેજમાં પણ એક પઝલ હતી અને એ સોલ્વ કરવા માટે હું ત્યાં હતી. આરાધનાનું ગુમ થવું પણ એક પઝલ હતી. જીનલનું મૃત્યુ પણ એક પઝલ હતી. ટૂંકમાં મારું જીવન જ એક પઝલ હતી. ચિત્રના ટુકડાઓ જોડીને આખું ચિત્ર બનાવવાની એક રમત આવતી. છાપામાં એના ટુકડા હોતા જે જોડવાના હોય અને રમત પૂરી થાય. મારી કહાની પણ એવી જ હતી. બધા ટુકડાઓ મેં ગોઠવી લીધા હતા બસ એક ટુકડો ગોઠવવાનો બાકી હતો. એ મારી જ રમત હતી પણ એમાં દુશ્મન આગળ હતો.

હું ટોમ્બ રાઈડરના ત્રીજા લેવલ ઉપર હતી. બે ત્રણ પ્રયાસો બાદ પણ એ લેવલ પાર ન થયું એટલે મેં ગેમ વિન્ડો ક્લોઝ કરી અને ફેસબુકમાં લોગ-ઇન કર્યું. રાઘવ ઓન-લાઈન હતો.

“હાય, વોટ્સ અપ?” મેં મેસેન્જરમાં કીવર્ડ ટાઈપ કર્યા.

“ખાસ કઈ નહિ, મારા મેઈલ ચેક કરી રહ્યો હતો.”

એના સિવાય પણ બીજા બે ત્રણ વ્યક્તિઓ મેસેન્જરમાં ઓનલાઇન હતા તેમના વેવિંગ અને મેસેજ દેખાયા પણ મને એ મેસેજીસ અને વેવિંગમાં કોઈ રસ ન હતો.

“કોઈ મહત્વના મેઈલ?” મારે ગમે તે ભોગે વાતચીત લંબાવવી હતી.

“ના, યાર, માત્ર કોઝલ મેઈલ્સ.” પણ એ માત્ર સુકા જવાબો આપી રહ્યો હતો. કદાચ એ કોઈ ચિંતામાં હોય તેમ લાગી રહ્યું હતું.

“સો વોટ્સ અપ વિથ માય ફ્રેન્ડ? હાઉ ઇઝ હીઝ ડે?”

“એમ આઈ ઓનલી યોંર ફ્રેન્ડ?”

તેણે મારા પ્રશ્નનો જવાબ આપવાને બદલે મને સામો પ્રશ્ન ધરી દીધો. કદાચ હું એ જ પ્રશ્નની રાહ જોઈ રહી હતી પણ મને ખબર હતી આટલી આસાનીથી ‘હા’ કહેવું સારું ન હતું એટલે મેં માત્ર એક જ શબ્દ ટાઈપ કર્યો, “ધેન?” અને ચોક્કસ એ શબ્દની પાછળ મેં પ્રશ્નાથ ચિહન લગાવ્યું જ હતું.

“આઈ થીંક બોયફ્રેન્ડ?” મેં મેસેન્જરમાં વાંચ્યું.

“મને એક વાત સીરીયસલી કહે. શું તું કહીશ?” મને જે શબ્દો સાંભળવા હતા એ શબ્દો સાંભળવા મળી ગયા છતાં હું એને એ બતાવવા માંગતી ન હતી કે હું એકસાઈટેડ છું કેમકે હું એના પ્રેમ માટે નહિ પણ એ મારું મહોરું બનવા તૈયાર થઇ ગયો હતો એ માટે એક્સાઈટેડ હતી. જે એને કહી શકાય તેમ ન હતું.

“હું પ્રયાસ કરીશ.” એને કદાચ ટૂંકમાં જવાબો આપવાની આદત હતી.

“તું ખાલી મજાક કરે છે કે સીરીયસ છે?” મેં વેધક શબ્દો આગળ ધરી દીધા. હું એના પ્રેમની ઇન્ટેન્સીટી ચકાસવા માંગતી હતી જેથી અંદાજ આવી જાય કે તે મને કેટલો ખપમાં લાગે તેમ છે. મેં આગળ જ તમને કહ્યું છે કે મેં ઘણા કામ નાયકને શોભે તેવા નથી કર્યા.

“તને શું લાગે છે? હું મજાક કરી રહ્યો છુ કે સીરીયસ છું?” તેણે બધું મારા પર નાખ્યું. કદાચ મેં ધાર્યો એટલો નાસમજ એ પણ ન જ હતો. ના જ હોય ને? તે અમીર ઘરનો બગડેલ છોકરો હતો. તેને પહેલા પણ આ રીતે છોકરીઓ સાથે વાત કરવાનો અનુભવ હશે તેની મને ખાતરી હતી.

“મને લાગે ત્યાં સુધી મજાક કરી રહ્યો છે.” મેં કહ્યું. હું જાણતી હતી એ સીરીયસ છે પણ શિકારને ઝાળમાં ફસાવવાની મને આદત પડી ગઈ હતી. હું જાણતી હતી તેની સાથે કઈ રીતે વાત કરવાથી એ મારા માટે ફ્લેટ થઇ જશે.

“શું હું તને બધું ફ્રેન્કલી કહી શકું?”

“હા, હું જાણવા માંગું છું કે તારા હૃદયમાં શું છે?” મેં મગજને બદલે હ્રદય શબ્દ વાપર્યો. હું પસંદ કરાયેલા શબ્દો વાપરી રહી હતી. એ મારી ખાસિયત હતી. મિત્રોમાંથી અમુક તો એમ કહેતા કે હું ખાસ એ કામ માટે બનેલી જ હતી. મારી આંખો, મારું વર્તન એટલા સુધી કે મારી સુવાસ પણ લોકોને છેતરવા માટે હતી! શિકારને ઝાળમાં ફસાવવામાં મને માહિર સમજવામાં આવતી હતી.

“ઓકે, લિસન યુ આર માય લાઈફ.”

“કિડિંગ?” મેં ફરી એક જ શબ્દ વાપર્યો એ પણ પ્રશ્નાથ ચિહન સાથેનો.

“નો આઈ એમ વેરી સીરિઅસ.” તેના શબ્દો જાણે તેની ગંભીરતા કહી રહ્યા હતા. હા, બોલેલા શબ્દો જેમ લખેલા શબ્દોમાં પણ લાગણીઓ હોય છે જો એ સાચા દિલથી લખાયા હોય તો! મને એમ લાગતું હતું કે રાઘવે એ સાચા દિલથી લખ્યા હતા.

“મને નથી લાગતું. એની વે બાય. મારે હવે જવું જોઈએ.” મેં છેલ્લું કાર્ડ ફેક્યું.

“તારે જવું પડશે? તું કેમ જઈ રહી છે? તું તો ટોપિકને ઇગ્નોર કરી રહી છે.” તેના બે ત્રણ મેસેજ ટુકડા ટુકડામાં આવ્યા.

“સોરી માય બોય ફ્રેન્ડ મારે હવે જવું પડશે.” લખી હું લોગ આઉટ થઇ ગઈ. મને ખબર હતી કે એને ઇગ્નોર કરવાથી એ મને વધુ ફોલો કરશે. આમેય મેં માસ્ટર સ્ટ્રોક તો લગાવી જ દીધો હતો. લોગ આઉટ થતા પહેલા મેં એને એ શબ્દ સંભળાવી દીધો હતો જે એ સાંભળવા માંગતો હતો. મને ખાતરી હતી કે રાઘવ એ જાણવાની કોશિશ કરશે જ કે મેં એને સીરીયસલી બોય ફ્રેન્ડ કહ્યું હતું કે હું મજાક કરી રહી હતી.

મને ખબર હતી એ ગુસ્સે થશે, પણ મેં એને આખી રાત મારા વિશે જ વિચારતા રહેવાનું કારણ પણ આપી દીધું હતું. હું જાણતી હતી કે એ રાતે ઊંઘી નહી જ શકે.

હું ઉભી થઇ અને બારી પાસે ગઈ. બારી બહાર એક ગાડી ઉપર મારી નજર ગઈ. એ રાજુની હતી. હું એ રેડ કારને ઓળખતી હતી. રાજુ એ દિવસે પણ અમારી પાછળ હતો જયારે અમે સુનીલનો બર્થડે મનાવવા ગયા હતા. રાજુ અને એના મિત્રો એ દિવસનો બદલો લેવા માટે મારા ઉપર નજર રાખતા હશે, મને ડરાવવા માટે એવું કરતા હશે કે પછી એ લોકો જ કિડનેપર હશે એ મને સમજાતું ન હતું.

બીપ.. મને મારા ફોનમાં અવાજ સંભળાયો. હું સમજી ગઇ કે હું મેસેન્જરમાંથી લોગ આઉટ થઇ ગઈ એટલે રાઘવે મને મેસેજ મોકલ્યો હશે. મેં બારીનો થોડો ખસેડેલો પરદો ધીમેથી મૂકી દીધો. અને બેડ પાસે જઈ ફોન હાથમાં લીધો.

“ડીયર આઈ એમ સીરીઅસ.” તેણે મારા માટે ડીયર શબ્દ વાપર્યો હતો. મને ખબર જ હતી કે મેં તેના માટે મજાકમાં વાપરેલો બોય ફ્રેન્ડ શબ્દ તેની હિમ્મતમાં વધારો કરશે અને એવુ જ થયું! તેણે હિમ્મત કરી મારા માટે ડીયર વિશેષણ વાપર્યું.

“હું પણ સિરિઅસ છું.” મેં લખ્યું.

“કઈ બાબતમાં?”

“તને શું લાગે છે?”

“મને બોય ફ્રેન્ડ કહ્યો એ બાબતમાં?”

“તું જે સમજવું હોય તે સમજી શકે છે.”

“એમ નહી.”

“તો?”

“આવતી કાલે મારા માટે ખાસ ડે છે. હું તને કઈક કહેવા માંગું છું.”

“તો?”

“બસ તું મને બધાની વચ્ચે નીચો તો નહી બતાવેને?”

“ના.. મારા બોય ફ્રેન્ડ.” મેં ફરી મજાક કરતા કહ્યું.

“મજાક નહી સંધ્યા. હું ખરેખર સિરિઅસ છું.”

“હા, બાબા નહી બતાવું. તારે જે કહેવું હોય તે કહેજે પણ બધાની વચ્ચે કહેવાની શું જરૂર છે? તું મને એકલીને પણ કહી શકે છે.”

“પણ બધાની વચ્ચે કેમ નહી?”

“એ આપણા બે જણ વચ્ચેની બાબત છે એમાં દુનિયાનું શું કામ?” મેં જરાક રોમેન્ટિક બનતા કહ્યું. હું નહોતી ઇચ્છતી કે એ મને કોલેજમાં પ્રપોઝ કરે કેમકે કદાચ એના પાસેથી કોઈ મહત્વની માહિતી ન મળે તો હું બીજા કોઈને આરામથી ફસાવી શકું. જો બધાને આ વાતની

ખબર હોય તો બ્રેકઅપ પછી ત્રણેક મહિના તો ડીપ્રેશનમાં રહેવાનું નાટક કરવું પડે જ. જો એ ન કરું તો ચાલુ ગર્લમાં નામ ભળી જાય. હા, હું એનાથી રમત રમતી હતી કેમ કે શિકાર બનવા કરતા શિકારી બનવું વધુ યોગ્ય છે. મેં જીનલ સિવાયની દરેક લાગણીઓ ઉપર, દરેક સંબંધો ઉપર, દરેક ઇચ્છાઓ ઉપર, ઇવન મારા હસવા અને રડવા ઉપર પણ કાબુ મેળવી લીધો હતો. જે ચીજો મને અખિલેશ સર ન શીખવી શક્યા એ જિંદગીના એક કડવા અનુભવથી હું શીખી ગઈ હતી!

"જેવી તારી મરજી.. જો તું મને એકલાને જ સાંભળવા માંગતી હોય તો ભલે એમ."

"તો આવતીકાલે મળીયે." મેં કહ્યું.

"સ્યોર."

"બાય."

"બાય... મારા બોય ફ્રેન્ડ... હા... હા... હા..." એ વાક્ય લખ્યું ત્યારે મને સમજાયું હું કેટલી બદલી ગઈ હતી?

મેં મોબાઈલ બાજુ પર મૂકી અને બારી પાસે જઈ પરદો હળવેથી થોડો ખસેડ્યો તો રાજુની કાર ત્યાં ન હતી. મને એ લોકો પીછો કરે કે ડરાવે એની કોઈ ફિકર ન હતી. મને ખાતરી હતી મને મારવી એમના માટે આસાન કામ ન હતું. કદાચ એમના માટે તેમની જીન્સની ગરડલમાં ભરાવેલ પિસ્તોલ મહત્વની વાત હતી. જેને જોઈ કોઈ પણ સામાન્ય વ્યક્તિ ડરી જતું હોય છે પણ મારા માટે એ પિસ્તોલ એક રમકડા કરતા વિશેષ ન હતી - એ રમકડું જેની સાથે રમતા હું મારી ઉમર કરતા વહેલી શીખી ગઈ હતી. અખિલેશ સર પણ જયારે હું પિસ્તોલ હાથમાં પકડી તેને ડાબી તરફ સહેજ નમાવી કહી દેતી કે તેનામાં કેટલી ગોળીઓ છે ત્યારે નવાઈ પામી જતા. તેઓ ઘણીવાર કહેતા સંધ્યા તું પિસ્તોલ ફિલ્મી સ્ટાઈલમાં પકડે છે અને હસતા જોન વીક એટીટ્યુડ. આઈ લાઈક ઈટ.

મેં લેપટોપમાં નજર કરી. મારા હાથ કીબોર્ડ વર્ક કરવા લાગ્યા. હું ફરી ટોમ્બ રાઈડર ગેમ રમવા લાગી. હવે હું એક પહેલી સુલજાવવાની ખુબ જ નજીક હતી. મારા જીવનની પહેલી.....!

***

સ મય શું ચીજ છે એ માત્ર મને ત્યારે જ સમજાયું જયારે હું એ પરીસ્થીતીમાં હતી જ્યાં મારી પાસે સમયને નોધવા માટે કોઈ ઘડિયાળ ન હતી. તારીખને સમજવા માટે કોઈ કેલેન્ડર ન હતું કે દિવસને જાણવા માટે કોઈ રસ્તો ન હતો.

એ અનુભવ પહેલા મને કોઈએ પૂછ્યું હોત કે સમય શું છે? તો એ માત્ર કલાકો, દિવસો કે ઘડિયાળના કાંટા સાથે ચાલતી કોઈ ચીજ છે એવો ઉડાઉ જવાબ મેં આપ્યો હોત પણ મને સમજાઈ રહ્યું હતું કે સમય એ માત્ર દિવસો, કલાકો, કે ઘડિયાળના કાંટા સાથે ચાલતી કોઈ ચીજ નથી. ભલે તમે એ બધાથી પીછો છોડાવી લો સમયથી બંધન ક્યારેય કાપી શકાતું નથી.

મેં અનેક ફાફા માર્યા સમયની સમજ મેળવવાના - મેં મારા હ્રદયના ધબકારા ગણ્યા પણ કેટલા સમય સુધી હું એ કરી શકું?? કદાચ એકાદ કલાક સુધી - એ પણ હદમાં હદ!

મેં એક બે ત્રણ.... એમ ગણતરી કરવાની શરૂઆત કરી પણ ક્યા સુધી ગણી શકું? હજાર બે હજાર કે પાંચ હજાર.....!!!!! આખરે હું ગણતરી ભૂલી ગઈ અને મેં એવા મુર્ખ અને નિષ્ફળ પ્રયાસો કરવાનું બંધ કર્યું.

ફરી મારા માથામાં દુખાવો શરુ થઇ ગયો હતો. કદાચ એ લાંબી ગણતરી કરવાને લીધે કે કદાચ જ્યારે હું કિડનેપ થઇ એ સમયે મારુ માથું અથડાયું હશે. એ લોકોએ મને વેન કે એવા કોઈ વાહનમાં ભરી હશે એ સમયે ચોટ લાગી હશે. એ ચોટની અસર હશે?? પણ એની અસર એટલી લાંબી હતી એવું માનવું મૂર્ખાઈ ભર્યું હતું. આમેય હું કિડનેપ થઇ એ સમયે હું ભાનમાં ન હતી એટલે મને કોઈ ચોટ લાગી હશે કે નહિ એ મને ખબર જ ન હતી. હું અનુમાન લગાવી રહી હતી. મને પૂર્વાનુમાન બાંધવાનો તો અનુભવ હતો પણ પશ્ચાનુંમાન કઈ રીતે બાંધી શકાય તે જાણતી ન હતી. કદાચ પ્રશ્ચાનુંમાન કોઈ બાંધી જ ન શકે? કેમકે એવો કોઈ શબ્દ કે ટર્મ છે જ નહિ. એ માત્ર મારા મનની કલ્પના હતી. જેમ ભવિષ્ય માટે જે અનુમાન બંધાય તેને પૂર્વાનુમાન કહેવાય એ જ રીતે મેં કલ્પના કરીને ભૂતકાળમાં કઈક આ મુજબ જ થયું હશે તેમ અંદાજ લગાવીએ તેને પશ્ચાનુંમાન નામ આપ્યું હતું. ખરેખર મને ખબર જ ન હતી કે ગુજરાતી શબ્દકોશમાં એવો કોઈ શબ્દ અસ્તિત્વ ધરાવે છે કે નહિ! પણ એ મારા માટે વિચારવાનો વિષય ન હતો કેમકે મારે એ વિચારવાનું હતું જીવન કેટલો સમય અસ્તિત્વ ધરાવી શકે તેમ હતું?

હું નકામા અને બિનજરૂરી વિચારો કરી રહી હતી. જેમ જેમ વિચારોને દુર કરવા મથી રહી હતી તેમ તેમ મારા માથાનો દુખાવો વધી રહ્યો હતો. મને યાદ આવ્યું મેં મારી સ્ટ્રેસની ગોળી લીધી નથી એની અસર હતી. કદાચ એ હોઈ શકે?

મેં છેલ્લે ક્યારે ગોળી લીધી હતી એ યાદ કરવાનો પ્રયાસ કર્યો. એ બીચ ઉપર મેં ગોળી લીધી હતી. મને એક્જેટ યાદ નથી પણ લગભગ જીનલ અને દાદીના ગયા પછી મને એ સ્ટ્રેસની ગોળીઓની જરૂર પડવા લાગી હતી. શરૂઆતમાં તો મને ખ્યાલ આવ્યો જ ન હતો કે મારા સાથે શું થઇ રહ્યું છે. મને એમ લાગતું હતું કે જીનલની ગેરહાજરીને લીધે બધું થાય છે. મારા વધુ પડતા વિચારવાને લીધે એ બધું થાય છે. પણ ધીમે ધીમે એ માનસિક બીમારી પોતાના લક્ષણો બતાવતી ગઈ. મને મારી આસપાસ મોટે ભાગે જીનલ દેખાતી. હું જમવા બેસું

ત્યારે પણ મને એમ જ લાગતું કે જીનલ મારી બાજુમાં બેઠી છે! હું કોઈ હસવાના પ્રસંગે હસું ત્યારે મને એમ લાગતું કે મારાથી થોડેક દુર જીનલ ઉભી છે અને તેનો ચહેરો ઉદાસ છે! મને એમ લાગતું જાણે એ મને કહી રહી હોય કે તે મારા મોતનો બદલો નથી લીધો, હું ઉદાસ છું, તું કઈ રીતે હસી શકે?

ધીમે ધીમે મારું હસવું ઓછું થઇ ગયું. બસ કોલેજમાં બનાવટી સ્મિત સિવાય મારા હોઠ ક્યારેય મલકાતા નહી. આખરે મને સમજાયું કે મારે એક સાયકાટ્રીસ્ટની જરૂર છે.

મેં એક બે એવા ડોક્ટરોની મુલકાત લીધી પણ ખરી. મને ડોક્ટરોએ કેટલાક નુસખા બતાવ્યા અને હું એ મુજબ કરવા પણ લાગી. મેં અલગ અલગ નુસખા મારા તણાવમાંથી બહાર આવવા માટે અપનાવ્યા. એમાંથી કોઈ સંપૂર્ણ પણે લાગુ પડ્યો એમ તો ન માની શકાય પણ દરેક નુસખા સાથે થોડીક મદદ મળતી રહી એમ કહી શકાય.

મેં હમેશા સ્ટ્રેસની ગોળીઓમાં નિયંત્રણ રાખ્યું હતું. ડોક્ટરનું માનવું હતું કે ગંભીર જરૂરિયાત સિવાય એ ગોળીઓ લેવી હિતાવહ નથી કેમકે એ મગજના ન્યુરોન્સ પર આડ અસર કરતી દવા હતી. મેં હમેશા એ ટેબલેટ પર નિયંત્રણ રાખ્યું હતું. પણ?? પણ આજે હું એક સ્ટીલની ચેમ્બરમાં બંધ હતી. મને કોઈ ચીજની જરૂર લાગી રહી હોય તો એ મારી સ્ટ્રેસ ટેબલેટ હતી. મારા સતત માઈગ્રેન પાછળ એ ટેબલેટ જ કારણરૂપ હતી. એ જ મને કન્ટીન્યું ચાલુ રહેતા માથાના દુખાવાથી રાહત અપાવી શકે તેમ હતી.

મને થયુ કદાચ હું અહી જ મરવાની છું. તું અહી જ આ કેદખાનામાં જ મરીશ. મારા મનમાં ક્યાંક ઊંડાણથી અવાજ આવતો હોય તેમ લાગી રહ્યું હતું. કોઈને ખબર પણ નહી પડે.

અરે ભગવાન.

હું બે હાથમાં માથું દબાવી વિચારી રહી હતી ત્યાં એકાએક દરવાજા બહાર થયેલ અવાજે મને વિચારોમાંથી બહાર લાવી. મારા વિચારો અટકી ગયા. મને એવું લાગ્યું જાણે બધું જ અટકી ગયું હતું. મેં શ્વાસ લેવાનું પણ બંધ કરી લીધું હોય એવું મને લાગ્યું.

ખરેખેર એક અજાણ્યા ડરને લીધે મારા શ્વાસોશ્વાસ અટકી ગયા હતા કે એકદમ ધીમા થઇ ગયા હતા પણ હું જાણતી હતી કે એ સારી નિશાની નથી. મને સ્ટ્રેસ દુર કરવા માટે ક્રાઉન પુલ થીયરી શીખવવામાં આવી હતી એ મુજબ મેં મારા હાથને મારા બંને લમણા ઉપર મૂકી દીધા અને મારા આંગળાને મારા માથાના વાળમાં કોમ્બ કરતી હોઉં એ રીતે ભરાવી હળવેથી દબાણ આપવા લાગી. મને ખબર હતી કે હું ધીમા શ્વાસ લઇ રહી છું જેના લીધે મારા માથામાં ઓક્સીઝન પહોચતો નથી. જેના લીધે કરોડરજ્જુમાં જે ધ્રુજારી થવી જોઈએ એ નહી થાય અને મગજ અને કરોડરજ્જુને જોડતા સાંધાઓ બ્લોક થઇ જશે. જેને લીધે મગજમાં ઉત્પન્ન થતું પ્રવાહી કરોડરજ્જુમાં પ્રવેસી નહી શકે અને એકાદ બે મિનીટમાં હું ફરી અસહ્ય માથાના દુખાવાથી પીડાવા લાગીશ.

હું જાણતી હતી કે કરોડરજ્જુને મગજમાં ઉત્પન્ન થતા સેલેબ્રોસિઅલ લીક્વીડની કેટલી જરૂર હોય છે. કદાચ મને એ સમયે સ્ટ્રેસની ટેબલેટની જરૂર હતી તેનાથી પણ વધુ!

મેં ક્રાઉન પુલ થીયરીનો ઉપયોગ કરી મગજ અને કરોડરજ્જુ વચ્ચેના જોડાણને બ્લોક થતું રોક્યું. હું સ્ટ્રેસમાંથી પોતાની જાતને બહાર લાવવાના અનેક નુસખા શીખેલ હતી જોકે એ

નુસખા શીખી ત્યારે મને એ ખબર ન હતી કે એ નુસખા મને આવા સમયે કામ લાગશે.

હું જાણતી હતી કે માત્ર મારા ફેફસાનો ઉપરનો ભાગ જ શ્વાસ લેવાનું કામ કરી રહ્યો હતો. હું છીછરા શ્વાસ લઈ રહી હતી જે મારી માનસિક વિચારવાની અને નિર્ણય લેવાની શક્તિને ઘટાડી રહી હતી. મેં મારા ફેફસાને જેટલી બને તેટલી હવા ઈનહેલ કરવા માટે દબાણ આપ્યું. થેન્ક્સ ગોપીનાથ યોગ ટ્રીટમેન્ટ સેન્ટરને કે તેમણે મને પોતાના મગજ અને સ્ટ્રેસ પર કાબુ કરતા શીખવ્યું હતું. નહિતર મારા માટે એક દિવસથી વધુ સમય એ કાળ કોટડીમાં જીવિત રહેવું શક્ય ન બનત!

પણ જે સામાન્ય છોકરીઓ એ કાળ કોટડીમાં આવતી હશે એમનું શું થતું હશે? એ વિચાર માત્રથી હું ધ્રુજી ઉઠી.

એકાએક દરવાજો ખુલવા માંડ્યો. હું મારી પીઠને ભીત સાથે જડી દઈ બેઠી હતી. મારે શું કરવું જોઈએ?? શું આવનાર પર હુમલો કરવો જોઈએ?? મને મારો એ વિચાર માત્ર બેવકૂફી છે એ સમજતા વાર ન લાગી. મારા મને મને એક પળમાં જ જવાબ આપી દીધો કે આગંતુકના શરીર બળ સામે તારા શારીરિક બળની જરા જેટલી પણ સરખામણી નથી અને બીજું એ કે કદાચ આગંતુકનું શારીરિક બળ તારા સમાન હોય તો પણ તું માનસિક રીતે એનાથી લડવા તૈયાર નથી જ.

દરવાજો ખુલવા લાગ્યો. મારા હ્રદયના ધબકારા વધવા લાગ્યા. હું જાણતી હતી કે મારે લડવું જોઈએ પણ મારામાં લડવા માટે હિમ્મત કે શક્તિ બેમાંથી એક પણ ચીજ ન હતી.

હું એ ખુલ્લા દરવાજામાંથી કોણ અંદર પ્રવેશે છે તેની રાહ જોવા લાગી. મેં મારા મોમાં ભેગું થયેલ થુંક બળપૂર્વક મારા ગાળાની નીચે ઉતાર્યું જેથી મને મારા સુકાતા ગાળામાં રાહત જેવું અનુભવાયું. મારી આંખો દરવાજા ઉપર જડાયેલી હતી. આછા અજવાળામાં સમજોને કે અંધારામાં જ કાળ કોટડીમાં ત્યારે મારી કેવી હાલત હતી એ લખવું કોઈ નવલકથાકાર માટે પણ અઘરું થઇ પડે અને એનો તદ્દન સાચુકલો અહેસાસ વાંચનારને તો કદી ન જ થાય.

એ યુવક દાખલ થયો, આજે તેણે બ્લુ જીન્સ પર હાફ સ્લીવ બ્લેક ટી-શર્ટ પહેરેલ હતું. મને એના બાયસેપ અને ટ્રાયસેપના આકારો જોયા પછી થયું કે મેં તેના પર હુમલો ન કરવાનો ફેસલો કર્યો એ યોગ્ય જ હતો. એ કોઈ આર્મીમાં નવા જોડાયેલ જવાન જેવો લાગતો હતો. હા, આ વખતે એના વાળ વ્યવસ્થિત ઓળેલા હતા. જોકે એ વાળ કોઈ આર્મિ મેન જેમ નાના ન હતા.

તેણે દરવાજાથી એકાદ કદમ અંદર આવી અટકીને મારા તરફ જોયું. દરવાજો ખુલ્લો હતો એટલે બહારનો પુરતો પ્રકાશ અંદર આવી રહ્યો હતો. એ મારા ચહેરાને કલીયરલી જોઈ શક્યો હશે એમ મને લાગ્યું.

“હું પ્લેટ લેવા આવ્યો છું.” માત્ર તેણે એટલું જ કહ્યું. હું તેના કહેવાનો મતલબ સમજી ગઈ હતી. એ કહેવા માંગતો હતો કે મારા પર હુમલો કરવાનો નિષ્ફળ પ્રયાસ ન કરીશ.

“તું મારા માટે ટેબલેટ લાવ્યો છે?” મેં એના તરફ જોઈ એ રીતે પ્રશ્ન કર્યો જાણે એ મારો કોઈ ઓળખીતો વ્યક્તિ હોય. સાચું કહું તો એણે મને કિડનેપ કરી હોવા છતાં મને એનાથી એટલો ડર લાગતો જ નહોતો જેટલો લાગવો જોઈએ.

"હા." કહી તેણે પોતાના પાતલુનના ખિસ્સામાંથી ચારેક ટેબલેટનું પાકીટ બહાર કાઢયું અને ઉમેર્યું, "પણ કંપની અલગ છે. ઇન્ગ્રેડીયંટ એ જ છે."

મને એ વ્યક્તિમાં કિડનેપર કરતા એક મિત્રને જોવાની ઈચ્છા થઈ રહી હતી. મને હવે એ કોઈ અજાણ્યો વ્યક્તિ નહી પણ કોલેજનો જુનો મિત્ર હોય એમ લાગી રહ્યું હતું. હું ઉભી થઇ અને એની નજીક ગઈ.

"થેન્ક્સ..." મેં એના હાથમાંથી એ ટેબલેટ લીધી. અમારા બંનેના હાથ એકબીજા સાથે સ્પર્શ થતા મને એક અલગ જ એહસાસ થયો. એના સ્પર્શમાં મને કોઈ પાશ્વીયતા ન દેખાઈ એના સ્પર્શમાં મને માત્ર માનવતાની સરવાણી દેખાઈ. એ કઈ રીતે શક્ય હતું? એક કિડનેપરના સ્પર્શમાં મને એની લાલસા અને સ્ત્રીના શરીરને અડતી વખતે એના મનમાં ઉત્પન્ન થયેલ નીચતાનો અનુભવ થવો જોઈતો હતો એના બદલે મારા પ્રત્યેની સહાનુભુતિ એમાં કઈ રીતે હું અનુભવી શકી?

"પાણી નથી." મેં બોટલ તરફ નજર કરી કહ્યું.

એ યુવક કાઈ પણ જવાબ આપ્યા વિના બહારની તરફ ચાલ્યો ગાયો. બહાર જઈ પોતાની પાછળ દરવાજો પણ બંધ ન કર્યો. કેવી અજબ ચીજ હતી? એ વ્યક્તિ મારા સાથે એ રીતે વર્તન કરી રહ્યો હતો કે મને જરાય નહોતું લાગી રહ્યું હું હોસ્ટેજ હતી.

એ કોણ હશે? શું એ ખરાબ વ્યક્તિ નહિ હોય? એ ખરાબ વ્યક્તિ ન હોય તો તેણે મને અહી ગોંધી કેમ રાખી હશે? મારા કીડનેપીંગ પાછળ એનો શું ઈરાદો હશે?

એવા કેટલાક પ્રશ્નો મેં મારા મનમાં વાગોળ્યા ત્યાં સુધીમાં એ ફરી કેબીનમાં પ્રવેશ્યો. એના હાથમાં એક પલાસ્ટીકની બોટલ હતી.

"તારું નામ શું છે?" તેણે બોટલ મારા હાથમાં આપતા કહ્યું.

મને નવાઈ લાગી. હું આટલા સમયથી એની કેદમાં છું અને એ વ્યક્તિ મારું નામ પણ નથી જાણતો? બીજી જ પળે મને રાહત થઇ કે તેને મારા નામની ખબર નથી એનો અર્થ એ છે કે એ કોઈકના માટે કામ કરી રહ્યો છે. એને માત્ર પોતાના કામ અને એ માટે મળતા મહેનતાણાથી જ મતલબ હશે. પોતાને કામ સોપનારને મારું નામ પણ નહિ પૂછ્યું હોય તો પછી એ હવે મને કેમ મારું નામ પૂછી રહ્યો છે?

શું એને મારામાં કોઈ રસ જાગ્યો હશે? કે પછી મારા પ્રત્યે એના હ્રદયમાં હમદર્દી જાગી હશે?

જે હોય તે એ બંને પરિસ્થિતિ મારા માટે ફાયદાકારક હતી. બોટલનું ઢાંકણ ખોલતા સુધીમાં મારા મનમાં કેટલાય વિચાર આવીને જતા રહ્યા હતા.

"સંધ્યા." મેં એકાએક મારા બધા વિચારોને ફંગોળી દેતા કહ્યું, "અને તારું?"

"સુરજ." તેણે ટૂંકો જવાબ આપ્યો.

કેટલું સરસ નામ હતું સંધ્યા - સુરજ મારા મનને એક પળ માટે એ બંને નામ એકબીજાથી જોડાયેલા રહેવા માટે જ બન્યા હોય એમ લાગ્યું. પણ તે સૂરજ બોલવાને બદલે

સુરજ બોલ્યો હોય તેમ મને લાગ્યું. કઈક ઉદાસ રીતે. જાણે સૂરજ જેમ તેનું જીવન ચમકતું ન હોય એટલે એ સૂરજને બદલે સુરજ બોલ્યો હોય તેમ મને લાગ્યું. કોણ જાણે કેમ મને તેવું લાગ્યું એટલે હું તેની સામે તાકી રહી.

"તું કેટલા સમયથી આ ટેબલેટ લે છે? તને ઓવર સ્ટ્રેસની બીમારી કઇ ઉંમરથી છે?" તેણે પૂછ્યું ત્યારે જ એના સવાલથી હું સમજી ગઈ કે મારા સવાલનો જવાબ નંબર બે હતો. તેને મારામાં રસ ન હતો પણ મારી બીમારીને લીધે તેને મારા પ્રત્યે હમદર્દી જાગી હતી. મેં ગોળી લીધી અને અરધી બોટલ પાણી પી લીધું પછી જ મેં એના પ્રશ્નનો જવાબ આપ્યો.

"જયારે હું સત્તર વર્ષની હતી ત્યારે ફર્સ્ટ પેનિક એટેક થયો હતો. ડોકટરોનું માનવું છે કે હું મારી મમ્મી વિશે બહુ વિચારું છું એનાથી એ બીમારી મને લાગુ પડી છે."

"તારી મમ્મી ક્યા છે?"

"એ નથી, હું આઠ વરસની હતી ત્યારે એ ગુજરી ગઈ. મને મારી માનો ચહેરો પણ યાદ નથી." કહી મેં ફરી બેડ ઉપર બેઠક લીધી.

મારા શબ્દોએ એને દુ:ખી કરી નાખ્યો હોય, એની કોઈક દુખતી નસ પર મારો હાથ દબાઈ ગયો હોય તેના મને એના ચહેરાના હાવભાવ પરથી લાગ્યું. પણ હું તેના ચહેરાને વધુ કળી શકુ એ પહેલા તેણે ફરી પોતાની કરડાકી ચહેરા પર મેકઅપની જેમ પહેરી લીધી.

"તે શા માટે મને અહી કેદ કરીને રાખી છે?" મેં વાત બદલી.

"એ હું તને નહી કહી શકું. મને એ કામ માટે કિંમત મળી છે. બાકી મને તારાથી કોઈ દુશ્મની નથી."

"અને એ કિંમત કોણે ચૂકવી છે?" મેં સવાલ કર્યો.

"એ હું નહી કહી શકું."

"એ લોકો મને આમ ક્યાં સુધી બાંધી રાખશે? શું એ મને છોડી દેવાના છે?"

"કાઈ નક્કી ન કહી શકાય. એમના મન પર બધું આધાર રાખે છે." તેણે કહ્યું.

"જુઠ્ઠું શું કામ બોલે છે? તારો ચહેરો કહી રહ્યો છે કે તું જુઠ્ઠું બોલી રહ્યો છું."

"તને સાચી વાતની ખબર છે તો પૂછે છે કેમ? અને એવું નક્કી નથી કે તને મારવાનો જ આદેશ મળે. કદાચ તને અમુક સમય પછી છોડી દેવામાં પણ આવે."

"જો મને છોડી દેવાની હોય તો તું ખુલ્લા ચહેરે શું કામ મારી સામે આવે? તારો ચહેરો મેં જોઈ લીધો છે એ પછી તું મને છોડી મુકે એ વાત માની શકાય તેમ નથી." મેં કહ્યું, મારે એનાથી વધુને વધુ વાત કરવી હતી.

"જ્યાં સુધી તું મુખ્ય વ્યક્તિનો ચહેરો ન જુવે મારો ચહેરો જોઈ લેવાથી કોઈ ફરક નથી પડતો. કોઈ એક જ ચહેરો એવો છે જે જોયા પછી જ બધો ફેર પડે છે." સુરજે કહ્યું. એ યુવકનું નામ એટલું કોમળ હતું કે એણે એક જ વાર કહ્યું અને એ મને યાદ રહી ગયું. કેમ ન રહે? કોણ પોતાને કિડનેપ કરનારનું નામ આસાનીથી ભૂલી શકે?

"મને નથી લાગતું કે કિરણ સરે મને જીવતી છોડવાનો તને આદેશ આપ્યો હોય....." મેં અંધારામાં તીર ફેંક્યું હતું.

તેનો ચહેરો નવાઈથી સફેદ થઈ ગયો. એ એકદમ પલંગ ઉપરથી ઉભો થઈ છંછેડાઈને બોલ્યો, "બસ તારા આ બધું જ જાણી લેવાના સ્વભાવને લીધે તારું જીવન જોખમમાં છે. તારે આ બધું ન જાણવું જોઈએ. અહીંથી આગળ વિચારવાનું છોડી દે. હજુ તું મુખ્ય ચહેરા સુધી નથી પહોચી પણ જો તું તારા એઝપશનની મદદથી ત્યાં પહોચીશ તો પણ તને એનાથી મોત સિવાય કશુ જ નહી મળે."

સુરજના અવાજમાં ગુસ્સો હતો. તેના અવાજમાં લાવી શકાય તેટલી કડવાસ લાવવાનો પ્રયાસ કર્યો પણ હું સમજી ચુકી હતી કે તેનો એ ગુસ્સો મને મોતથી બચાવવા માટે હતો. એ ઈચ્છતો નહોતો કે હું એ ચહેરા વિશે જાણું જે ચહેરા વિશે જાણ્યા પછી કોઈને જીવિત રહેવાનો હક મળતો નથી.

"તું મને કેમ બચાવવા માંગે છે?" મેં તેના તરફ જોઈ સવાલ કર્યો, હું જાણવા માંગતી હતી કે એ નરકમાં કોઈ મદદગાર હતો તો કેમ?

"હું તને બચાવવા નથી માંગતો બસ મારાથી થઈ શકે તેટલી મદદ કરી રહ્યો છું."

"મદદ... પણ કેમ? મને મારી નાખવાની કિંમત લીધા પછી મદદ પણ કેમ?" મેં વધુ જાણવાનો પ્રયાસ કર્યો.

"કેમકે મને દરેક બીમાર વ્યક્તિથી હમદર્દી છે." તેણે મારી આંખોમાં જોયા વગર કહ્યું.

હું પૂછવા માંગતી હતી કે કેમ તેને દરેક બીમાર વ્યક્તિથી હમદર્દી છે પણ હું ચુપ રહી કેમકે હું જાણતી હતી જરૂર કોઈ એવા વ્યક્તિને એણે બીમારીથી મરતા જોયું હશે જેને એ પોતાના જીવ કરતા પણ વધુ ચાહતો હશે. એ બાબત યાદ અપાવી હું એને દુ:ખી અને ગુસ્સે કરવા માંગતી ન હતી.

સુરજે મારી પ્લેટ ઉઠાવી અને ફરી એકવાર મારી તરફ જોયું. હું પણ એની તરફ જોતી રહી. મારી નજરને એ સહન ન કરી શકતો હોય એમ મારાથી નજર ફેરવી લઈ એ કોરીડોરનો દરવાજો બંધ કરી બહાર નીકળી ગયો.

તેણે બહુ ઝડપથી નજર ફેરવી લીધી હતી પણ મને અંદાજ આવી ગયો હતો કે કેમ તેણે નજર ફેરવી લીધી હતી. એ મારી નજરનો તાપ સહન કરી શકે તેમ ન હતો. કદાચ તેનું હૃદય એક ગુંડાનું ન હતું. જયારે મેં શની દેઓલની જીત ફિલ્મ જોઈ ત્યારે મને હસવું આવ્યું હતું કે એક ગુંડો ભલા સારા હૃદયનો હોય! પણ મને મારી એ હરકત પર આજે હસવું આવતું હતું. કેમ ન હોઈ શકે? મેં કેટલાયે પુસ્તકો વાંચ્યા હતા અને એમાંના કેટલાક અંગેજી પુસ્તકોમાં એ નવકથાઓ વાંચી હતી જેને પીકારેસકયું નોવેલ તરીકે ઓળખવામાં આવે છે. જેનું મુખ્ય પાત્ર એક કાઈન્ડ હાર્ટેડ રોગ હોય છે જે બહારથી સખત અને ખરાબ લાગતો હોય છે પણ અંદરથી નરમ અને દયાળુ હોય છે. કદાચ સુરજ પણ કાઈન્ડ હાર્ટેડ રોગ હશે? મને થયું કેમ ન હોઈ શકે? શું કેટલાક સારા પુસ્તકો રદ્દીની દુકાનમાં નથી હોતા? શું કેટલાક ખરાબ માણસો સજ્જનોની સોબતમાં નથી હોતા? જો, એ બધું હોઈ શકે તો એક સારો વ્યક્તિ ખરાબ લોકો સાથે કેમ ન હોઈ શકે? શું ચંદનનું ઝાડ ઝેરીલા સાપોથી ઘેરાયેલું રહીને પણ શીતળતા નથી

આપતું? મારું મન મને એવા કેટલાય દષ્ટાંતો આપી રહ્યું હતું. અને ખાસ તો હું પોતે જ બહારથી કેવી હતી? કેમ એને મારી જેમ બે ચહેરા ન હોઈ શકે? એ વિચાર ઉપર મને સુરજ દજાડતો ન લાગ્યો, એ મને શીતળ લાગ્યો. તેણે મને કિડનેપ કરી હતી, પોતાની આગની જ્વાળાઓમાં લપેટી હતી પણ એ મને દજાડી કે બાળી શકે તેમ નથી એની મને ખાતરી થઇ ગઈ. સાચું જ છે સંધ્યા પાસે જતા જ સુરજ પીગળી જાય છે.

હું ફરી બેડ પર બેસી ગઈ. શું એ મને સાચે જ મદદ કરવા માંગતો હશે? શું એની મારા પ્રત્યેની હમદર્દી પ્રીપ્લાનેડ હોઈ શકે? શું એની મદદથી હું આ કાળ કોટડીમાંથી જીવિત બહાર નીકળી શકીશ?

મારા મનમાં અનેક વિચારો ઘૂમરી લેવા માંડ્યા. શું એ બહાર જઈ અમારા વચ્ચેની બધી જ વાતચીત પોતાના બોસને કહી સંભળાવશે? કે પછી એ બધું પોતાના બોસથી છુપાવતો હશે? પણ એ બધું જાણવાનો એક જ માર્ગ હતો. રાહ જોવી. સુરજ ફરીથી કોરીડોરમાં આવે તેની હું રાહ જોવા લાગી પણ મને ખબર હતી કે તે હવે બીજી સવારે આવવાનો છે. ફરીથી મારા માટે જમવાની પ્લેટ લઈને.

આમ તો સંધ્યાએ સુરજને ફરી જોવા માટે ચોવીસ કલાકની રાહ જોવી પડે છે પણ મારે માત્ર બાર કલાકની જ રાહ જોવાની હતી. જોકે એ બાર કલાક મારા માટે બાર વરસ કરતા પણ વધુ લાંબા હતા.

***

અ મારી કોલેજમાં ઇન્ટરનલ પરિક્ષા શરુ થવાની હતી પણ મને કે મારા આખા ગ્રુપને પરિક્ષાની કોઈ પરવા હતી જ નહી. અમારું ગ્રુપ પેપર દરમિયાન આજુ બાજુમાં બેઠેલ હોશિયાર છોકરા તરફ જોઈ 'એય અલ્યા શીખવાડને..!!! મને કશુ જ નથી આવડતું' જેવા શબ્દો વાક્યો બોલનારા વર્ગમાંનું હતું. મારે એવા ગ્રુપની જ જરૂર હતી. એટલે મેં એવા લોકોને જ મિત્રો તરીકે પસંદ કર્યા હતા જેમને ભણવામાં બિલકુલ રસ ન હોય. જોકે પહેલેથી મારે એવા મિત્રો ન હતા. હું જયારે હાઈસ્કુલમાં હતી ત્યારે ભણવામાં હોશિયાર હોય તેવા છોકરા છોકરીઓ જ મારા મિત્રોની યાદીમાં હતા. હા, પણ મને ક્યારેય ભણવામાં પાછળ હોય તેવા વિધાર્થીઓ પ્રત્યે પૂર્વગ્રહ તો ન જ હતો.

મારા ગ્રુપમાં બધા પ્રમાણિક પણે સ્વીકારી લેતા કે અમને કશુ જ નથી આવડતું. અમારામાં આઈ એમ સમથીંગ જેવો એટીટયુડ હતો જ નહિ.

એકઝામના આગળના દિવસે એટલે કે સંડેના રોજ સવારથી જ તૈયાર થઇ હું મારા રૂમમાં વાંચવા બેઠી હતી. આમ તો વર્ષ આખું કાઈ વાંચ્યું હતું જ નહી એટલે છેલ્લે દિવસે વાંચવાનો કોઈ ફાયદો ન હતો પણ રાઘવ અને શુનીલનું કહેવું હતું કે ડાઈજેસ્ટ પર એક નજર મારેલી હોય તો કોપી કરવામાં સરળતા રહે. પરિક્ષા દરમિયાન ચોરી કરવાનો મોકો મળે તો કમ-સે-કમ એટલી તો ખબર પડે કે કયો પ્રશ્ન કયા પાઠનો છે.

મને તો ઘણીવાર પ્રશ્ન જોઈને એ જ ખબર ન પડતી કે એ કયા વિષયનો છે! થેન્ક્સ પેપર સેટ કરનારનો કે એ પેપર પર વિષયનું નામ લખે છે! શુનીલ ઘણીવાર પોતાના વખાણ કરવા આ શબ્દોનો ઉપયોગ કરતો. કદાચ એ હાઈસ્કુલમાં પણ ધ્યાન આપ્યા વિના ભણેલ હશે એટલે એને ખયાલ નહિ હોય કે એ પોતાના માટે જ વ્યાજ સ્તુતિ અલંકાર વાપરતો.

હજુ મેં સાયકોલોજીની ડાયજેસ્ટ હાથમાં લીધી ત્યાં જ મારા ફોનમાં મેસેજની બીપ સંભળાઈ. હું સમજી ગઈ કે આટલો વહેલો રાઘવ સિવાય કોઈનો મેસેજ ન આવે. મેં જરાક ઊંચા થઈ મારા જીન્સ પોકેટમાંથી મારો મોબાઈલ બહાર કાઢ્યો. મારું જીન્સ એકદમ ટાઈટ હતું એટલે બેડ પર પલાઠીવાળી બેઠેલ હોઉં ત્યારે હું ફોન પોકેટમાંથી બહાર ન નીકાળી શકતી. મારે જરાક ઊંચા થવું પડતું.

મેં ફોન સ્ક્રીન પર ફિંગર ફેરવી.

"ટન ટના ટન ટન તારા આતી હે ક્યા નો સે ગ્યારા....." મેં મેસેજ વાંચ્યો.

"ક્યા લઈ જવી છે મને?" મેં સામે ટાઈપ કર્યું.

"પિક્ચર દેખવા." એની ટૂંકા જવાબ લખાવની રીત મને બહુ અજબ લાગતી.

"કયુ પિક્ચર લાગ્યું છે?" મેં લખ્યું.

"રાગીની એમ.એમ.એસ. ટુ."

મને નવાઈ લાગી. કોલેજના છોકરાઓને કોર્નર સીટની જરૂર પડે એવી ફીલ્મો જ કેમ લગાવતા હશે આ સિનેમાહોલ માલીકો? જોકે એ સમયે મને એનાથી કોઈ નુકશાન ન હતું.

“વ્હાય નોટ? હું તૈયાર થઇ જાઉં છું તું મને લેવા આવજે.”

“બપોરના શોમાં જઈશું?”

“ના સવારના શોમાં જ, તે નવથી બારનો મેસેજ કેમ મોકલ્યો હતો?” મેં લખ્યું.

લવમાં નખરા કરવાની એક અલગ જ મજા હોય છે. જોકે સાચો લવ હોય તો જ અને હું એ લવ સો ટકા સાચો છે એમ તેને બતાવવા માંગતી હતી.

“પણ હું તો હજી હમણા ઉઠ્યો જ છું.”

“એ હું કાઈ ન જાણું ફટાફટ તૈયાર થઇ નવ વાગ્યા પહેલા આવ. હું બારથી ત્રણમાં નથી જવાની.”

“ઓકે બાબા... લવ યુ. શું કરે છે?”

“એ છોડ હવે તારી પાસે અડધો કલાકનો જ સમય છે. બાય.” મેં લખ્યું.

હું ફોન અને સાયકોલોજીની બૂક બંને બાજુ પર મૂકી ઉભી થઈ. મારે ચેન્જ કરવું હતું. મેં સંડેનું ઘરે જ રહેવાનું છે એમ વિચારી જૂની જીન્સ પહેરી હતી એ ચેન્જ કરી મેં પિંક સ્કર્ટ અને વાઈટ ટોપ પહેર્યું. રાઘવને વાઈટ કલર ફેવરીટ હતો એ મોટા ભાગે વાઈટ શર્ટ જ પહેરતો.

*

રાઘવના બાઈકનું હોર્ન સાંભળી હું બહાર ગઈ ત્યારે વાતાવરણમાં ઠંડક હતી. આકાશમાં થોડા વાદળો હતા એટલે તડકો ખાસ હતો નહી.

“કયા થ્રીયેટરે જવાનું છે?” મેં બાઈક પર પિલિયન સીટ પર બેસતા પૂછ્યું.

“કયું ફિલ્મ જોવું છે એ નક્કી કરીએ એટલે ખબર પડે...” એણે કલચ છોડી બાઈકને પ્રથમ ગીયરમાં લીધું એનો અવાજ મેં સાંભળ્યો.

“કેમ આપણે વાત થઈ ગઈ હતી ને?” મેં કહ્યું.

લગભગ બે ત્રણ મીનીટમાં અમે મારી સોસાયટી બહારના રોડ પર પહોચી ગયા હતા. મેં મારા હાથ એના ગળા ફરતે વીંટાળી લીધા. મેં મો પર ઓઢણી બાંધી લીધી હતી એટલે કદાચ એક વખતના પપ્પા જોઈ જાય તોય વાંધો ન આવે. આમેય મને ખબર હતી કે પાપ્પા પુના ગયેલ હતા અને દાદાજી તો ક્યારનાય મેં મન શાંત કરવા માટે યાત્રા ઉપર મૂકી દીધા હતા. દાદાને યાત્રા ઉપર મોકલવાના બે કારણ હતા. એક તો મને બધી તપાસ કરવાનો મોકો મળે બીજું દાદાજીના મનને શાંતિ મળે. મારા અને પપ્પાની ગેરહાજરીમાં દાદાજી માટે એ ઘર અને જીનલની યાદો અસહ્ય હતી.

“ધીમે ચલાવ. મને ખબર છે તું ત્યારનો સોસાયટીના સ્પીડ બ્રેકરનો ફાયદો ઉઠાવી રહ્યો છે.” મેં કહ્યું. સાચે જ રાઘવ સ્પીડ બ્રેકરનો ફાયદો ઉઠાવી રહ્યો હતો. એ દરેક બમ્પ પર બાઈકને ઝાટકે બ્રેક લગાવતો હતો જેથી મારો સીનો એની પીઠ સાથે ચંપાઈ જતો હતો.

“કેમ જે ચીઝ મારી છે એનો ફાયદો કેમ ન લઉં? વેપારીનો દીકરો છું મારા માલનો ફાયદો લેવાનો મને હક છે.” રાઘવે મજાક કરતા કહ્યું.

“હવે જાને હકવાળા... તે ફીલ્મનું કાઈ ન કહ્યું.” મેં વાત બદલી. મને એ વાતમાં રસ ન હતો. બસ રાઘવને એ વાક્ય કહી મારે એને ખાતરી કરાવવી હતી કે હું બધું જાણું છું. બાકી તો એ જેટલો ડુબે એટલો જ મને ફાયદો હતો.

“એ તો મેં તને ખાલી રાગીની એમ.એમ.એસ. કહ્યું હતું બાકી કયા પિક્ચર લાગ્યા છે એ તો સિનેમા જઈએ ત્યારે જ ખબર પડે.” તે હસ્યો.

“એટલે તું જુઠ્ઠું બોલ્યો, એમને?” મેં ફરી મીઠા ઝઘડાની શરૂઆત કરી.

“જુઠ્ઠું નથી બોલ્યો, બસ મને એક મિત્રએ કહ્યું કે સની લીયોનીનું મુવી લાગ્યું છે એટલે મેં એ ફિલ્મ હશે એમ ધારી લીધું.”

“તો તું મને સની લીયોનીનું ફિલ્મ જ કેમ બતાવવા માંગે છે?” મેં પૂછ્યું.

“કેમકે તું એના જેવી જ હોટ છે અને એનો રોમાંસ જોઈ બ્લસ થાય એ જોવાનું મને ગમે છે.”

“મને બ્લસ થતી જોવી ગમે છે કે એને રોમાન્સ કરવી?” મેં ફરી નખરા શરુ કર્યા. બાકી હું જાણતી હતી કે રાઘવ મારા પાછળ કેટલો પાગલ હતો.

રાઘવે એ વાતનો કોઈ જવાબ આપે એ પહેલા અમે સુરમંદિર પહોચ્યા અને એ સવાલ સવાલ જ રહી ગયો. ત્યાં ત્રણ સ્ક્રીન હતા. એક સ્ક્રીન પર કોઈ હોલીવુડનું એકશન મુવી લાગેલ હતું. મને હોલીવુડ મુવી પસંદ હતા પણ બોયફ્રેન્ડ સાથે એક્શન મુવી જોવાનો શું ફાયદો? બીજી સ્ક્રિન પર કોઈ ફેમીલીડ્રામા હતું જેમાં મને કે રાઘવ એકેયને રસ ન હતો. ત્રીજી સ્ક્રીન પર રોમેન્ટિક મુવી હતું.

રાઘવ એ રોમેન્ટિક મુવીની અપર ટીકીટો લઈ આવ્યો. તેણે અપરની ટીકીટો લીધી કેમકે અપરની ટીકીટ લઈ ફર્સ્ટ-રોમાં વોલસાઈડ સીટ પર બેસીએ તો પ્રાયવેસી વધુ મળે.

અમે થીયેટરમાં ગયા. મેં વિચાર્યું હતું એ પ્રમાણે જ બધું નીકળ્યું. સવારનો શો હતો એટલે થીયેટર લગભગ અડધું ખાલી હતું. જે લોકો હતા એ પણ પાછળના ભાગમાં બેઠા હતા. આગળનો ભાગ એકદમ ખાલી હતો. મને ખબર જ હતી કે સવારના શોમાં વધુ પ્રાયવેસી મળશે. આમેય રોમેન્ટિક ફિલ્મો જોનારા રાત્રે કપલમાં આવવાનું જ પસંદ કરે છે એટલે દિવસે ભીડ ન હોય. એમાય સવારના શોમાં તો બિલકુલ ભીડ ન જ હોય. અધૂરામાં પૂરું પહેલી સ્ક્રીન પર ચાલતું હોલીવુડ મુવી ટોમ ક્રુઝનું હતું એટલે મોટા ભાગના લોકોએ એ જ ટીકીટ લીધી હતી.

હું પણ જો એકલી હોત તો એ મુવીની જ ટીકીટ લેત. મારા માનવા મુજબ કોઈક જ એવું હશે જે ટોમ ક્રુઝને એજન્ટ તરીકે જોવાનું પસંદ નહી કરતુ હોય. મને અને જીનલ બંનેને ટોમ ક્રુઝ પસંદ હતો. લગભગ અમે એના બધા મુવી જોયેલા. એની મિશન ઈમ્પોશીબલ સીરીજની હું દીવાની છું એમ કોઈ કહે તો હું ઇનકાર ન કરી શકું! ખરેખર હું મેટ ડેમનની બોર્ન સીરીજ અને ટોમ ક્રુઝની એમ.આઈ. સીરીજની હાર્ડ કોર ફેન હતી.

*

ફિલ્મ શરુ થયું. થોડીકવાર પછી રાઘવે પોતાના ખિસ્સામાંથી એક લોકેટ કાઢી મને આપ્યું. એનું પેડલ રીઅલ ગોલ્ડનું હતું. એ લોકેટની ડીઝાઇન ફિલ્મોમાં એશ્વર્યાના ગળામાં જોવા મળતા લોકેટ જેવી જ હતી. એને જોતા જ એ મોઘું હશે એમ દેખાઈ આવતું હતું.

“સો સ્વીટ! ઈટ ઇઝ એવસમ.” મેં કહ્યું હતું. મને હંમેશાથી સોનાની ચીજો ખુબ પસંદ હતી.

મને એક પળ માટે થયું પોતાની ગર્લ ફ્રેન્ડને સોનાની ચીજ આમ કોઈ કઈ રીતે આપી શકે? શું એના પાછળ એનો કોઈ જુદો ઈરાદો તો નહિ હોય ને?

“શું થયું? પસંદ ન આવ્યું?” એના શબ્દોએ મને વિચારોમાંથી બહાર લાવી હતી.

“આવ્યું ને?” અંધારામાં ચમકતા પેડલ ઉપરથી નજર હટાવી મેં રાઘવ તરફ જોયું.

“તો મારા હાથમાંથી એ લીધું કેમ નહિ?”

“તું તારી જાતે જ મારા ગાળામાં પહેરાવીદે ને?” મેં ફલર્ટ કરતા કહ્યું. હું જાણવા માંગતી હતી કે એ ખરેખર મને ચાહતો હતો કે એવી મોઘી ગિફ્ટો આપી છોકરીઓને ફસાવી તેમને કિડનેપ કરી વેચી તેમાંથી લાખોની કમાણી કરનારા લોકોમાનો એક હતો. હું જાણવા માંગતી હતી કે એ લોકેટ એના મારા તરફના પ્રેમનું પ્રતિક હતું કે મને ફસાવાવા માટે કરેલ ઇન્વેસ્ટમેન્ટ હતું? એ જાણવાનો રસ્તો મારી સામે જ હતો. રાઘવની બને તેટલું વધુ નજીક જવું.

મને થયું રાઘવ પણ સીનીયર છે. એને જીનલ વિશે કઈક તો ખબર હશે જ પણ એને એમ ડાયરેકટલી પૂછવું યોગ્ય ન લાગ્યું. મારે પહેલા એને મારા પ્રેમમાં ડૂબતો જોવો હતો અને ત્યારબાદ જરૂરી માહિતી નીકાળવાની હતી. હું ઉતાવળમાં કોઈ ભૂલ કરવા કે ખોટું પગલું ભરવા માંગતી નહોતી.

“તું દુનિયામાં સૌથી સમજુ ગર્લફ્રેન્ડ છો.” રાઘવે એ લોકેટ મારા ગળામાં પહેરાવતા કહ્યું. એના અવાજ પરથી તો એમ જ લાગી રહ્યું હતું કે એ મને ખરેખર ચાહે છે.

“અને તું દુનિયામાં સૌથી બેસ્ટ બોયફ્રેન્ડ છો.” મેં પણ કહ્યું. મારો આવાજ રોમેન્ટિક બની રહ્યો હતો કે મારા મને અભિનય શરુ કરી નાખ્યો હતો એ મને જ સમજાયું નહી!

“આટલાથી નહિ ચાલે.”

"હું હંમેશા આ લોકેટ પહેરીશ અને જ્યારે પણ તું યાદ આવીશ હું આ લોકેટને ચુમીશ." મેં કહ્યું. મને મારા જ શબ્દોથી નફરત થઇ રહી હતી. હું જીનલ સાથે જે સિનેમામાં આવી ઘણા ફિલ્મો જોઈ ચુકી હતી એ જ સિનેમામાં બેસી હું રોમાન્સ કઇ રીતે કરી શકું? જીનલ હજુ અર્થ અને હેવન વચ્ચે રઝળી રહી હતી અને હું...? પણ મારે એ નાટક ગમે તે ભોગે ચાલુ રાખવું પડે તેમ હતું. હું જાણતી હતી કે કદાચ કોઈ પુરુષ પોતાનો બદલો લેવા પોતાના શારીરિક બળનો ઉપયોગ કરી છળ વિના પોતાનો બદલો લઇ શકે પણ સ્ત્રીએ તો છળનો સહારો લેવો જ પડે. જે રૂપ, જે શરીર જીનલ માટે મોતનું કારણ બન્યું હતું મારામાં પણ એ જ એના શરીર જેવા હાડ માંસ હતા, મારી રગોમાં પણ એ જ લોહી વહેતું હતું જે લોહી એની નશોમાં વહેતું હતું. મારે એ જ શરીર, એ જ રૂપનો ઉપયોગ જીનલની મોતનો બદલો લેવા કરવાનો હતો. કેટલું અજીબ હતું? એક વાર રૂપ મોતનું કારણ બને છે તો ક્યારેક રૂપ મોતનું સાધન બને છે.

"તું માત્ર એ લોકેટને ચુમીશ જ? હજુ કઈક વધુ?" એણે કહ્યું. એના શબ્દોએ મને વિચારોમાંથી બહાર તાણી લાવી.

"થેન્ક્સ ફોર વંડરફૂલ ગીફ્ટ." મેં સાવ ભોળા બની પૂછ્યું, "બસ હવે?"

"હજુ કઈક ખુટે છે?" એણે કહ્યું.

"તો જે જોઈએ છે એ લઈલે ને. ફૂલ પ્રાયવેસી તો છે! આખું થીયેટર ખાલી જ છે." મેં કહ્યું, "હું છોકરી છું તોય બધું મારે જ કહેવું પડશે?"

કદાચ એણે મારા છેલ્લા શબ્દો સાંભળ્યા હતા કે નહિ એ મને ખબર નથી. એણે મારા ખભા પર હાથ મુક્યો. મેં એને ક્યારેય એટલો ખુશ જોયો ન હતો.

જયારે એણે મારા શરીરને હાથ લગાવ્યો મને મારી જાતથી હળાહળ નફરત થઈ રહી હતી! અમુક સમય પહેલાની સંધ્યા હોત તો એને એ સ્પર્શ બદલ ચપ્પલ પડ્યા હોત પણ મારા માટે એ સમયે મારા શરીરનું કોઈ મહત્વ ન હતું. મેં એને મારા શરીરને સ્પર્શ કરવાની છૂટ આપી.

ઈન્ટરવલ દરમિયાન એની મસ્તી મજાક અને હરકતો પર થોડો ઇન્ટરવલ લાગ્યો ત્યારબાદ ફરી લાઈટો બંધ થતાની સાથે જ એ મસ્તી અને અડપલા ચાલુ થઇ ગયા. રોમેન્ટિક મુવી બોયફ્રેન્ડ સાથે જોવાની એટલે જ બધાને મજા આવે છે. કદાચ એટલે જ ગર્લફ્રેન્ડ બોયફ્રેન્ડ સિવાય કોઈ એ મુવી જોતું પણ નહિ હોય કેમકે એ ફિલ્મોમાં વાર્તા તો હોય જ ક્યા છે? જે હોય તે પણ એ કોઈ ઢંગધડા વિનાની ફિલ્મ મારા માટે ખુબ જ ફાયદા કારક સાબિત થઇ.

થોડીક અંતમાં મારા મારી અને બે ચાર ડાયલોગ સિવાય મે કાંઈ જ સાંભળ્યું ન હતું. ત્રણસો રૂપિયાની ટીકીટ ભર્યા છતાં અમે પંદરેક મિનીટ કરતા વધુ કઈ જોયું ન હતું. ફિલ્મ પૂરું કરી અમે બહાર આવ્યા. થીયેટર બહારની કેન્ટીનમાં કોલડ્રીન્કસ અને સમોસાની મજા લીધી. અમે એ જ ટેબલ પર બેઠા હતા જે ટેબલ પર હું અને જીનલ બેસતા. જીનલને બોઈલ્ડ વેજીટેબલ સ્ટ્રાઈપ્સ અને સૂપ પસંદ હતા. અમે જયારે ફિલ્મ જોવા આવતા એ બીજા લોકોની

જેમ નાસ્તો કરવાને બદલે એ સ્થળે જમવાનું પસંદ કરતી. સમોસા અને કોલ્ડ્રીંકસ લેતી વખતે મારી આંખના ખૂણા ભીના થઇ ગયા હતા.

"કોઈને કહીશ નહિ કોલેજમાં કે આપણે ફિલ્મ જોવા ગયા હતા..." પાછા ફરતી વખતે રાઘવે કહ્યું.

"કેમ?" મેં નવાઈથી પૂછ્યું. અમે લગભગ સ્ટોક માઈલ શેરીથી આગળ નીકળી ગયા હતા.

"કેમકે કોઈ પૂછશે કે શું જોયું ફિલ્મમાં તો શું કહીશ?" એ હસ્યો.

"કાઈ નહિ, દુનિયાનો હેન્ડસમ છોકરો મારી બાજુની સીટ પર આવીને બેસી ગયો હતો એટલે હું પડદાને બદલે એને જ જોઈ રહી હતી એમ કહી દઈશ." મેં ફરી ફલર્ટ કરતા કહ્યું. એ ક્યાં જાણતો હતો કે મેં એ ફિલ્મ દરમિયાન મારે જે જોઈતું હતું તે મેળવી લીધું હતું, મેં એને સપૂર્ણ પણે મારા વશમાં કરી લીધો હતો.

"કોણ હું?" રાઘવે કહ્યું.

"ના, તું ડાબી તરફ હતો હું જમણી તરફની સીટની વાત કરી રહી છું."

"એ તરફ તો દીવાલ હતી..."

"હાસ્તો બુધ્ધુ."

"તું ક્યારેય સીરીયસ નથી થતી સંધ્યા?"

"ના." મેં કહ્યું "પણ તારે સીરીયસ વાત સંભાળવી હોય તો લે મેં સાંભળ્યું છે કે ગયા વર્ષે આપણી કોલેજમાંથી ત્રણ છોકરીઓ ગાયબ થઇ હતી એમ હું પણ ગાયબ થઈ જાઉં તો?" મેં મજાક મસ્તીના બહાને સવાલ કર્યો.

"પણ તું જે દિવસે ગાયબ થાય તને ગાયબ કરનાર હું જ હોઉં એટલે કાઈ કરવાનો પ્રશ્ન જ નથી આવતો ને." એણે કહ્યું.

"મતલબ??"

"મતલબ આપણે ભેગા જ તો ગાયબ થઈશું કોલેજમાંથી. આપણને શોધવાની મહેનત બીજાએ કરવાની રહેશે." તેણે જવાબ આપ્યો. શું તેણે મારા પ્રશ્નને મજાક સમજ્યો હતો કે તે ચાલાક હતો અને ચાલાકીથી એ મારા સવાલને ખાળી રહ્યો હતો?

"પણ કદાચ ધારી લઈએ કે કોઈ મને કિડનેપ કરી નાખે તો? આ સીરીયસ છે." મેં ફરી એ જ સવાલ કર્યો.

"તો હું કિડનેપરને ગમે તેટલો મુક્તિદંડ આપીને પણ તને છોડાવી જ લઉં." તેણે પણ ગંભીર બનાવાનો પ્રયાસ કરતા કહ્યું, જોકે હજુ તે એ વાતને મજાકમાં જ લઇ રહ્યો હતો.

"અને એ લોકો રેન્સમ માંગે જ નહિ તો?" મેં કહ્યું.

"તો હું આકાશ પાતાળ એક કરી નાખું પણ તને શોધીને જ રહું?"

"હા, હું પણ એમ જ કરીશ." મારાથી બોલાઈ ગયું, ત્યારબાદ મને ભાન થયું કે હું શું બોલી ગઈ હતી.

"તું પણ એમ કરીશ?" એણે મારા શબ્દો પુનરાવર્તિત કર્યા.

"મતલબ જો કોઈ તને કિડનેપ કરે તો." મેં કહ્યું.

"મને કોણ કિડનેપ કરે? હા, કદાચ કોઈ સુંદર છોકરી કરે અને તો હું એને ત્યાજ રેન્સમ આપી દઉં એટલે એ મને છોડી મુકે. તારે મને શોધવાની જરૂર ન પડે." એણે હસતા હસતા કહ્યું. હું જાણતી હતી એ બેવડા અર્થમાં વાક્યો બોલી રહ્યો હતો અને જરાય સીરીયસ ન હતો.

એ મારી વાતને મજાકમાં લઇ રહ્યો હોય કે એ જવાબ આપવાનું ટાળી રહ્યો હોય બંને સંજોગોમાં એને વધુ કાઈ પૂછવાનો કોઈ અર્થ ન હતો. મને મારા સવાલોના જવાબ મળવાના નથી એ વાત નક્કી હતી.

***

જ્યારે કોઈની રાહ જોવાની હોય એ સમયે સમય જાણે થંભી જાય છે. જે પળની રાહ જોઈ રહ્યા હોઈએ એ પળ નજીક આવવાને બદલે દુર જઈ રહી હોય એમ લાગે છે. લગભગ બધાને કોઈને કોઈ ચીજ કે વ્યક્તિની રાહ જોવાનો અને બોરેડમ મહેસુસ કર્યાનો અનુભવ હોય છે. તમને પણ હશે જ. તમે પણ ક્યારેક કોઈની રાહ જોઈ હશે પણ વિચારો કે એ વેઈટીંગના સમય દરમિયાન તમારી પાસે કોઈ જ સાધન ન હોય જેની મદદથી તમે સમયની જાણકારી મેળવી શકો. તમારી પાસે કોઈ ઘડિયાળ ન હોય જેની મદદથી તમે જાણી શકો કે તમે કોઈની કેટલા સમયથી રાહ જોઈ રહ્યા છો? તો શું થાય?

હું એ સમયમાં ટ્રેપ હતી જ્યાં સમય જાણવા માટે મારી પાસે કશુ જ ન હતું. હું સુરજના આવવાની રાહ જોઈ રહી હતી પણ સુરજ આવશે કે નહિ એની મને ખબર હતી જ નહી. એ મારી મદદ કરશે કે નહી એની પણ કોઈ ખાતરી ન હતી. હું આશા અને નિરાશાની વચ્ચે જોકા ખાઈ રહી હતી. જોકે એવું ક્યારેય બન્યું જ નથી કે ડૂબતો સુરજ સંધ્યાને ન મળે!

હવે ફરી સુરજ ન આવે ત્યાં સુધી મારા માટે રાત હતી. કેટલું અજીબ કહેવાય? આમ તો સુરજ અસ્ત થાય ત્યારે સંધ્યા ખીલે છે પણ અહી સુરજના આવવાની સાથે સંધ્યાની ખીલવાની શક્યતા હતી. સંધ્યા સૂરજનો ઇન્તજાર કરી રહી હતી.

મેં ઉભા થઇ બે ત્રણ ચક્કર લગાવ્યા જેથી લોહીનું પરિભ્રમણ થાય અને મગજને પુરતું લોહી મળે. મારા સ્ટ્રેસ ડોકટરે મને એ રીત શીખવી હતી. જયારે પણ હું બેચેન થતી ત્યારે એમ કરતી.

બે ત્રણ ચક્કર કોરીડોરમાં લગાવ્યા પછી મારી પાસે કોઈ કામ ન હતું. ફરી હું બેઠી અને એ જ વિચાર કરવા લાગી જે મેં હમણાં સુધી કર્યા હતા. મારી કહાનીમાં એક્શન હતી જ નહી. પૂર્વાનુમાન કરવામાં હું ફસાઈ અને હવે પશ્ચાનુંમાન કરીને અહીંથી છટકવાનું હતું. મેં કઈ ભૂલો કરી એ મને ત્યારે જ સમજાય જો હું ભૂતકાળ ઉપર ફોકસ કરું. અલબત્ત સુરજની એક એક વાત ઉપરથી મને કઈક તો જાણવા મળશે જ એની મને ખાતરી હતી એટલે હું એની રાહ જોઈ રહી હતી.

મને પપ્પાના શબ્દો યાદ આવ્યા. જયારે પપ્પાને કોઈ કહેતું કે તમે ફરીથી લગન કેમ ન કર્યા? ત્યારે પપ્પા એક જ જવાબ આપતા શોભના મારા જીવનનું મધ્યબિંદુ હતી. મારા જીવનનું કેન્દ્રબિંદુ હતી. કોઈ પણ સ્થળે ગમે તેટલા બિંદુઓ હોઈ શકે પણ મધ્યબિંદુ કે કેન્દ્ર બિંદુ તો એક જ હોય છે અને શોભના સિવાય મને બીજા કોઈમાં એ મધ્યબિંદુ કે કેન્દ્રબિંદુ નથી દેખાતું.

મને પણ એમ જ લાગી રહ્યું હતું કે સુરજ મારા જીવનનું કેન્દ્રબિંદુ હશે. તે મારા જીવનનું મધ્યબિંદુ બની શકે તેમ હતો કે કદાચ ફરી મારું ગંદુ મન એનો પણ ઉપયોગ કરવા માટે મારા હ્રદય સાથે કોઈ રમત રમી રહ્યું હતું તે મને જ સમજાઈ નહોતું રહ્યું. મને પોતાને ખ્યાલ ન હતો કે મને સુરજ પ્રત્યે કોઈ લાગણી થઇ રહી છે કે પછી મને મારી જાત સામે પણ જુઠી લાગણીઓ બતાવવાની આદત પડી ગઈ છે?

હું સુઈ રહી અને કેટલા સમય સુધી છતને જોતી રહી એનો મને કોઈ અંદાજ ન હતો. મેં એક રીતે એક ગેમ્બલિંગ જ કરી હતી. સુરજ પર વિશ્વાસ કરીને પણ મારી પાસે બીજો કોઈ રસ્તો પણ ક્યાં હતો? કેવી અજીબ વાત હતી. હું મને કિડનેપ કરનારને ભરોષે હતી. એની જ મદદથી પોતાની જાતને મુક્ત કરાવવાના સપના જોવા લાગી હતી. કદાચ મુક્તિ સાથે સાથે બંધનના પણ સપના મારા હ્રદયને કોઈ ખૂણે ઉછરવા લાગ્યા હતા. જોકે એ સપના હું ઉછેરવા માંગતી ન હતી પણ હું લાચાર હતી. ગમે તે કરવા છતાં અમુક વાર હ્રદયને સમજાવી શકાતું નથી. મનને કાબુમાં કરવાની ઘણી રીતો છે પણ કદાચ હ્રદયને તાબામાં કરવા કોઈ રીત હજુ સુધી શોધાઈ જ નથી.

કલાકો વીતી ગયા પણ કોઈ ન આવ્યું. ફરી મારા શરીરમાં ભુખનો અહેસાસ મને થવા લાગ્યો. એનો અર્થ હતો કે બાર કલાક વીતી ગયા હતા. કેવી અજીબ વાત હતી હું મારા શરીરની બાયોલોજીકલ કલોક પર નિર્ભર હતી. જીવનભર ઘડિયાળના સમય મુજબ ખાધું હતું અને આજે શરીરની ભુખ મને ઘડિયાળ બની સમય બતાવી રહી હતી! જોકે મારી બાયોલોજીકલ કલોક હજુ એ સ્થળ સાથે ફીટ ન હતી થઇ. મને બાળપણમાં વાંચેલ ફ્રેંચ વિજ્ઞાનીઓનો ખિસકોલીઓ પરનો પ્રયોગ યાદ આવી ગયો. તેઓ કેટલીક ખીસકોલીઓને બીજા દેશમાં લઇ ગયા હતા અને તેમના શરીર પર થતી ભૂખ તરસ જેવી ચીજો કેટલા સમયે ત્યાના દિવસ રાત સાથે એડજસ્ટ થાય છે એ તપાસ્યું હતું અને નોધ્યું હતું કે એકાદ અઠવાડિયામાં બાયોલોજીકલ કલોક એડજસ્ટ થઇ જાય છે. આપણા દેશના ખેલાડીઓ જયારે ઓલમ્પિકમાં રમવા જાય ત્યારે પણ આપણી ટીમ એક અઠવાડિયા પહેલા જ ત્યાં પહોચી જાય છે. ત્યાંથી તેઓ ત્યાં માટે અક્લેમટાઈઝ થઇ શકે.

એનો અર્થ એ હતો કે મને એ સ્થળે એક અઠવાડિયાથી તો ઓછો જ સમય થયો હતો કેમકે મારી બાયોલોજીકલ કલોક એ સ્થળ સાથે હજુ એડજસ્ટ થઇ ન હતી.

હું સમય વિતાવવા અને મારી જાતને એ વેઇટીંગ બોરેડમથી દુર કરવાના પ્રયાસ કરવા લાગી પણ એ પુરા કોરીડોરમાં કોઇ ચીજ એવી હતી જ નહી કે મારું ધ્યાન ડીસટ્રેકટ કરી શકે. એ કારીડોર મારા માટે બીજું કશુ જ નહી બસ એક સામાન્ય પેસેજ ઓફ સ્પેસ હતું જ્યાં હું સમયના કેટલા પેસેજથી હતી કે કેટલા પેસેજ સુધી રહેવાની હતી એનો મને કોઈ જ અણસાર શુદ્ધા ન હતો.

મારું હ્રદય જોરજોરથી ધબકી રહ્યું હતું. નિરાશા મને સતત ઘેરી વળવા પ્રયાસ કરી રહી હતી. મને છેલ્લે અમે બીચ પર સળગાવેલ વુડ ફાયર યાદ આવી. જેમ એ સુકા લાકડાઓને એક પળમાં અગ્નિએ પોતાની જવાળાઓમાં લપેટી લીધા હતા તેટલી જ તેજીથી નિરાશા મારા હ્રદયની ચોતરફ ભરડો લઇ રહી હતી.

હું મારી જગ્યા પરથી ઉભી થઈ દરવાજા પાસે ગઈ. દરવાજાના પીપ હોલમાંથી બહાર જોયું. બહાર મને માત્ર અને માત્ર અંધકાર દેખાયો એનો અર્થ એ હતો કે સુરજે જાણી જોઇને મારા કેબીનની લાઈટ ચાલુ રાખી હતી. એ લાઈટ બંધ કરવાનું ભૂલ્યો ન હતો. એણે બહારની લાઈટો ધ્યાનપૂર્વક બુજાવી નાખેલ હતી.

હું કેટલા સમયથી ત્યાં હતી એનો મેં અંદાજ લગાવવા માંડ્યો. હું મારી આંગળીઓના વેઢે દિવસો ગણવા માંડી અને જો હું એકાદ બે દિવસ અહી બેભાનની સ્થિતિમાં પડી ન રહી હોઉં તો મારા અંદાજ મુજબ જયારે સવારે સુરજ ઉગે શનિવાર થવાનો હતો. શનિવાર મારા

જીવનમાં ખાસ હોય છે!

બસ જોવાનું હતું કે હવે આવનાર શનિવાર શું નવો વળાંક મારા જીવનને આપવા માટે આવવાનો હતો? તે આવ્યો નહીં. સુરજ નહોતો આવ્યો. કલાકો વીતી ગયા હતા, કદાચ એક પૂરી રાત વીતી ગઈ હતી પણ એ આવ્યો નહી.

હું જાણતી હતી કે હું જે સ્થળે કેદ હતી તેની બહારના ભાગે લોકો જીવનનો આનંદ માણી રહ્યા હતા. મારી આસપાસના મેટલની પેલે પાર લોકો વાતો કરી રહ્યા હતા, ખાઈ રહ્યા હતા, પી રહ્યા હતા અને પોતાની મરજી મુજબનું દરેક કામ કરી રહ્યા હતા.

જ્યારે હું??? જયારે હું માત્ર એક વ્યક્તિની રાહ જોઈ રહી હતી. એ પણ એવા વ્યક્તિની જે મને અહી કેદ કરી રાખતો હતો!

ક્યાંક બહાર સુરજ ઉગતો હતો અને ક્યાંક સુર્યાસ્ત થતા લોકો લાઈટો અને બલ્બ સળગાવી રોશની કરી રહ્યા હતા પણ મારા માટે બધુ જ અસ્ત થઇ ગયું હતું. થોડીકવાર પહેલા સુરજ ઉગી ગયો હતો અને દુનિયા એના ઉજાસનો આનંદ માણી રહી હતી જયારે હું માત્ર અને માત્ર અંધકારમાં ડૂબી રહી હતી!

હું ફરી જઈને સુઈ ગઈ. મારા ઘૂંટણને વાળીને મેં મારી છાતીએ લગાવેલ હતા. હું ટૂંટિયું વાળીને પડી હતી. કદાચ સુરજ ફરીથી ન આવ્યો તો મારે સ્ટારવેશનને લીધે આમ જ ટૂંટિયું વાળીને પડ્યા પડ્યા મારવાનું હતું. મેં મારી જાતને શક્તિહીન થયેલી અને ટૂંટિયુંવાળીને મોતની રાહ દેખતા જોઈ એ કલ્પના ચિત્રથી મારામાં રહી સહી શક્તિ પણ ઓછી થઇ ગઈ. હું એમ પડી હતી, મારા ઉપર પીળા બલ્બનો આછો પ્રકાશ પડતો હતો. કોઈ ફિલ્મી દ્રશ્ય ખડું થયું હતું..!

મારી નજર સામે એક યુવતીનો ક્ષિણ થઇ ગયેલ દેહ અને ફિક્કો પડી ગયેલ ચહેરો તરવરી ઉઠયો. મારા શરીરમાંથી ભયનું એક લખલખું પસાર થઇ ગયું કદાચ હું જીનલ કરતા પણ ખરાબ મોત મેળવવાની હતી. મને મોતનો ભય ન હતો પણ જીનલની મોતના બદલા પહેલા મરવાથી ડરી રહી હતી. બીજી જ પળે મારી આંખો સામે જીનલનો ચહેરો તરવરવા લાગ્યો. જાણે એ મને કહી રહી હતી તું પોતાની બહેનનો બદલો લીધા વિના કઈ રીતે મરી શકે? તે મારી સામે મારા કાતીલોને સજા કરવાનું વચન આપ્યું હતું. મરતી બહેનને આપેલું વચન તું કઈ રીતે તોડી શકે?? તું આમ હિમ્મત કઈ રીતે હારી શકે?? કાયર છે તું સંધ્યા... તને મારી શું ફિકર? હું કેવી રીતે તડપીને મરી છું ને તું એક વર્ષથી કોલેજમાં કાતીલોને શોધવાના બહાને જીવન માણતી હોય એમ લાગે છે....

હું ચીસ પાડીને ઉભી થઇ ગઈ... ના જીનલ ના... મારી બહેન કરતા મારા માટે વધારે શું હોય? પણ ત્યાં જીનલ આંખમાં આંસુ સાથે ખૂણામાંના અંધારામાં ગાયબ થઇ ગઈ. હું ફસડાઈ પડી. બે હાથમાં ચહેરો ઢાંકી હું રડી.... ધ્રુસકે ધ્રુસકે હું રડી... મારી જીનલ.. હે ઈશ્વર મને હિમત આપ... માત્ર એક ઈશારો કર.... હું એ બધાને નરકમાં મુકીશ... બસ એક ઈશારો કર...

મારા મનમાં જીનલના, દાદાના, દાદીના, મમ્મીના અને પપ્પાના વિચારો આવવા લાગ્યા. એ દરેક વ્યક્તિના ચહેરા મારી આંખ સામે તરવરવા લાગ્યા જેમને હું પસંદ કરતી હતી, જેમને

હું ચાહતી હતી.

હું રડવા લાગી. મારી આંખોમાંથી અત્યાર સુધી સાચવીને રાખેલ એક એક આંસુ વહીને બહાર આવવા લાગ્યા.

એકાએક મેં બહાર કોઈ અવાજ સંભાળ્યો. હું ઝડપથી ઉભી થઇ. કોણ હશે?

શું સુરજ આવ્યો હશે??

હું પીપહોલમાંથી જોવા માટે દરવાજા તરફ જવા લાગી પણ દરવાજા પાસે પહોચું એ પહેલા મારો પગ જમીન પરના એક મેટલના ટુકડા સાથે અથડાયો અને હું જમીન પર પટકાઈ. મારી આંખો મીંચાવા લાગી. કદાચ મારા માથામાં ચોટ વાગી હતી અને હું પણ જીનલની જેમ જઈ રહી હતી.

હું મારા શ્વાસને ઝડપથી ચાલતા અનુભવી રહી હતી. મારું હ્રદય જોરથી ધબકી રહ્યું હતું. બધુ જ કાળું થઇ રહ્યું હતું! મારી ચારે તરફ અંધકાર ઘેરાઈ રહ્યો હતો.

કદાચ હું બેભાન થઇ રહી હતી!

"સંધ્યા, વેક અપ, વિલ યુ?" મેં સૂરજનો અવાજ સાંભળ્યો. એ ક્યારે રૂમમાં દાખલ થયો એની મને જાણ ન રહી. મેં મારી આંખો ખોલવાનો પ્રયાસ કર્યો પણ હું ન ખોલી શકી.

બીજી જ પળે મેં મારા ચહેરા પર કોઈએ પાણીની આખી બોટલ ઉંધી વાળી દીધી હોય એમ અનુભવ્યું અને હું મારી આંખો ખોલવાના બીજા પ્રયાસમાં સફળ રહી.

"આઈ એમ સોરી. મને બહુ લેટ થઇ ગયું. કઈક એવું કામ આવી ગયું હતું કે હું ન આવી શક્યો."

મેં મારી આંખો ખોલી. મને સૂરજનો ચહેરો દેખાયો. એ મારા પર જુકીને ઉભો હતો. એના ચહેરા પર અને તેની આંખોમાં મને ચિંતા દેખાઈ રહી હતી. મને ઉભા થવામાં મદદ કરતા બસ એ સતત બોલ્યે જતો હતો "આઈ એમ સોરી..."

તેણે મને હાથનો ટેકો આપી બેઠી કરી. હું મેટલની દીવાલનો ટેકો લઇ બેઠી. મારા માથામાં સણકા ઉપડતા હતા અને પગમાં વજન લટકાવ્યું હોય તેવો દુખાવો થતો હતો.

"શું થયું હતું?" એના અવાજમાં ચિંતા હતી.

"મને ચક્કર આવી ગયા. હું પડી ગઈ હતી." મેં કહ્યું.

"સોરી, મારે બે દિવસ બહાર રહેવું પડ્યું. આકસ્મિક કામ હતું."

"વોટ? તું બે દિવસથી નથી આવ્યો? શું હું બે દિવસથી તારી રાહ જોઈ રહી હતી?"

"હા, એટલે જ તો ભૂખને લીધે તને ચક્કર આવી ગયા હશે."

"આજે કયો વાર છે?" મેં પૂછ્યું ત્યારે મારું ધ્યાન એના ચહેરા ઉપર ગયું. એના વાળ તો બરાબર ઓળાવેલ હતા પણ એની દાઢી અને મૂછો હજુ વધેલી હતી. પહેલાની જેમ જ. આ માણસ બે દિવસથી બહાર હતો તો એણે આ દાઢી કેમ રાખી હશે? શું એને સમય નહી

મળ્યો હોય? કે બીજી છોકરીને કિડનેપ કરવામાં વ્યસ્ત હશે? કદાચ એ પોલીસથી ભાગતો હોય કે પછી એને દાઢી કે ચહેરાથી કોઈ ફરક નથી પડતો? ક્યાંક એ જિંદગીથી ભાગી રહેલો માણસ તો નથી ને?

"સંડે. કેમ?"

"ખાલી આમ જ ગમે તે વાર હોય મને શું ફરક પડે છે." મેં કહ્યું. મારું મન એના વિશે જ વિચારતું હતું. મારા મનમાં એક એક બાબત ધ્યાનમાં આવવા લાગી. સુરજ સિગારેટ કે દારુ નથી પીતો. એ કપડા પણ બદલતો નથી. એ ચહેરા કે વાળ દાઢીનું ધ્યાન રાખતો નથી. એ એના શિકારને ગોળી લાવી આપે ??? કેમ ? મારે એ જાણવું જ હતું. મારી પાસે એક નવો રસ્તો હતો. કદાચ સુરજ!

"તારા માટે જમવાનું લાવ્યો છું." કહી એણે ડીશ મારા હાથમાં આપીં. એ કેબીનમાં દાખલ થયો ત્યારે હું બેભાન હોઈશ એટલે એણે પ્લેટ નીચે મૂકી દીધી હશે અને મને જગાડવાનો પ્રયાસ કર્યો હશે. મેં ડીશ લઈને પલાઠી વાળી. એણે આપેલી બોટલમાંથી ગ્લાસ ભરી પાણી પીધું.

"કોઈ તને જમવાનું આપવા નહોતું આવ્યું?" મેં પહેલો કોળીયો ભર્યો એ સમયે એણે પૂછ્યું.

"ના, કેમ અહી કોઈ બીજું પણ છે?" મેં કહ્યું.

"આમ આ સ્થળે અમે ત્રણ જણ છીએ પણ જ્યારે હું બહાર જાઉં બીજા બે વ્યક્તિને બહારથી મુકવામાં આવે છે. હું એમાના એકને તારું ધ્યાન રાખવાનું કહીને ગયો હતો."

વાહ!! મને કિડનેપ કરી રાખનાર વ્યક્તિ મારું ધ્યાન રાખવાની ભલામણ કોઈને કરીને ગયો હતો!!! મારા મનમાં સવાલ થયો. હવે મને સુરજ ગજબ કિસમનો માણસ લાગવા માંડ્યો. મને સુરજ ક્યાંક ક્યાંક મારા જેવો જ રહસ્યમય લાગવા માંડ્યો હતો.

"આપણે ક્યા છીએ?"

"મારે તને જવાબ તો ન આપવો જોઈએ પણ શું ફેર પડે છે. આપણે એક જુના વેર-હાઉસમાં છીએ. આ વેર-હાઉસ રજીસ્ટર મુજબ કોના નામે નોધાયેલ છે એ મને પણ ખબર નથી. બસ અહી જુના ભંગાર કન્ટેનરો છે જે હવે કદાચ કોઈ કામના નથી અને નકામી થઇ ગયેલ એવી કેટલીયે ચીજો જે હવે કોઈના માટે ઉપયોગી નથી. એ બધું અહી તોડવામાં આવે છે." એણે કહ્યું.

એ મને ખાતા જોઈ રહ્યો હતો. એની આંખોમાં હજુ પણ મને હમદર્દી સિવાય કશું જ નહોતું દેખાઈ રહ્યું. મને હવે સમજાયું કે બહાર દરવાજે કોઈ હથોડી મારીને મને ડરાવતું ન હતું પણ એ અવાજ લોખંડ તોડવાનો કાપવાનો હતો.

"હું ભૂલી જ ગયો હતો. મેં તારા માટે ગોળીઓ લાવી છે અને આ એક પુસ્તક પણ વાંચવા માટે. બહુ સારું છે." એણે કહ્યું.

મેં પુસ્તક મારા ડાબા હાથમાં પકડ્યું, કેમકે મારો જમણો હાથ ખાવામાં વ્યસ્ત હતો.

“તે વાંચ્યું છે?” એણે એ પુસ્તકને સારું કહ્યું એટલે મેં એને પૂછ્યું.

“ના, મેં નથી વાંચ્યું પણ મારી બહેને વાંચ્યું છે એને આ પુસ્તક બહુ ગમે છે. એના ફેવરીટ લેખકનું છે.” એણે કહ્યું.

“હું જરૂર વાંચીશ, જો તું લાઈટ ચાલુ રાખીને જઈશ તો.....” મેં પુસ્તકના કવરને જોતા કહ્યું. કવર ઉપર “નાગમણી સિરીઝ ભાગ 1-2-3’ લખેલું હતું. મને કવર જોતા જ સમજાઈ ગયું કે એ પુસ્તક લવસ્ટોરી હશે.

“હું અહીંથી બહાર જઈ નથી શકવાની તો આ પ્રેમ કહાની વાંચીને શું ફાયદો?” મેં એક નિશ્વાસ નાખતા કહ્યું. એ નિશ્વાસમાં એક રહસ્ય હતું. મેં બધા વાક્યો ચીપીને બોલ્યા હતા.

“તને મરવાની ડર લાગી રહી છે?” એણે મારા પ્રશ્નને પ્રશ્ન વડે જ આવકાર્યો.

“ના, મને મરવાની ડર નથી લાગી રહી.”

“કેમ? તારા જેવી છોકરીમાં મોતનો સામનો કરવાની હિમ્મત કઈ રીતે હોઈ શકે?”

“હા, તારી વાત સાચી છે મારા જેવી છોકરીમાં મોતનો સામનો કરવાની હિમ્મત નથી હોતી. મારા જેવી મોટા ભાગની છોકરીઓ મોતનું નામ સાંભળતા જ ફફડી ઉઠે છે. પણ હું નથી ડરતી.”

“કેમ?” એણે અદબ વાળી અને ભીતનો ટેકો લીધો એ પરથી મને સમજાઈ ગયું કે એને મારી વાતમાં રસ છે અથવા કદાચ બહાર એના જેવા જે બે માણસો છે એમની સાથે સુરજને વાત કરવી નહી ગમતી હોય. કદાચ એ લોકોની સિગારેટ દારુ કે ગંદી વાતોમાં એને રસ નહી હોય. પણ તો અહી કેમ છે? કદાચ મારી જેમ એની પાસે પણ એ અહી કેમ છે એનું કારણ હશે. પણ હવે એ કારણ કઈ રીતે કઢાવવું એ મહત્વનું હતું. એના એક વાક્ય પછી હું વિચાર કરીને બોલતી. અહી લખતા આ સમય લાગે છે એટલો સમય મારું મન બગાડતું ન હતું. હું યુધ્ધના ધોરણે વિચારી એને જવાબ આપતી હતી. એ પણ એકદમ સાચવીને. મને એક પણ શબ્દ બિનજરૂરી વાપરવો પરવડે તેમ ન હતો. મેં ક્યાંક સાંભળ્યું હતું કે લખેલા અને બોલેલા શબ્દોમાં શક્તિ હોય છે. મને એ વાત હવે સાચી લાગી રહી હતી કેમ કે મારા શબ્દોમાં જ અહીંથી બહાર નીકાળવાની શક્તિ હતી. કદાચ શરીર એ કામ કરવા અસમર્થ હતું.

“કેમકે કે મેં મારી બહેન જીનલને મારી આંખો સામે મરતા જોઈ છે. મેં એને અઠવાડિયાઓ સુધી હોસ્પીટલના બેડ પર મોતની રાહ જોતા જોઈ છે. મેં એને મોત સામે લડતા જોઈ છે. મોતનો સામનો કરતા જોઈ છે અને એ દરેક પળ મને મોતના ડરથી દુર રાખે છે. હું જાણું છું કે જો મારી ફૂલ જેવી કોમળ બહેન મોત સામે લડી શકતી હોય તો હું કેમ ન લડી શકું?” હું એ બધા દ્રશ્યો આંખ સામે દેખાતા હોય એમ બોલી. હું સુરજ સાથે એ રીતે વાત કરી રહી હતી જાણે અમે એકબીજાને વર્ષોથી ઓળખતા હોઈએ. એ અહી કેમ છે એ જાણવા માટે મારે સત્ય કહીને એને ઈમોશનલ કરવો જ રહ્યો. એ પછી હું વધારે કોળીયા લઇ શકી નહી.

“શું થયું હતું એને?” સુરજે જોયું મે ડીશ વચ્ચે જ મૂકી દીધી. એના ચહેરા પર ઉદાસીના ભાવ હતા એ મેં પણ જોયું.

"શું થયું મોતના સોદાગરની આંખમાં કોઈની મોત વિશે જાણી પાણી કેમ?" મેં કઈક મર્મમાં પૂછ્યું.

"કેમકે મારી પણ એક બહેન છે. જેને બચાવવા માટે હું મોતનો સોદાગર બન્યો છું. એ પણ તારી જીનલ જેમ દર મહીને મોત સામે લડે છે. દર મહિનાની ત્રીજી તારીખે મોત એને લેવા આવે છે અને હું મોતના સોદાથી કમાયેલ રકમની મદદથી એ મોતને પાછું મોકલું છું." એનો ચહેરો તપી ઉઠ્યો.

"શું નામ છે તારી બહેનનું?" મેં સ્ટ્રેસની ગોળી લીધી અને વાત આગળ ચલાવી.

"રોશની.."

"એને શું થયું છે?"

"એ રેર ડાયાબીટીશ કેસ છે. પંદર વર્ષની ઉમરમાં જ તેને એવો ડાયાબીટીશ લાગુ પડ્યો છે જે ડોકટરોને પણ નથી સમજાતું. કદાચ વિજ્ઞાન અને મેડીકલ જગતમાં એ રેર કિસ્સો છે. દર મહીને તેને દેખાતું બંધ થઇ જાય છે તેની બંને આંખોમાં એક એક ઈન્જેકશન અપાવવું પડે છે જેથી એ દેખી શકે. દર મહીને એના માટે મોત આંટો મારે છે. માત્ર હજારો રુપિયા જ એને જીવિત રાખી શકે છે." કહેતો સુરજ પણ દીવાલનો ટેકો લઈને બેસી ગયો.

"એને કાઈ નહી થાય.. એની સાથે જીનલ જેમ કઈ નહિ થાય." મેં એને સાત્વના આપતા કહ્યું.

"જીનલને શું થયું હતું?"

"બહુ લાંબી કહાની છે."

"હું સંભાળવા માંગીશ. મારી પાસે આમેય હવે કોઇ કામ નથી. આવતા મહિનાની ત્રણ તારીખ સુધી હું નવરો છું. બસ એ બે દિવસ દરમિયાન હું રોશનીને દવાખાને શહેર લઇ જાઉં છું."

"હું પણ જીનલના અક્સ્માતના સમાચાર સાંભળી દિલ્હી હોસ્ટેલમાં ભણતી હતી ત્યાંથી ઘરે જવાને બદલે સીધી જ હોસ્પિટલ ગઈ હતી. મને સતત બીપ... બીપ... બીપના અવાજ સંભળાઈ રહ્યા હતા. એ નાનકડું મશીન જાણે મારા જીવ સાથે જોડાયેલ હોય એટલું મહત્વનું હતું. એ મશીન જીનલના હ્રદયના ધબકારા બતાવી રહ્યું હતું. જીનલ કાઈ બોલી શકવાની હાલતમાં ન હતી. બધા કહેતા તે મુજબ એને ચાલુ કારમાંથી ફેકી દેવામાં આવી હતી. છતાં એ પોતાની જાતને નશીબદાર માનતી હતી. કેમકે એના સાથે જ કારમાં કિડનેપ થયેલ જે બે છોકરીઓ કારમાંથી ફેકી નહોતી દેવાઈ તે ક્યા હતી એની કોઈને જાણ ન હતી." મારી આંખોમાં આંસુ હતા, હું એ બધું માંડ બોલી શકતી હતી. સુરજ મને જોઈ રહ્યો હતો. કદાચ એ પોતાની બહેનના વિચારમાં હતો. મારી જીનલની વાત સાંભળી એ વધારે ઉદાસ થયો હતો.

"હું સમજી શકું છું એ સમયે તારા પર શું વીતી હશે, હું આ સ્થિતિમાંથી પસાર થયો છું." સુરજ કદાચ મારો સમદુખિયો હોય એમ મને લાગ્યું. કદાચ આ જ વાત મેં કોઈ કોલેજના મિત્ર કે સારા માણસોમાં ગણાતા એકને કહી હોત તો એ માત્ર બનાવટી અફસોસ વ્યક્ત કરોત પણ સુરજ... એ સંભાળતા જ સુરજની ચમક ઓછી થઇ ગઈ... એ અસ્ત થવા લાગ્યો હોય

એમ દેખાઈ રહ્યું હતું અને કહે છે ને કે સુરજ જયારે અસ્ત થવાની તૈયારીમાં હોય ત્યારે જ એ સંધ્યાને મળે છે...!!!

અહી પણ સંધ્યા અને સુરજને એક થવા માટે એક સૂરજનું અસ્ત થવું અને બીજા સૂરજનો ઉદય થવો જરૂરી હતો! મને લાગી રહ્યું હતું કે કદાચ મને જે સુરજની જરૂર હતી એ સુરજ ધીમે ધીમે ઉગવા લાગ્યો હતો.

“હું ઉદાસ હતી પણ જીનલની આંખોમાં એક શાંતિ મને દેખાઈ. એ મરી રહી હતી પણ એની આંખોમાં એક રાહત હતી કે તેનો પરિવાર તેની સામે હતો. તે પોતાના પરિવારના સહવાસમાં મરવાની હતી. જ્યારે તેની બે સહેલીઓ જે કિડનેપ થઈ હતી તેઓ એટલી નસીબદાર હતી નહી કેમકે તેઓ કોઈ અજાણ્યા સ્થળે કોઈ અજાણ્યા લોકોના હાથે મરવાની હતી જ્યાં તેમને મરતા જોઈ કોઈ દુ:ખી થવાનું ન હતું. જીનલ મારાથી બે વરસ જ મોટી હતી. અમે બંને બાળપણમાં ભેગુ જ રમતા અને ભેગુ જ ખાતા! અમે બંને સગી બહેનો હતી પણ એકબીજાની મિત્ર હોઈએ એમ રહેતી. મેં ક્યારેય સપનામાં પણ નહોતું વિચાર્યું કે એક દિવસ એ મને છોડીને જશે...!!” મેં મારા જમણા હાથની હથેળીથી પોતાના આંસુ લૂછ્યા. હું ઈમોશનલ થઈને કહેતી હતી છતાં મેં એક વાતનું ધ્યાન રાખ્યું હતું. મેં સુરજને બધું સત્ય કહ્યું પણ જીનલ મારાથી નાની હતી એ વાત ન કહી.

સુરજ એ બધું મજબુત બની સાંભળી રહ્યો હતો પણ એની આંખોમાંથી બહાર ન આવી શકતા આંસુ હું અનુભવી શકતી હતી. કદાચ તેને પણ પોતાની બહેનને સતત મોત સામે લડતા જોઈ આંસુને પી જવાનું શીખી લીધું હશે. કમ-સે-કમ તેનું મનોબળ મારાથી વધુ હતું કેમકે તે પોતાની કાયમ મોત સામે લડી રહેલ અને વેદનાથી પીડાઈ રહેલ બહેન માટે મોતની દુવા તો માંગતો ન હતો!

“હું જીનલ નજીક ગઈ હતી. એ કઈક બોલવા માંગતી હતી પણ એના ગળામાંથી અવાજ ન નીકળ્યો. તેના હોઠ ધ્રુજતા હતા ફફડતા હતા. તે પોતાના મનની કોઈ વાત કહેવા માટે પોતાની જાતથી સ્ટ્રગલ કરી રહી હતી. હું તેના બેડ પર બેઠી. તેણીએ મહામહેનતે પોતાનો હાથ ઉંચો કર્યો અને મારા ગાલને સ્પર્સ કર્યો. તે શ્વાસ લેવા માટે મથી રહી હતી. હું એના હ્રદયના ધબકારા બતાવતી એ નાનકડી મશીન તરફ જોઈ રહી. એ કઈક બોલવાનો પ્રયાસ કરી રહી હતી પણ અવાજ એના ગળા બહાર નિકળવા ન માંગતો હોય એમ એ મમ્બલ કરી રહી હતી.” મારે વાત કહેતા કહેતા મારા આંસુ ફરી લુછવા પડ્યા.

“એના હાથના સ્પર્શ પરથી હું સમજી ગઈ હતી કે એ હવે અમારી વચ્ચે અમુક મીનીટો માટે જ હતી કેમકે એના હાથ ઠંડા પડી ગયા હતા. ગો જીનલ. આઈ વિલ બી ફાઈન. ડોન્ટ હોલ્ડ ઓન ફોર મી. હું એને કહેવા માંગતી હતી! હું જાણતી હતી હવે જીનલ બચી જશે તો પણ તેના નાના મગજ પર ભારે ચોટ વાગવાને કારણે કઈ જ યાદ નહી કરી શકે. હું મારી બહેનને એ અવસ્થામાં જોવા નહોતી માંગતી જેમાં એ પોતાને જ જાણતી ન હોય!” હું થોડીક વાર માટે અટકી, મારા ગળામાં ડૂમો ભરાઈ આવ્યો હતો.

“હું પણ દર મહિનાની ત્રીજી તારીખે રોશનીને મારાથી બહુ દુર જતી અનુભવું છું અને એને દુર જતી રોકવા માટે ગમે તે કરવા તૈયાર થઇ જાઉં છું.” સુરજે કહ્યું તેનો અવાજ ફિક્કો હતો પણ તેમાં દુનિયાભરની કડવાશ હતી.

"કદાચ હું દુનિયાની પહેલી એવી વ્યક્તિ હતી જે પોતાની સૌથી ગમતી વ્યક્તિના મૃત્યુની દુવા ભગવાન પાસે માગી રહી હતી. મેં એની આંખમાંથી એક આંસુ નીકળતું જોયું અને એની આંખો બંધ થઈ ગઈ. જીનલ હવે આ દુનિયામાં નથી રહી. એ એક અલગ જ દુનિયાની બની ચુકી હતી જ્યાં તેને કોઈ દુઃખ કે તકલીફ ન હતી." મેં મારી વાત પૂરી કરી.

"પણ એની એ હાલત કઈ રીતે થઇ? કોણે એની એ હાલત કરી હતી?" સુરજની આંખમાં મને હવે આંસુઓ ચોખ્ખા દેખાઈ રહ્યા હતા.

"એ મૃત્યુ પામી એના એક અઠવાડિયા પહેલા સ્પોર્ટ્સકલબથી પાછા ફરતી વખતે જીનલ અને તેની સાથે ટેનીસની પ્રેક્ટીસ કરતી બે છોકરીઓને કાળી સ્કોર્પીઓમાં કોઈએ કિડનેપ કર્યા હતા. શહેરથી બહાર ગયા પછી એ ગાડી ચાલકે જીનલને ચાલુ કારમાંથી બહાર ફેકી દીધી. છેલ્લા સાત દિવસથી જીનલ પોતાના મૃત્યુ સામે લડી રહી હતી. એ કદાચ જીવવા માંગતી હતી કેમકે એ જાણતી ન હતી કે એ બચી જશે તો પણ અર્ધ પાગલ અવસ્થામાં પોતાની બધી જ યાદો ગુમાવી એ જીવવાની હતી. ડોકટરોના કહેવા મુજબ જયારે જીનલને બહાર ફેકવામાં આવી તેના માથાનો પાછળનો ભાગ રોડની બાજુ પર મુકેલા માઈલ સ્ટોન સાથે અથડાયો હતો જેના લીધે તેના માથાની કેટલીક એવી નશો ખતમ થઈ ગઈ હતી. કદાચ કોઈ ચમત્કારને લીધે બચી જાય તો પણ તે પોતાનું માનસિક સંતુલન ગુમાવી નાખશે.

હું એકાદ ડગલું બાજુ પર ગઈ હતી. ડોકટરો અને નર્સો રૂમમાં ધસી આવ્યા. પપ્પા હજુ રુમમાં જ એક ટેબલ પર બેઠા હતા. દાદાને હજુ અમે અંદર આવવા જ નહોતા દીધા કેમકે અમને નહોતું લાગતું કે દાદાજી અને દાદી જીનલના મૃત્યુને જોઈ શકવા સમર્થ હતા." હું અટકી એટલે સુરજે મને પાણીની બોટલ આપી. એ સમજી ગયો હતો કે હું આગળ બોલી નહિ શકું. મેં પાણી પીધું અને આગળ કહેવા માંડ્યું.

"ડોકટરો અને નર્સો પોતાની ફોર્માલીટી કરવા લાગ્યા. તેઓ તેના હાથની નશો જોયા પછી પણ એને મરેલી જાહેર કરવાને બદલે તેને કરંટના ઝટકા આપવાની તૈયારી કરવા લાગ્યા. હું તે જોવા ત્યાં ન રોકાઈ કારણ કે હું જાણતી હતી મારે જીનલને જેટલું દર્દ સહન કરતા જોવાની હતી એ મેં જોઈ લીધું હતું. જીનલે જે તકલીફ સહન કરવાની હતી એ કરી લીધી હતી. હવે એ કરંટના ઝટકા એનું કઈ જ બગાડી શકવાના નથી. એ બીજી દુનિયામાં ચાલી ગઈ હતી જ્યાં શારીરિક પીડા નામનો શબ્દ જ નથી હોતો! હું રૂમ છોડી હોલ તરફ જવા લાગી. મને ડોકટરો અને નર્સોનો શોર ધીમો ધીમો સંભળાઈ રહ્યો હતો. સી ઈઝ ડેડ. જેવા ડોકટરના ફાઈનલ શબ્દો પણ મારા હ્રદયને કોઈ જ અસર કરી શક્યા નહી કેમકે હું એના જીવવાની નહી એના મરવાની રાહ જોઈ રહી હતી. કદાચ તને મારા પ્રત્યે નફરત કે ધ્રુણા થશે કે હું પોતાની લાડલી બહેનના મોતના સમાચાર સાંભળી એક સિસકારો પણ ન લઇ શકી. મેં બહેનના મોતના સમાચાર સાંભળી એક પોક પણ ન મૂકી. પણ મેં જીનલને એક અઠવાડિયાથી લોહીના આંસુઓથી રડતા જોઈ હતી. એને એ યાતના ભોગવતી જોઈ હતી જે કદાચ તે કોઈ પુસ્તકમાં વાંચી નહી હોય કે કોઈ ફિલ્મના પરદા પર પણ નહી જોઈ હોય."

"મને તારાથી કોઈ નફરત નથી બસ આ બધું રચનાર ભગવાનથી નફરત કરું છું." સુરજે કહ્યું. હું એનો ગુસ્સો સમજી શકતી હતી.

"હું હોલમાં પહોચી એટલા સુધીમાં રૂમમાંથી આવતા એ અવાજો શાંત થઇ ગયા હતા. હું જાણતી હતી કે ડોકટરો અને નર્સો માટે કોઈ વ્યક્તિના મોતનો કોલાહલ કરવા માટે એકાદ

મિનીટ કરતા વધુ સમય નથી હોતો. મારી પાસે આખી જિંદગી પડી હતી એના મોતનો શોક મનાવવા.. એના મોતનો કોલાહલ મનાવવા.... પણ હું મારું જીવન એના મોતનો શોક મનાવવામાં નથી વિતાવવાની કેમકે ભલે જીનલ પોતાનું છેલ્લું વાક્ય બોલી ન શકી પણ મેં એની આંખમાં એના શબ્દો જોઈ લીધા હતા. એ મને કહી રહી હતી સંધ્યા તારે મારા મોતનો બદલો લેવાનો છે. તારે મારા કાતીલોને ફાંસીના ફંદા સુધી લઈ જવાના છે!!!! જ્યારે મેં મનમાં વિચાર્યું હતું કે મારી સાથે જોડાઈ રહેવાનો મોહ ન કર જીનલ હવે તારી જાતને વધુ તકલીફ આપ્યા વિના ચાલીજા.... મારા માટે વધુ દર્દ સહન ન કર હું મારી જાતને સંભાળી લઈશ ત્યારે એક વણ કહ્યું વચન મારા મુખેથી અપાઈ ગયું હતું જા જીનલ જા, હું તારા ખૂનીઓને ફાંસીની સજા તો શું એથી પણ બદતર સજા આપીશ, રૂહ કંપી જશે એવી ભયાનક સજા... નરકનો શેતાન ધ્રુજી ઉઠે એવી સજા...” મારા આંસુની જગ્યાએ આંખોમાં નફરત ઉતરી આવી.

“અને શું તું એના કતીલોને શોધવામાં સફળ રહી??” સુરજે પૂછ્યું.

“ના, એ પહેલા જ હું પણ કિડનેપ થઇ ગઈ. મને મોકો જ ન મળ્યો. કદાચ એ બધું કરનાર તારો બોસ જ હશે! શું હું તારા બોસનું નામ જાણી શકું તેથી હું મરતા પહેલા મારી બહેનના કાતીલનું નામ જાણી શકું...” મેં કહ્યું.

“એનું નામ નહી જાણે તો કદાચ અહીંથી તું જીવતી જઈ શકીશ. હું તને એનું નામ નહી આપું. હું તને જાતે મોતના મોમાં નહી હોમું. હું તારી મદદ કરવા માંગું છું પણ હું મજબુર છું. મારે રોશની તરફ સતત આગળ વધી રહેલા મોતને અટકાવવું છે.” સુરજ મારાથી નજર ફેરવીને બોલ્યો. સુરજ ઇનકાર કરી રહ્યો હતો અને મારી આશા તૂટતી હતી જે મને મંજુર ન હતું.

“હા, પણ જે દિવસે તું પોલીસની ગોળીનો શિકાર થઇ જઈશ પછી?”

“પછી જે થવાનું હશે તે થશે પણ મારા જીવતે જીવ હું એને મરતી નહિ જોઈ શકું. હું ગમે તે કરીને એનો ખર્ચ પૂરો પાડીશ. એને ક્યારેય કોઈ હોસ્પિટલ સારવાર કરવાની ના નહિ પાડે. અને જ્યારે મને એક સાથે પચાસ લાખ મળી જશે તો હું એને વિદેશ સારવાર માટે લઇ જઈશ. પછી દર મહીને એની તરફ આવતું મોત એની આસપાસ ક્યારેય નહી ફરકે. એ છેક ઘરડી થશે ત્યાં સુધી નહિ.” એટલું કહેતા સુરજ સાવ પીગળી ગયો. અત્યાર સુધી પહાડ જેમ કઠોર લાગતો એ નાના બાળક જેમ રડી પડ્યો. પણ મેં એના રડવા ઉપર નહી એના વાક્ય ઉપર ધ્યાન આપ્યું. પચાસ લાખ એક સાથે મળે તો એની બહેન રોશની બચી જાય એ વાત મારા મને પકડી લીધી.

“અને એ રકમ હું તને આપી દઉં તો તું મને મારી બહેનના કાતીલો સાથે બદલો લેવામાં મદદ કરીશ?” એ સમય બરાબર યોગ્ય હતો. સુરજ પોતાની બહેન માટે અને હું મારી જીનલ માટે ઈમોશનલ હતા એટલે મેં કહ્યું.

“તું જુઠ્ઠું બોલી રહી છે. હું સમજી શકું છું માણસ જીવ બચાવવા કઈ પણ બોલી શકે છે.” કહી સુરજ ઉભો થઇ ગયો.

“તું કઈ રીતે કહી શકે કે હું જુઠ્ઠું બોલી રહી છું?” હું પણ એની પાછળ ઉભી થઇ નજીક ગઈ. આ વખતે હું જરાય ખોટું નહોતી બોલી.

“કેમકે કોલેજમાંથી કદી કોઈ અમીર છોકરીને નથી ઉઠાવવામાં આવતી. જેના માતા પિતા અમીર હોય અને લાંબી પોલીસ તપાસ ચલાવવા પોલીસ પર દબાણ લાવી શકે. બોસ હમેશા સામાન્ય ઘરની છોકરીઓને જ કિડનેપ કરે છે જેમના ઘરમાં પચાસ લાખતો શું પાંચ લાખ પણ નથી હોતા.”

“તારી વાત સાચી છે. તારા બોસે જે છોકરીના ઘરમાં પાંચ લાખ પણ નથી એને કિડનેપ કરી છે પણ એ જ છોકરીના એકાઉન્ટમાં એક કરોડ રૂપિયા છે.” મેં કહ્યું.

“એ કઈ રીતે શક્ય છે?” સુરજે મારી સામે જોયું. કદાચ એને થોડો વિશ્વાસ આવ્યો હશે.

“મારા પિતાજી જે કંપની માટે કામ કરે છે એ કંપનીના માલીકે એની કંપનીમાં કામ કરતા કેટલાય એમ્પ્લોયીઓના નામે પોતાના રૂપિયા મુકેલા છે. અમારી જમીન અમે તેને વેચી છે એવા ખોટા કાગળો બનાવી એણે મારા ખાતામાં એ રકમ જમા કરી છે..”

“અને એ રકમ તું મને કઈ રીતે આપી શકે?”

“માત્ર એક સિમ્પલ કોડની મદદથી. એક કોડની મદદથી હું એ રકમ તારા ખાતામાં જમા કરાવી શકું છું.”

“અને શું ખાતરી કે તારી પાસે એ રકમ છે?”

એ મારી વાતનો ધીમે ધીમે વિશ્વાસ કરી રહ્યો હતો કેમકે વ્યક્તિ આપણી વાત પર શક ત્યારે જ કરે છે જયારે એને પચાસ ટકા પણ આપણી વાત પર વિશ્વાસ હોય.

“તારી પાસે એન્ડ્રોઇડ ફોન છે?”

“હા.”

“અને ઈન્ટરનેટ કનેકશન?”

“હા...”

“મને આપ.”

તેણે મારા હાથમાં ફોન આપ્યો અને મેં બે જ મીનીટમાં એને મારા એકાઉન્ટમાં રહેલ નેવું લાખ રૂપિયા બતાવ્યા. જે જોયા પછી પણ તેને મારી વાત પર વિશ્વાસ થયો નહી.

“હું એના વિશે વિચારીશ.” કહી એ મોબાઈલ લઈને બહાર નીકળી ગયો. એના પાછળ કોરીડોરનો દરવાજો બંધ થઇ ગયો. હવે એ કેબીનમાં અંધકાર ન હતો, પ્રકાશ હતો મારા જીવનમાં પણ હવે માત્ર અંધકાર ન હતો! મને સુરજમાં આશાનું એક કિરણ દેખાઈ રહ્યું હતું! કદાચ એની મદદથી હું એ નરકમાંથી બહાર નીકળી શકું તેમ હતી અને કદાચ ત્યારબાદ જીનલની મોતનો બદલો લેવો પણ કોઈ મુશ્કેલ કામ ન હતું.

***

ઇન્ટરનલ એક્ઝામ પતી ગઈ. મારા માટે છેકથી એક્ઝામ કોઈ મહત્વની ચીજ હતી જ નહી! કોલેજમાં ઘણા બધા એવા પણ હતા જેમના માટે રીઝલ્ટ મહત્વની ચીજ હતી પણ અમારું ગ્રુપ એવા લોકોમાં ન ગણી શકાય! થેંક ગોડ કે અમારા ગ્રુપમાં એવો એક પણ છોકરો કે છોકરી ન હતી. બસ એ બધા સ્ટ્રેસફૂલ જીવન જીવનારા પહેલી બેંચવાળા જ હતા જેમની સાથે અમારે ક્યારેય ન બનતું. બધા રીઝલ્ટની રાહ જોઈ રહ્યા હતા. કેટલાક તત્વજ્ઞાન તો કેટલાક ઇંગ્લીશના પરિણામને લઈને ચિંતામાં હતા. લગભગ મારા બધા જ પેપર સારા ગયા હતા અને કોઈ ખરાબ ગયું હોત તો પણ મને ખાસ કાઈ ફિકર જેવું ન હતું.

શુનીલ, નિશા, સોનિયા, રાઘવ અને અન્ય મિત્રોએ રાઘવના ઘરે પરિક્ષા પછીનો દિવસ ઇન્જોયમેન્ટમાં પસાર કરવાનું નક્કી કર્યું હતું. હું પણ તેમાં જોડાઇ હતી. જીવનમાં કોઈ એન્જોયમેન્ટમાં મને રસ ન હતો છતાં હું એમાં જોડાઈ કેમકે મારે દુનિયાને એમ બતાવવું હતું કે કોઈ એન્જોયમેન્ટની પાર્ટી હોય અને હું ન જોડાઇ હોઉં એવું બને જ નહી!

હું જરાક નર્વસ તો હતી જ. એક તો મારા અને રાઘવ વચ્ચેનો એ પ્રેમ જાહેર થઇ જવાનો ડર હતો. હું ઇચ્છતી નહોતી કે એ બધામાં જાહેર થાય. કદાચ રાઘવ મને કોઈ કામ ન લાગે તો હું બીજા કોઈને પણ આસાનીથી શિકાર બનાવી શકું. જોકે એ એટલો ચિંતાનો વિષય ન હતો કેમકે આજ કાલ કોલેજમાં બ્રેકઅપના બીજે દિવસે જ છોકરીને બોયફ્રેન્ડ અને છોકરાને ગર્લફ્રેન્ડ મળી જતા હોય છે. અલબત કેટલાક તો નજર રાખીને જ બેઠા હોય છે કે ક્યારે ફલાણા ફલાણા વચ્ચે બ્રેકઅપ થાય અને હું ટ્રાય કરું...! બીજું મને રાઘવનું એડ્રેસ ખબર ન હતી. મેં શુનીલને ફોન કર્યો એટલે એ મને લેવા આવ્યો. હું એની બાઈક પર રાઘવના ઘરે ગઈ.

જયારે અમે પહોચ્યા કોઈ ઘરે હતું નહી. રાઘવ એકલો હતો. સોનિયા અને અન્ય મિત્રો આવવાના હતા પણ એ હજુ આવ્યા નહોતા. બધા મિત્રો આવે અને સ્ટ્રેસ પાર્ટી શરુ થાય ત્યાં સુધી અમે રાઘવના ઘરની એક ઝલક જોઈ. એ ખાસ્સું મોટું હતું. જોકે મારા સિવાય કોઈના મનને સ્ટ્રેસ ન હતો. બસ બધા પાર્ટી કરવાના બહાના શોધ્યે રાખતા અને એક્ઝામ પછી સ્ટ્રેસ પાર્ટી ગોઠવવી એ પાર્ટી મનાવવાના બહાનાઓમાનું એક વાજબી બહાનું કહી શકાય. મને સ્ટ્રેસ હતો પણ એકઝામનો નહી. એટલે મારા માટે પણ એ એક્ઝામ સ્ટ્રેસ પાર્ટી એક બહાના કરતા વધુ કાઈ ન હતી.

લોકો ક્યા પાર્ટી ગોઠવવામાં પાછાં પડે છે? લોકો લગનના આગળના દિવસે બેચલર પાર્ટી મનાવે છે અને લગનના બીજે દિવસે મેરેજ પાર્ટી. લગન બાદ મિત્રો માટેની સ્પેસીઅલ પાર્ટી. એક વરસ બાદ એનીવર્સરી પાર્ટી. પ્રેગનન્સી દરમિયાન ગોદ ભરાઈ ફંકશન. દીકરો આવે તો પાર્ટી. દીકરી આવે તો પાર્ટી. એવી કેટલીયે પાર્ટી. એમાય કપલની એકબીજાને આપેલી પાર્ટીઓ તો અલગ. હનીમુન પાર્ટી અને ફસ્ટ નાઈટ ફંકશન. મારે એ બધી પાર્ટી મનાવવા વિશે વિચારવાનું જ ક્યાં હતું?

થોડીકવારમાં સોનિયા અને બીજા મિત્રો પણ આવી ગયા. રાઘવે એમનું સ્વાગત કર્યું ત્યારબાદ મીડીયમ લાઉડ મ્યુઝીક પર પાર્ટી શરુ થઇ. બાદશાહના ડીજે વાલે બાબુ સોંગ પર

બધાએ ખુબ જ આનંદ માણ્યો. આરાધના અને શુનીલ એક બીજાના હાથમાં હાથ નાખી બહુ નાચ્યા. રાઘવે પણ મારી કમર ફરતે હાથ વીંટાળી મને ફુદરડી ફેરવવાની મજા લીધી. હું જરાય નહોતી ઇચ્છતી કે બધાને ખબર પડે કે રાઘવ મારા સાથે ડીપલી લવમાં હતો પણ રાઘવને મારા જેવી સુંદર ગર્લફ્રેન્ડ મળી છે એ બધાને બતાવવાનો શોખ હોય એમ તેણે આરાધના અને શુનીલનો આભાર માન્યો કે એમણે અમને એ સ્પેસીઅલ મુમેન્ટ એકબીજા સાથે ફાળવી આપી. મને સારી રીતે નાચતા ન આવડતું. પ્રમાણિક પણે કહું તો હું ખાસ ક્યારેય કોઈ પાર્ટીમાં નાચતી જ નહિ.

જીવનમાં ક્યારેય નાચતી વખતે મારા પગ એટલા નહોતા ઉપડ્યા પણ મને યાદ હતું કે જીનલે મને કઈ રીતે ડાન્સના એક એક સ્ટેપ શીખવ્યા હતા. અને ત્યાં નાચતી વખતે મને એમ લાગી રહ્યું હતું કે જીનલે મને કદાચ આજે જરૂર પડવાની હતી એ માટે જ ડાન્સ શીખવ્યો હતો! કદાચ એ દિવસ માટે જ મને તેણીએ તૈયાર કરી હતી. કદાચ ભગવાનને ખબર હશે કે મારે ડાન્સ કરવાની જરૂર પડશે એટલે એમણે જ જીનલને પ્રેરણા આપી હશે કે મને ફોર્સ કરીને પણ ડાન્સ શીખવે.

એ વિચારો સાથે મારા પગ નાચતા ગયા. મને અંદાજ પણ ન હતો કે હું કેટલો સમય નાચી હોઈશ. લગભગ એકાદ કલાક સુધી મેં અર્ધ પાગલની જેમ નૃત્ય કર્યું! સારું થયું કે કોઈને મારા એ નૃત્યુંમાં મારું જુનુન ન દેખાયું કેમકે આજકાલ કોલેજીયન છોકરા છોકરીઓમાં પશ્ચિમની અસરને લીધે અર્ધપાગલ જેવું નૃત્યુ ફેશન બની ગઈ છે. મને લાગ્યું વિદેશમાં પણ કોલેજીયન યુવક યુવતીઓ એનાથી વધુ પાગલપંતીવાળી પાર્ટી નહી ઉજવતા હોય. હું એક વાત તો સમજી ગઈ કે કોલેજમાં કોઇ પણ ચીજને નોનવેજ સમજવામાં નથી આવતી. કોલેજ જ એ સમય છે જેમાં એન્જોયમેન્ટ અને પાર્ટીના નામે ગમે તે હદ પાર કરી શકાય છે!

આરાધના ઇતેફાક મૂવીની સીડી કેસેટ લાવી હતી. અમે ફોયરમાં બેસી સાઇઠ ઇંચની એલ.ઈ.ડી. પર એ મુવી જોવાનું શરુ કર્યું. રાઘવે બધાને ચિપ્સ આપી કેમકે થીયેટરની જેમ આપવા માટે ત્યાં પોપકોર્ન ન હતા.

હું સોફા પર રાઘવની નજીક બેઠી હતી. ફિલ્મ શરૂઆતથી જ પકડ લઈ રહ્યું હતું. એ સસ્પેન્સ મુવી પણ હતું અને મારું ફેવરીટ હતું. છતાં રાઘવ વારવાર મારા વાળ અને મારા ગાલ સાથે રમી રહ્યો હતો એટલે મારું ધ્યાન ફિલ્મમાં બરોબર રહી શક્યું નહી. પંદરેક મિનીટ મુવી ચાલી અને એક હોટ રોમેન્ટિક સોંગ આવ્યું. એ મારાથી મસ્તી કરવા લાગ્યો અને મને ચીડવવા લાગ્યો. એ બધા મિત્રો સામે હિરોપંતી કરવા માંગતો હતો કે તેની પાસે સંધ્યા જેવી ગર્લફ્રેન્ડ છે!

મુવી ક્યારે પતી ગયું એનું અમને કોઈને ધ્યાન પણ ન રહ્યું. મુવી પત્યા પછી અમે બધાએ લંચ લીધુ અને ફરી બધા એક બીજા સાથે મસ્તીમાં લાગી ગયા. એકાએક આરાધના મારી બાજુમાં આવી ઉભી રહી ગઈ. હું એને નવાઈથી જોઈ રહી.

"શું છે?" મેં નવાઈ પામતા કહ્યું.

મારા પ્રશ્નનો કોઈ જવાબ ન આવ્યો. શુનીલ રાઘવની પાસે જાઈ ઉભો રહી ગયો.

"શું છે શુનીલ?" રાઘવે પણ એ જ સવાલ કર્યો.

“અમે તમને સ્પેસીઅલ મુમેન્ટ આપવા માંગીએ છીએ જે તમે ક્યારેય ન ભૂલી શકો.” શુનીલે જવાબ આપ્યો.

“હું કાઈ સમજ્યો નહી.” રાઘવે બાઘાની જેમ કહ્યું. સાચું કહું તો શું ચાલી રહ્યું છે તેની મને પણ કાઈ સમજ ત્યારે પડી ન હતી.

શુનીલ રાઘવની બાજુમાં ઉભો હતો અને આરાધના મારી બાજુમાં ઉભી હતી. બીજા કેટલાક મિત્રો પણ આસપાસ ઉભા હતા. આરાધનાએ મારા હાથમાં એક વીંટી આપતા કહ્યું, “આજે તારી એન્ગેજમેન્ટ છે.”

હું એકદમ આભી બની ગઈ હતી. મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી એ વિશે. મને લાગ્યું એ બધું બહુ ઝડપી થઇ રહ્યું છે. નાટક હવે વધુ આગળ વધી ગયું છે.

“શું થઈ રહ્યું છે હું જાણી શકું?” રાઘવ હજુ શુનીલ સાથે વાત કરી રહ્યો હતો.

“તું એકદમ ડમ્બ છે. છોકરીઓ સમજે એટલું પણ નથી સમજતો.” શુનીલ એને કહી રહ્યો હતો.

બધા હસી પડ્યા.

ધીમે ધીમે રાઘવ બધું સમજી ગયો જ્યારે શુનીલ પોતાના મોબાઈલમાં શુટિંગ ઉતારવા લાગ્યો. રાઘવ મારી નજીક આવ્યો. હું સ્પીચલેસ હતી. મેં તેની આંખમાં એક અજીબ ચમક જોઈ. મને એક પળ માટે થયું મેં આ નાટકને કઈક વધુ જ લંબાવી દીધું છે. શું મારે આટલી હદ સુધી કોઈની લાગણીઓથી રમવું જોઈએ?? શું મને એ બધું કરવાનો હક હતો? મને થયું કે હું બધાને હકીકત જણાવી દઉં પણ બીજી જ પળે થયું રાઘવને દિલ તૂટવાથી કેટલું દુઃખ થશે?

શું એ દુઃખ કેટલીયે છોકરીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે એનાથી વધુ હોઈ શકે? ના, ના, મારે નાટક ચાલુ જ રાખવું પડશે. મારા મને મને કહ્યું અને બીજી જ પળે મેં ફેસલો કરી નાખ્યો હોય એમ મારા હોઠ પર એક હળવું સ્મિત ફરક્યું. સ્મિત પાછળ જીનલના આંસુ હતા.

રાઘવ મારી નજીક આવ્યો. શુનીલ આરાધના અને બીજા મિત્રોએ તાળી પાડવાનું શરુ કર્યું. આરાધનાએ કોઈ જુના ફિલ્મનું ગીત ગાવાનું શરુ કર્યું, “આયે હો મેરી જીંદગી મેં તુમ બહાર બનકે. મેરે દિલમે યુહી રહેના તુમ પ્યાર પ્યાર બનકે...”

તાળીઓના ગગડાટ અને ગીતના મીઠા અવાજ વચ્ચે રાઘવે મારો હાથ પોતાના હાથમાં લઈ અને મારા હાથમાં રીંગ પહેરાવી.

“આઈ લવ યુ અ લોટ... સંધ્યા હું તારી સાથે જીવન વિતાવવા માંગું છું.” રાઘવના શબ્દોએ જાણે મારા દિલ પર કોઈ અસર કરી હોય એમ હું એક પળ માટે લાગણીઓના સમુદ્રમાં તણાવા લાગી પણ બીજી જ પળે મેં મારા શરીર પર નજર કરી. મેં હજુ જીનલની ફેવરીટ યલો ટી-શર્ટ પહેરેલ હતી. એ મને યાદ અપાવતી કે લાગણીઓનું પુર તો એ હતું જે મેં જીનલની આંખોમાંથી સતત એક અઠવાડિયા સુધી વહેતું જોયું હતું. એના સિવાય કોઈ બીજી લાગણીઓને જોવાનો કે સમજવાનો મને કોઈ હક નથી.

મેં મારા હાથમાંની વીંટી રાઘવની આંગળીમાં પહેરાવી. કદાચ એ વખતે પણ હું જીનલના કાતીલોના ગાળામાં ફાંસીનો ફંદો પહેરાવવાના સપનાઓમાં ખોવાયેલ હતી.

“આઈ લવ યુ ટુ... મને પણ તારી સાથે જિંદગી જીવવામાં જ રસ છે.” મેં કહ્યું, મારા શબ્દોમાં માત્ર બનાવટ સિવાય કશું જ ન હતું.

બધા મિત્રોએ અમને પ્રાયવેસી આપવા ફોર્સ કરીને બેડરુમમાં મોકલ્યા. અમે રાઘવના બેડરૂમમાં ગયા. મને રાઘવની આંખોમાં એક અલગ જ ચમક દેખાઈ રહી હતી. એ સંતોષની ચમક હતી. એનું હ્રદય પણ જાણે કહી રહ્યું હતું હવે આપણે એકમેકના બની ગયા છીએ. પણ હું જાણતી હતી કે હ્રદય મુર્ખ હોય છે. મગજ સામે તે ક્યારેય સ્પર્ધામાં ઉતરી શકતું નથી. હું જાણતી હતી કે મારા મગજે એ પ્રેમ ક્યારેય સ્વીકાર્યો જ ન હતો.

કદાચ રાઘવ પણ મારી જેમ નાટક કરી રહ્યો હશે તો? મને થયું. હોઈ પણ શકે. ક્યાંક ઊંડાણમાંથી મને જવાબ મળ્યો.

“આપણે હવે એન્ગેજડ થઈ ગયા છીએ.” રાઘવે મારો હાથ હાથમાં લેતા કહ્યું.

“હા..” મેં માત્ર ટૂંકો જવાબ આપ્યો ત્યારે એની આંખોમાં જોયું. હું કળી ગઈ કે એ આંખો શું કહી રહી છે. એ આંખો કહી રહી હતી કે હવે રાઘવ મારા માટે ગમે તે કરી છૂટવા તૈયાર છે અને એ જ તો હું ઇચ્છતી હતી. એ જ તો મારા જીવનનું લક્ષ હતું. હું કદાચ મારા લક્ષની બહુ જ નજીક પહોચી ગઈ હતી.

*

તે દિવસે અમારું ઇન્ટરનલનું પરિણામ હતું. હું ઘરથી લગભગ નવેક વાગ્યે મારી ગ્રીન ટી-શર્ટ અને બ્લેક જીન્સમાં નીકળી હતી. વાતાવરણ સારું હતું. રસ્તામાં હું ક્યાય રોકાઈ નહી એટલે હું સાડા નવ પહેલા કોલેજના દરવાજે પહોચી ગઈ હતી.

પરિણામ હતું એટલે બધા એક્સાઈટેડ હતા પણ દરવાજા પાસે ઉભા રાઘવની આંખોમાં મને જે એક્સાઈટમેન્ટ દેખાઈ રહ્યું હતું તે જરાક અલગ હતું. તે ચમક જરા અલગ હતી. આઈ વોઝ સ્યોર એ પરિણામને લઈને તો ન જ હતી કેમકે અમે બધા જાણતા હતા કે અમારું પરિણામ કેટલું સારું આવવાનું છે. શુનીલે તો મિત્રો સાથે શરત પણ લગાવી લીધી હતી કે જો તે એક પણ વિષયમાં પાસ થશે તો બધાને પાર્ટી આપશે કારણ તેને પૂરો વિશ્વાસ હતો કે તે એક પણ વિષયમાં પાસ નહી થાય!

રાઘવ દરવાજા પાસે જ ઉભો હતો. તે મને દુરથી જ આવતી જોઈ રહ્યો હતો. મારું હ્રદય જરાક વધુ ધબકવા લાગ્યું. મને થયું કે તે મને કેમ એ રીતે જોઈ રહ્યો હશે? શું એને કોઈ શક થયો હતો મારા પર? જે હોય તે. એનાથી વાત કરીશ તો જ ખ્યાલ આવશે. મેં નક્કી કર્યું.

“હાય, રાઘવ.” મેં તેની નજીક પહોચતા જ એક મીઠી સ્માઈલ સાથે કહ્યું.

“હાય.” તે મને થોડોક સમય જોઈ રહ્યો અને ત્યારબાદ ઉમેર્યું, “લૂકિંગ બ્યુટીફૂલ.”

“થેન્ક્સ.” મેં કહ્યું.

"આપણે આજે કોલેજ બંક મારીએ." તેણે મારી તરફ એમ જ જોઈ રહેતા કહ્યું. ક્યારેય કોલેજ બંક મારવાનું કહેતા એ એટલો બધો ગભરાયેલ ન દેખાતો. મને નવાઈ લાગી કેમ એ ગભરાઈ રહ્યો હતો? શું વાત હતી? શું એ મને કિડનેપ કરવા ક્યાંક લઇ જવા માંગતો હશે એથી ગભરાઈ રહ્યો હતો?

"મેં આરાધના અને શુનીલને કોલેજ બંક કરવા મનાવી લીધા છે. આપણે ગાર્ડન જઈ રહ્યા છીએ." તેણે મને વિચારોમાં ડૂબેલ જોઈ કહ્યું.

એના શબ્દો સાંભળીને મને થયું કદાચ હું કિડનેપીગ અને કિડનેપરના વિચારોમાં પાગલ થઇ ગઈ હતી. જો એ મને કિડનેપ કરવા માંગતો હોય તો એ આરાધનાને અને શુનીલને શું કામ બોલાવે? ચાલો માની લઈએ કે તે આરાધનાને પણ કિડનેપ કરવા માંગતો હોય પણ શુનીલ? તેના પપ્પા તો શહેરના ડી.વાય.એસ.પી. હતા. તેને એ કેમ કિડનેપ કરે? આમેય મેં ક્યારેય કોલેજમાંથી છોકરાઓ ગુમ થયાનો કિસ્સો સંભાળ્યો ન હતો. કોણ જાણે કેમ પણ બધાને છોકરીઓને ગુમ કરવામાં જ રસ હોય છે...!!

"શું વિચારે છે?" તેણે મને ફરી વિચારોમાં ખોવાયેલ જોઈ કહ્યું.

"કાઈ નહિ. એમ વિચારતી હતી કે આજે રીઝલ્ટ છે અને રીઝલ્ટના દિવસે પણ બન્કીંગ?" મેં વાત ઉપજાવી કાઢતા કહ્યું.

"ઓહો, તને રીઝલ્ટની ક્યારથી ફિકર થવા લાગી?" આરાધનાએ પાછળથી આવી મને હળવો ધક્કો માર્યો.

"અને હા, આમેય તમારું પરિણામ પણ કઈ મારાથી વધુ સારું આવે તેમ નથી." શુનીલે પણ તેના સાથે સુર પુરાવ્યો. શુનીલ ક્યારેય આરાધનાની વાતમાં ટેકો ન આપે એવું બનતું જ નહિ. તેઓ સો કોલ્ડ લવર હતા. બાકી હસબંડ એન્ડ વાઈફની જેમ કોલેજમાં જીવતા હતા એમ કહીએ તો પણ ચાલે.

"એવું નથી યાર પણ..." મેં કહ્યું પણ મને શબ્દો સુજતા ન હતા.

"પણ બણ કઈ જ નહિ! આજે બંક મારવાનું છે. ધેટ્સ ઈટ." નિશાએ જાણે પોતાનો ડાયલોગ બોલવાનો વારો નહિ આવે એમ તરત મોકો જોઈ કહ્યું.

"હા, તો બોલો ક્યા જઈશું?" મેં પણ આખરે કહ્યું.

"તને જે સ્થળ પસંદ હોય ત્યાં..." રાઘવે કહ્યું.

"કેમ આજે મારું આટલું મહત્વ વધી ગયું છે? ક્યાંક તમે મારા ખર્ચે પાર્ટી તો નથી કરવા માંગતા ને? જો એવું હોય તો પહેલેથી કહી દઉં કે આપણા ખિસ્સા આજે ખાલી છે." મેં એક લાંબો ડાયલોગ બોલ્યો. મેં નવા જ કોઈ ગુજરાતી ફિલ્મમાં એ રીતે કોલેજીયન યુવકોને વાત કરતા સાંભળ્યા હતા. ખબર હતી એ ક્યાંક કામ લાગશે પણ એટલું ઝડપી કામ લાગશે એ ખબર ન હતી.

"તારી પાસેથી પાર્ટી નથી લેવાની. પાર્ટી તો રાઘવ પાસેથી લેવાની છે." શુનીલે

ઉતાવળા થઇ કહ્યું પણ આરાધનાએ તેને કોણી મારી એટલે એ ચુપ થઇ ગયો.

આરાધના શુનીલને કોણી માર્યા પછી મારા તરફ જોઈ હસવા લાગી જેથી મને શક ન જાય પણ હું સમજી ગઈ કે તેઓ મને કોઈ સરપ્રાઈઝ આપવાના છે.

“તે નવી કાર લાવી છે?” મેં અંદાજ લગાવતા કહ્યું. કેમકે રાઘવને કારનો બહુ શોખ હતો. તેની પાસે ઓડી જેવી મોઘી કાર હતી છતાં એ આખો દિવસ કારની જ વાત કરતો.

“ના, કઈક બીજુ જ… કારથી પણ કિંમતી છે…” આરાધનાએ જ કહ્યું.

“તો તમે જ કહીદો ને?” મેં બધાના ચહેરા ઉપર નજર ફેરવી પણ મને કઈ સમજાયું નહી.

“ના, એ તો ગાર્ડન પર ગયા પછી જ કહીશું…” નિશાએ ઉછળી પડતા કહ્યું.

“ભલે એમ.” મેં કહ્યું અને અમે બધા રાઘવાની કારમાં ગોઠવાયા.

*

“સંધ્યા…” ગાર્ડન પહોચતા જ રાઘવે કહ્યું. મને એના અવાજમાં કોઈ અલગ જ ભાવ દેખાઈ રહ્યા હતા. મને એની આંખમાં ડરના ભાવ દેખાઈ રહ્યા હતા. હું સમજી ગઈ કે એ શું કહેવા મને ત્યાં લાવ્યો હતો. તે મને બધા સામે પ્રપોઝ કરવા માંગતો હતો. એની શું જરૂર હતી? મને કંટાળો આવ્યો પણ પછી થયું કે તેના માટે તો એ બધું જરૂરી જ હતું ને અમારા વચ્ચે દોસ્તી બહુ વધી ગઈ હતી. અમે એકબીજાની મસ્તી મજાક કરતા પણ એણે હજુ સુધી મને પ્રપોઝ નહોતું કર્યું. આમ અમારા વચ્ચે ફિલ્મ જોવા જવું અને વધુ પડતું હળી મળી જવું એ બધું થયા પછી પ્રપોઝ કરવાની કોઈ જરૂર જેવું ન હતું પણ કદાચ કોલેજમાં લવને કોઈ ધાર્મિક વિધિ જેવો સમજવામાં આવે છે અને એ વિધિમાં કોઈ ભૂલ ન રહી જાય તેની દરેક છોકરો છોકરી કાળજી લેતા હોય છે! એમને ખબર હોય કે આપણે બંને એકબીજાને ચાહીએ છીએ પછી પણ પ્રપોઝ અને એવા કેટલાય નાટક કરતા હોય છે. જોકે મને એ નાટકથી કોઈ ફરક પડે તેમ ન હતો.

એ મને જોઈ રહ્યો. મેં મારી આંખોમાં ડર લાવવાનો પ્રયાસ કર્યો. હું જાણતી હતી દરેક છોકરી કોઈ તેને પ્રપોઝ કરે ત્યારે ડરેલી અને ગભરાયેલી હોય તેવી દેખાય છે. મારા માટે એ કામ મુશ્કેલ હતું. મને ડરતા આવડતું જ ન હતું મેં તમને કહ્યું હતું ને કે હું છેકથી બોલ્ડ અને બ્રેવ ગર્લ હતી છતાં મેં મારી આંખોમાં બની શકે તેટલો ડર અને ચહેરા પર શરમના ભાવ લાવવાનો પ્રયાસ કર્યો. કદાચ એ શરમના ભાવ લાવવા મારા માટે અશક્ય હતું.

“તમેં મને અહી કેમ લાવ્યા છો? મેં કઈ ન જાણતી હોઉં એવો દેખાવ કરતા કહ્યું, “તું મને શું કહેવા ઈચ્છે છે?”

“તને ખરેખર ખબર નથી? હું તને શું કહેવા માંગુ છું?”

“ખબર છે પણ હું તારા પાસથી સાંભળવા માંગું છુ” મેં કહ્યું, દિલ્હીમાં જયારે મારા ખુશીના દિવસો હતા એ સમયે જોયેલ ફિલ્મોની અસર કદાચ મારા એ શબ્દો પર હતી. તેણે

તેના હાથમાં પોતાની પીઠ પાછળ એક ગુલાબ છુપાવીને રાખ્યું હતું જે મેં ક્યારનુંય જોઈ લીધુ હતું છતાં નથી જોયું તેવો ડોળ કરતી રહી. તેની આંખોમાં મને કોઈ અજબ ભાવ દેખાઈ રહ્યા હતા. એ ભાવ વાંચી શકાય તેમ ન હતા અને હું વાંચવા માંગતી પણ ન હતી. મને એ બધામાં કોઈ રસ ન હતો. હું એના હ્રદયના ધબકારા અનુભવી શકતી હતી. એ સતત વધ્યે જતા હતા. કદાચ તેના ચહેરા પર એ લાગણીઓ ક્યારેય મેં પહેલા જોઈ ન હતી. મને એ લાગણીઓ જરાય સમજાઈ નહી! કદાચ હું લાગણીહીન બની ગઈ હતી એમ કહો તો ખોટું ન હતું.

તે એ પળને સ્પેસીઅલ બનાવવા માંગતો હતો. એના વર્તન પરથી એ સાફ દેખાઈ રહ્યું હતું. એણે મારી આંખોમાં જોયું. મેં મારી આંખોમાં રહેલ સત્ય વંચાઈ ન જાય તે માટે તેનામાં નજાકતતા અને શરમ લાવવાનો પ્રયાસ કર્યો. હું પણ એવો જ દેખાવ કરવા લાગી કે જેથી એને લાગે કે હું પણ એ પળને સ્પેસીઅલ બનાવવા માંગુ છું. કેમકે દરેક છોકરી એ પળને સ્પેસીઅલ બનાવાવા માંગતી હોય છે અને હું કોઈ એક્ઝેપશન હતી એમ તેને દેખાડવા નહોતી માંગતી.

મેં તેની આંખોમાં જોયું. તેની આંખો એ જ કહી રહી હતી જે તે મને કહેવા જઈ રહ્યો હતો.

“તારી આંખો બંધ કર.” રાઘવે મને કહ્યું.

મેં ઘણી ફિલ્મો અને સીરીયલોમાં જોયુ હતું એટલે જયારે તેણે આંખો બંધ કરવાનું કહ્યું મેં મારી આંખો બની શકે તેટલી પહોળી કરી નાખી અને આંખો બંધ કરતા ડરતી હોઉં એવો દેખાવ કરવા લાગી.

“હું, તને ખાઈ નથી જવાનો.” એણે હસીને કહ્યું ત્યારે બીજા બધા પણ હસ્યા. હું કહેવા માંગતી હતી કે આ દુનિયામાં કોણ કોને ખાઈ જવા માંગે છે એ ક્યાં ખબર જ પડે છે? પણ હું એને કહી શકું તેમ ન હતી.

મેં બીજા મિત્રો તરફ જોઈ આંખો બંધ કરી એટલે એ જરાક નીચો નમ્યો. એણે પોતાનો એક ઘૂંટણ જમીનને અડકાવ્યો અને બીજો પગ ઘૂંટણમાંથી વાળીને રાખ્યો હતો. મેં આંખો ખોલી ત્યારે એ ફિલ્મોમાં શાહરુખ ખાન જે સટાઈલમાં પ્રપોઝ કરે છે એકદમ તેજ સટાઈલમાં હતો.

“તારા જેવી ફ્રેન્ડ મળવી એ મારા માટે નશીબની વાત છે. એમાં પણ જો તારા જેવી ફ્રેન્ડ લાઈફ પાર્ટનર બની જાય તો...” એણે પોતાનું વાક્ય અધૂરું છોડ્યું.

“ખરેખર, સંધ્યા હું તારા જેવી છોકરીને લાયક નથી. મેં જીવનમાં હજુ સુધી કાંઈજ નથી કર્યું. માત્ર મારા પપ્પાના પૈસા પર જલસા જ કર્યા છે. હું ભણવામાં પણ સારો નથી. પણ હું સુધારીશ. હું મારી જાતને બદલીશ. અને એ કામમાં મને કોઈ સાથ આપી શકે તેમ હોય તો તે માત્ર તું જ છો, સંધ્યા. લવ યુ સંધ્યા લવ યુ.”

“આઈ લવ યુ ટુ.” મેં કહ્યું. મારા માટે એ શબ્દોનું કોઈ જ મહત્વ ન હતું. ભલે દુનિયા તેને ગમે તેટલા શક્તિશાળી માનતી હોય મારા માટે એ માત્ર ત્રણ શબ્દો હતા. જેમાં મને કોઈ

હુંફ કે ઠંડક મહેસુસ થતી ન હતી.

મેં એનું ગુલાબ સ્વીકાર્યું. એ પણ મારા માટે એક સામાન્ય ફૂલ કરતા વિશેષ કાઈ ન હતું. રાઘવ ઉભો થયો અને અમે એકબીજાને ગળે મળ્યા. જેવા અમે એકબીજાને ગળે મળ્યા. શુનીલ આરાધના અને નિશા અમારા પર સ્નો ફોલ થઇ રહ્યો હોય તે રીતે સ્પ્રે નાખવા માંડ્યા. હું સમજી ગઈ રાઘવે તેમને બધાને પહેલીથી કહી રાખ્યું હતું. તેઓ માત્ર મને જ સરપ્રાઈઝ આપવા માંગતા હતા. એ માત્ર મારા માટે જ સરપ્રાઈઝ હતું. જોકે એવું તેમને લાગી રહ્યું હતું. મારા માટે જીનલ મને છોડીને ગઈ એનાથી મોટી સરપ્રાઈઝ કોઈ ન હતી. મારે જીનલ વિના જીવવું પડતું હતું એનાથી મોટી સરપ્રાઈઝ કોઈ ન હતી. હજુ જીનલના કાતીલો મારા હાથની પહોચ બહાર હતા એનાથી મોટી સરપ્રાઈઝ કોઈ ન હતી.

એકાએક મેં મારી આંખોમાં બળતરા થતી હોય તેમ અનુભવ્યું. મેં મારી આંખો ખોલવાનો પ્રયાસ કર્યો પણ હું મારી આંખો ખોલી ન શકી. મારી આંખોમાં કાળી બળતરા થવા લાગી હતી. મેં આંખો ઉપર હાથ દબાવી દીધા અને હું બેસી પડી. શું થઇ રહ્યું છે તે મને કઈ સમજાયું નહી. કદાચ મારી આંખોમાં સ્પ્રે ગયો હશે. મેં વિચાર્યું પણ ના, એ સ્પ્રે આંખો પર એટલી અસર કરતો જ નથી. એ સ્પ્રેનો ઉપયોગ થતા મેં અનેક વાર જોયો હતો એનાથી આંખોમાં કોઈ જ બળતરા નથી થતી.

તો શું થઇ રહ્યું છે? એકાએક જ મને આરાધનાની ચીસ સંભળાઈ અને એના પછી શુનીલની.

શું કિડનેપર આવી પહોચ્યા? શું મારા કિડનેપ થવાનો સમય થઇ ગયો? પણ કોણ હોઈ શકે? કોને ખબર હોય કે અમે કોલેજ બંક કરી એ ગાર્ડનમાં આવ્યા હતા? કદાચ રાઘવ, કેમકે એ પ્લાન તેનો હતો. એ જ અમને બધાને ત્યાં લઇ ગયો હતો. મને લાગ્યું રાઘવ જ છૂપો રુસ્તમ છે. મારો એના પરનો શક સાચો હતો. થીયેટરમાં મને પહેરાવેલ ગોલ્ડ નેકલેસ મને પ્રેમમાં આપેલી ભેટ ન હતી પણ મને કિડનેપ કરવાના પોતાના બીઝ્નેશનું ઇન્વેસ્ટમેન્ટ હતી.

મારો એ અંદાજ ખોટો ઠર્યો જયારે મને રાઘવની ચીસો સંભળાવાનું શરુ થયું. એ જોરજોરથી બુમો પાડી રહ્યો હતો. હું તમને છોડીશ નહિ. હરામીઓ તમે કોણ છો?

મેં આસપાસ જોવાનો પ્રયાસ કર્યો પણ હું કાઈ જોઈ ન શકી. મેં આંખો ખોલી પણ મને આંખોમાં કાળી બળતર થઇ રહી હતી. હું એકાદ પળ કરતા વધુ સમય આંખો ખુલ્લી ન રાખી શકી. પણ એ એક પળમાં મેં જોઈ લીધું કે એ હુમલો કરનાર લોકોએ પોતાના ચહેરા રૂમાલથી ઢાંકેલા હતા અને તેઓ ત્રણ જણ હતા.

અમે બગીચાના પાછળની દીવાલની નજીક ઉભા હતા એટલે જયારે હું અને રાઘવ એકબીજાને ગળે મળી રહ્યા હતા અને આરધના, શુનીલ અને નિશાનું ધ્યાન પણ અમારા પર સ્પ્રે ફેકવામાં હતું એ સમયે એ લોકો એ દીવાલ પરથી કોઈ જ અવાજ કર્યા વિના આવ્યા હશે અને આવતા જ તેમણે પોતાના હાથમાં રહેલ સ્પ્રે અમારા પર ફેંક્યો હશે જે સ્પ્રેમાં આંખોમાં કાળી બળતરા કરે તેવું લીક્વીડ હશે. તેઓ ગમે તેને કિડનેપ કરવા માટે એ લીક્વીડ વાપરતા જ હશે અને એ લીક્વીડ એમની પાસે કાયમ હોતું હશે.

મારું મન વિચારોમાં વ્યસ્ત હતું એ જ સમયે મેં મારા લમણા પર કોઈ વસ્તુનો ઘા ઝીંકાતો અનુભવ્યો. હું પોતાના બંને હાથ મારા માથા પર મૂકી જમીન પર બેસી ગઈ અને એ જ સમયે ફરી મારા ચહેરા સાથે કોઈ કડક ચીજ અથડાઈ. હું એકદમ જમીનદોસ્ત થઇ ગઈ. મારા મોમાંથી એક રાડ નીકળી ગઈ. હું સમજી ગઈ એ કડક ચીજ હુમલાખોરનું સુજ હતું. એણે પોતાના સુજ સાથેની મજબુત પગની લાત મારા ચહેરા પર લગાવી હતી. મારો નીચેનો હોઠ ચીરાઈને એમાંથી દડદડાટ લોહી વહી જતું મેં અનુંભવ્યું. એ લાતને મેં મારી જમણી આંખ પર પણ અનુભવી. કદાચ ત્યાં સોજો આવવાનો શરુ થઇ ગયો હતો કે મને એમ લાગી રહ્યું હતું.

હું મારી આસપાસ શું થઇ રહ્યું છે એ સમજી શકું તે પહેલા બેભાન થઇ ગઈ. એ બુટ સાથેના પગની લાતની નહિ પણ એ પહેલા મારા લમણા પર ઝીંકાયેલા ઘાની અસર હતી.

જયારે મારી આંખો ખુલી હું એ ગાર્ડનમાં ન હતી. હું કોઈ એકદમ પ્રકાશિત સ્થળે હતી. મારી ચારે તરફ સફેદ દીવાલો હતી અને રૂમ આખો એવા જ સફેદ પ્રકાશથી ઉભરાઈ રહ્યો હતો. મેં બારી તરફ નજર કરી. બારીના પડદા પણ એવા જ સફેદ અને શાંત હતા. હું કોઈ શાંત સ્થળે હતી જ્યાં બિલકુલ કોલાહલ કે શોર ન હતો.

હું બેડ પર સુતી હતી. મેં બેડ તરફ નજર કરી એ પહેલા જ મને ખ્યાલ આવી ગયો હતો કે એ મારો બેડ નથી. એ બેડ એકદમ અજાણ્યો હોવાનો ભાસ મને એના સ્પર્શ પરથી થઇ ગયો હતો. એ બેડમાં રેઈલ્સ હતી. તેના ઓશિકા ફ્લેટ અને લામ્પી હતા. મારા આસપાસ ક્યાંકથી કંટાળા જનક બીપ બીપ અવાજ સંભળાઈ રહ્યો હતો. મને સમજતા વાર ન લાગી કે હું હોસ્પિટલ બેડ પર છું.

મને મારા મો અને નાક પર કોઈ અજીબ નળીઓ લાગેલી દેખાઈ. મેં મારો હાથ નળીઓ તરફ લંબાવ્યો.

“ના, ડોન્ટ યુ.” મારા હાથને એક અજાણ્યો સ્પર્શ થયો. એ હાથ તરફ મેં નજર કરી. એ હાથ આરાધનાનો હતો. એના હાથ પર પણ પાટો બાંધેલો હતો. એને પણ વાગ્યું હતું.

“શું થયું હતું?” મેં પૂછ્યું.

“તને યાદ નથી આપણે બગીચામાં હતા અને એ સમયે કોઈ અજાણ્યા લોકોએ આપણા પર હુમલો કર્યો હતો.”

“યાદ છે પણ એના પછી શું થયું તે યાદ નથી.”

“એના પછી હું અને શુનીલ બધાને દવાખાને લઇ આવ્યા. તારી અને રાઘવની સ્થિતિ વધારે ખરાબ હતી. તેમના હુમલા પરથી એમ જ લાગી રહ્યું હતું કે તેઓ તને અને રાઘવને જ નુકશાન પહોચાડવા માંગતા હતા.” આરાધનાએ કહ્યું.

તેઓ મને નુકશાન પહોચાડવા માંગતા હતા. શું કોઈને મારા પર શક થઇ ગયો હતો? કદાચ કોઈને શક થઇ ગયો હોય અને તેઓ મને નુકશાન પહોચાડવા માંગતા હોય તે દેખીતી વાત હતી પણ રાઘવ? કોઈ શું કામ એને નુકશાન પહોચાડવા માંગે? કદાચ મારા લીધે એ બધું

થઇ રહ્યું હતું. રાઘવ મારી વધુ નજીક આવી ગયો હતો અને એ વાત કોઈકને નહિ ગમી હોય એટલે જ તેણે અમારા પર હુમલો કર્યો હશે ને મારી સાથે સાથે રાઘવને પણ શારીરિક ઈજાઓ પહોચાડી હશે.

એનો શું અર્થ હતો? મારું મન વિચારોના ચકડોળે ચડી ગયું. એનો અર્થ એ હતો કે દુશ્મન મારા પર નજર રાખી રહ્યો હતો. તે કોલેજમાંથી જ કોઈ હતો. તેને અંદાજ આવી ગયો હશે કે હું રાઘવ જેવા અમીર ઘરના છોકરાનો ઉપયોગ તેના સુધી પહોચવાની સીડી તરીકે કરી રહી છું એટલે જ હુમલો કર્યો હશે. પણ કદાચ સીનીયરો હોઈ શકે? તેઓ પણ મારો પીછો કરતા હતા.

એક પળ માટે મારું મન એ વાત માનવા તૈયાર થઇ ગયું કે એ સીનીયર હોઈ શકે પણ બીજી જ પળે મને થયું કે એ સીનીયર ન હોઈ શકે. એમના સાથે કોઈ એવી દુશ્મની ન હતી. અને તેઓ શુનીલ સાથે હોય એ સમયે હુમલો ન જ કરે. કેમકે તેઓ બધા શરાબ ડ્રગ્સ જેવી આદતોના ગુલામ હતા અને સારી રીતે જાણતા હતા કે જો તેઓ શુનીલ સાથે દુશ્મની વહોરી લે તો શુનીલના પપ્પા ડી.વાય.એસ.પી. છે એટલે તેમનું જીવવું હરામ થઇ જાય. શુનીલ તેમને ગમે તે સમયે શરાબ કે ડ્રગ્સના નશાની હાલતમાં પકડાવી શકે અને એમનું કરિઅર ખતમ થઇ શકે. તેમને કોલેજમાંથી રસ્ટીગેટ થવું પડે. કદાચ જેલની સજા પણ ભોગવવી પડે. સિનયર વિકલ્પ પસંદ કરવા માટે મારું મન મને ના કહી રહ્યું હતું.

“રાઘવ?” રાઘવ ક્યા છે?” મેં આરાધના તરફ નજર ફેરવતા કહ્યું. મને લમણા પર ભયાનક ચોટ વાગી હતી એટલે માથામાં દુખાવો થઇ રહ્યો હતો.

“સસસ....” અરધાનાએ મારા તરફ ઈશારો કર્યો, “બધું ઠીક છે.”

“એને શું થયું છે? એ ક્યા છે?”

“એ અહી જ હોસ્પીટલમાં છે, બીજા રૂમમાં. એને કાઈ નથી થયું બસ તું રેસ્ટ કર.” આરાધનાએ કહ્યું.

આરાધનાને મારી ફિકર થઇ રહી હતી. એ ચાહતી હતી કે હું કાઈ બોલ્યા વિના આરામ કરું પણ હું રાઘવને દેખવા માંગતી હતી. ભલે બધા એમ સમજતા હતા કે હું રાઘવને પ્રેમ કરું છું પણ હું રાઘવને પ્રેમ કરતી ન હતી. છતાં મને એ મંજુર ન હતું કે મારા લીધે એને કોઈ નુકશાન થાય કમ-સે-કમ શારીરિક નુકશાન તો નહિ જ!

*

સાત આઠ કલાક સુધી મારે એ જ અજાણ્યા બેડમાં રેસ્ટ કરવો પડ્યો. આરાધના અને શુનીલ મારી સાથે જ રહ્યા. શુનીલ થોડીક થોડીક વારે રાઘવના રૂમમાં પણ આંટો મારી આવતો હતો. નિશા રાઘવના રૂમમાં જ રહી હતી. કદાચ એને પણ રાઘવ પ્રત્યે મારી જેમ હમદર્દી હતી કે એનાથી કઈક વધુ પણ મને એનાથી કોઈજ મતલબ ન હતો. બસ મને એક જ ચીજથી મતલબ હતો. એ બધું મારા લીધે થયું હતું જયારે આઠ કલાક પછી હું ઉભી થઇ રાઘવના રૂમમાં જઈ શકી મારા મને એક નિર્ણય કરી લીધો કે બસ. હું રાઘવ સાથે એ નાટક

વધુ નહિ લંબાવી શકું.

જયારે હું રાઘવના રૂમમાં ગઈ ત્યારે એ બેડ પર સુતો હતો અને તેના મોમાં અને નાકમાં પણ નળીઓ લગાડેલ હતી. મારી આંખો સામે એક પળ માટે રાઘવની જગ્યાએ જીનલનો ચહેરો આવી ગયો.

શું હું કોઈની હાલત જીનલ જેવી બને એ માટે જવાબદાર બની શકું? શું રાઘવ કોઈનો ભાઈ નથી? શું રાઘવને પણ હું જીનલને ચાહતી હતી એટલુ ચાહવાવાળી બહેન નહિ હોય? શું હું એક બહેનને પોતાના ભાઈના મોતની દુવા માંગવા માટે મજબુર કરી શકું? અને મારા દરેક પ્રશ્નનો જવાબ હતો ના, હું ઉપરના એક પણ કામ કરવા તૈયાર ન હતી.

હું રાઘવ અને બીજા મિત્રો સાથે ખુબ જ ભળી ગઈ હતી. બીજા મીત્રો કરતા પણ મારા અને રાઘવ વચ્ચે સારા સંબંધો સ્થાપિત થઇ ગયા હતા. અમારા વચ્ચેનો સંબંધ માત્ર દોસ્તી નહી એ મિત્રતા કરતા કઈક અંશે વધી ગયો હતો. હું રાઘવની આંખોમાં મારા માટે પ્રેમની લાગણી જોઈ શકતી હતી પણ હું એને પ્રેમ કરી શકું તેમ ન હતી. મારા માટે પ્રેમ પ્રતિબંધિત હતો એમ કહું તો પણ ચાલે કેમ કે મારા કામમાં પ્રેમને કોઈ સ્થાન હતું જ નહિ. મારું જીવન જ ફરેબ હતું! જુઠના પાયા ઉપર મારા જીવનની ઈમારત ટકેલી હતી. હું મજબુર હતી! એક સ્ત્રી પાસે કોઈને તાબે કરી લેવા માટે શું કરવું પડે એ માત્ર સ્ત્રી જ જાણે છે! એ અશક્ત છે! હું અશક્ત ન હતી પણ મારી પાસેય એક એ જ રસ્તો હતો! હું એ કોલેજમાં માત્ર એક મિશન પર હતી. એક એવા મિશનનો આધાર મારા પર હતો જે મિશન પર કેટલીયે ગુમ થતી છોકરીઓનું જીવન આધાર રાખતું હતું. હું એક નાદાન પ્રેમ માટે એ મિશન જોખમમાં મૂકી શકું તેમ ન હતી. એથી હું રાઘવને મારા જીવનમાંથી દુર કરવા મથી રહી હતી અને મને એ મોકો કુદરતી રીતે જ મળી ગયો!

હું એક નાદાન પ્રેમ માટે મારા બદલાને ભૂલી શકું તેમ ન હતી. તો સામે હું મારા બદલા માટે કોઈનો જીવ પણ જોખમમાં મૂકી શકું તેમ ન હતી. જીનલે જીવનમાં કોઈનું ખરાબ નહોતું કર્યું અને હું એના બદલા માટે કોઈ નિર્દોષ વ્યક્તિનો જીવ લઇ જીનલના પવિત્ર બદલાને અપવિત્ર બનાવી શકું તેમ પણ ન હતી.

*

મેં રાઘવ સાથે છેડો ફાડી નાખવાનું નક્કી કર્યું કેમકે મને લાગવા માંડ્યું હતું કે રાઘવનું જીવન મારા લીધે જોખમમાં મુકાઈ શકે. એની સાથે છેડો ફાડી લેવાનો મોકો મને તરત જ મળી ગયો હતો. મેં હુમલો કરનાર માણસો કોણ હશે એના પર ધ્યાન આપવાને બદલે રાઘવને દુર કેમ કરવો એના ઉપર જ ધ્યાન આપ્યુ. અમારી કોલેજમાં વક્તુત્વ સ્પર્ધા હતી અને એનો વિષય 'ગર્લ સેક્સ એજ્યુકેશન' હતો.

"હેય રાઘવ, મેં વક્તુત્વ સ્પર્ધમાં મારું નામ સ્પર્ધક તરીકે નોધાવ્યું છે." મેં જાણી જોઈને એને કહ્યું. અમે કોલેજના કેફેટેરિયામાં બેઠા હતા. મને ખબર હતી કે છેલ્લા કેટલાક સમયથી રાઘવ મને ચાહવા લાગ્યો હતો અને તે થોડો પઝેસીવ પણ બની ગયો હતો એટલે મને એ આ સ્પર્ધામાં ભાગ લેતા રોકવાનો પ્રયાસ કરશે.

“તે કયા ટોપિક પર બોલવાનું વિચાર્યું છે?” એણે સવાલ કર્યો. મને ખબર હતી એ સીધો મુદ્દા પર આવતા ડરી રહ્યો હતો.

“સેક્સ એજ્યુકેસન એન્ડ ઇટ્સ નીડ.” મેં કહ્યું.

“તારે વિષય બદલી નાખવો જોઈએ.” એણે જરાક અલગ ભાવથી કહ્યું.

“કેમ?” હું જાણતી હતી છતાં મેં સવાલ કર્યો.

“એ તારા માટે યોગ્ય વિષય નથી.” રાઘવ મારી સામે જોવાનું ટાળીને જવાબ આપતો હતો એ મેં નોધ્યું. મારું તીર બરાબર વાગ્યું હતું.

“મને તો એમાં કઈ જ અયોગ્ય નથી લાગતું. મને તો એવું લાગે છે કે તારે અને કોલેજમાં બધાએ આ વિષય પર પોતાના મંતવ્યો રજુ કરવા જોઈએ.” મેં એને ગુસ્સો આવે એવી રીતે કહ્યું.

“સંધ્યા, તું મને પૂછી રહી છે કે એમાં શું ખોટું છે? એક છોકરી સેક્સ એજ્યુકેશન વિશે કઈ રીતે બોલી શકે! એ પણ બધાની સામે?” રાઘવ ગુસ્સે થતો હતો.

“એમાં ખોટું શું છે?” હું આગમાં ઘી નાખવા લાગી કારણ મારે એને મરતા નહોતો દેખવો. મારે એ નાટકનો અંત લાવવો હતો.

“એમાં ખોટું કાઈ નથી પણ તને આપણી કોલેજના છોકરાઓ વિશે તો ખબર છે ને? એ તારા વિશે કેવી ટીપ્પણી કરશે?”

“મને એનાથી કોઈ ફરક નથી પડતો. તને મારા વિશે ખબર છે ને હું પહેલા જ દિવસથી બધાથી અલગ રહી છું?”

એણે મારું છેલ્લું વાક્ય સાંભળ્યું અને એ ગુસ્સે થઇ ચાલ્યો ગયો. હું જાણતી હતી કે એવુ જ થશે. મેં કોલેજમાં સેક્સ એજ્યુ કેસન વિશે ડીબેટ કરી અને એક્સ્ટ્રા પોઈન્ટ સાથે જીત મેળવી હું પ્રથમ રહી હતી. મેં એક ઇનામ મેળવ્યું હતું પણ હું અને રાઘવ એકબીજાથી જરાક દુર થઇ ગયા હતા. મને એનો અફસોસ હતો પણ હું એ જ ચાહતી હતી કેમકે એ મારી હકીકત જાણ્યા પછી એમ પણ મને ચાહી શકવાનો ન હતો. મારે કેટલાક લોકોના કતલ કરવાના હતા. કેટલાક લોકોને એ દર્દનો અહેસાસ કરાવવાનો હતો જે મારી જીનલે ભોગવ્યું હતું. મારી નિર્દોષ જીનલ!

અમે અને રાઘવ ત્યારબાદ એકાદ અઠવાડિયા સુધી એકબીજાથી ન બોલ્યા. અમે એકબીજાને મેસેજ પણ ન કર્યો. એને ટેક્સ્ટ કરવાની બહુ ઈચ્છા થતી હતી પણ મારે ખુદને રોકવી પડી. એ કામ મુશ્કેલ હતું. મારે મારા દિલ સાથે કોમ્પ્રોમાઈઝ કરવું પડ્યું હતું અને એ વખતે પણ મેં એ જ કર્યું. મેં મારા હૃદય સાથે કોમ્પ્રોમાઈઝ કર્યું કેમકે હું કોઈને પ્રેમ કરવા નહી માત્ર અને માત્ર અમુક લોકોને નફરત કરવા જ જીવી રહી હતી!

***

સુરજ ગયો એના પછી કેટલીયે વાર હું એના વિશે વિચારતી એ લોઢાના દરવાજાને તાકી રહી હતી. ત્યાંથી બચી નીકળવાના વિચારો અને સ્ટ્રેસથી બચવા તેણે આપેલ નાગમણી નામના પુસ્તકના ત્રણ ભાગમાંથી પહેલા ભાગની કોપી હું વાચવા લાગી. પ્રસ્તાવના જ જકડી નાખે તેવી હતી! મને એની પ્રસ્તાવના વાંચતા જ થયું કે એની પ્રોટાગોનીસ્ટ નયના અને મારા વચ્ચે અનેક સામ્યતાઓ છે. નયના મેવાડાને વધુ વિચારવાની બીમારી હતી જયારે મને પણ તેની જેમ પૂર્વાનુમાન અને પશ્ચાનુંમાનની આદત હતી. નયના માટે જેમ કપિલ રહસ્યમય હતો તેમ મારા માટે સૂરજ રહસ્યમય હતો.

લગભગ આખો દિવસ મેં એ પુસ્તક વાંચવામાં વિતાવ્યો હતો. એના એક એક શબ્દને મેં વાંચ્યો. મારી પાસે સમય પસાર કરવા માટે આમેય બીજું કશું હતું જ નહિ. મેં ક્યાંક સાંભળ્યું હતું કે એક સારા વ્યક્તિ અને સારા પુસ્તક વચ્ચે માત્ર એક જ તફાવત છે. સારો વ્યક્તિ પોતાની જાત માટે સાચો નિર્ણય લઈ શકે છે અને સારું પુસ્તક તમને સાચો નિર્ણય લેતા શીખવી શકે છે!

એ પુસ્તક પૂરું વાંચતા મારો દિવસ પૂરો થઇ ગયો. શું નાગમણી નવલકથાની નાયીકા નયનાની જેમ મારા જીવનમાં પણ કોઈ કિંજલ જેવું ગદ્દાર હશે?? શું કિંજલ અને મોહનલાલની જેમ મારી પણ પીઠ પાછળ છરી ભોક્નાર કોઈ હતું??

શું મને પણ કિડનેપ કરનાર લોકો મારી પાસેથી કઇક ચાહતા હશે?? મારા મનમાં એવા અનેક પ્રશ્નો થયા જેમાં મને લાગ્યું કે મારી અને નયનાની કહાની ક્યાંક એક જેવી જ છે. ફરક હતો તો એટલો જ કે નયનાની રક્ષા કરવા માટે કપિલ હતો અને હું સાવ એકલી! એ દરેક સવાલના જવાબ મળવા મુશ્કેલ હતા અને એમ પણ કાળ કોટડીમાં એ સવાલો કરતા મહત્વનું મને સુરજ વિશે વિચારવાનું લાગ્યું.

સુરજના વિચારો મારા મનમાં વારવાર આવી રહ્યા હતા. તેની સાથે થયેલ વાતચીત મને વારવાર યાદ આવી રહી હતી. શું એ મારી મદદ કરવાનું નક્કી કરશે? શું એ મારી ઓફર સ્વીકારશે?? શું એ મારો વિશ્વાસ કરશે? અને છેલ્લે શું મારે તેનો વિશ્વાસ કરવો જોઈએ? છેલ્લા પ્રશ્નનો જવાબ હું જાણતી હતી. એ જવાબ ‘હા’ હતો.

બે દિવસ પહેલા મારા મને મને પૂછ્યું હોત કે મારે સૂરજનો વિશ્વાસ કરવો જોઈએ કે નહી તો હું મારી જાતને નકારમાં જવાબ આપત કારણ એ મારા માટે એક કીડનેપર હતો. મને કાળ કોટડીમાં ગોંધી રાખનાર વિલન હતો. મને ભૂખે મારનાર અને અંધારી દુનિયામાં ડુબાડી દેનાર શેતાન હતો. બસ નામ જ સુરજ હતું પણ રહેતો હતો એ અંધારી દુનિયામાં! પણ હવે તેના વિશે વિચારતા જ મને બેભાન જોઈ ચિંતા કરનાર યુવકનો ચહેરો મારી નજર સમક્ષ તરવરતો હતો. એ હું કોઈ વરસોના ભૂખ્યા વ્યક્તિની જેમ ખાઈ રહી હતી એ વખતે મને જોઈ ઉપજતી દયા યાદ આવી રહી હતી. જ્યારે મને બેઠી થવામાં એણે મદદ કરી એ હાથનો સ્પર્શ યાદ આવી રહ્યો હતો. જે સ્પર્શમાં માત્ર માનવતાની સરવાણી સિવાય કશું જ ન હતું. હવે મને એ સુરજ અંધારી દુનિયામાં રહેનારો નહિ પણ ત્યાં અટવાઈ ગયેલો સુરજ લાગવા લાગ્યો હતો.

મારા માટે સ્ટ્રેસની ગોળીઓ લાવવી, મારા માટે સમયસર ખાવાનું ન લાવી શકવા

બદલ અફસોસ વ્યક્ત કરવો અને છેલ્લે જીનલની હકીકત સાંભળતી વખતે એની આંખેથી વહેલા આંસુઓ એક વાત તો ચોક્કસ કહી રહ્યા હતા કે સુરજ ગુનેગાર ન હતો! કદાચ તે ગુનેગાર હોય તો પણ કાતિલ તો ન જ હતો. મને સુરજ ખરાબ માહોલમાં પોતાની મજબુરીને લીધે ધકેલાઈ ગયેલ સારો વ્યક્તિ દેખાઈ રહ્યો હતો. સુરજ સાચે જ મારા જીવનનો સુરજ મને લાગી રહ્યો હતો.

ગઈ કાલ સુધી મને એ કાળ કોટડીમાંથી બહાર નીકળવાનો એક જ રસ્તો દેખાતો હતો - મારા મૃત્યુ પછી મારી લાશ જ એ કાળ કોટડીમાંથી બહાર નીકળશે એમ લાગી રહ્યું હતું પણ આજે?? આજે મને બે રસ્તા દેખાઈ રહ્યા હતા. કદાચ હું ત્યાંથી લાશ બની બહાર નીકળીશ અથવા સુરજ મારી સાથે ડીલ કરી લેશે અને એની મદદથી હું જીવતી એ કાળ કોટડીમાંથી બહાર નીકળી શકીશ.

પુસ્તકો બાજુમાં મૂકી, ભીંતનો ટેકો લઇ મારા દુઃખતા પગ લંબાવી હું સુરજના આવવાની રાહ જોઈ રહી હતી. મારી આંખો હવે બળતી ન હતી. કદાચ હવે સોજો પણ નહી જ હોય એવું મને લાગ્યું. એ સોજો સ્ટ્રેસની ગોળીઓ ન લેવાથી આવ્યો હશે એ મને સમજાયું.

મારી પાસે સ્ટ્રેસની ટેબલેટ હતી અને સમય પસાર કરવા માટે પુસ્તક હતા છતાં પણ મને મીનીટો કલાકો અને કલાકો દિવસ જેવા લાગી રહ્યા હતા. મને ખાતરી હતી સુરજના પણ કઈક એવા જ હાલ હશે! એ પણ મારી જેમ વિચારોમાં ડૂબેલો હશે કેમકે એ પણ કઈક એવું જોઇને ગયો હતો જેની એણે આશા રાખી જ ન હતી.

જયારે એ છેલ્લી વખત રૂમમાં આવ્યો હશે મને બેભાન જોઈ એણે શું વિચાર્યું હશે? કદાચ વિચાર્યું હશે કે એ મોડો પડ્યો. કદાચ હું મરી જવા પર હતી ભૂખને લીધે, મારી ગોળીઓની ગેરહાજરીને લીધે કે પછી સ્ટ્રેસને લીધે. મને બેભાન જોઈ એ ગભરાઈ ગયો હતો એનો અર્થ એ હતો કે એણે આજ સુધી કોઇ વ્યક્તિનો જીવ નથી લીધો. મારે લીધે કોઈ મરી જશે એનો ડર એની ગભરાહટ મેં એની આંખમાં જોઈ હતી. કદાચ એ આ ધંધામાં નવો જ આવેલ હશે.

તે મને તો શું કોઈને મારવા ઈચ્છતો હોય એમ મને એના દેખાવ અને વ્યવહાર પરથી નહોતું લાગતું. સૌથી મોટી વાત તો એ કે સુરજ પોતાની કેદમાં રહેલી યુવાન છોકરી પર જરા પણ નજર નાખતો ન હતો. જયારે કહેવાતા સારા માણસો જેને શહેર અને શહેરના લોકો માન આપે છે એવા માણસો પોતાની દીકરીની ઉંમરની યુવતી પર જબરદસ્તી કરતા પણ ખચકાતા નથી અને મને ખાતરી હતી કે કદાચ એ કહેવાતા સારા માણસોની કેદમાં હું હોત તો અત્યાર સુધી મારો રેપ થઇ ચુક્યો હોત!

થેન્ક્સ ગોડ કે હું સુરજ જેવા ગુંડાની કેદમાં હતી. કોઈ સારા અને પ્રતિષ્ઠિત જેન્ટલમેનની કેદમાં ન હતી. સુરજ દારુ અને સિગારેટને હાથ પણ લગાવતો નહી એના પરથી જ મને અંદાજ આવ્યો હતો કે એ માણસ કઈક તો અલગ જ છે!

*

હું ક્યારે ઊંઘી ગઈ હોઈશ એની મને ખબર ન રહી પણ જયારે દરવાજા પર ટકોરા પડ્યા હું એકદમ સફાળી બેઠી થઇ ગઈ.

“મેં આઈ કમ?” સુરજે દરવાજા બહારથી પ્રશ્ન કર્યો.

“યસ, કમ ઇન.” મેં જવાબ આપ્યો. મને મારી સ્થિતિ પર હસવું આવ્યું. કેટલી અજીબ વાત હતી મારો કિડનેપર મારી કેબીનમાં આવવા માટે પરમીશન માંગી રહ્યો હતો અને હું ખુશી ખુશી એને અંદર આવવાની પરવાનગી આપી રહી હતી!

મને ખબર હતી જ નહી કે દરવાજા પર ટકોરા પડ્યા ત્યારે શું સમય થયો હશે. મેં યસ કમ ઇન કહ્યા બાદ દરવાજો ખુલ્યો અને સુરજ સફરજન અને એવા કેટલાક ફળ લઇ અંદર દાખલ થયો.

“આઈ ડોન્ટ નીડ ફ્રુટ્સ... મને ચાની જરૂર છે.” હું તેનાથી જરાક વધુ પરિચિત થયા પછી એની સામે માંગણી કરતા ડરી નહી.

“સોરી પણ ચાની વ્યવસ્થા હું નથી કરી શકું તેમ કેમકે એ લોકોને શક થશે કે કોઈ કેદીને ચા કેમ આપે? કેદીઓને તેમનું જીવન ટકાવી રાખવા જેટલી ચીજો જ અપાય છે.” સુરજે ફળ નીચે મુકતા કહ્યું.

“તો આ ફ્રુટ?”

“મેં બહાનું બનાવ્યું છે કે તારું શરીર એકદમ કમજોર પડી ગયું છે. છેલ્લીવાર મેં જ્યારે તને ખાવાનું આપ્યું ઘણા સમય સુધી ભૂખ્યા રહેવાને લીધે એ ખાતા જ તને ઉલટીઓ થવા લાગી હતી. તારે ફળની જરૂર છે એમ મેં એમને સાબિત કરી આપ્યું કેમકે એ લોકોને કેદી બીમાર થઈ જવાની બહુ ડર હોય છે. કોઈ પણ બીમાર કેદીને દવાખાને લઇ નથી જઈ શકાતું એટલે એ કેદી ગમે તેટલું મહત્વનું હોય તો પણ એને મરવા દેવું પડે છે. એ લોકો તારી હેલ્થના નામ પર તને ફળ આપવા માટે તૈયાર થઈ ગયા.” સુરજે હસીને કહ્યું.

“પણ તું મને ફળ કેમ ખવડાવવા માંગે છે?” મેં આશ્ચર્યથી કહ્યું હતું.

“અહીંથી બહાર નીકળવા માટે તારે શક્તિની જરૂર છે જે તને આ ફળથી મળશે.” સુરજના શબ્દોએ મને નવાઈ લગાડી પણ એમાં ખુશી હતી.

“શું તું મારી મદદ કરવા તૈયાર છે?” મેં ખાતરી કરવા પૂછ્યું.

“હા પણ...”

“પણ શું?” મેં ઉતાવળા થઇ પૂછ્યું.

“તારે બધું તારી રીતે જ કરવાનું રહેશે. હું તારી ખાસ કોઈ મદદ નહી કરી શકું.”

“અને એમ કરતા જો હું પકડાઇ જઈશ તો મારું શું થશે?”

“મને ખબર નથી. મને ન પૂછ. હું એ બધું જાણવા નથી માંગતો.” સુરજ ફરી ગંભીર થઇ ગયો.

“તેઓ મને મારી નાખશે?”

“હા, કોઈ પણ કેદી ભાગવાનો પ્રયાસ કરે તો એને મારી નાખવામાં આવે છે.”

“કોઈ પણ કેદી એટલે શું બીજા કેદીઓ પણ અહી છે?”

“હા, તારી સાથે જ એ બીચ કેબિનમાંથી કિડનેપ કરાયેલ છોકરીઓ અને એક છોકરો પણ છે જેને તારી જેમ જ એક અલગ કેબીનમાં રાખવામાં આવ્યો છે.”

“એનું નામ રાઘવ છે?” મારું મન ફફડી ઉઠ્યું.

“મને ખબર નથી, મને બસ તારી જ જવાબદારી સોપવામાં આવી છે. એ છોકરાની અને બીજી ત્રણ છોકરીઓને સંભાળવાની જવાબદારી બીલી નામના એક વ્યક્તિને સોપવામાં આવી છે. ભગવાનનો પાડ માન કે તારી જવાબદારી એ બીલીને નથી આપવામાં આવી! એનાથી દુષ્ટ વ્યક્તિ કોઈ જ નથી.” એ બોલતી વખતે સુરજના ચહેરા ઉપર એક સુગ દેખાઈ. મને હવે ખ્યાલ આવ્યો કે સુરજ બીજા માણસો સાથે કેમ વાત ન કરતો.

“બસ તારે બીલી અને બે બીજા માણસોની નજરમાં આવ્યા વિના બહાર નીકળી જવાનું છે.”

“પણ આપણે કઈ જગ્યાએ છીએ? મને તો બહાર નીકળી શકવાનો રસ્તો પણ ખબર નથી.” હું થોડી મૂંઝાઈ હતી.

“એ બધું હું તને સમજાવી દઈશ.”

“તો તું કેમ મારી સાથે બહાર ન આવી શકે? શું આપણે બંને એકસાથે બહાર ન નીકળી શકીએ?”

“ના...”

“કેમ?”

“કેમકે બોસ જાણે છે કે રોશની ક્યા છે. જો એને ખબર પડી જાય કે મેં એની સાથે દગો કર્યો છે તો એ રોશનીને મારી નાખશે.”

મને એની એ વાત વ્યાજબી લાગી. ત્યારબાદ એ મને પ્લાન સમજાવવા લાગ્યો. હું એની દરેક વાત ધ્યાનથી સાંભળતી રહી. હું જાણતી હતી કે એ દરેક શબ્દ પર મારી જીંદગી આધાર રાખતી હતી. કોઈ એક દરવાજા વિશે જાણવામાં કે યાદ રાખવામાં ગફલત થઇ તો મારે જીવન ગુમાવવું પડશે. સૂરજે મને કહ્યું પણ હતું કે જો હું પકડાઈ જઈશ તો બધાની સામે બોસ એને ઓડર કરશે તો એણે પોતાના હાથે પણ મને મારી નાખવી પડશે અને એ એવું કરતા પણ ખચકાશે નહિ. એવું એ કહી રહ્યો હતો પણ મને નહોતું લાગી રહ્યું કે એ તેમ કરી શકે તેમ હતો. છતા બીજા ઘણા લોકો એ સ્થળે એ કામ ખુશીથી કરવા તૈયાર હતા એ હું જાણતી હતી.

***

અ ગિયાર જુન મારો જન્મદિવસ હતો. હું સવારે વહેલી ઉઠી અને રોજ મુજબ ભગવાનને પ્રાથના કરી. હું મારા દરેક જન્મદિવસે ભગવાનને પ્રાથના કરતી. મેં દરેક જન્મદિવસની જેમ એ દિવસની શરૂઆત કરી પણ દરેક જન્મદિવસની જેમ હું ખુશ ન હતી. મારા મનમાં સતત જીનલના વિચારો દોડી રહ્યા હતા.

જીવનમાં એ પહેલો જન્મદિવસ હતો જે હું જીનલ વિના એકલા મનાવવાની હતી એમ તો ન કહી શકાય કેમકે હું બહાર રહી ભણતી હતી પણ હા, જીનલે સૌથી પહેલા વિશ ન કરી હોય એવો એ પહેલો દિવસ હતો! અલબત્ત, જીનલની વિશ વિનાનો એ પહેલો જન્મદિવસ હતો જે મારા માટે જન્મદિવસ નહિ પણ મરણ દિવસ સમાન લાગી રહ્યો હતો. છતાં હું જાણે એક લાશને સજાવી રહી હોઉં તેમ મારી જાતને સજાવી રહી હતી.

મારે મારી જાતને સજાવવી જરૂરી હતી. એ દિવસ મારા માટે ખુબ જ મહત્વનો હતો. એ મારો જન્મદિવસ હતો અને એ દિવસની મદદથી હું કોલેજમાં દરેકના ધ્યાનમાં આવી શકુ તેમ હતી. જીનલ મને એ દિવસે સૌથી વધારે યાદ આવતી હતી પણ મારે ગમે તે ભોગે કીડનેપરની નજરમાં આવવું હતું. હું એ દિવસની કોલેજમાં આવી ત્યારથી રાહ જોઈ રહી હતી, મેં બધી તૈયારીઓ કરી હતી, યોજનાઓ બનાવી હતી. મારે મનમાંથી દુઃખને હડસેલી દઈને મારા કામને અંજામ આપવા જવાનું હતું.

તૈયાર થઇ હું નવ ત્રીસે ઘર બહાર નીકળી. મારે સીધા કોલેજ જવાનું હતું. મારું ઘર નવી મુંબઈમાં હતું છતા કોલેજ મારા ઘરથી બહુ દુર હતી. મેં કોલેજમાં વધુ ગ્લેન્સ મેળવવા માટે સફેદ સ્કીની ટોપ પહેર્યો હતો જે મારી કમર પર ફીટ હતો અને નીચે લો વેસ્ટ જીન્સ પહેર્યું હતું. મારા ઇઅરફોન મારા ગળામાં લટકી રહ્યા હતા. મેં મારા વાળ ખુલ્લા જ રાખ્યા હતા. હું ભાગ્યે જ મારા વાળ ખુલ્લા રાખતી. આઈ ડોન્ટ લાઈક અન ડન હેર.

હું મારા ઘરથી થોડેક આગળ સુધી ચાલતી જ ગઈ કેમકે મારા ઘર આગળથી રિક્ષા મળવી મુશ્કેલ હતી. એટલે દસેક મિનીટ ચાલીને મુખ્ય રોડ પર જવું પડતું.

હું થોડીક ચાલી ત્યાજ મને રાઘવ અને શુનીલ પોતાની બાઈક પાર્ક કરીને સ્ક્વેર પોઈન્ટ આગળ ઉભેલ દેખાયા. હું સમજી ગઈ હતી એ મને વિશ કરવા આવ્યો હતો.

હું એમની પાસે જઈ ઉભી રહી. હું ત્યાં ઉભી રહેવા નહોતી માંગતી પણ એકદમ વધુ પડતું રુડ બનવું પણ મને યોગ્ય ન લાગ્યું.

“મેની મેની હેપી રીટર્ન્સ ઓફ ધ ડે.” એના ચહેરા પર સ્મિત ફિક્કું હતું.

“થેન્ક્સ.” મેં એની તરફ જોઈ કહ્યું.

શુનીલે પણ મને બર્થડે વિશ કરી, મેં એનો આભાર માન્યો.

“ધીસ ઈઝ ફોર યુ.” મારા તરફ એક બોક્સ આગળ કરી રાઘવે કહ્યું.

મેં એ ગીફ્ટ જોયું, એ રેડ કલરના બોક્સમાં પેક કરેલ હતી અને તેના પર સફેદ અક્ષરોમાં આઈ એમ સોરી લખેલું હતું.

"ફોર વોટ?" મેં એકદમ અજાણ બની કહ્યું.

"તારા સાથે રુડ બનવા બદલ." રાઘવે કહ્યું, મને એના ચહેરા પરથી લાગ્યું હતું કે તેને સોરી કહેવામાં જરાક ઓકવર્ડ લાગી રહ્યું છે. સમથીંગ લાઈક ઈગો હર્ટ.

"હું એ ભૂલી ગઈ છું, તું પણ ભૂલી જા." મેં હસીને કહ્યું.

"આટલી નાની વાત પર આપણા વચ્ચે..."

"વોટ..?" મેં એ તેનું વાક્ય પૂરું કરે એ પહેલા જ કહ્યું. "આપણા વચ્ચે કઈ જ ન હતું, આપણે જસ્ટ ફ્રેન્ડ હતા અને ફ્રેન્ડ છીએ." મેં તેને વધુ ખરાબ ન લાગે એ માટે પાછળનું વાક્ય ઉમેર્યું અને હું ચાલવા લાગી, મારે સાચે જ મોડું થઇ રહ્યું હતું.

"જસ્ટ ટુ મિનીટ. પ્લીઝ." એણે મને હાથ પકડી રોકી લીધી.

"શું થયું રાઘવ?" મેં પાછળ ફરતા કહ્યું, હું એની સાથે એ વર્તન કરવા માંગતી ન હતી પણ હું મજબુર હતી.

"હું માત્ર તારી બે મિનીટ ઈચ્છું છું, હું તારો સમય વેસ્ટ કરવા નથી માંગતો." રાઘવ સાવ ઢીલો પડી ગયો હતો એટલે મને વધારે રૂડ બનવું બેહુદુ લાગ્યું.

"ઓકે, ફાઈન. આપણે ચાલતા ચાલતા વાત કરીશું જેથી સમય ન બગડે." મારા માટે એના કરતા સમય વધુ કિંમતી હોય એમ મેં કહ્યું. હું જોઈ રહી હતી કે મારા એવા વ્યવહાર છતાં એના ચહેરા પરના ભાવ જરાય બદલાયા ન હતા.

અમે મુખ્ય રોડ તરફ ચાલવા લાગ્યા. શુનીલ બાઈક પાર્ક કરી ત્યાજ ઉભો રહ્યો હતો. તે અમને પ્રાયવેસી આપવા માંગતો હતો.

"હાઉ આર યુ?" એણે ચાલતા ચાલતા ઇન્ક્વાયરી કરી.

"આઈ એમ ઇન્જોયિંગ માય લાઈફ." હું એમ બતાવવા માંગતી હતી કે મને એની કોઈ ફિકર નથી. તે છેલ્લા કેટલાક સમયથી મારી સાથે વાતચીત નથી કરી રહ્યો એનાથી મને કોઈ જ ફરક નથી પડ્યો. હું ઇચ્છતી હતી કે એ મારી વધુ પડતી ચિંતા કરવાનું બંધ કરે કેમકે એ જો એ ગુનેગારોમાંથી એક ન હોય તો એ એના માટે ફાયદાકારક ન હતું.

"ઓહ! રીયલી! સો વોટ ઈઝ ધ પ્લાન ફોર ટુડે?" તેણે મને પૂછ્યું, હું જાણતી હતી તેણે મને કેમ એ પૂછ્યું હતું. કદાચ એને આશા હશે કે હું કહીશ કે નથીંગ, કેન યુ જોઈન મી વિથ માય ફ્રેન્ડઝ.

"નો નીડ ટુ ટેલ યુ." મેં એકદમ રૂડ ગર્લની જેમ બીહેવ કરતા કહ્યું.

હું જાણતી હતી એ ખરેખર સૌથી ખરાબ જવાબ હતો, એ જવાબની એણે આશા નહિ રાખી હોય. એના ચહેરા પર મને ઉદાસીના ભાવ દેખાયા, એની આંખોમાં પણ એ જ એના ચહેરાની ઉદાસી ઉતરી આવી. જોકે એ મને મનાવવા આવ્યો હતો એટલે એણે મારા એ શબ્દો પર પણ કઈ જ રીએક્ટ ન કર્યું. એ સાવ ઠંડો રહ્યો.

"તું કેમ આટલી રુડ બની રહી છે?" એના સવાલમાં એક દર્દ હતું.

"રાઘવ, આ મારો જન્મદિવસ છે અને હું એ મારા મિત્રો સાથે મનાવવા જઈ રહી છું. પ્લીઝ તું એ ખરાબ ન કરીશ. લેટમી ઇન્જોય....."

શું ખરેખર એ મારો દિવસ બગાડી રહ્યો હતો? ના.... પણ હું એનાથી દુર જઈ રહી હતી કેમકે હું એને ચાહવા લાગી હતી. મને ખબર હતી જ્યારે મારા જેવી છોકરી કોઈને ચાહવા લાગે કે કોઈ મને ચાહવા લાગે એ એના માટે નુકશાન કારક હતું. હું એવી ભૂલ કરવા માંગતી ન હતી. હું રાઘવની લાશ કોલેજના દરવાજે લોહીથી લથબથ પડી હોય એ દ્રશ્ય જોઈ શકું તેમ ન હતી.

"હેપી બર્થડે." તેણે વિશ કર્યું. કદાચ બીજી વાર વિશ કર્યું હતું.

"આભાર." મેં કહ્યું.

"આ ગીફ્ટ તારા માટે છે." એણે ફરી એજ ટેડી બીયર આગળ કરી કહ્યું.

એ ટેડી બીયર ગીફ્ટ પેપરમાં રેપીંગ કરાવ્યા વિના લાવ્યું હતું એ પરથી જ હું સમજી ગઈ હતી કે એ ફરી અમારી દોસ્તીને કન્ટીન્યું કરવા માંગતો હતો.

"થેન્ક્સ, બટ આઈ કાન્ટ ટેક ઈટ."

"પ્લીઝ ટેક ઈટ, પ્લીઝ." રાઘવ આજીજી ભર્યા સ્વરે વિનંતી કરવા લાગ્યો. મને એક પળ થયું કે મારે એ લઈ લેવી જોઈએ પણ બીજી જ પળે મેં એ કમજોર વિચારોને ફગાવી દીધા. હું ત્યાં પ્રેમ કરવા નહી પણ ગુમ થતી છોકરીઓનું રહસ્ય ઉકેલવા માટે હતી. જીનલની મોતનો બદલો લેવા માટે હતી અને એમાં કોઈ નાદાન પ્રેમ માટે કોઈ જગ્યા ન હતી. મારા હ્રદયમાં નફરત સિવાય કોઈ ચીજ માટે જગ્યા હતી જ નહી..!!!

"નો, આઈ કેન નોટ." મેં સ્પસ્ટ શબ્દોમાં કહ્યું.

"સંધ્યા, ઈટ ઇઝ જસ્ટ ફોર યુ." ફરી એજ વાત દોહરાવી રાઘવ પોતાની જાતને વધારે ને વધારે લાચાર બનાવી રહ્યો હતો.

"સો વોટ, થ્રો ઈટ અવે." એ શબ્દો બોલતી વખતે મારું હ્રદય રડી રહ્યું હતું. હું અંદરથી એકદમ ભાંગી પડી હતી. હું જીવનમાં સાવ એકલી હતી. મારે કોઈની જરૂર હતી. મારે એની જરૂર હતી. એના પ્રેમની જરૂર હતી. એની એ ગીફટની જરૂર હતી પણ હું એમાંની એક પણ ચીજ સ્વીકારી શકું તેમ ન હતી. કારણ કે માણસ માટે તેના મકસદથી ચડિયાતું કઈ જ ન હોઈ શકે તેમ હું માનતી હતી. મારા માટે પ્રેમ કરતા જીનલ વધારે મહત્વની હતી. પ્રેમ મને મારા ધર્મથી ડગાવી ન જ શકે.

એ વધુ એકપણ શબ્દ બોલ્યા વિના પાછો વળી ગયો. મેં પાછળ ફરી એના તરફ જોયું. મારું મન એને પાછો બોલાવી એની માફી માંગવા પોકારી રહ્યું હતું, મેં જોયું સાચે જ એણે થોડાક આગળ જઈ એ ગીફ્ટ બોક્સ ફેકી દીધું અને એકવાર પણ પાછળ ફરીને ન જોયું.

મેં એક સાચા મિત્રનું દિલ તોડ્યું હતું. મેં એક સારા છોકરાનું દિલ તોડ્યું હતું. પણ મારે એ કરવું પડ્યું કેમકે મને નહોતું લાગતું કે તે કોઈ પણ ગુનાહિત પ્રવૃતિમાં જોડાયેલ હોય અને જો એ નિર્દોષ હોય તો હું રાઘવ સાથે એ નાટક કરી શકું તેમ ન હતી... હું એને છેતરી શકુ તેમ ન હતી.

રાઘવ શુનીલ સાથે બાઈક પર બેસી નીકળી ગયો અને મને પણ લાગ્યું કે મારું મન જરા અશાંત થઇ ગયું હતું. એ અશાંત મને કોલેજ જવું મને યોગ્ય ન લાગ્યું એટલે હું પણ ઘર તરફ પાછી ફરી હતી.

ઘરે આવ્યા પછી મારા મનમાં સતત વિચારો દોડ લગાવ્યે જતા હતા. મારે શું કરવું જોઈએ? શું મારા લક્ષ સુધી પહોચવા માટે કોઈની લાગણીઓ સાથે રમત રમવી યોગ્ય છે? કે પછી રાઘવ પણ પોતાનું લક્ષ પૂરું કરવા માટે જ મારા સાથે રમત રમી રહ્યો હશે?

મને કઈ સમજાતું ન હતું. આખરે કંટાળી મેં મારું લેપટોપ હાથમાં લઇ ફેસબુક ખોલી જોયું. તેમાં ઘણા બધા સ્ક્રેપ્સ, નોટીફીકેસન, મેસેજીસ અને ફ્રેન્ડ રીક્વેસ્ટ જોવા મળ્યા. મેં બધા નોટીફીકેશન અને રીક્વેસ્ટ તપાસી જોઈ. કોઈ જ મહત્વની ચીજ ન હતી. મેં મારું મેઈલ બોક્ષ પણ ચેક કરી જોયું કોઈ મહત્વનો મેઈલ ન હતો. હું ફેસબુક પર મિત્રોએ કરેલી નવી પોસ્ટ ચેક તપાસી રહી હતી ત્યાજ અચાનક એક ફ્રેન્ડ રીક્વેસ્ટ આવી. મેં નોટીફીકેશનમાં જઈ જોયું.

ધેટ્સ વોટ આઈ વોઝ વેઈટીગ.

એ કિરણ સરની રીક્વેસ્ટ હતી. મેં છેલ્લા કેટલાક સમયથી સ્પોર્ટ્સની પ્રવૃતિઓમાં ભાગ લેવાનું શરુ કર્યું હતું અને મારા ફેસબુકમાં એમની રીક્વેસ્ટ આવી ગઈ એનો અર્થ હું જાણતી હતી. એ માણસ સ્પોર્ટ્સમાં જોડાય એ દરેક છોકરીને રીક્વેસ્ટ મુકતો હતો. પણ શા માટે? એ જાણવા માટે મારે એ રીકવેસ્ટ સ્વીકારવી જ રહી એમ વિચારી મેં એસેપ્ટ પર કલીક કર્યું.

“હાય.” મેસેન્જર પર મેસેજ આવ્યો.

“હાય.” મેં ટાઈપ કર્યું.

“વોટ આર યુ ડુઈંગ?” ચેટીંગ વિન્ડોમાં ફરી મેસેજ દેખાયો.

“જસ્ટ કિલિંગ ટાઈમ ઓન એફ.બી.” મેં ટાઈપ કર્યું.

“વુડ યુ લાઈક ટુ બી માય ફ્રેન્ડ? આઈ અસ્યોર યુ વિલ નેવર નીડ ફેસબુક ટુ કિલ ટાઈમ.” એ બેશરમ માટે મને એ જ અંદાજ હતો. એ મેસેજ વાંચી હું સમજી ગઈ હતી કે એ મારા સાથે ફ્લર્ટ કરી રહ્યો છે. હું જાણતી હતી કે એ એવા સ્વભાવનો છે પણ એ કઈ હદ સુધી જઈ શકે છે એ જાણવા માંગતી હતી.

“વ્હાય નોટ?” મેં ટાઈપ કર્યું.

“વોટ ઇઝ યોર હોબી?” મેસેજ ફરી દેખાયો.

“સ્પોર્ટ્સ એન્ડ રીડીંગ.”

“વોવ... વોટ અ કોઇન્સીડેન્સ... અવર લાઈકીન્ગ્સ આર એક્જેકટલી મેચિંગ.”

“રીઅલી?” મેં પણ ફ્લર્ટ કરતા કહ્યું. એ કદાચ એમ સમજી રહ્યો હતો કે એ મને જાળમાં ફસાવી રહ્યો છે અને હું એ જાળમાં ફસાઈ રહી છું પણ થઈ બિલકુલ ઉલટું રહ્યું હતું. કે કદાચ મને એવું લાગી રહ્યું હતું!

હું એવા લોકો કે જે ભોળી છોકરીઓને ફ્લર્ટ કરી ફસાવતા હોય તેમને ફસાવવામાં માસ્ટર હતી. એવા લોકોને ઈમ્પ્રેસ કરવા કેવા શબ્દો વાપરવા જોઈએ એ હું સારી રીતે જાણતી હતી. આગળ જ મેં કહ્યું કે ક્યારેક તમને હું નાયક નહી લાગુ.

“આઈ કેન મેક યોર ગુડ ફ્યુચર ઇન સ્પોર્ટ્સ. ધેન યુ નેવર નીડ ટુ કીલ ટાઈમ ઓન એફ.બી. યુ વુડ હેવ અ યુઝઅલ ક્રાઉડ નીઅર યુ.”

હું સમજી ગઈ, તેણે મને મહત્વકાક્ષાના સપના બતાવવાનું શરુ કરી દીધું હતું. એણે સ્પોર્ટ્સમાં નવી જોડાનાર છોકરીને ફસાવવાનો સારો પેતરો અપનાવ્યો હતો.

“રીયલી?” મેં ફરી એ જ શબ્દો લખી મોકલ્યા. એની શું અસર થશે એ હું જાણતી હતી.

“બે વરસ પહેલા આ છોકરીને મેં કોલેજમાં સ્પોર્ટ્સ સ્ટાર બનાવી હતી.” કહી તેણે મને એક છોકરીની સેમી ન્યુડ તસવીર મોકલી. હું સમજી ગઈ એણે પહેલા કોઈ છોકરીને ફસાવી હશે એની સેમી ન્યુડ તસવીર મોકલી એ મને બતાવવા માંગતો હતો કે એને ઘણી બધી છોકરીઓ સાથે સંબંધ છે, એ એના માટે સામાન્ય છે અને મારે પણ જો સ્પોર્ટ્સમાં કરિયર બનાવવી હોય તો એ બધું સામાન્યની જેમ સ્વીકારી લેવું જોઈએ.

“વોટ ઈઝ હર નેમ?” મેં ટાઈપ કર્યું.

“નિરાલી. એ બહુ અલગ છોકરી હતી બિલકુલ તારા જેવી જ આઝાદ સ્વભાવની જમાનાથી બે કદમ આગળ.. અને એટલે એને આગળ નીકળતા વાર ન લાગી...” એનો રીપ્લાય આવ્યો.

હું એના કહેવાનો અર્થ સમજી ગઈ હતી પણ મને નવાઈ ન લાગી કેમકે મેં હાઈ સ્કુલમાં પણ ગર્લ્સને ટ્યુટર અને ટીચર સાથે ફ્લર્ટ કરતી જોઈ હતી તો આ તો કોલેજ ગર્લ હતી.

મેં મેસંજર ક્લોઝ કર્યું. હું શોધી રહી હતી તે વ્યક્તિ કિરણ સર ન હતો એ હું સમજી ગઈ હતી કેમકે મિસિંગ ગર્લ્ઝના કેસમાં જો એનો હાથ હોય તો એ કોલેજની કોઈ છોકરી સાથે ફ્લર્ટ કરવાની ભૂલ ન કરે. હું ગુનેગારોને સારી રીતે જાણતી હતી. એ એક નંબરનો નાલાયક હતો. શીક્ષક કહેવાવાને લાયક ન હતો પણ તે ગુનેગાર ન હતો. ગર્લ કિડનેપીંગમાં જોડાયેલ વ્યક્તિ ક્યારેય સેક્સ માટે આટલો હન્ગ્રી ન હોઈ શકે. એ કયારેય પોતાના બહારી વ્યક્તિત્વમાં પોતાના અંદરના વ્યક્તિત્વને છતું ન થવાદે. કદાચ માની લઈએ કે એ એટલો મુર્ખ હોય કે એવી ભૂલ કરે તો હજુ સુધી એ બચીને ન રહી શકે.

એના સાથે વધુ વાત કરવાનો કોઈ અર્થ ન હતો. એ વ્યક્તિ ખરાબ હતો, બચીને રહેવા લાયક હતો પણ કીડનેપર ન હતો. કોલજની છોકરીને કિડનેપ કરતા પહેલા તેની સાથે ફેસબુક પર વાત કરે તેટલો મુર્ખ તો કોઈ કીડનેપર ન જ હોય. કોઈ એકાદ છોકરીને કિડનેપ કરનાર વ્યક્તિ મુર્ખ હોઈ શકે પણ છેલ્લા ત્રણ વરસમાં મુંબઈની કોલેજોમાંથી કુલ સોથી પણ વધુ છોકરીઓ ગુમ થઇ હતી તેનો અર્થ એ હતો કે કીડનેપર કોઈ સાતીર વ્યક્તિ હતો. એ કિરણ સર ન હોઈ શકે. કદાચ કિરણ સર એમનો મદદગાર હોઈ શકે? પણ ના, એની પણ શક્યતા નહિવત હતી, એવા મામલામાં મદદ કરનાર વ્યક્તિ પોતે પણ ગાફેલ તો ન જ રહે.

મને કોઈ રસ્તો સુજતો નહોતો. કોઈ પણ રીતે મને કોઈ સબુત મળ્યું નહી કે કિરણ સર

કે રાઘવ બેમાંથી એકે જીનલના કાતિલ હોય. ઉલટા રાઘવ સાથે રમત રમવા બદલ મને મનોમન પસ્તાવો થઇ રહ્યો હતો.

બસ કદાચ કોઈ કુદરતી ઈશારો મળી જાય તો જ હું જીનલના કતીલોને શોધવામાં સફળ રહી શકું તેમ હતી અને જાણે ભગવાને મારી વાત સાંભળી લીધી હોય તેમ મને સાંભળવા મળ્યું કે કોલેજની કેટલીક છોકરીઓ વિકેન્ડ મનાવવા બીચ કેબીન પર જવાની છે એ જ પળે મેં એમની સાથે જોડાઈ જવાનું નક્કી કર્યું કેમકે મને એમ લાગી રહ્યું હતું કે જરૂર ત્યાં કઈક થશે. મારી સિકસ્થ સેન્સ મને કશોક અણસાર આપતી હતી. મારો અંદરનો આત્મા કહેતો હતો કે સંધ્યા ડોન્ટ મિસ ધેટ ચાન્સ.

***

સૂ રજના ગયા પછી હું એણે સમજાવેલ પ્લાનની એક એક વિગતોને યાદ કરવા લાગી. મારે કયા દરવાજા ઓળંગવાના હતા. કયા દરવાજા માટે કઈ કીનો ઉપયોગ કરવાનો, ક્યાં કોનાથી સાવધાન રહેવાનું હતું એ દરેક ચીજ એ મને સમજાવી ચુક્યો હતો અને એ જ બાબત હું મારી જાતને દસેક વાર સમજાવી ચુકી હતી.

મારા મનમાં એક અજ્ઞાત ભય આકાર લઇ રહ્યો હતો. જો હું પકડાઈ જઈશ તો શું થશે...??

કદાચ મારા ભાગી ગયા પછી સુરજનો બોસ કે જે કોણ હતો એ હું જાણતી જ ન હતી એને ખબર પડી જશે કે સુરજે મને ભાગવામાં મદદ કરી છે તો રોશનીનું શું થશે..?? શું એનો બોસ સૂરજને પણ મારી નાખશે..??

મને એક આશા મળી હતી પણ સાથે સાથે એક ભય પણ સતાવી રહ્યો હતો. જો હું પકડાઈ જાઉં તો..? જો સૂરજ પકડાઈ જાય તો તેનું શું થશે..? હું આગળ પણ રાઘવને આઘાત આપી ચુકી હતી મારી જીનલ માટે! હવે સુરજને પણ..? કોઈએ સાચું જ કહ્યું છે કે શેતાનને મારવા માટે શેતાન બનવું જ પડે છે..! એમાય સૂરજે મને એક બીજો ભય આપ્યો હતો કે કોઈ છોકરાને પણ આ લોકોએ ઉઠાવ્યો છે. શું એ રાઘવ હશે? બિચારો રાઘવ!!!!!

હું વિચારોમાં હતી ત્યાજ એકાએક દરવાજો ખુલવાનો અવાજ આવ્યો. કોણ હશે..?? મને થયું સૂરજ તો હજુ હમણા જ ગયો હતો એ એટલો જલ્દી કેમ આવે?? અને જો એ આવે તો પણ દરવાજા બહાર ઉભો રહી 'મેં આઈ કમ' એવું પૂછ્યા વિના ક્યા આવતો હતો?

હું દરવાજો ખુલી કોણ અંદર પ્રવેશે છે એની રાહ જોવા લાગી. પણ એ સુરજ જ હતો. એ દરવાજામાં દાખલ થયો ત્યારે મને નિરાંત થઇ. પણ એનો ચહેરો જોતા જ હું ઉભી થઇ ગઈ.

"શું થયું..?" મેં એના ચહેરા પરના ચિંતાના વાદળને જોતા કહ્યું.

"બોસ આવી રહ્યો છે. એ આજે રાત્રે જ આવવાનો છે એવું મેં બિલીને બીજા માણસો સાથે વાત કરતા સંભાળ્યો. આપણે પ્લાન બદલવો પડશે." સૂરજ મારી નજીક ધસી આવ્યો અને ઝડપથી બોલવા લાગ્યો.

"પણ તાત્કાલીક શું પ્લાન બનાવી શકાય?" મેં કહ્યું. બાજી હાથમાંથી જાય છે એવું મને લાગ્યું.

"પ્લાન છે." કહી તેણે પોતાની રિવોલ્વર બહાર કાઢી. મેં રિવોલ્વર ઉપર નજર કરી. તેણે હજુ સુધી મને પિસ્તોલ બતાવી ન હતી.

"આ લઈને અહીંથી તારે નીકળી જવાનું છે, કદાચ કોઈ સામે મળી જાય તો એમના કોઈ પણ સવાલનો જવાબ આપ્યા વગર એમને શૂટ કરી દેવાના છે..." કહી સૂરજે ગન મારા તરફ તાકીને મને કહ્યું, "જો તું નહી મારે તો એ લોકો વિચાર નહી કરે બીજી જ પળે તારી ખોપરી ફૂટેલી પડી હશે..... જરાય દયા નહી એ બધા શેતાન છે.... બસ ધ્યાન રાખવાનું કે એ જે પણ હોય તારે છાતીમાં જ ગોળી ધરબી દેવાની છે. તું ફિલ્મોની જેમ માથામાં ગોળી

મારવાનો પ્રયત્ન ન કરતી. એ શક્ય નથી. તું આ રમકડાથી પરિચિત નથી." સૂરજ ઝડપથી મને બધું સમજાવી રહ્યો હતો.

"પણ તારું શું થશે? એ લોકોને ખબર પડી જશે કે તે મને ભગાડી છે તો પછી રોશનીનું શું થશે?" મેં ગન હાથમાં લીધી અને ચિંતાતુર અવાજે કહ્યું.

"મારી પાસે પ્લાન છે." સૂરજે એના બંને હાથથી મારા ખભા પકડ્યા.

"શું?" મેં પૂછ્યું. તેની આંખોમાં કોઈ ગજબ ભાવ હતા. તેના દાઢી મૂછોવાળા ભાવ વગરના ચહેરા ઉપર આજે પહેલીવાર મને કોઈ ભાવ દેખાયા હતા.

"તું આ જાકીટ પહેરી લે." કહેતા તેણે મને તેનું ક્રીમ કલરનું લેધર જેકેટ પહેરાવ્યું.

મેં એનું જાકીટ પહેરી લીધા બાદ એના તરફ જોયું. મારા ચહેરા પર 'હવે શું?' એવા પ્રશ્નાર્થ ભાવ હતા.

"હવે આ પ્લેટ ઉઠાવી એને તારામાં જેટલું જોર હોય તેટલા જોરથી મારા ચહેરા પર માર." એણે મારા માટે જે પ્લેટમાં જમવાનું લાવ્યું હતું એ પ્લેટ તરફ જોતા કહ્યું.

"વોટ??" હું કાઈ સમજી ન શકી, "આર યુ મેડ? તું મારી મદદ કરી રહ્યો છે અને હું તને કઈ રીતે મારી શકું?"

"મને માર." એણે ગુસ્સાથી કહ્યું. "તને સમજ નથી પડતી, બોસને એવું લાગવું જોઈએ કે તે મારા પર હુમલો કર્યો હતો. હું તારા જમવાની પ્લેટ લઇ જવા આવ્યો અને તે મારા પર હુમલો કર્યો, મને ઘાયલ કરી મારી ગન, ચાવીઓ અને લેધર જેકેટ લઇ નીકળી ગઈ."

"એ જરૂરી છે?"

"હા." એના અવાજમાં મક્કમતા હતી.

મેં સ્ટીલ પ્લેટ ઉઠાવી એના ચહેરા પર હળવેથી મારી, કદાચ વધારે જોરથી હું કોઈને એ પ્લેટ ન મારી શકું. કમ-સે-કમ એવા વ્યક્તિને તો નહી જ કે જે મારી મદદ કરી રહ્યો હોય!

"ઓહ ગોડ. બધું મારે જ કરવું પડશે." સૂરજ ચિલ્લાયો.

તેણે મારા તરફ જરાક નારાજ નજરે જોયું - એક ઊંડો શ્વાસ લીધો અને હું કાઈ વિચારી કે સમજી શકું એ પહેલા એણે પોતાનો ચહેરો મેટલની દીવાલ સાથે અથડાવ્યો.

હું ચીસ પાડી ઉઠી. મને એમ લાગ્યું જાણે કોઈએ મારો ચહેરો એ મેટલ સાથે અથડાવ્યો હોય! મેંટલ સાથે અથડાવાને લીધે એનો જમણી તરફનો ગાલ ચિરાઈ ગયો. ગાલમાં પડેલી એ પાતળી તિરાડમાંથી દડદડ લોહી વહેવા લાગ્યું. મેં જોયું એ લોહી એના સફેદ શર્ટને ભીંજવી રહ્યું હતું.

એ એકાદ પળ સુધી મારી તરફ જોતો રહ્યો અને પછી પોતાના ઘૂંટણભેર જમીન પર બેસી ગયો... હું સમજતી હતી કે દીવાલ સાથેની એના ચહેરાની અથડામણનો ઝટકો એના મગજ પર લાગ્યો હશે જેના લીધે એને ચક્કર આવી ગયા હશે. હું એની મદદ કરવા એની નજીક જવા લાગી પણ એણે પોતાના હાથ વડે ઈશારો કરતા મને રોકી.

"મને અડીશ નહિ. તારા કપડા પર લોહીનો દાગ હશે તો તને જોનારને તારા પર પહેલી જ નજરે શક થઇ જશે."

એ વાક્ય સાથે જ હું ત્યા થોભી ગઈ. આટલી ઘાયલ હાલતમાં આટલું કોઈ કઈ રીતે વિચારી શકે? શું એ અંદર આવ્યો એ પહેલા જ બધું ઘડીને આવ્યો હશે?

"પણ..... પણ સૂરજ હું તારી કઈ રીતે મદદ કરી શકુ?"

"બસ અહીંથી નીકળીજા અને કોઈના હાથમાં પકડાઈશ નહિ. હું સમજીશ તે મારી મદદ કરી છે. નાઉ ગો."

"ઓકે." કહી હું બે ડગલા દરવાજા તરફ ખસી.

"એક મિનીટ એક મિનીટ સંધ્યા..." તેણે ફરી મને રોકી. પહેલી જ વાર તેણે મારું નામ લીધું એ મને એવી પરિસ્થિતિમાં પણ ધ્યાનમાં આવ્યું. હું પાછી ફરી અને એના સામે જોયું.

"આ જગ્યાએથી બહાર નીકળતા જ તને રોડની પેલી તરફ એક કાર્બન બ્લેક રંગની ઇકો સપોર્ટસ દેખાશે જેની ચાવી હવે તારા હાથમાં છે....." એ બોલતો હતો પણ એને બોલવામાં જાણે તકલીફ પડતી હતી.

"બજાર સુધી પહોચ્યા પછી કાર રોડ પર ગમે ત્યાં મૂકી દેજે અને કોઈ રેડીમેઈડ દુકાનમાં જઈ એક નવી કપડાની જોડ લઈ લેજે. શો-રૂમમાંથી કપડા ચેન્જ કરીને જ બહાર નીકળજે. અને હા ખાસ.... તો આ કોરીડોરમાંથી બહાર જઈને દરવાજો લોક કરી નાખજે."

"તને હું અંદર લોક કરી લઉં? આર યુ સ્યોર?"

"હા, આઈ એમ સ્યોર કેમકે બોસને વિશ્વાસ અપાવવો જરૂરી છે."

"પણ જો એ નહિ આવે તો?"

"એ જરૂર આવશે."

"ઓકે તો દરવાજો બંધ કરવાનો કોડ શું છે?"

"દરવાજાને કોઈ કોડ નથી. તું ભાગવાનો પ્રયાશ ન કરે અને મારે તને કોઈ નુકશાન ન પહોચાડવું પડે એ માટે મેં કહ્યું હતું કે કોડ છે પણ ખરેખર કોડ છે જ નહી." મને થયું હું કેટલી બેવકૂફ હતી પણ એ સમય એ વિચારવા માટે ઠીક ન હતો.

"થેન્ક્સ સૂરજ..."

"ડોન્ટ થેંક મી એન્ડ ફોરગેટ માય નેમ, ઇવેન વેન યુ ગો ટુ પોલીસ." એના ચહેરા પર મેં પહેલી વાર સ્મિત જોયું.

"ઓકે." હું એની તરફ ખસી, મને ખબર નથી કેમ પણ લગભગ હું એને ગળે મળવા માંગતી હતી. એના લાલ લોહીથી ખરડાયેલા સફેદ શર્ટે મને એમ કરતા અટકાવી.

મારા માટે જીવનની બીજી મુશ્કેલ પળ હતી એક જ્યારે મેં જીનલને મરતા જોઈ હતી એના માટે મોતની દુવા માંગી હતી અને આ બીજી જ્યારે હું કોઈને મારા માટે મરતું છોડીને

જઈ રહી હતી. સૂરજના ગાલ પરના ઘામાંથી હજુ પણ લોહી વહી રહ્યું હતું. કદાચ એનો બોસ મોડો પડશે તો??? તો એનું બધું લોહી વહી જશે અને એ મરી જશે એ વિચારે મને ધ્રુજાવી નાખી.

"ગૂડ બાય સૂરજ." મેં કહ્યું પણ તેણે કોઈ જ જવાબ ન આપ્યો.

હું જાણતી હતી કે એ કોઈ જવાબ નહિ આપે માટે એના જવાબની રાહ જોયા વિના જ કોરીડોર બહાર નીકળી ગઈ અને મારી પાછળ મેં એ દરવાજાને બંધ કરી નાખ્યો. કોણ જાણે કેમ જેણે મને દિવસો સુધી કેદ કરીને રાખી હતી એ વ્યક્તિને એની મરજી મુજબ કેદમાં પૂરીને જતા પણ મારું દિલ ખચકાઈ રહ્યું હતું. છતાં મારી પાસે બીજો કોઈ રસ્તો ન હતો! સૂરજે મને કેદ કરી હતી, એ ખરો તપેલો હતો પણ એની જ્વાળા મને સળગાવી ન જ શકી! એણે મને આઝાદ કરી દીધી.

કોરીડોરના બહારનો રસ્તો અંદરના કોરીડોરથી પણ સાંકડો અને અંધારિયો હતો. એક ઝાંખી ટ્યુબલાઈટ એ માર્ગને પ્રકાશિત કરવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહી હતી અને એ મારા માટે ફાયદાકારક જ હતું કે ત્યાં બહુ અજવાળું ન હતું. કોઈ મને જુવે તો પણ એક જ નજરે એ જાણી ન શકે કે હું કેદી છું.

હું એ સાંકડા રસ્તાને ઓળંગી બહાર આવી ગઈ હતી. હવે બહુ મોટું ખુલ્લું મેદાન હતું જે માત્ર અને માત્ર કન્ટેનરોથી ભરેલું હતું. દુર એક કન્ટેનર ઉઠાવવા માટેની પીળા રંગની ક્રેન પડી હતી પણ એની હાલત જોતા જ હું સમજી ગઈ હતી કે એ બંધ હાલતમાં હતી. એનો ઉપયોગ થયે વર્ષો થઇ ગયા હતા. હું આટલા સમયથી કોઈ ઓલ્ડ વેર-હાઉસમાં બંધ હતી.

હું કન્ટેનરો પાછળ લપાતી આગળ વધવા માંડી. મેં પાછળ એક નજર કરી મને કોરીડોરનો એ બંધ દરવાજો દેખાઈ રહ્યો હતો. હું જાણતી હતી એ દરવાજાની પાછળ શું હતું??

એ દરવાજાની પાછળ હું એક વ્યક્તિને મરવા માટી છોડીને જઈ રહી હતી. મને સૂરજ જમીન પર બેસી પોતાની જાતને મહામહેનતે બેભાન થતા રોકી રાખવાનો નિષ્ફળ પ્રયાસ કરતો દેખાઈ રહ્યો હતો. મેં એ ચિત્રને મારા મનમાંથી બહાર કાઢી નાખવાનો છેલ્લો પ્રયાસ કર્યો.

હું સૂરજનું શું થશે એ વિચારોમાં જ બધા કન્ટેનર ઓળંગી ગઈ હતી પણ હવે જે દરવાજો હતો એ ખોલવા માટે હિંમતની જરૂર હતી. એ દરવાજાની પેલે પાર મારી સાથે કિડનેપ છોકરીઓ હતી એ દરવાજાની બાજુમાં રહેલ સાંકડી ગળીમાંથી પસાર થઇ જાઉં તો મારી આઝાદી હતી.

સૂરજે મને સમજાવ્યું હતું કે મારે એ દરવાજાને ટાળવાનો છે કેમકે એ દરવાજાની પેલે પાર બીલી અને તેનો મિત્ર પોતાના હથિયાર સાથે સજ્જ હશે. મારે એ ગળીમાંથી પસાર થઇ મુખ્ય દરવાજાને બદલે ડાબી તરફની દીવાલ કુદીને રસ્તા પર જવાનું હતું જ્યાં ઇકો કાર મને આઝાદી આપવા મારી રાહ જોઈ રહી હતી. પણ શું હું મારી સાથે કિડનેપ થયેલી બીજી છોકરીઓને ત્યાં છોડીને જઈ શકું??

હું ત્યાં ઉભી રહી ગઈ, મારો હાથ દરવાજાના હેન્ડલ પર હતો. મેં એક મીનીટ સુધી વિચાર્યું અને ત્યારબાદ મેં દરવાજાને હળવો ધક્કો માર્યો, દરવાજો અંદરથી લોક ન હતો. એ

ખુલી ગયો.

દરવાજો ખુલતાની સાથે જ એ વિશાળ હોલમાં રહેલો પ્રકાશનો અગણિત પુરવઠો મારા ચહેરા સાથે અથડાયો. એકાદ પળ માટે મારી આંખો અંજાઈ ગઈ. હું ઘણા સમયથી આછા અંધારામાં રહી હતી એટલે મારી આંખોને એ અગણિત માત્રામાં આવતા પ્રકાશના જથ્થાથી ટેવાતા બહુ વાર લાગી.

મને આખો હોલ ખાલી નજર આવ્યો બસ હોલમાં મને ગુચવી નાખે તેવા કેટલાય ટ્રીકી દરવાજા હતા. કયા દરવાજાને ખોલવો જોઈએ એ હું નક્કી ન કરી શકી. મેં પોતાની જાતને ગભરાતી હરણીની જેમ ધ્રુજતા અટકાવવાનો પ્રયાસ કર્યો. જલ્દી કર... જલ્દી કર... જલ્દી કર... મારા મનમાંથી સતત આવાજ આવ્યે જતો હતો.

કદાચ હું રસ્તો ભૂલી તો નથી ગઈ ને એ સમજવા માટે મેં પાછળ જોયું. ના હું રસ્તો નથી ભૂલી યોગ્ય સ્થળે જ પહોચી છું. હું સાચા રસ્તા પર હતી એ જાણ્યા પછી મેં હિમ્મત કરી એક દરવાજો ખોલ્યો. કોઈ અંદર હશે તો એ વિચાર સાથે મારો હાથ મારી કમરના પાછળના ભાગે જીન્સમાં ખોસીને તેને સૂરજના જાકીટમાં ઢાંકી રાખેલી પિસ્તોલ પર પહોચી ગયો હતો પણ સદભાગ્યે ત્યાં કોઈ ન હતું.

હું રૂમમાં દાખલ થઇ. મને કોઈ છુપા દરવાજાની તલાશ હોય એમ હું એ રૂમને શોધવા લાગી પણ મને એ રૂમમાં એક પોલીશ કરેલા મોટા ટેબલ પર એક મોટી ગન સિવાય કશું જ ન દેખાયું.

ગન જોતા જ એક પળ માટે મારું હૃદય બેસી ગયું પણ બીજી જ પળે મેં મારી જાતને તૈયાર કરી લીધી કે આસપાસ કોઈ હશે જ!!! મને લાગ્યું કદાચ અટેચડ બાથરૂમમાં કોઈ હશે તો હું એ તરફ જવા લાગી. એ જ પળે મને બે વ્યક્તિઓ વાતચીત કરતા એ રૂમ તરફ આવી રહ્યા હોય એમ લાગ્યું.

મેં ટેબલ પર મુકેલ એ ગન હાથમાં લીધી અને મારી પીઠ પાછળથી ગન મેં મારા બીજા હાથમાં લઇ સાબદી કરી. હું જાણતી હતી, મને સૂરજે કહ્યું હતું કે એ સ્થળે સુરજ સિવાય માત્ર બીજા બે વ્યક્તિ જ છે એક બીલી અને બીજો તેનો મિત્ર.

હું એ પોલીશ કરાયેલ લાકડાના ટેબલની પાછળ છુપાઈને બીલી અને તેનો મિત્ર રૂમમાં દાખલ થાય તેની રાહ જોવા લાગી. મારે હવે અખિલેશ સરની ટ્રેનીંગની પરિક્ષા આપવાની હતી. મેં ટ્રેનીગના દિવસો એક પળ યાદ કરી લીધા અને મજબુતાઈથી પિસ્તોલ પકડી હું તૈયાર થઇ ગઈ.

***

એ સાંજે મને મોડે સુધી ઊંઘ ન આવી. હું સતત વિચારતી રહી કે મારે બીચ પાર્ટીમાં જવું જોઈએ કે નહિ..? ત્યાં મને કાઈ હાથ લાગશે કેમ..? વર્ષ આખું વીતી ગયું હતું અને હજુ મને કાઈ હાથ લાગ્યું ન હતું.

બીજી તરફ હજુ આરાધના અને બીજા મિત્રો ગુમ થયાને ખાસ દિવસો વીત્યા ન હતા અને આ છોકરીઓ કઈ રીતે હિમ્મત કરી શકતી હશે બીચ પર વિકેન્ડ મનાવવા જવાની? મને એમ પણ થઇ રહ્યું હતું કે કેટલાક અંશે છોકરીઓ પોતાની બદતર હાલત માટે પોતે જ જવાબદાર છે. સાવચેતી શું કહેવાય? એ ચીજ જાણે દરેક માટે અજાણ્યી હોય તેમ મને લાગી રહ્યું હતું.

આખરે હું સાડા અગિયાર વાગ્યે ઊંઘી ગઈ અને ઊંઘતા પહેલા મેં મારો નિર્ણય લઇ લીધો હતો કે સવારે વહેલા બધાને સરપ્રાઈઝ આપીશ. કોલેજ જઈ બધાને એકદમ કહીશ કે હું પણ ત્યાં આવવા માંગું છું. આમ તો છેલ્લી ઘડીએ કોઈ કહે કે હું વિકેન્ડ પાર્ટીમાં આવવા માંગું છું તો તેને આવવા ન મળે પણ મારી વાત અલગ હતી. મેં પહેલે જ દિવસે બધાથી અલગ છાપ ઉભી કરી દીધી હતી અને એ છાપ મુજબ મને કોઈ ત્યાં આવવાની મનાઈ નહિ કરે તેની મને ખાતરી હતી.

એ રાત્રે મોડા સુધી વિચારોમાં જાગતા રહ્યા હોવા છતાં બીજી સવારે મારી ઊંઘ વહેલી ઉડી ગઈ. મારા મનને ઊંઘમાં પણ ખબર હતી કે એ સવારે મારા માટે વહેલું ઉઠવું કેટલું જરૂરી હતું.

મેં પલંગમાંથી ઉભા થઇ બારી પાસે થોડીકવાર ઉભા રહેવાનું પસંદ કર્યું. એ મારી રોજની આદત હતી. મને બારીમાંથી સવારના સુંદર નજારાને માણવાનું ગમતું. સૂરજના કિરણો મારા ચહેરા ઉપર પડે એ મને ગમતું. ત્યારે મને ખબર ન હતી કે અંદરથી આગમાં બળતો સુરજ એક દિવસ મને રૂબરૂ મળશે!

હું જયારે પણ હોસ્ટેલથી ઘરે આવતી ત્યારે સવારે જાગીને આ જ બારી પાસે ઉભી રહેતી અને જીનલ મને પાછળથી આવીને આંખો બંધ કરતી. હું અહી થોડા દિવસો માટે આવતી એમાં ક્યારેય મારી જીનલે મને એક કામ કરવા દીધું ન હતું. હું જાગીને બારી પાસે ઉભી હોતી ત્યારે જીનલ ચા લઈને આવી જતી.

મેં પાછળ ફરીને જોયું. એ ટેબલ સાવ ખાલી હતું જ્યાં જીનલ ચા મુકતી અને કહેતી, “દીદી, બ્રશની આદત છે કે ડાયરેક્ટ ચા...”

કેટલી નિર્દોષ હતી એ? મોટી તો થઇ હતી પણ મારા માટે જીનલ એ જ નાનકડી ફ્રોકમાં ઉછળતી કુદતી જીનલ હતી.

મેં જીનલના વિચાર ખંખેરી નાખ્યા. હું ફટાફટ તૈયાર થઇ ગઈ. આછા ભૂરા રંગની હાફ સ્લીવની સ્કીન ટાઈટ ટી-શર્ટ, એના નીચે મીચિંગ ન લાગતું હોય તેવું ડાર્ક બ્લુ શેડવાળું જીન્સ પહેરી હું ઘરથી નીકળી. મારા ઘરથી થોડેક દુર રોડ પર જ્યાંથી મને ઓટો મળી રહે તે સ્થળે આવી હું ઉભી રહી હતી.

થોડાક સમયમાં મને મેઈન બજાર માટે ઓટો મળી ગઈ. કોલેજ માટે ઓટો મેળવવા

મારે એટલી પણ રાહ ન જોવી પડી હોત પણ હું મેઈન બજાર જવા માંગતી હતી કેમકે મારે ચેકમેટમાંથી ઓઇમ્પિક ઓઉટફીટ વિભાગમાંથી સ્વીમ સુટ લેવાનો હતો કારણ બીચ કેબીન પરના વીકેન્ડમાં સ્વીમસ્યુટની જરૂર પડે જ.

હું નવ વાગ્યા સુધીમાં તો બ્લુ બેગમાં નવા આઉટ ફીટ સાથે કોલેજના દરવાજે પહોચી ગઈ હતી. મને જોઈ લગભગ બધા ખુશીથી નાચી ઉઠ્યા હતા.

“તું પણ આવે છે?” નિશાએ મને ઓચિંતી જોતા કહ્યું. મારે એના સાથે ખાસ મિત્રતા ન હતી પણ કોલેજમાં કોઇ એવું હતું જ નહિ જે મને સારી રીતે ન ઓળખતું હોય.

“કેમ મેં તને કહ્યું નથી કે હું પણ આવવાની છું?”

“ના, તે મને તો નથી કહ્યું, કદાચ તે બીજા કોઈને કહ્યું હશે...” તેણીએ નવાઈથી કહ્યું.

“તો તમે કોની રાહ જોઈ રહ્યા છો?” મેં પૂછ્યું.

“બીજા એક બે જણ હજુ આવવાના બાકી છે.” તેણીએ મારી તરફ સ્મિત કરતા કહ્યું.

“હા, હજુ કોઈ કાર લઈને આવવાનું છે કે બસ આ એક કારમાં જ બધાએ જવાનું છે?” મેં પૂછ્યું.

“આવે છે ને રાઘવ તેની કાર લઈને આવવાનો છે. મને ખબર છે તને એની કાર પસંદ નથી પણ તું એમ કરજે નિશાની કારમાં બેસજે.” મનીષાએ પણ વાતમાં ભાગ લીધો. હું એના કહેવાનો મતલબ સમજી ગઈ હતી. એ મારા અને રાઘવના બ્રેકઅપ વિશે જાણતી હતી માટે તેણીએ કારનું બહાનું બતાવ્યું હતું.

મારા ચહેરા પરથી સ્મિત જાણે ક્યાંક ગાયબ થઇ ગયું. એ માટે નહિ કે બ્રેકઅપ પછી મારે રાઘવ સાથે રહેવું પડશે પણ ફરી મારા મનમાં શકનો એક કીડો સળવળી ઉઠ્યો કે રાઘવ કેમ એમની સાથે જોડાઈ રહ્યો હશે?? શું કદાચ ભગવાન તરફથી હું ઈચ્છી રહી હતી એ આ જ અવસર હતો? શું હું રાઘવનો અસલી ચહેરો જોવાની હતી? કે પછી કોઈ બીજી વ્યક્તિ છે જે એ બધું કરે છે?

જે હોય તે એ માટે મારે સમયની રાહ જોવી રહી. મેં નક્કી કર્યું. મેં મનમાં ગણતરી કરવાનું શરુ કર્યું. લગભગ હમણાં સુધી આવેલા લોકોમાં મારા સિવાય ત્રણ છોકરીઓ હતી એટલે જો બીજા વધુ લોકો ન આવે તો મને નિશાની કારમાં આરામથી જગ્યા મળી જાય તેમ હતી. જોકે બધાના સાથે પોતાના હોલ્ડઓન અને સ્વીમસુટ બેગ હતી એટલે ચારેક જણ કરતા વધુ એક કારમાં નહિ આવી શકે તે પણ દેખીતું હતું.

જો મને એ કારમાં જગ્યા ન મળે તો મને રાઘવની કારમાં બેસતા પણ કોઈ વાંધો ન હતો અને ફરી તેની સાથે રમત રમતા પણ મને કોઈ ખચકાટ ન હતો કેમકે એને બીચ પાર્ટીમાં જોડાતો જોઈ મને ફરી એના પર શક થઇ ગયો હતો કે કદાચ તે જ કિડનેપર હશે.

હું ઘણીવાર દરિયાકિનારે ગઈ હતી. હું બીજા લોકોની જેમ દરિયા કિનારા પાછળ એટલી ઘેલી પણ ન હતી. જોકે બાકીની છોકરીઓ બીચ પાર્ટી માટે એટલી ઘેલી હતી કે કદાચ એનું પેકેજ ભેગું કરવાના એમની પાસે પૈસા ન હોય તો પોતાની કીડની વેચીને પણ એ બીચ

પાર્ટીમાં જવા તૈયાર થઇ જાય તો કઈ નવાઈ ન કહેવાય!!!

જે બીચ પર અમે પાર્ટી કરવા જવાના હતા એ બીચ પણ મારા માટે પરિચિત જ હતો. હું વેકેશન દરમિયાન જીનલ સાથે ત્યાં જતી. મને યાદ હતું એ દરિયા કિનારે માત્ર નાનકડો રેતીનો પટ્ટો દરિયાના કિનારા પરના હજારોની સંખ્યામાં ફેલાયેલા પથ્થરોને અલગ પાડતી ભેદરેખા જેવો હતો. હું નાની હતી ત્યારે મને એ પથ્થરો સાથે મોજાઓ અથડાતા જોવાનું પસંદ આવતું અને મને ત્યારે થતું કે એ નાનકડા પથ્થરો એ મોજાઓનો માર કઈ રીતે સહન કરી શકતા હશે? મને હવે સમજાઈ ગયું હતું કે એનામાં અને મારા જીવનમાં કોઈ ફરક ન હતો. હું પણ એ પથ્થરોની જેમ જ મોજાઓના પ્રહાર સહન કરવા ટેવાઈ ગયેલ હતી. જો હું એમ કરતા ન શીખી હોત તો હું એ સ્થળે જવાનું ક્યારેય નક્કી ન કરત જ્યાં મેં જીનલ અને પરિવાર સાથે અનેક વિકેન્ડ પસાર કર્યા હતા.

મને ખબર હતી હું એ બિચ પર જઈ જરાય ખુશી મનાવી શકવાની નથી કેમકે જીનલ તેના હેવન સુધી હજુ નહોતી પહોચી. મેં એને ક્યારેય આત્મા સ્વરૂપે જોઈ ન હતી પણ મને હમેશા ભાસ થતો હતો કે તે હેવન સુધી નથી પહોચી. મને એમ લાગતું હતું કે તે હજુ ઘર અને કોલેજ વચ્ચે ભટકી રહી છે, તેના કાતીલોના ચહેરા તેને હેવન તરફ જતા રોકી રહ્યા હતા. કદાચ પરિવારનો પ્રેમ પણ તેને ત્યાં જતા રોકી રહ્યો હોય પણ એવું ન હતું કેમકે હવે તે મને શા માટે પ્રેમ કરે - હું એના મોતનો બદલો લેવામાં હજુ સુધી સફળ નહોતી થઇ તો એ શા માટે મને યાદ પણ કરે? મને યાદ હતું અમારા વચ્ચે કોઈ એવું વચન ન હતું જે અમે પૂરું ન કર્યું હોય બસ એને અપાયેલું એ છેલ્લુ વચન પૂરું કરવામાં હું નિષ્ફળ રહી હતી.

મારી સ્થિતિ ડેન્માર્કના યુવાન રાજકુમાર હેમલેટ જેવી હતી. હું બદલા માટે તડપી રહી હતી. બસ મારા અને હેમલેટ વચ્ચે એક જ તફાવત હતો એ જાણતો હતો કે ગુનેગાર કોણ છે. એણે ખાતરી કરવા માટે દરબારમાં એક નાટક ભજવ્યું હતું અને હું જાણતી ન હતી કે કાતિલ કોણ છે માટે મેં એ જાણવા કોલેજમાં એક નાટક ભજવ્યું હતું. હેમલેટની મેડનેસ બનાવટી હતી તો સામે મારો પ્રેમ બનાવટી હતો.

મને હેમલેટનો એક સંવાદ યાદ આવી ગયો. ઇફ ઈટ બી નાઉ, ટીસ નોટ ટુ કમ. ઇફ ઈટ બી નોટ ટુ કમ, ઈટ વિલ બી નાઉ. ઈફ ઈટ બી નોટ નાઉ, યેટ ઈટ વિલ કમ - ધ રેડીનેસ ઈઝ ઓલ.

મને એ વાત પર વિશ્વાસ પણ હતો કે બધી જ ચીજો નસીબ મુજબ ચાલે છે. જો કઈક હમણાં થવાનું હશે તો હમણાં જ થઇ જશે, જો કઈક પછી થવાનું હશે તો એ હમણાં નહિ થાય, જો તે હમણાં નહિ થાય તો પછી થવાનું હશે બસ મહત્વનું એ છે કે આપણે હમેશા તૈયાર રહેવું જોઈએ. હું પણ હમેશા તૈયાર હતી બસ મને કયારે તક મળે એ મારે રાહ જોવી જ રહી.

“રાઘવ આવી ગયો? તારી સાથે શુનીલ નથી આવવાનો?” નિશાએ જયારે રાઘવને પૂછ્યું ત્યારે હું વિચારોમાંથી બહાર આવી હતી.

“ના, તે નથી આવવાનો તે બે દિવસ માટે શહેર બહાર ગયો છે.” રાઘવે કહ્યું. રાઘવના એ શબ્દો મને વિચિત્ર લાગ્યા. આરાધના ગુમ થઇ એ પછી શુનીલ કોલેજ પણ ન આવતો તો હવે એ બહાર શું કામ જાય?

મેં રાઘવ તરફ કોઈ ધ્યાન આપ્યું નહી. જોકે માત્ર બીજા બધાને જ એવું લાગ્યું હતું. મેં રાઘવને નખ શીખથી જોઈ લીધો હતો. એણે એ દિવસે ચેક્સ શર્ટ અને બ્લેક જીન્સ પહેરી હતી. જો મને લોકોને, લોકોના કપડા, લોકોની આદતો ઉપર નજર રાખવાની આદત ન હોત તો આજે આ વાત કહેવા માટે હું જીવતી ન હોત.

એ લોકોએ થોડીક ઓપચારિક વાતો કરી. ત્યારબાદ બે છોકરીઓએ રાઘવની કારમાં બેસવાનું નક્કી કર્યું. હું અને મનીષા નિશાની કારમાં ગોઠવાઈ. હું રાઘવની કારમાં બેસી એની પર નજર રાખવા માંગતી હતી પણ મને લાગ્યું કે છેલ્લા કેટલાક સમયથી હું અને રાઘવ એકબીજાથી દુર થઇ ગયા હતા. એકાએક તેની કારમાં સામે ચાલીને જઈશ તો તેને શક થઇ જશે એટલે મેં નિશાની કારમાં બેસવાનું જ પસંદ કર્યું.

ઠંડો પવન પોતાની દિશા બદલવાનું નામ ન લેતા સતત ઉત્તરથી દક્ષીણ તરફ જઈ રહ્યો હતો. તેને તેની મંજિલ કઈ તરફ છે એ હમેશા યાદ હોય છે અને તે ક્યારેય પોતાની મંજિલથી ભટકતો નથી. મારું પણ કઈક એવું જ હતું હું પણ ક્યારેય મારી મંજિલથી ભટકી ન હતી બસ મારી મંજિલ કઈ દિશા તરફ હતી એ મને ખ્યાલ ન હતો. છતાં મને એ સમયે એમ લાગી રહ્યું હતું કે મારી મંજિલ એ દરિયાકિનારા તરફ હતી. પછી નસીબ જાણે મને એ સી-કોસ્ટ પર કાઈ હાથ લાગવાનું હતું કે નહિ?

બધાએ કોલેજ કેફેટેરિયામાં હળવો નાસ્તો લીધો અને ત્યારબાદ અમે બીચ પર જવા માટે ફોરેસ્ટ-વે પસંદ કર્યો. લગભગ પાર્ટી કરવાવાળા દરેક માણસો એ જ રસ્તો પસંદ કરતા. મુસાફરી દરમિયાન આખા રસ્તે હું કારની વિન્ડો બહાર તાકી રહી, આકાશમાં સૂરજ ખાસ્સો એવો તેજ હતો એટલે કેટલાક છૂટા છવાયા વાદળો આમ તેમ ફરી રહ્યા હતા એનો ડર ન હતો. છતાં હું ભગવાનને પ્રાથના કરી રહી હતી કે ક્યાંક વરસાદ ન આવી જાય નહીતર ટ્રીપ કેન્સલ થઇ જશે. જોકે બધા એવી જ પ્રાથના કરી રહ્યા હતા કેમકે એમના માટે એ મામુલી બીચ પર જવું ન્યુયોર્કની ટ્રીપ પર જવા જેટલી ખુશીની વાત હતી પણ મારા માટે એ એક મિશનથી વધુ કાઈ ન હતું. બધા એટલા ખુશ હતા જાણે લા-પુશ પર જઇ રહ્યા હોય કે તેમને લા-લા-લેન્ડ મળી ગઈ હોય...!

“શું છે સંધ્યા, કેમ ઓફ દેખાય છે?” નિશાએ કાર હંકારતા પૂછ્યું.

મને એક પળ માટે થયું કે શું એને કાઈ શક પડ્યો હશે? અને પડે જ, એમાં કોઈ નવાઈની વાત ન હતી. બધા બીચ પર જવાની બાબતે ખુસ હતા. દરેકની આંખોમાં ચમક હતી અને મારી આંખોમાં ઉદાસી હોય તો કોઈ પણને શક થાય જ.

હું કશું જવાબ ન આપી શકી પણ સારું થયું કે પાછળની સીટમાંથી મનીષાએ મારા કામને આસાન બનાવી દીધું, તેણીએ નિશા તરફ જોઈ કહ્યું, “શું તુયે નિશા, રાઘવ આવ્યો છે એટલે કદાચ એ મૂડમાં નથી.”

“ના, એવું ખાસ કાઈ નથી.” મેં એના શબ્દો અને એ મોકાને પકડી લેતા કહ્યું અને એમાં પણ ખાસ નથી એમ કહીને એ બાબતનો આછેરો ઉલ્લેખ કરી નાખ્યો કે હા, હું એ બાબતે જ ઉદાસ છું. મને કોન્ટ્રોવર્સી વાક્યો બોલવામાં મહારત છેકથી જ હતી.

“ફરગેટ હીમ એન્ડ ઇન્જોય.” નિશાએ કહ્યું.

મેં એની તરફ એક હળવું સ્મિત આપ્યું અને રાહતનો દમ લીધો. મને મનમાં થયું હાશ, આ દુનિયા કેટલી બેવકૂફ છે! લોકો એમ જ સમજે છે કે દુનિયામાં બોયફ્રેન્ડ અને ગર્લફ્રેન્ડના પ્રેમ કે ઝઘડા સિવાય બીજું કશું જ હોતું નથી. પણ એમાં એમનો વાંક પણ ન હતો આજ કાલ દરેક ફિલ્મો અને દરેક પુસ્તકો એ વિષય પર જ લખાય છે અને એ ફિલ્મો અને એ પુસ્તકો સાથે ઉછરેલ વ્યક્તિઓને બીજી કાઈ ખબર જ નથી હોતી માટે જ કદાચ એ કિડનેપર લોકોનું કામ આસાન થઇ જાય છે પણ એ વાત વિચારવાનો કોઈ ફાયદો ન હતો કેમકે મારે એ વિચારવાનું ન હતું કે એમનું કામ આસાન કઈ રીતે થાય છે પણ મારે એ વિચારવાનું હતું કે એમનું કામ તમામ કઈ રીતે થાય...??

ત્યારબાદ અમારા કોઈના વચ્ચે છેક સી-કોસ્ટ પર પહોચ્યા ત્યાં સુધી કોઈ જ વાતચીત ન થઇ. બધા પોતાનામાં જ વ્યસ્ત રહ્યા.

કિનારે પહોચી, રાઘવે જ્યાં કાર પુલ ઓફ કરી હતી તેના પાછળ જ નિશાએ કાર પુલ ઓફ કરી. અમે બધા કારમાંથી બહાર આવ્યા. રાઘવ કારમાંથી ઉતરી સીધો જ જંગલ તરફ જવા લાગ્યો. હું જાણવા માંગતી હતી કે તે ક્યાં જઇ રહ્યો છે પણ એને એ સમયે પૂછવું યોગ્ય ન લાગ્યું. મને ખ્યાલ હતો એમ પણ મને પછી ખબર પડી જ જવાની હતી કે તે ક્યાં ગયો હશે પણ જયારે એની કારમાં બેઠી હતી એ બાકીની બે છોકરીઓ પણ તેની પાછળ જવા લાગી ત્યારે મને બહુ નવાઈ લાગી.

“રિયા, ક્યાં જઇ રહ્યા છો તમે?” હું કાઈ પૂછું એ પહેલા નિશાએ એ તરફ બુમ પાડીને કહ્યું, મારે એમને કાઇ પૂછવાની જરૂર ન પડી. મને એ છોકરીનું નામ ત્યારે જ ખબર પડી. એ રિયા હતી.

“તે ક્યારેય દરિયા કિનારે વુડ ફાયરની મજા લીધી છે?” રીયાએ વળતો જવાબ આપ્યો.

“ના, મેં ક્યારેય બીચ પર વુડ ફાયર પાર્ટી નથી કરી.” નિશાએ જવાબ આપ્યો.

“તો પછી તને એમાં મજા આવશે. અમે લાકડા લઇ આવીએ.” કહીએ તે રાઘવ પાછળ જવા લાગી.

મેં ચારે તરફ નજર કરી, રાઘવે કાર પાર્ક કરી હતી એનાથી દસેક કદમ દુર જ મને જમીન પર ફાયર સર્કલ દેખાયું. તે પૂરું કાળી રાખથી ભરાયેલ હતું. મને લાગ્યું કે એ સ્થળે રાઘવ પહેલા પણ આવેલો હોવો જોઈએ અને એણે એવી પાર્ટીઓ કરેલી હોવી જોઈએ કેમકે હું પણ ત્યાં પહેલા ગયેલ હતી પણ મને ખબર ન હતી કે ત્યાં કોઈ ફાયર સર્કલ છે કારણ અમે ત્યાં ફેમીલી વિકેન્ડ પર જતા હતા.

રાઘવ એ સ્થળ અને સીન્ડર વિશે જાણતો હતો એ જોયા પછી મારો તેના પરનો શક વધી ગયો. રાઘવ, રિયા અને એ ત્રીજી છોકરી થોડીવારમાં આસપાસથી તૂટેલા સુકી ડાળીઓના ભાગ અને ફોરેસ્ટના કિનારાના ભાગમાંથી સુકા ડાળખાં ભેગા કરીને એ ફાયર સર્કલ પર ગોઠવવા લાગ્યા. નિશા અને મનીષા પણ આસપાસમાંથી બ્રોકેન બ્રાન્ચીસ ભેગી કરવા લાગી. મને થયું તે બીચ પર વુડ ફાયર પાર્ટીના નામે ગાંડી થઇ ગઇ હતી. કોલેજની છોકરીઓમાં મોટે ભાગે એ જ જોવા મળે છે તેમને કોઈ નવું નામ કે નવી પાર્ટી વિશે જાણવા મળે એટલે તેની પાછળ ઘેલી થઇ જાય છે. આમ જ દેખા દેખીમાં જ છોકરીઓ હુક્કાબાર

અને નાઈટ કલબમાં જતી હોય છે અને ત્યારબાદ તેમના સાથે શું થાય છે તે ક્યાં કોઈનાથીયે અજાણ્યું છે ? પણ છોકરી જાતે જ પોતાની જાતને જોખમમાં મુકે છે તેઓ બધું જાણતી હોવા છતાં પોતાની આંખ આડા કાન કરે છે બસ તેઓ એમ જ વિચારે છે કે અમારી સાથે એ બધું નહિ થાય અને એમની સાથે પણ એ જ થાય છે!

ખેર! પણ જીનલ એવી ન હતી. તે તો જીવનમાં હર પળ સાવચેતી પૂર્વક ચાલવાવાળી છોકરીઓમાંથી એક હતી. તે ક્યારેય કોઈ પાર્ટીમાં તો રસ લેતી જ નહિ તો એની સાથે એ કેમ થયું?

“સંધ્યા, હવે આ લાકડા ગોઠવવામાં તો મદદ કર.” નિશાએ કહ્યું.

“હમ...... કેમ નહિ?” મેં એકદમ ચોકતા કહ્યું, “પણ મને ક્યાં આવડે છે એ કઈ રીતે ગોઠવાય?” હું બધાની સાથે એ ફાયર સર્કલ પાસે જઈ ઉભી રહી.

“હા, એ હું કરી લઈશ.” રાઘવે કહ્યું અને તે ફાયર પ્લેસ પર ટીપી-શેપ્ડ બાંધકામની જેમ એ ડાળખાંને ગોઠવવા લાગ્યો. થોડીક વારમાં તેણે એક નાનકડા પીરામીડ જેવી રચના એ ડાળખાંમાંથી ઉભી કરી દીધી.

“વોવ! સો નાઈસ.” નિશા એ ટીપી જોઇને જાણે પાગલ થઇ ગઈ.

“થેન્ક્સ.” રાઘવે એના તરફ જોઈ કહ્યું.

“યુ વેલકમ.” બોલતી વખતે નિશાના હોઠ થોડાક અલગ રીતે ગોળ વળ્યા. હું સમજી ગઈ કે તેઓ એક બીજા તરફ વધુ પડતા ખેચાઈ રહ્યા હતા. રાઘવ નિશાને ઈમ્પ્રેસ કરતો હતો અને નિશા ઈમ્પ્રેસ થઇ રહી હતી એ તેના ચહેરા પરથી દેખાઈ રહ્યું હતું.

“મને લાગે તને વુડ ફાયરના રંગો જોવા ગમશે. તને ખબર છે નિશા અહી કિનારા પરના લાકડાઓમાં સોલ્ટ હોય છે માટે એ બ્લુ કલરની જ્યોતથી સળગે છે.” રાઘવે પોતાનું જ્ઞાન બતાવવાનું શરુ કર્યું હતું.

“રીયલી?” કહેતા માત્ર નિશા જ નહિ રિયા, મનીષા અને પેલી છોકરી પણ એ લાકડાના પીરામીડ ફરતે ગોઠવાઈ ગઈ.

મારે પણ તેમની સાથે મને નવાઈ લાગી હોય તેવો દેખાવ કરતા એ પીરામીડ પાસે બેસી જવું પડ્યું. મને છોકરીઓથી નફરત થઇ રહી હતી. કેટલી બનાવટી અને બેવકૂફ હોય છે છોકરીઓ!!! મને તો એ લાકડા વાદળી રંગની જ્યોતથી સળગે છે એ જાણી વોવ! કે રીયલી? જેવા શબ્દો બોલવા જેવું કાંઈજ ન દેખાયું. કઈ છોકરીએ વાદળી જ્યોત નથી જોઈ? દરેકે કિચનમાં ગેસ સટવ લાઈટ કરેલ હોય છે અને એ સમયે તો ક્યારેય એમના મોમાંથી વોવ! કે રીયલી? જેવા શબ્દો નથી નીકળતા. કેમ? ગેસ સ્ટવ પણ બ્લુ રંગની જ્યોતથી જ સળગે છે ને? હું મનમાં છોકરી જાતની બેહુદી હરકતો ઉપર હસતી હતી.

“વોચ ધ કલર.” કહેતા રાઘવે પોતાના ખિસ્સામાંથી સિગારેટ લાઈટર નીકાળ્યું અને એ પીરામીડના છેડા પરના એક લાકડાને સળગાવવા લાગ્યો. છેડો સળગતા જ ભેજ વગરના વાતાવરણને લીધે એ સુકા ડાળખાંઓને આગે લપેટી લીધા. એમના પર સોલ્ટનો પટ હોવાને લીધે તડ તડ અવાજ થયો અને વાદળી જ્યોત દેખાવા લાગી.

"ઈટ ઈઝ એવસમ." નિશાએ કહ્યું.

"સો નાઈસ." રિયા પણ બાકી રહેવા નહોતી માંગતી.

મનીષા અને પેલી ચોથી છોકરીએ પણ કઈક એવું જ કહ્યું. મને ગુસ્સો આવી રહ્યો હતો પણ હું કાઈ ન બોલી. ચોથી છોકરી કઈક બોલવા જતી હતી પણ એ કાઈ બોલે તે પહેલા જ મેં એને રેત પર ઢળી પડતા જોઈ.

"શું થયું?" નિશાએ એના તરફ જોઈ કહ્યું પણ એ વળતો જવાબ આપે તે પહેલા નિશા પણ ઢળી પડી. આમ પણ એ છોકરી જવાબ આપી શકે તેમ ન હતી. તે બેભાન થઇ રહી હતી.

શું થઇ રહ્યું છે તે કોઈને સમજાયુ નહી પણ મને અંદાજ આવી ગયો કે કદાચ એ લોકોએ જે ડાળખાં ભેગા કર્યા હતા એમાં કોઈ નશીલા જાડની ડાળી આવી ગઈ હશે જેનો ધુમાડો શ્વાશમાં જવાને લીધે અમે બધા બેભાન થઇ રહ્યા હતા. મેં શ્વાસ રોકી લીધો. મને એક પળ માટે થયું કે રાઘવે એ કર્યું હશે પણ મેં રાઘવ, મનીષા અને રિયાને પણ બેભાન થઇ જમીન પર ઢળી પડતા જોયા.

હું એ વુડ ફાયર પાસેથી ઉભી થઇ ગઈ. મેં એનાથી જરાક દુર જઈ શ્વાસ લીધો પણ ધુમાડો હવામાં ભળી ગયો હતો અને એની કેફી વાસ મને મહેસુસ થઇ રહી હતી. મેં મારો ફોન શોધવા મારા જીન્સ પોકેટ ફંફોસ્યા પણ ફોન કારમાં જ રહી ગયો હતો.

હું કાર તરફ જવા લાગી પણ મને અંદાજ આવી ગયો હતો કે હું કાર સુધી પહોચું તે પહેલા બેભાન થઇ જઈશ કેમકે એ ધુમાડાની અસર મારા પર પણ થઇ ગઈ હતી. મને અંદાજ આવ્યો કે એમાં શું હતું એ પહેલા મારા ફેફસાએ ખાસો એવો ધુમાડો શોષી લીધો હતો!

હું બેભાન થઇ ઢળી પડી અને જયારે જાગી ત્યારે મારી આજુબાજુ ધુમાડો હતો પણ એ વુડ ફાયરનો નહિ, એ ધુમાડો સિગારેટનો હતો. મેં તમને કહ્યું હતું ને કે ધુમાડા સાથે મારે કોઈ અજીબ સંબંધ છે..!! જીનલના અગ્નીસંકાર વખતે જ કદાચ ધુમાડા સાથે મારે સંબંધ બંધાઈ ગયો હતો. ત્યારબાદ મારા જીવનમાં ધુમાડો અને અશાંતી જ રહી હતી..!

***

મારે વધુ રાહ જોવી ન પડી. એકાદ મિનીટમાં જ બીલી અને તેનો મિત્ર એ રૂમમાં દાખલ થયા. બેમાંથી એક વ્યક્તિ થોડોક વધુ ખડતલ હતો જ્યારે બીજો પાતળો પણ બિહામણો અને કાળા લેધરના જેકેટમાં સજ્જ હતો. એ બેમાંથી કોનું નામ બીલી હતું અને બીજાનું નામ શું હતું એ હું જાણતી ન હતી પણ મારે એ જાણવાની જરૂર ન હતી. ક્લીન સેવવાળો એક માણસ જેણે બ્લેક જેકેટ પહેર્યું હતું એ કદાચ મારા નજીક પહોંચી જાય તો પણ મને વાંધો ન હતો. એને હું છુટ્ટા હાથની લડાઈમાં પણ માત કરી શકું એમ હતી. પણ બીજો લાંબા વાળવાળો માણસ જેના મોઢામાં સિગારેટ હતી એને બુલેટ સિવાય જીતી શકાય એ શક્ય હતું જ નહી એટલે મેં પહેલા એના ઉપર જ નિશાન સાધવાનો નિર્ણય કર્યો.

જેવું મને લાગ્યું કે એ બંને રૂમના દરવાજાની અંદરની તરફ ત્રણેક કદમ જેટલા આવી ગયા છે. બસ હું એ જ રાહ જોઈ રહી હતી કે તેઓ દરવાજાની અંદરના ભાગમાં એટલા આવી જાય કે ગોળીબાર ચાલુ થયા પછી તેમને બહારની તરફ ભાગી જવાનો મોકો ન મળે. અલબત્ત એ લોકો વધારે અંદર આવે એ પણ વાજબી ન હતું કારણ એમને ટેબલ આડું છે એ વાત ધ્યાનમાં આવતા જ એ સાવધ બની જાય. એટલે મારે કદમ કદમનો હિસાબ રાખવાનો હતો.

મેં પહેલા એ લાંબા વાળવાળા બિહામણા માણસ ઉપર ગોળી છોડી. ગોળી સીધી જ એના ખભાના પડખામાં ઉતરી ગઈ. એ જરાક લથડ્યો પણ બીજો સાવધ હતો. મેં ધાર્યો એના કરતા એ વધારે ચપળ નીકળ્યો. લાંબા વાળવાળો માણસ ચીસ પાડે એ પહેલા જ એણે ગન નીકાળી અને ગોળીઓ છોડવા લાગ્યો. મારું માથું વિંધાય એ પહેલા હું ટેબલ પાછળ કવર થઇ ગઈ.

બીજી જ પળે મેં ટેબલમાં ગોળીઓ અથડાતી અનુભવી પણ ટેબલ નીચે પતરાનું કવર હતું. મારા નસીબ સારા હતા.

તેની ગોળીઓ અટકી એટલે હું બંને હાથમાં ગન લઈને ટેબલ બહાર નીકળી. પેલો નવું મેગ્જીન ભરવા દરવાજા તરફ દોડ્યો પણ મારા જમણા હાથમાં રહેલી ગનની બુલેટ એના પગમાં ઉતરી અને એ ચીસ પાડીને જમીન ઉપર પટકાયો.

સૂરજે કહ્યા મુજબ ત્યાં ત્રીજો કોઈ માણસ હતો નહી અને પેલા બેય મારી આગળ ઘાયલ પડ્યા હતા. હવે મારે સંતાવાની જરૂર ન હતી. હું તરત દોડીને બંને નજીક પહોંચી. પેલા જેકેટ વાળાની ગન ખાલી હતી એટલે એ પગ પકડીને દાંત ભીંસતો મને ગાળો દેતો હતો.

મેં બીજા તરફ નજર કરી એ ખભા ઉપર હાથ દબાવી લોહી બંધ કરવાનો પ્રયાસ કરતો હતો. મારે હજુ એનાથી સાવધ રહેવાની જરૂર હતી. આ બધું સેકન્ડોમાં બની ગયું હતું.

“મેં બોસને કહ્યું હતું આ છોકરી મને સોપે..... પણ બોસે સૂરજ ઉપર ભરોષો કર્યો....” પેલાએ ખાલી ગનનો મારા તરફ ઘા કર્યો. હું ખસી ગઈ પણ એ જ સમયે ઘોડો દબાયો અને એના માથામાંથી લોહીની છોળ ઉડતી મેં અને પેલા બિહામણા માણસે જોઈ.

“તને નહી છોડું રં......” એ પૂરું જોર લગાવીને મારા તરફ ધસ્યો. મને એ અંદાજ હતો

જ એટલે હું એનાથી દુર રહી હતી. જોકે એની ગન ટેબલ ઉપર હતી જે મેં લઇ લીધી હતી છતાં મેં એની નજીક જવાની ભૂલ ન કરી કારણ મને હજુ મરવું પોષાય એમ ન હતું.

એ ગાળો બોલતો ધસ્યો પણ માણસ ગમે તેવો જોશીલો હોય ત્રણ ગોળીઓ શરીરમાં ઉતરી જાય તો માત્ર ફિલ્મોમાં જ માણસ જીવી શકે..!!

એ ભયાનક અવાજ સાથે રૂમ ગુંજ્યો અને મેં એ બિહામણા માણસને જમીન ઉપર પછડાતા જોયો. મારો ઈરાદો એની પાસેથી માહિતી લેવાનો હતો પણ એ શક્ય ન હતું. એ જીવતા જીવત મારા તાબે થાય એમ ન હતો. કદાચ એ જ બીલી હશે.

મને લાગ્યું કે હિન્દી ફિલ્મોમાં બતાવે તેમ વાસ્તવમાં વિલન ડરપોક નથી હોતા, કમ-સે-કમ તેમનામાં સામનો કરવાની શક્તિ તો હોય જ છે!

હું એ બંનેની લાશ પાસે ગઈ. એ બંને દુનિયા છોડી ચુક્યા હતા. હું એક પળ માટે એમની પાસે ઉભી રહી. મારા લમણાની નશો હજુ ફૂલાયેલી હતી. હું ગુસ્સાથી કાંપી રહી હતી. મેં એક ઊંડો શ્વાસ લીધો. મારા જીન્સ પૉકેટમાંથી મારી સ્ટ્રેસની ગોળીઓ બહાર નીકાળી અને એક ગોળી પાણી વિના જ મોમાં રહેલ થુંકની મદદથી મારા ગળા નીચે ઉતારી.

બીલી અને તેનો સાથી મરી ચુક્યા હતા. બસ હવે મારે મારી સાથે કિડનેપ થયેલ બીજી છોકરીઓ અને સૂરજના કહેવા મુજબ એક છોકરાને પણ કિડનેપ કરાયો હતો એમને શોધવાના હતા. કદાચ એ રાઘવ જ હશે.

મેં એ રૂમમાંથી બહાર નીકળી બાકીના રૂમોના દરવાજા એક પછી એક ખોલવા માંડ્યા. હવે મને કોઈ ડર ન હતો કેમકે એ આખા સ્થળે મારા સિવાય કોઈ ન હતું જેના હાથમાં ગન હોય. મેં મારી બંને ગનની બુલેટ તપાસી અને મારી પીઠ પર ભરાવી દીધી. ત્યાં કોઈ નથી એમ સમજીને ઉત્સાહમાં જો મેં બંને ગનની બુલેટ તપાસી ન હોત તો હું મરવાની હતી પણ મારી ટ્રેઈનીંગ અને નસીબ બંને મને સાથ આપતા હતા.

મેં ફટાફટ બધા દરવાજા ખોલી જોયા. મારુ હ્રદય જોરથી ધબકતું હતું. ક્યારે કોઈ બહારથી આવી જાય કોને ખબર? મારી પાસે ગન તો બે હતી પણ ગોળીઓ માત્ર એકમાં જ હતી. ટ્રેનીગમાં અને વાસ્તવમાં કેટલો ફેર હોય છે એ મને હવે સમજાતું હતું. લગભગ ચારેક દરવાજા પછી મને એ દરવાજો મળ્યો જેમાં રિયા, નિશા, મનીષા અને પેલી ચોથી છોકરી કેદ હતી. તેમની પણ હાલત બહુ ખરાબ હતી, મને જોઈ પહેલા તો એ નવાઈ પામી પણ ત્યારબાદ એ મને ભેટી પડી.

મેં એમને ટૂંકમાં એક મીનીટમાં બધું સમજાવી દીધું કે શું થયું હતું. અમે પાંચેય એ રૂમની બહાર આવ્યા અને મેં બીજા રૂમોના દરવાજા ખોલવા માંડ્યા. મારી ફ્રેન્ડસ જે રૂમમાં રાખેલ હતી તેનાથી ત્રીજા નંબરના રૂમમાં રાઘવ કેદ હતો. દરવાજો ખોલતા જ મને રાઘવ દેખાયો. રાઘવે મને જોઈ. રાઘવ પહેલા તો ચોકી ગયો એને પણ મારી ફ્રેન્ડસ જેવુ જ રીએક્શન આપ્યું.

“હું કાળ કોટડીમાંથી નીકળવામાં સફળ રહી છું. મેં બધા ફ્રેન્ડસને છોડાવી લીધા છે આપણે અહીંથી બહાર નીકળવાનું છે, જલદી કર.” મેં ફટાફટ એને પણ સૂચનાઓ આપવા માંડી.

“તમે જાઓ હું તમારી સાથે નહિ આવી શકું.” રાઘવે કહ્યું.

“કેમ?”

“કેમકે મારા પગમાં........” કહી એ અટક્યો અને શરુઆતથી કહ્યું, “એક જાડિયો બિહામણો માણસ ગઈ કાલે જયારે મારા રૂમમાં ખાવા આપવા આવ્યો ત્યારે મેં એ વ્યક્તિ પર હુમલો કર્યો એ દરમિયાન જપાજપીમાં ચોટ વાગી છે. હું માંડ ચાલી શકું છું. મારા લીધે તમે ધીમા પડી જશો.”

“મેં એ બિહામણા જાડિયા અને એના સાથી બંનેને મારી નાખ્યા છે અને ત્રીજાને કેદ કરી નાખ્યો છે. ચિંતા જેવું કાઈ નથી. આપણે ધીમા પડી જઈશું તો પણ કાઈ વાંધો નથી.” કહી મેં એનો હાથ પકડી એને ઉભો કર્યો.

“હા રાઘવ અમે તને એમ મુકીને ક્યાય નથી જવાના....” નિશાએ કહ્યું. હું એને ટેકો આપી રૂમમાંથી બહાર લઈ આવી. બધી ફ્રેન્ડસ એને વારા ફરતી ભેટી પડી. કેદમાંથી બધા જીવતા નીકળે એ સમયે કેવો આનંદ હોય છે કેવી લાગણીઓ થાય એ વર્ણવી શકાય નહી એના માટે કેદ થવું પડે પણ ઈશ્વર ન કરે કોઈને એવો અનુભવ કરવો પડે..! બધાએ એકબીજાના ચહેરા જોઈ લીધા. એકબીજાને ભેટ્યા. મેં ખાસ તો રાઘવનો જ ચહેરો જોયો. એના ઉપર મને વધારે દયા આવતી હતી. છોકરીઓને છોડાવી એ પહેલા હું એના માટે જ ચિંતા કરતી હતી કેમ કે એ મારા લીધે ફસાયો હતો.

ફરી અમે બધા જે બીચ પર હતા એ એક સાથે હતા અને ખુશ હતા કે અમે બચી ગયા છીએ.

અમે સાવધાનીથી આગળ વધવા લાગ્યા. રાઘવને લીધે અમારી ચાલવાની ઝડપ ઘટી રહી હતી કેમકે એ ભયંકર રીતે લંગડાઈ રહ્યો હતો. એના લીધે પરિસ્થિતિ એવી હતી કે એકાએક કોઈ સામે આવી જાય તો ભાગી શકાય તેમ પણ ન હતું પણ હું કોઈ મિત્રને છોડીને જઈ શકું તેમ ન હતી. એમાય રાઘવને મેં ખોટો શક કરીને એની સાથે રમત રમી હતી... હું એને કઈ રીતે છોડીને જઈ શકું??

છતાં રાઘવ માટે હું બીજા બધાની જીંદગી પણ જોખમમાં મૂકી શકું તેમ ન હતી. હવે બસ એક દરવાજો ઓળંગવાનો હતો અને ત્યારબાદ અમે વેર-હાઉસ બહારના ખુલ્લા મેદાનમાં આવી જવાના હતા જ્યાં બહાર ઇકો કાર અમારી રાહ જોતી હતી. પણ હું જાણતી હતી કે કોઈ પણ અજાણ્યી મુશ્કેલી છેલ્લી ઘડીએ આવી શકે છે.

“રાઘવ હવે છેલ્લો દરવાજો છે. આ ગન તારી પાસે રાખ... કદાચ ખુલ્લા મેદાનમાં ગયા પછી કોઈ અચાનક સામે આવી જાય તો તું ભાગી નહી શકે.” મેં મારી પીઠ પાછળથી સૂરજે આપેલી ગન બહાર કાઢતા કહ્યું.

“પણ મને નિશાન લેતા નથી આવડતું.”

“બસ તારે સામેવાળાની છાતી પર નિશાન લગાવવાનું છે. નજીકથી છાતીનું નિશાન નિષ્ફળ નથી જતું, નો હેડ શોટ.” મેં સૂરજે મને કહેલા શબ્દો રાઘવને એમને એમ કહી સંભળાવ્યા.

રાઘવના હાથમાં ગન આપ્યા પછી મેં બીજી ફ્રેન્ડસ તરફ જોઈ કહ્યું, “કદાચ દરવાજો ખુલતા કોઈ સામે આવી જાય તો તમે છુપાઈ જજો અથવા ભાગી જજો. હું અને રાઘવ એમની સાથે લડી લઈશું.”

છોકરીઓ બધી માથું હલાવીને કોઈ મુસીબત ન આવે એવી પ્રાથના ઈશ્વરને કરવા લાગી. મને એમના ચહેરા જોઈ દયા આવતી હતી.

હું દરવાજા તરફ આગળ વધી ત્યાં રાઘવ બોલ્યો, “દરવાજો ખોલ્યા પછી કોઈ સામે નહિ આવે.”

“કેમ?” અમે બધાએ નવાઈ પામી કહ્યું. એ કઈ રીતે જાણતો હોય કે કોઈ વચ્ચે નહિ આવે.

“કેમકે તમે એ દરવાજો ખોલી જ નહિ શકો. ચુપચાપ હું કહું તેમ કરો.” રાઘવે બે ડગલા પાછળ ખસી ગન અમારા તરફ એન કરતા કહ્યું.

“આ તું શું કરી રહ્યો છે રાઘવ?” મારા મોમાંથી શબ્દો નીકળ્યા જ્યારે બાકીની છોકરીઓ તો જાણે પુતળા બની ગઈ હોય એમ ઉભી રહી ગઈ.

“એ જ જે તું જોઈ રહી છો છોકરી.” કહી એ હસ્યો.... ના એ ક્રુર હસ્યો...... એ શેતાન જેને હું શોધતી હતી... એ શેતાન મારી સામે એના ક્રુર હાસ્ય સાથે ઉભો હતો..... એ જ શેતાન જેને મારે નરકની સાંકળોમાં બંધાયેલો, તડપતો, રીબાતો જોવો હતો..... એ જ શેતાન જેને મારે દોજખની આગમાં શેકાતો જોવો હતો.... જેણે મારી પાસેથી મારી જીનલ છીનવી હતી.... પણ હું લાચાર હતી મારે હજુ આ નાટક લાંબુ ચલાવી લેવાનું હતું.....

“પણ કેમ?” મેં ગભરાઈને પૂછ્યું..

“કેમકે એ કામ માટે મને અહી રાખવામાં આવ્યો છે.”

“મતલબ?”

“મતલબ હજુ નથી સમજી. તમને બધાને મેં જ કિડનેપ કરાવ્યા હતા પણ સાથે મને પણ કિડનેપ કરવામાં આવ્યો જેથી હું તમારી સાથે જ કેદ હોઉં. જ્યાં સુધી તમને એ જ શહેરમાં રાખવામાં આવે. તમે ભાગી શકવામાં કદાચ સફળ રહો તો પણ એક મિત્રને છોડીને તો ન જ જાઓ.” કહી એ ફરી હસ્યો, “પુઅર ઈમોશનલ પીપલ....”

“તું આ બધું કેમ કરી રહ્યો છે?” મનીષાએ ગભરાતા ગભરાતા પૂછ્યું.

“મની... રૂપિયા..... પૈસા.. એના ઘણા નામ છે પણ એ એક જ એવી ચીજ છે જેના માટે માણસ ગમે તે કરી શકે છે.” એ એના હાથમાં રહેલી ગન સામે તાક્યો જેનો અર્થ હું જાણતી હતી. એનો અર્થ હતો કે રૂપિયા પૈસા અને મની માટે રાઘવ એ ગન અમારા ઉપર વાપરવાનો હતો.

“પણ તે અમને કિડનેપ કેમ કરાવ્યા? અમે તારા મિત્ર હતા. તું બીજા કોઈને પણ કિડનેપ કરાવી શકતો હતો.” નિશા બોલ્યા વગર રહી ન શકી. એ શેતાનના હાથમાં ગન હતી છતાં નિશા બિચારી લાગણીઓમાં આઘાત લાગ્યો હોય એમ એને જોઈ રહી.

"તમે મારા મિત્ર નહિ શિકાર હતા, હું કોલેજમાં આવતી સામાન્ય ઘરની છોકરીઓની ડીટેલ નીકાળી તેમની મિત્રતા કરી તેમને કોઈ એવા સ્થળે લઇ જાઉં છું જ્યાંથી એમને કિડનેપ કરવા સહેલા પડે. ત્યારબાદ એમની સાથે કિડનેપ થઇ જાઉં છું જેથી દરેક ચીજ સરળ બની જાય."

"તો તે આરાધના અને એની ફ્રેન્ડસને કેમ કિડનેપ કરાવ્યા?" મેં પૂછ્યું ત્યારે મારી નજર એના ઉપર હતી પણ નિશા, રિયા, મનીષા અને ચોથી છોકરી મારી સામે જોઈ રહી હતી. કેમ કે એ આ બધા ખેલ જાણતી જ ન હતી. ન એ મને ઓળખતી હતી.

"એમને મેં કિડનેપ નથી કરાવ્યા એ કદાચ કોઈ બીજી ગેંગનું કામ હશે..."

"હું આરાધના અને તેની ફ્રેન્ડસની તપાસ કરી રહી હતી એમાં તને શું પ્રોબ્લેમ હતો? તું કેમ વારવાર મને એ કેસ પરથી હટાવવા માંગતો હતો?"

"કેમકે હું નહોતો ચાહતો કે તું એટલી ફેમસ વ્યક્તિ બની જાય જેને કિડનેપ કર્યા પછી પોલીસ એનામાં બહુ રસ દાખવે."

મારી પાસે એને પૂછવા વધુ સવાલો ન હતા, હું ચુપ રહી.

"ચાલો હવે, આ ઉંદર બિલ્લીની રમત પૂરી થઇ... અંદર ચાલો." એણે ફરી ગન એન કરતા કહ્યું.

અમારે એની બંદુકના ઈશારે ચલાવું પડ્યું. એ ફરી એજ દરવાજા પાર કરી અમને મેન પેસેજમાં લઇ આવ્યો.

"ત્રીજા માણસને તે ક્યા કેદ કર્યો છે?"

"મારી કેબીનમાં."

"મને એ તરફ લઇ ચાલ."

હું એને સૂરજની કેબીનના દરવાજે લઇ ગઈ. નિશા તો ઊંડા આઘાતમાં હતી પણ રિયા, મનીષા અને પેલી ચોથી છોકરી ગભરાયેલા વાછરડા જેમ ધ્રુજતી હતી.

"દરવાજો ખોલ."

એ ચાલાક હતો એણે મારી પાસે જ દરવાજો ખોલાવ્યો. એણે દરવાજાથી જરાક બાજુમાં દીવાલની પાછળ છુપાઈને મને દરવાજાની અંદર જવા ઈશારો કર્યો. મેં જોયું મારી બાકીની ફ્રેન્ડસ એની બાજુમાં ઉભી ઉભી ધ્રુજી રહી હતી. રાઘવનું સંપૂર્ણ ધ્યાન મારા તરફ હતું પણ એ લોકો રાઘવ પર હુમલો કરવા માનસિક રીતે તૈયાર ન હતી એટલે હું એ આશા ન રાખી શકી. રાઘવ જરાય લંગડો ન હતો એ મને કોરીડોરમાં આવતા જ ખ્યાલ આવ્યો.

મેં દરવાજો આખો ખોલ્યો, અંદર સૂરજ પોતાના ગાલ પર રૂમાલ દબાવી બેઠો હતો.

"તું પાછી કેમ આવી?" મને જોતા જ એ બોલી ઉઠ્યો. એની આંખો નવાઈથી પહોળી થઈ ગઈ.

"એ આવી નથી હું એને લાવ્યો છું." કહેતો રાઘવ દીવાલની આડસથી બહાર આવ્યો. હું સમજી ગઈ કેમ એણે ઈશારો કરી મને અંદર જવા કહ્યું હતું. એને શક પડી ગયો હશે કે મેં બે લોકોને મારી નાખ્યા તો ત્રીજાને કેમ કેદ કર્યો? એને શક પડી ગયો હશે કે સૂરજે જ મને ભગાડવામાં મદદ કરી હશે. રાઘવ પુરેપુરો હરામખોર અને સાતીર હતો.

એણે ધક્કો મારી મને કેબીનમાં ધકેલી. નિશા, રિયા, મનીષા અને પેલી છોકરી પણ એની ગનના ઈશારે અંદર આવી.

એને જોતા જ સૂરજ એટલો ડઘાઈ ગયો હતો કે એ કશુ જ ન બોલી શક્યો. બસ ફાટી આંખે રાઘવને જોઈ રહ્યો.

"મને આમ જોઈ કેમ રહ્યો છે ડેડીના પાલતું કુતરા... મને પહેલા દિવસથી જ તારા પર ભરોષો નથી. હું જાણતો હતો કે સંધ્યા પણ એની બેનની જેમ જ બળવાખોર નીકળશે એટલે મેં એને બધાથી અલગ કેબીનમાં રાખવાનું ડેડને સજેશન કર્યું હતું અને તને એની દેખભાળમાં રાખ્યો હતો જેથી હું ડેડને ટેસ્ટીમની આપી શકુ કે તું ગદ્દાર છે. તને તારી ગદ્દારીના ઇનામ રૂપે તારી બહેનની લાશ પ્રમાણપત્ર રૂપે મળી જશે. તને વિશ્વાસ ન હોય તો સંધ્યાને પૂછી લે એની બહેનની લાશ એને મળી હતી કે નહિ?"

રાઘવે મારા તરફ એક વ્યંગમાં હાસ્યબાણ છોડ્યું. એ શેતાનને હું એ જ પળે મારી નાખવા માંગતી હતી.

"તને ખબર હતી કે હું જીનલની બહેન છું?"

"કેમ ખબર ન હોય એ મારી એકશ.......... ગ...ર્લ... ફ્રેન્ડ....હ...તી.......... એ મને બહુ ચાહતી હતી એટલે એણીએ મને એની વહાલી બેનનો ફોટો કેટલીયે વાર બતાવ્યો હતો અને કહ્યું હતું કે એ દિલ્હી કોલેજમાં ભણે છે. તું કોલેજમાં આવી એ જ દિવસે હું સમજી ગયો હતો કે તું તારી બહેનના કાતિલોની તપાસ કરવા આવી છે." કહી એ સતત ત્રીજી વાર એનું એ જ ગંદુ હાસ્ય હસ્યો.

"તે એને કેમ મારી નાખી? તે એને કેમ ચાલુ કારમાંથી ફેકી દીધી?" હું જાણતી હતી કે જીનલ એને પ્રેમ કરી જ ન શકે કેમ કે જીનલ મારાથી કોઇ વાત ક્યારેય છુપાવતી જ નહી. પણ મને હવે એકાએક સમજમાં આવ્યું કે જીનલ મને શું કહેવા માંગતી હતી. એ મને ક્હેવા માંગતી હતી કે મારો કાતિલ મારો કોલેજ મિત્ર રાઘવ જ છે જેણે મને છેતરીને કિડનેપ કરી હતી.

"કોણે કહ્યું મેં એને મારી નાખી? કોણે કહ્યું મેં એને ચાલુ કારમાંથી બહાર ફેકી દીધી હતી? એને વેચીને મને દસ લાખ રૂપિયા મળવાના હતા. હું એને કેમ ફેકું?" એ બોલ્યો ત્યારે સૂરજ મોકો શોધી રહ્યો હતો એ મેં નોધ્યું.

"તો એ કઇ રીતે મરી?"

"તારા જેમ જ બધાની મદદ કરવા, તારી જેમ જ એને હીરો બનાવાનો શોખ હતો એ ચાલુ કારમાંથી કુદી પડી જેથી એ પોલીસને કહી શકે કે અમને બધાને કોઈએ કિડનેપ કર્યા છે. એ બિચારી ક્યા જાણતી હતી કે જે મિત્રો માટે એ કારમાંથી કુદી રહી હતી એ મિત્રોને મેં જ કિડનેપ કર્યા હતા. એની જેમ જ તને પણ ક્યા ખબર હતી કે તું જે રાઘવના હાથમાં ગન આપી

રહી છે એ જ રાઘવે તને કિડનેપ કરાવી છે...” રાઘવે એના વાળમાં હાથ ફેરવ્યો અને સૂરજ તરફ જોઈ ઉમેર્યું, “સીટ ડાઉન.”

“તું તો રીબાઈને મરીશ સાલા ગદ્દાર..” સૂરજને ઉભો થવાની કોશીશ કરતો જોઈ રાઘવ બરાડ્યો, એણે તેનીની નજીક જઈ એની છાતીમાં લાત મારી, સૂરજ નીચે પડી ગયો. એના મોમાંથી એક રાડ નીકળી ગઈ.

મારા સિવાયની બીજી છોકરીઓ હજુ ધ્રુજી રહી હતી. નિશા હજુ આઘાતમાં હતી. મનીષા, રિયા અને ચોથી છોકરી માટે તો આ બધું ભયાનક સ્વપ્ન સમું હતું.

“બસ થોડીકવાર... ડેડ હમણા અહી પહોચી જશે. એ આજે જ આવવાના છે. પછી તારે કણસવાની જરૂર નહી પડે કેમકે તારી રોશનીના મૃત્યુના સમાચાર સંભળાવી તને મુક્તિ આપી દેવામાં આવશે.” કણસતા સૂરજ તરફ એક ગુસ્સાભરી નજર કરી રાઘવે કહ્યું. સૂરજ ઉભો થઇ એને ત્યાં જ ખત્મ કરી લેવા માંગતો હોય એમ તરફડતો હતો પણ એ કઈ કરે એ પહેલા રાઘવે એના બુટ સાથેની લાત એના લમણા ઉપર મારી.

“પણ રાઘવ..”

“શું મને પ્રેમના નામની દુહાઈ દઈ કરગરવા માંગે છે? હા, આજીજી કર કદાચ મારું મન પીગળી જાય..” હું બોલવા જતી હતી ત્યાજ મને અટકાવી રાઘવે કહ્યું. એના ચહેરા ઉપર એ જ ગંદુ હાસ્ય હતું.

હું ચુપ રહી.

“બોલ? શું કહેતી હતી?” રાઘવે ચિલ્લાતા કહ્યું.

“તારા ડેડ તને કેટલો પ્રેમ કરે છે?” મેં એની તરફ જોઈ કહ્યું.

“કેવો વાહિયાત સવાલ કરે છે? એનાથી તારે શું મતલબ?” એણે મારા તરફ ગુસ્સાથી જોઈ કહ્યું.

સૂરજ અને મારી ફ્રેન્ડ પણ નવાઈથી મને જોઈ રહ્યા, કદાચ એમને લાગતું હશે કે હું માનસિક સંતુલન ગુમાવી રહી છું.

“મારે નહિ તારે લેવાદેવા છે. તારું જીવન એના પર આધાર રાખે છે.” મેં હસીને કહ્યું.

“તું પાગલ થઈ ગઈ છો છોકરી? તે તારી સ્ટ્રેસની ગોળી છેલ્લે ક્યારે લીધી હતી?” કહી રાઘવ અટક્યો, કઈક યાદ કરતો હોય એમ વિચારીને બોલ્યો, “બીચ ઉપર...? હા બીચ ઉપર જ તે ગોળી લીધી હતી.” એ હરામી મારી એક એક વાતનું ધ્યાન રાખતો હતો. દોસ્તી મેં એની સાથે કરી હતી એમ એણે મારી સાથે કરી હતી એ મને સમજાયું.

“એકાદ કલાક પહેલા જ.” મેં એને કહ્યું.

“તો આ ભડવે તને ગોળીઓ પણ લાવી આપી હતી જેથી તારું મન શાંત રહે..”

“હા, મારી પાસે હજુ બે ગોળીઓ છે પણ તારી ગનમાં ગોળીઓ નથી.” મેં કહ્યું.

“વોટ?” તેણે નવાઈ લાગી હોય તેમ કહ્યું અને છત તરફ નિશાન સાધી ટ્રીગર દબાવ્યું.

ગનમાં ગોળી ન હતી. માત્ર નાનકડો કલીકનો અવાજ થયો બીજું કાઈ ન થયું.

એ ગન ફેકી મારા તરફ ધસ્યો પણ મેં એના મેન પાર્ટ પર લાત મારી એને ત્યા જ બેસાડી દીધો. હું એમાં માહિર હતી. મેં કોલેજના પહેલે દિવસે જ એક સીનીયર પર આજ તરીકો અજમાવ્યો હતો.

એ જમીન પર પોતાના ઘૂંટણ ઉપર બેસી ગયો. હું બે ડગલા પાછળ ખસી ગઈ એટલે એ મારા પર ઝડપ ન મારી શકે. મેં જાકીટમાં છુપાવેલ પેલા બીલી કે એના મિત્ર બેમાંથી જેની એ ગન મેં ટેબલ પરથી ઉઠાવી હતી એ બહાર કાઢી અને રાઘવ તરફ એન કરી.

ઘડીભરમાં ખેલ બદલાઈ ગયો. છોકરીઓ અને સૂરજ તાજ્જુબ થઇ મને જોઈ રહ્યા.

“પોતાની જગ્યાએથી ઉભો થવાનો પ્રયાસ ન કરતો.” મેં કહ્યું.

રાઘવ મારા તરફ જોઈ રહ્યો, એનો ચહેરો ફિક્કો અને સફેદ થઇ ગયો. મેં સૂરજ તરફ જોયું. એ હજુ બધું નવાઈથી જોઈ રહ્યો હતો. એ જ હાલત મારી ત્રણે ફ્રેન્ડની હતી. એમને પણ કાઈ સમજાઈ નહોતું રહ્યું કે શું થઈ રહ્યું છે.

“તે મને ખાલી ગન કેમ આપી હતી રંડી..........?” રાઘવે ગંદી ગાળ દઈને કહ્યું.

“કેમકે હું જાણતી હતી કે તું જ ગદ્દાર છે.”

“કેવી રીતે?” એના ડોળા પહોળા થતા મેં જ નહી સૂરજે અને બીજી છોકરીઓએ પણ જોયા જ હશે.

“મેં જીનલની એક બર્થ ડે પાર્ટીના ફોટામાં તને એની બાજુમાં જોયો હતો. એ ફોટા પાછળ રાઘવ લખેલું પણ હતું જેનો અર્થ એ હતો કે તું એનો ખાસ મિત્ર હતો કેમ કે ખાસ મિત્રોના ફોટા પાછળ જ એમના નામ લખવાની જીનલને આદત હતી. મારી મમ્મીના ફોટા પાછળ અને મારા ફોટા પાછળ પણ એ અમારા નામ લખીને રાખતી. એ ફોટા પાછળ તારું નામ હતું એનો અર્થ ચોક્કસ હતો કે તું એનો ખાસ મિત્ર હતો પણ જીનલ હોસ્પીટલમાં હતી એ દરમિયાન કોઈ રાઘવ ત્યાં નહોતો આવ્યો. કોલેજમાં આવ્યા પછી મેં તારી સાથે મિત્રતા કરી, તને પ્રેમના નાટકમાં ફસાવ્યો પણ તે ક્યારેય મને ન કહ્યું કે જીનલ નામની કોઈ તારી ફ્રેન્ડ હતી.” હવે રાઘવનો વારો પૂરો થયો હતો. હવે નવાઈ એના માટે હતી.

“તો તું મને બચાવવા મારી કેબીનમાં કેમ આવી?”

“કેમ કે હું વધુ ખાતરી કરવા માંગતી હતી. હું તારી કેબીનમાં આવી ત્યારે પણ મેં જોયું કે એ કેબીનમાં ક્યાય ખોરાકનો એક કણ પણ નહોતો દેખાઈ રહ્યો. કોઈ હિસાબે એવું લાગતું જ ન હતું કે એ કેબીનના ફ્લોર પર પાણી પણ ઢોળાયેલ હોય. જો તું કેદી તરીકે ત્યાં હોય તો ત્યાં ખોરાક અને પાણી ઢોયાયેલ હોવા જોઈં, કેમકે માણસ કેદી હોય ત્યારે ટેબલ મેનર મુજબ ભોજન નથી કરતો. એકાદ બે દિવસ સુધી ખાવાનું ન મળે અને જયારે ત્રીજા દિવસે ખાવાનું મળે ત્યારે ભૂખ્યા પ્રાણીની જેમ એ ખોરાક પર તૂટી પડે છે.” કહી હું અટકી, મને શ્વાસ લેવામાં થોડી તકલીફ થતી હતી.

“એટલું જ નહી રાઘવ....” મેં ફરી કહ્યું, “બીચ ઉપર ગયા ત્યારે મારે ગ્રે ટી-શર્ટ હતી, રિયાને યેલ્લો વેસ્ટર્ન હતું, મનીષાને રેડ ટીશર્ટ હતી, નિશા ચેક્સ શર્ટમાં હતી અને પેલી ચોથી

છોકરી મારી જેમ જ ગ્રે ટી-શર્ટમાં હતી અને જયારે મેં એમને કેદમાંથી છોડાવ્યા ત્યારે એ બધાના કપડા એ જ હતા.” મેં એ વાત કહી ત્યારે બધી છોકરીઓ એક બીજાના કપડા જોવા લાગી.

“પણ તું રાઘવ.... રાઘવ તું ચેક્સ શર્ટ અને બ્લેક જીન્સમાં બીચ ઉપર આવ્યો હતો. ત્યાંથી કિડનેપ થયા પછી તારા કપડા કઈ રીતે બદલાય? અમને કોઈને કિડનેપરે કપડા નથી આપ્યા તો તને એકલાને આવું ધોયેલું સફેદ શર્ટ કોણ આપે..?” સૂરજ સહીત બધા ચોકી ગયા હશે એની મને ખાતરી હતી પણ મેં બધું ધ્યાન રાઘવ ઉપર જ આપ્યું.

“તને બધી ખાતરી થઇ ગઈ હતી તો તે મને ગન કેમ આપી?” રાઘવ પોતાના સફેદ શર્ટને જોઈ ફરી મારી સામે જોઈ બોલ્યો.

“કેમકે હું તારા હાથમાં બાજી સોપીને તારા મોઢે તારા બોસનું નામ જાણવા માંગતી હતી. હું જાણતી હતી જયારે બાજી તારા હાથમાં હશે તને કોઈનો ડર નહી હોય ત્યારે તું ઓવર એક્ટીંગમાં ખુબ જ લવારો કરીશ અને એ વખતે હું તારો બોસ કોણ છે એ જાણી લઈશ.”

“અને એ જાણી તું શું કરીશ?”

“એ તું તારી સગી આંખોથી જોઈ લે.” મેં કહ્યું અને તરત સૂરજ તરફ જોયું.

“આનો બાપ જ મેન બોસ છે ને?”

“હા.” સૂરજે ઉભા થતા કહ્યું. એના ચહેરા ઉપર ભયાનક ઘા હતા.

“તો આપણે આ કુતરાને કિડનેપ કરીશું, એનો બાપ જયારે અહી આવે ત્યારે એને અહી કશું મળવું ન જોઈએ. રાઘવ જ્યાં સુધી આપણા કબજામાં હશે એનો વહાલો ડેડી તારી બહેનને કાઈ નહિ કરે.”

મારી વાત સાંભળી જાણે સૂરજના ચહેરા પર એક નવો સૂરજ ખીલી ઉઠ્યો. જયારે એને ખાતરી થઇ ગઈ કે એની બહેનને બચાવવાનો રસ્તો મળી ગયો છે. એ પોતાના શરીરની બધી પીડા ભૂલી એક ઝાટકે ઉભો થઇ ગયો.

સૂરજ તરત બહાર જઇ અને દોરડા લઈ આવ્યો. એણે રાઘવના હાથ બાંધી દીધા. અમે બધા રાઘવને લઈને એ વેર-હાઉસની બહાર આવ્યા, અને રાઘવનું મો બાંધી એને ઈકોની ડીકીમાં ભરી નાખ્યો. છોકરીઓ કિડનેપ કરનાર વાનમાં દોરડા અને મો બંધ કરવા માટે ટેપ તો હતી જ એટલે એ કામ પણ સરળ બની ગયું.

“હવે આપણે આને ક્યા છુપવીશું?” સૂરજે મારા તરફ જોતા કહ્યું. એના ચહેરા પરથી લાગતું હતું કે એ ઘણા સવાલ પૂછવા માંગે છે.

“ક્યાય નહિ... આપણે અહી જ રહીશુ. એનો બાપ કોણ છે?”

“સ્પોર્ટસ મીનીસ્ટર રાઠવા.. જયશંકર રાઠવા. એ કોલેજના સપોર્ટ શિક્ષકો સાથે મળી આ રેકેટ ચલાવે છે. સ્પોર્ટ્સમાં લઇ જવાની લાલચ આપીને સ્પોર્ટ્સમાં તેમનો વિકાસ કરી આપવાની ખાતરી આપીને રાઘવ જેવા કોલેજના સ્પોર્ટ્સ લીડર અને કિરણ સર જેવા સ્પોર્ટ્સ ટીચર ગરીબ અને મધ્યમ ઘરની સુંદર દેખાતી યુવતીઓને પોતાનું ટાર્ગેટ બનાવે છે. ત્યારબાદ

એમને વિદેશમાં વેચી નાખવામાં આવે છે.”

“અને પોલીસ?”

“પોલીસને તેમનો કટ મળી જાય છે. સ્પોર્ટ્સ ટીચર કિડનેપ કરાવતા પહેલા છોકરીની બધી જ તપાસ કરાવી નાખે છે. જે છોકરીનો પરિવાર પોલીસ પર લાંબુ દબાણ ન લાવી શકે તેમ હોય તે છોકરીઓને જ કિડનેપ કરવામાં આવે છે.”

“તારો મોબાઈલ તારી પાસે છે?” સૂરજે વાત પૂરી કરી એટલે મેં કહ્યું.

“હા.”

“મને આપ.”

તેણે મને મોબાઈલ આપ્યો અને મેં તેના ખાતામાં પચાસ લાખનું ફંડ ટ્રાન્સફર કરી નાખ્યું.

“તારા ખાતામાં પચાસ લાખનું ફંડ ટ્રાન્સ્ફર કરી નાખ્યું છે હવે તું આ છોકરીઓને લઈને જા. એમને શહેરમાં ઉતારીદે અને તારી બહેનને લઇ ક્યાંક દુર ચાલ્યો જજે. ફરીથી આવા લોકો સાથે કામ ન કરીશ.”

“અને તું?”

“હું સ્પોર્ટસ મીનીસ્ટરની રાહ જોઇશ.”

“તું એકલી એના સાથે લડીશ એમ કહેવા માંગે છે તું?”

“હા.”

“એની સાથે એની કારમાં કમ-સે-કમ પાંચથી વધારે માણસો હશે અને એ પણ બધા પ્રોફેશન કિલર. જેમને લોકોને મારવાની ટ્રેનીંગ આપવામાં આવી હોય.”

“જાણું છું પણ મારી મદદ માટે બીજા લોકો આવી પહોચશે..”

“મતલબ?”

“હું જીનલની મોટી બહેન છું. એ મારાથી નાની હતી. હું દિલ્હીમાં આઈ.પી.એસ.ની ફાઈનલ ટ્રેનીંગમાં હતી જયારે એને મારી નાખવામાં આવી. મને સરકાર તરફથી જ એક ખાસ મિશન પર મોકલવામાં આવી હતી જે માટે મને એક કરોડનું ફંડિંગ કરવામાં આવ્યું હતું જેનો ઉપયોગ કોઈ એજન્ટ કેદ થાય તો એ પોતાની જાતને બચાવી શકે તે માટે કરવાનો હોય છે. મેં ફંડ ટ્રાન્સફર કર્યા બાદ ટીમને મેસેજ મોકલી દીધો છે. એ લોકો ગમે તે પળે અહી પહોચી જશે. બસ તું અહીંથી ચાલ્યો જા કેમકે હું તને આ બધામાં સંડોવવા નથી માંગતી.” મેં ઝડપથી સૂરજને બધી હકીકત કહી ત્યારે સૂરજ અને બધી છોકરીઓ નવાઈથી મને જોઈ રહી હતી.

“અને એ રકમ જે તે મારા ખાતામાં ટ્રાન્સફર કરી છે એ?”

“એ મારા મિશન દરમિયાન માહિતી એકઠી કરવામાં તેમજ અમુક માણસોને ફોડવામાં વપરાઈ છે જેના પાકા બીલ મારે ક્યાય રજુ કરવાના નથી. બસ હવે તું જા જેથી

આઈ.પી.એસ. ટીમ આવ્યા પછી તું એમની ઉલટ તપાસમાં ફસાઈ ન જાય.”

“અને રાઘવ?”

“એને બેઈટ તરીકે રાખ. કદાચ મીનીસ્ટર ભાગવામાં સફળ રહે કે એના માણસો રોશની સુધી પહોચી જાય તો કામ લાગશે. જ્યારે જરૂર ન રહે કોઇ પણ પોલીસ સ્ટેશન આગળ એ કારને પાર્ક કરી મને જણાવી દેજે. કયા પી.આઈ. પાસે એ કારની ડીકી ખોલાવવી એ હું સારી રીતે જાણું છુ.” મેં હસીને કહ્યું.

“બાય, એન્ડ ટેક કેર.” સૂરજે કહું.

અમારી વાત પૂરી થઇ ત્યાં સુધી જ નિશા ચુપ રહી.

“તું જીનલની બહેન છે?” એણીએ નવાઈથી કહ્યું.

“હા, હું એની બહેન છુ એ પણ મોટી.”

“તો મારો શક સાચો હતો?” મનીષાએ પણ કહ્યું.

“હા મનીષા, તારો શક સાચો હતો. તે મને પૂછ્યું કે હું અઢારની તો નથી લાગતી ત્યારે મેં એમ કહ્યું હતું કે હું એકથી બારમાં ત્રણ વાર ફેઈલ થઇ હતી અને વાત છુપાવી હતી પણ ખરેખર તો હું એકવાર કોલેજ કરી ચુકી છું.”

“થેંક્યું....” રિયા અને બીજી છોકરી મને વળગી પડી, “તું ના હોત, સોરી તમે ન હોત તો અમારું શું થાત.” બંને રડી પડી.

“મારી જીનલ સાથે થયું એ બીજા કોઈ સાથે હું કેમ થવા દઉં...” મેં એ બંનેના માથે હાથ મૂકી કહ્યું. નિશા અને મનીષા પણ મને ફરી એકવાર ભેટી પડ્યા. હા અમે છોકરીઓ હોઈએ જ એવી દરેક વાતે ઈમોશનલ થઈને ભેટી પડીએ. મારી જીનલ મને દિવસમાં એમ દસ વાર ભેટી પડતી.

“તમે બધા હવે જાઓ....” મેં કહ્યું અને એ બધા કારમાં ગોઠવાઈ ગયા.

સૂરજ કારમાં બેસી રવાના થયો. બધાએ હાથ હલાવી કહ્યું “સાચવીને....”

મેં પણ હાથ હલાવી એમને કહ્યું. મોત પણ મને કઈ કરી શકવાની નથી જ્યાં સુધી એ જીવે છે. ગાડી થોડીવારમાં દેખાતી બંધ થઇ ગઈ. એ પછી હું દુર દેખાતા એક મકાન પાછળ છુપાઈ મીનીસ્ટર અને એના માણસોના આવવાની રાહ જોવા લાગી.

***

હું વેર-હાઉસની સામેના ખંડેરમાં છુપાઈ મીનીસ્ટરના આવવાની રાહ જોવા લાગી. મારા કપડા મેલા હતા. મેં ટીશર્ટથી મારું મોઢું લુછ્યું. પરસેવો હટતા મને થોડી રાહત થઇ. મેં જીનલને આપેલ વચન પૂરું કરવાનો સમય આવી ગયો હતો. મારી આંખો સમક્ષ જીનલનો ચહેરો અને મનમાં બદલાની ભાવના આકાર લઇ રહી હતી. સૂરજ આથમવાની તૈયારી હતી. સંધ્યા બરાબર ખીલી હતી....!!

એકાદ વર્ષ પહેલા કોઈએ મને પૂછ્યું હોત કે બદલો શબ્દનો શું અર્થ છે? તો હું એ શબ્દને ઘાતકી અને નકામા શબ્દમાં ખપાવી વખોડી કાઢત પણ હવે મારા માટે બદલો મહત્વનો શબ્દ બની ગયો હતો! છોકરીઓ માત્ર બોયફ્રેન્ડ માટે જ જીવતી હોય એવું નથી હોતું. હું મારી બહેન માટે મારી લાડલી જીનલ માટે મરવા તૈયાર હતી.

એક સમય હતો જયારે બદલો અને વેરભાવના જેવા શબ્દોને હું બિનજરૂરી સમજતી હતી પણ હવે સમય બદલાઈ ગયો હતો. હું જાણતી હતી કે બદલો એ બિનજરૂરી નહિ પણ જરૂરી શબ્દ હતો. કદાચ મારી સ્ટ્રેસ દુર કરવાની ટેબલેટ કરતા પણ મહત્વનો.

મીનીસ્ટર જીનલના મોત માટે જવાબદાર છે એ જાણ્યા પછી મારા મનમાં મારા શરીરના એક એક પાર્ટીકલમાં બદલાની ભાવના દોડવા લાગી હતી. લગભગ કલાક મેં રાહ જોઈ એ પછી કાળા રંગની ફોર્ચ્યુનને વેર-હાઉસના દરવાજે રહેતી જોઈ. તેમાંથી મેં મીનીસ્ટર અને તેના ચાર માણસોને ઉતરતા જોયા. સૂરજે કહ્યું હતું તેમ તે લોકો પ્રોફેશનલ હતા પણ તેમના કપડા પરથી એમ લાગતું ન હતું કે એ તેના બોડી ગાર્ડસ હતા.

મીનીસ્ટર આવા સીનીસ્ટર કામ કરતી વખતે પોતાના બોડી ગાર્ડ્સને પોતાની સાથે ન રાખે એ દેખીતી વાત હતી. તેને જોતા જ મારા શરીરનું બધું જ લોહી જાણે મારા મગજમાં દોડી જતું હોય તેમ મને લાગ્યું!

મારા કપાળ પર પરસેવાના એક બે બુંદ જમા થઇ ગયા. હું આખા શરીરમાં કોઈ ભડકતી આગ બળી રહી હોય એવું મહેસુસ કરવા લાગી. મેં મારા બંને હાથની હથેળીઓમાં પરસેવો મહેસુસ કર્યો.

હું જાણતી હતી હું એ નરાધમને જોઈને ગુસ્સાથી પાગલ થઇ રહી છું. મેં એને કોલેજના એક ફંકશનમાં પહેલા પણ જોયો હતો. ત્યાં એ નાલાયક કેટલી મોટી અને સારી વાત કરતો હતો..!!

મેં ફરી એક નજર પોતાની જાત પર કરી. હું એ ચાર પ્રોફેશનલ લોકોની હાજરીમાં એને મારી શકવા સમર્થ ન હતી એ હું જાણતી હતી. મારે બીજા આઈ.પી.એસ. અધિકારીઓ આવે તેની રાહ જોવી પડે તેમ હતી કેમકે મીનીસ્ટરની સાથે હતા એ લોકો શાર્પ શૂટર હતા જ્યારે હજુ હું ટ્રેનીંગ લેતી એક અન્ડર ટ્રેઈનીંગ છોકરી હતી જેણીએ ટ્રેનીંગ પૂરી થયા પહેલા જ મિશન પર જવાની તૈયારી દર્શાવી હતી. મને એ પરમીશન કદી ન મળી હોત પણ અખિલેશ સર ગજબના આદમી હતા. જીનલની વાત સાંભળીને એમની ખોપરીમાં એ ધૂન ચડી ગઈ હતી.

મારા શ્વાસ ઝડપથી ચાલવા લાગ્યા હતા. જે દુશ્મનને મારવાનું હું એક વર્ષથી સપનું

જોઈ રહી હતી એ મારી સામે હતો પણ એને મારવા મારે હજુ રાહ જોવી પડે તેમ હતી. અને આઈ.પી.એસ. અધિકારીઓ આવ્યા પછી પણ એક પ્રોબ્લેમ હતો. જો મીનીસ્ટર સરન્ડર કરે તો હું કાનુન હાથમાં લઇ શકીશ નહિ. હું એને બધાની હાજરીમાં જો એ આત્મ સમર્પણ કરે તો નહિ મારી શકું એ હું જાણતી હતી.

*

સાંજ ઢળી ગઈ હતી. આછું અંધારું છવાઈ રહ્યું હતું. સફેદ સાયરન લેસ ટાટા સુમોને વેર-હાઉસથી થોડેક દુર જોતા જ હું સમજી ગઈ કે એ ગાડીઓ કોની હતી. એમાંથી ઉતરેલા સજ્જ ચાર વ્યક્તિ આઈ.પી.એસ. ઓફિસર જ હતા. એમણે એ વેર-હાઉસ તરફ લપાતા ચાલવાનું શરુ કર્યું.

મેં પણ મારું હાઈડીંગ પ્લેસ છોડી એમની તરફ જવા માંડ્યું. લગભગ અમે વેર-હાઉસના મુખ્ય દરવાજા પાસે ભેગા થયા. એ ચાર ઓફીસરોમાંથી એક તો મને ટ્રેનીંગ આપનાર અખિલેશ સર અને ત્રણ અજાણ્યા માણસો હતા.

“તેઓ અંદર છે. મેં અંદર રહેલ હોસ્ટેજને એમના આવતા પહેલા સેફ કરી નાખ્યા છે.” મેં અખિલેશ સરને કહ્યું.

“અંદર કેટલા માણસો છે?”

“પાંચ, બધા હથીયાર બંધ અને પ્રોફેસનલ છે..”

અખિલેશે બાકીના ત્રણ લોકોમાંથી બેને ઈશારો કરી આગળ રવાના કર્યા. જ્યારે એ બે ઓફિસરોએ દરવાજાની અંદર યોગ્ય સ્થળે પોઝીશન લઇ લીધી ત્યારબાદ અમે એમના ઈશારે અંદર દાખલ થયા.

અમે મેઈન ગ્રાઉન્ડ પાસ કરી વેર-હાઉસના મેટલ શટર નજીક હાઈડીગ પ્લેસ બનાવ્યું. ત્યાં જ અમને અંદરથી મીનીસ્ટર અને એના માણસોનો અવાજ સંભળાયો. મેં ઝડપથી પોઝીસન લીધી. બીજા પણ બધા ચેતિની પોતપોતાની જાતને હાઈડીંગ પ્લેશની મદદથી સેફ કરવાનો પ્રયાસ કરવા લાગ્યા.

અખિલેશ અને અન્ય બે જણે પોતાનું હાઈડીંગ પ્લેસ મેળવી લીધું પણ ચોથા વ્યક્તિને સચેત થવામાં કદાચ વાર લાગી હશે કે મીનીસ્ટરનો શાર્પ શુટર વધુ ચાલાક હતો જે હોય તે પણ એને મેં જમીન પર પડતા જોયો.

અખિલેશ અને અન્ય બે માણસોએ કવર ફાયર આપવાનું શરુ કર્યું અને એ વ્યક્તિ ઘસડાતો જ સટર તરફ આવવા લાગ્યો. હું એને સટર તરફ ખેંચી લેવા હાથ લંબાવવા ગઈ ત્યા જ મેં સટરના લોખંડ સાથે કોઈ મેટલનો રણકાર સાંભળ્યો અને આછા અંધકારમાં સટર પર સર્જાયેલ એક તણખો નિહાળ્યો. મેં મારા હાથને પાછો ખેચી લીધો.

સારું થયું કે ત્યાં અંધારું હતું એટલે તેઓ જમીન પર ઘસડાતા ઓફિસરને ટાર્ગેટ બનાવી શક્યા નહી. એ ઓફિસરે પોતાની જાતને શટર પાછળ મહેફૂસ કરવામાં સફળતા

મેળવી એ જોઈ મને રાહત થઇ.

"ધે હેવ અ સ્નાઈપરમેન." અખિલેશે મારા તરફ જોઈ કહ્યું.

"નો સર એ બધા માણસો શાર્પ શુટર છે એટલે એમનું નિશાન તેઝ છે. તેઓ અંદર દાખલ થયા ત્યારે મેં એમને જોયા હતા. એમનામાંથી કોઈની પાસે સ્નાઈપર બેગ ન હતી."

"કોઇ સુઇટકેસ?"

"નો, સર આઈ એમ સ્યોર."

"યાદવ... ગીવ ધેમ વોર્નિંગ." અખિલેશે એક ઓફિસરને કહ્યું. એ સાથે જ ઓફિસર યાદવે મોટેથી કહ્યું.... "તમે ચારે તરફથી ઘેરાઈ ચુક્યા છો. તમારી જાતની સલામતી ઇચ્છતા હોવ તો પોતાની જાતનું સમર્પણ કરી દો."

વળતો કોઈ જવાબ ન મળ્યો.

યાદવે ફરી એમ વોર્નિંગ દોહરાવી પણ કોઈ જ જવાબ ન આવ્યો. અખિલેશે બીજા એકને કઈક ઈશારો કર્યો. એ જરાક બહાર નીકળ્યો અને સામેની દીવાલ સાથે ચોંટી ગયો હોય એમ ઉભો રહી ગયો. ત્યારબાદ એનાથી આગળ રહેલા કન્ટેનરનો સહારો લઇ એણે અખિલેશ તરફ જોઈ કઈક ઈશારો કર્યો.

"રાકેશ, તું ચાલી શકે તેમ છે?" અખિલેશે ઘાયલ ઓફિસર તરફ જોઈ પૂછ્યું.

"યસ, સર."

"તો ગાડીમાં જઈ ટીમને સંદેશો મોકલ. કદાચ અંદર વધુ લોકો હોય તો બીજી ટીમની જરૂર પડી શકે છે. હમણા અંદર મીનીસ્ટર છે એ ન્યુઝ લીક ન થવા દઈશ નહિતર મીડિયા વચ્ચે આવી જશે અને નિયમોનું પાલન કરી અંદર ઘૂસવું પડશે તો આપણામાંથી એક બે ઓફિસરની શહીદી વહોરવાનો વારો આવશે." અખિલેશ ઓર્ડર આપતા હતા. અખિલેશ પણ ગજબના માણસ હતા મિડીયાથી એમને સખત સુગ હતી. બધાને ચીલ ઝડપે આદેશ આપી દીધા.

"જી સર." કહી રાકેશ ઉભો થયો. એને ખભામાં ગોળી વાગી હોવા છતાં તે ઉભો થઇ બહારની તરફ જવા લાગ્યો એ જોઈ મને નવાઈ ન લાગી કેમકે હું એ ટ્રેનીંગ લઇ રહી હતી અને જાણતી હતી કે ત્યાં શું શીખવવામાં આવે છે. ત્યાં દર્દ સહન કરવાનું શીખવવામાં આવે છે જે મેં પણ શીખ્યું હતું અને એટલે જ હું ભૂખી તરસી રહી શકી હતી. એ અંધારી કોટડીમાં હું એકલી રહી શકી હતી.

મેં અખિલેશે અને ત્રીજા ઓફિસરે યાદવ જે કન્ટેનર પાછળ છુપાયો હતો એ જ કન્ટેનર પાછળ શરણ લીધું. હવે એક એક ડગલું સંભાળીને ચાલવાનું હતું. એ મુશ્કેલ કામ હતું પણ અમારી ટ્રેનીંગના લીધે એ કામ અમને બહુ અઘરું ન લાગ્યું. એમાય વેર-હાઉસના કન્ટેનરો જાણે અમારી મદદ કરવા માટે જ ત્યાં હોય એમ લાગી રહ્યું હતું.

કન્ટેનરો ઓળંગી આગળ ગયા પછીનો રસ્તો હું સારી રીતે જાણતી હતી.

“આ વેર-હાઉસમાં ઘણી બધી કેબીનો છે. આપણે વહેચાઈ જવું પડશે. એક સાથે અંદર જઈ નહી શકાય.” મેં અખિલેશ તરફ જોઈ કહ્યું.

“યુ આર રાઈટ સંધ્યા.....” મને અખિલેશ સરે કહ્યું “ગુડ જોબ સંધ્યા.....” પછી એમણે યાદવને કહ્યું, “યાદવ તું અહી જ રહે, વેઇટ કર. જો કોઈ બહાર નીકળી ભાગવાનો પ્રયાસ કરે તો કોઈ જ વોર્નિંગ આપ્યા વિના શૂટ કરી દેજે.”

“ઓકે સર.”

“સંધ્યા, કીપ ધીસ સાયલેન્સર ગન. ઈટ વિલ હેલ્પ યુ ઇન કેબીન્સ.” અખિલેશે મને સાય્લેન્સરવાળી ગન આપતા કહ્યું.

મેં મારી ગનને પોતાની પીઠ પાછળ ભરાવી સાયલેન્સર ગનને મજબુત હાથની પકડમાં લીધી. અમે બધા વહેચાઈ ગયા. મને અંદર તરફ જવાના મોટા ભાગના રસ્તા ખબર હતા એટલે મને અંદર ઘુસવામાં તકલીફ ન પડી. સૂરજે મારા મગજમાં આખા વેર-હાઉસનો નકશો ફીટ કરી નાખ્યો હતો.

હું જાણતી હતી કે મીનીસ્ટર ક્યા હશે. મને ખાતરી હતી એ પોતાના પીલ્લાને શોધી રહ્યો હશે અને પોતાના પીલ્લા રાઘવને ક્યાંય ન જોતા એ પાગલ બની જે કેબીનમાં રાઘવ કેદી બની રહેવાનું નાટક કરી રહ્યો હતો એ ચેમ્બરમાં બેઠો હશે. પોતાનો દીકરો ક્યા હશે એનો અંદાજ લગાવવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહ્યો હશે.

હું મુખ્ય હોલમાં દાખલ થઇ એ જ સમયે મને દુરના એક કન્ટેનર તરફ ગોળીઓનો ધણધણાટ સંભળાયો. હું સમજી ગઈ કે અખિલેશ અને બીજો ઓફીસર પણ ત્યાં પહોચી ગયા છે. મારે બહુ ઝડપ કરવાની જરૂર હતી.

હું જલ્દીથી રાઘવની કેબીન તરફ લપકી. મને એમ હતું કે કોઈ મારા માર્ગમાં વિઘ્ન બનશે પણ મને કેબીનના દરવાજા સુધી પહોચવામાં કોઈ વિઘ્ન ન નડ્યું. મને થયું કદાચ મારો અંદાજ ખોટો નીકળશે પણ દરવાજામાં દાખલ થતા જ મેં મીનીસ્ટર અને તેના એક ચમચાને ત્યાં જોયા.

એ લોકોને મારા આવવાનો અણસાર પણ મળે એ પહેલા મેં મીનીસ્ટરની બાજુમાં ઉભેલ એના ચમચાનું માથું ગોળીથી ફોડી દીધું કેમકે હું જાણતી હતી કે એ શાર્પ શુટર હતો પહેલા તેને ઉડાવવો જરૂરી હતો. મીનીસ્ટરના પોતાના તરફથી મને ખાસ કોઈ જોખમ ન હતું કેમકે આપણા દેશની રાજનીતિમાં આવનાર માણસમાં કોઈ હુનર હશે એમ માનવું મૂર્ખાઈ ભર્યું હતું. કમ-સે-કમ એનામાં નિશાન લગાવવાનું હુનર તો ન જ હોય!

ભલે નેતાઓમાં બીજું કોઈ હુનર ન હોય પણ તેઓ શિયાળ જેવા લુચ્ચા હોય છે એ હું જાણતી હતી. મીનીસ્ટરમાં પણ એજ લુચ્ચાઈ હતી એણે પોતાના ચમચાને શિલ્ડ બનાવી પાછળ શરણ મેળવી લીધું. મારે પણ દરવાજાની બહાર નીકળી જઈ દીવાલને શિલ્ડ બનાવવી પડી કેમકે જો હું ખુલ્લામાં હોઉં તો ભલે એને નિશાન તાકતા ન આવડતું હોય તો પણ એ અંધાધુંધ ગોળીઓ ચલાવી શકે તેમ હતો. કારણકે એના હાથમાં મીની મશીન ગન હતી.

મેં દરવાજા અંદર જોવાનો પ્રયાસ કર્યો એ જ સમયે મેં દીવાલ સાથે બુલેટને અથડાતી અનુભવી. હું સમજી ગઈ કે અંદર જવું યોગ્ય નથી. મેં દીવાલને આડશે રહીને જ ગોળીઓ ચલાવી. થોડીવાર અમારા વચ્ચે એ રમત ચાલી.

"સંધ્યા. એવરીથિંગ ઈઝ અન્ડર કંટ્રોલ." અખિલેશે મારા પાસે આવી કહ્યું.

"બધા પકડાઈ ગયા?"

"ના, મરી ગયા આપણે મીનીસ્ટર સિવાય કોઈને જીવતા પકડવાની જરૂર નથી."

"ઓકે." મેં રાહતનો શ્વાસ લેતા કહ્યું.

"મીનીસ્ટર સાહેબ તમાર બધા માણસો મરી ચુક્યા છે. સરેન્ડર કરી બહાર આવવા સિવાય કોઈ રસ્તો નથી." અખિલેશે મારી પાસે દીવાલની આડશે છુપાઈ કહ્યું.

"તું કોણ છે?"

"આઈ.પી.એસ. અખિલેશ."

સામેવાળો વ્યક્તિ આઈ.પી.એસ. છે. કોઈ ગેંગનો શાર્પ શુટર નથી એ જાણી રાહત થઇ હોય તેમ મીનીસ્ટર હાથ ઊંચા કરી ગન ફેકી બહાર આવ્યો.

"રાઘવ ક્યા છે?" મીનીસ્ટરે બહાર આવી અખિલેશ તરફ જોઈ પૂછ્યું.

"કોણ રાઘવ?"

"મારો દીકરો..."

"એ અહી શું કરતો હતો?"

"એને કોઈકે કિડનેપ કર્યો હતો જેની જાણ મને થઇ એટલે હું એને બચાવવા આવ્યો હતો."

"તો આઈ.પી.એસ. અધિકારીઓ પર ગોળીઓ કેમ ચલાવી?" અખિલેશ સરે પ્રશ્નો કર્યા.

"મેં તમને કોઈ ગેન્ગના શાર્પ શુટર સમજ્યા હતા. મેં પોતે પોલીસને જાણ નહોતી કરી એટલે મને વિશ્વાસ ન થયો કે તમે સાચા પોલીસના માણસો છો."

"પોલીસને જાણ કેમ ન કરી?"

"કેમકે મને પોલીસ પર વિશ્વાસ ન હતો. આ કાવતરામાં પોલીસ પણ સાથે હોઈ શકે તેમ મને લાગ્યું હતું."

મીનીસ્ટરના જવાબો પરથી હું સમજી ગઈ કે મીનીસ્ટર આબાદ બચી નીકળશે. એનો વકીલ કોર્ટમાં સાબિત કરી દેશે કે એ માત્ર ખોટા સમયે ખોટી જગ્યાએ જઈ ચડેલ વ્યક્તિ હતો. એ લોકો એનો દીકરો કિડનેપ થયાના અને કીડનેપરના ફોન આવ્યાના ખોટા પુરાવા પણ

રજુ કરી નાખશે. એ બચી જશે, એ હરામી બચી જશે, એ ખૂન ચુસણીયો રેપીસ્ટ, નામર્દ કમીનો બચી જશે.....!!! એ વિચાર સાથે જ હું સમસમી ઉઠી હતી.

"રાઘવ અહી કિડનેપ હતો તો એ બધા લોકો સાથે સેફ અહીંથી નીકળી ગયો હશે કેમકે અમે અહી છાપો માર્યો એ પહેલા બધા હોસ્ટેજ અહીંથી સલામત સ્થળે નીકળી ગયા હતા." મેં કહ્યું.

"કઈ રીતે?" મીનીસ્ટર બને એટલા નવાઈના ભાવ એના ચહેરા ઉપર લાવતો કે આવી જતા હતા.

"હું પણ અહી હોસ્ટેજ હતી, અમે લોકોએ બળવો કર્યો હતો. અહી અમને કેદ કરી રાખનાર સૂરજ નામના કોઈ વ્યક્તિ પર રાઘવે એ જમવાનું આપવા આવ્યો ત્યારે હુમલો કર્યો હતો અને રાઘવ એને માત કરવામાં સફળ રહ્યો હતો." મેં જે કહ્યું એ મીનીસ્ટર સો ટકા સમજી જશે એની મને ખાતરી હતી.

"તો હવે ક્યા છે રાઘવ?"

"એ સૂરજ પોતાની કારમાં લઇ બાકીની છોકરીઓ સાથે નીકળી ગયો છે." મેં કહ્યું.

મારી વાત પરથી મીનીસ્ટર સમજી ગયો હતો કે હું શું કહેવા માંગું છું. એ જાણતો હતો કે રાઘવ ક્યારેય હુમલો કરી કિડનેપ થયેલા લોકોની મદદ ન કરે. મેં એને આખી કહાની ઉલટી સંભળાવી હતી. એ સમજી ગયો હતો પણ આઈ.પીં.એસ. અધિકારીઓની હાજરીમાં કાઈ બોલી શકે તેમ પણ ન હતો. મેં એને બરાબર એની જ ચાલમાં ફસાવ્યો હતો.

"તો તું એમની સાથે કેમ ન ગઈ?"

"કેમકે હું પોલીસના આવવાની રાહ જોતી હતી."

"ચાલો મીનીસ્ટર સાહેબ અમારો એક આદમી પણ બહાર ઘાયલ છે એને તાત્કાલિક હોસ્પિટલ પહોચાડવો પડશે બાકીને વાતો રસ્તામાં કરીશું." અખિલેશે કહ્યું અને તે બહારની તરફ ચાલવા લાગ્યો.

અખિલેશની પાછળ બીજો અધિકારી અને એની પાછળ વાતો કરતા હું અને મીનીસ્ટર ચાલવા લાગ્યા. મીનીસ્ટર એના માણસો મર્યા એ બાબતે અખિલેશ સર ઉપર જોર કરોત પણ મેં એને રાઘવ વિશે વિચારતો કરી મુક્યો હતો.

મીનીસ્ટર જાતે કરીને ઘાયલ હોવાનું નાટક કરી ધીમી ચાલે ચાલી રહ્યો હતો જેથી અમારી અને અખિલેશની વચ્ચેનું અંતર વધી શકે અને એ મને એ સવાલો પૂછી શકે જે ઓફિસરો સાંભળે તેમ પૂછી શકે તેમ ન હતો. હું પણ એ જ ઇચ્છતી હતી.

"તું કોણ છે?" અમારા અને અખિલેશ વચ્ચે ખાસ્સું એવું અંતર વધી ગયા પછી મીનીસ્ટરે પોતાનું મો ખોલ્યું.

"એ જાણવાથી તને કોઈ ફાયદો નહિ થાય." મેં કહ્યું, "તું જે જાણવા માંગે છે એ સવાલ કર." મેં એને ફસાવવાનો પેતરો ગોઠવી લીધો હતો બસ હવે એ મારી ચાલને સમજી

શકે છે કે નહી તે જોવાનું હતું.

"મને ખબર છે તું આખી કહાની ઉલટાવીને સંભળાવી રહી છે. તને રાઘવે નથી બચાવી પણ સૂરજે બચાવ્યા છે તમને બધાને. મારો રાઘવ ક્યા છે?"

"રાઘવ ક્યા છે એ કહેવું હોત તો હું આટલી મોટી રમત કેમ રમોત? આઈ.પી.એસ.ની હાજરીમાં જ એ ક્યા છે એ કહી ન દોત?" મેં કહ્યું.

"તો તું શું ઇચ્છે છે? તું એને સ્પોટ પરથી ગાયબ કેમ કરી રહી છે?"

"કેમકે હું તને મરતો જોવા માંગું છું. તે પોલીસથી બચવા એક જુઠ્ઠાણાની રમત રમી. તું વિલન હોવા છતાં તે તારી જાતને હીરો સાબિત કરી નાખ્યો. સામે મેં પણ એ જ રમત રમી મેં રાઘવને વિલનમાંથી હીરો બનાવી દીધો."

"અને એનાથી તને શું ફાયદો થશે?" મીનીસ્ટર હજુ કાઈ સમજી શક્યો ન હતો.

"મને ફાયદો થશે કે નહિ એના કરતા તને શું નુકશાન થશે એ તારે વિચારવું જોઈએ."

"મતલબ?"

"મતલબ સાફ છે. જે છોકરીઓ બચીને ભાગી ગઈ છે એ અને હું અમે બધા એક જ સટેટમેંન્ટ આપીશું કે રાઘવ અમને બચાવવા માટે બીલી અને બીજા એક ગુંડા સાથે જીવ સાટોસાટનો દાવ લગાવી લડ્યો. એ અમને બધાને બચાવવામાં અને બીલી અને બીજા ગુંડાને મારવામાં પણ સફળ રહ્યો પણ એ બહાદુરી બતાવતી વખતે એને પણ પીઠમાં એક ગોળી વાગી ગઈ છતાં એક પ્રમાણિક અને ઈમાનદાર મંત્રીના બહાદુર છોકરાએ અમને શહેર સુધી સલામત પહોચાડ્યા પછી તેણે દમ તોડી નાખ્યો."

"શું.... શું એને ખરેખર ગોળી વાગી છે?" મીનીસ્ટર મારી વાત સાંભળીને જ હલબલી ગયો.

"મંત્રી પાગલ થઈ ગયોને? તને ખબર છે કે બીલી તારો પાલતું કુતરો છે એ તારા રાઘવ પર ગોળી ક્યાંથી ચલાવી શકે? હજુ તારો રાઘવ તો કારની ડીકીમાં બંધ છે બિચારો." મેં હસીને કહ્યું.

"તું એને કેમ મારવા માંગે છે છોકરી? તારે એનાથી શું દુશ્મની છે?"

"મારે એની સાથે કોઈ પર્સનલ દુશ્મની નથી. બસ હું તને મરતો જોવા માંગું છું..."

"કેમ? મેં તારા મમ્મી પપ્પાની હત્યા કરાવી છે? શું મેં તારા ભાઈને મારી નંખાવ્યો હતો? શું મેં કરાવેલા દંગામાં તારા ઘરમાંથી કોઈ મરી ગયું હતું? કે પછી તારી બહેનને કિડનેપ કરી મારા માણસોએ વેચી નાખી છે? તારે મારી સાથે શું દુશ્મની છે?"

"મંત્રી તે એટલા ગુના કર્યા છે એટલા પાપ કર્યા છે કે તને પોતાને પણ યાદ નથી કે કયા વ્યક્તિ સાથે તે શું અન્યાય કર્યો છે! છતા સાંભળીલે ગયા વર્ષે તારા માણસોએ જે છોકરીઓને કોલેજમાંથી કિડનેપ કરી હતી એમાં મારી નાની બહેન જીનલ પણ હતી અને એ રસ્તામાં જ

કારમાંથી કુદી પડી હતી. પડતી વખતે પથ્થર સાથે માથું ટકરાવાથી એ બચી શકી નહી, બસ હું એનો બદલો ચાહું છું."

"તું રાઘવને ન માર હું તને જોઈએ તેટલા રૂપિયા આપીશ... તું માંગીશ તે આપીશ બસ રાઘવને છોડીદે આ બધા આઈ.પી.એસ.ની તને બોસ બનાવી દઈશ."

"મીનીસ્ટર મને તારો જીવ જોઈએ છે, મને તારી લાશ પાસે ઉભા રહી જીનલને આપેલ વચન પૂરું કરવાનું છે. જો એમ નહી થાય તો રાઘવ સાથે જ મારે મારો બદલો વશુલ કરવો પડશે."

"પણ આ બધાની વચ્ચે મેં સરેન્ડર કર્યું છે હવે તું મને કઈ રીતે મારી શકે? તું પોતે જ ફસાઈ જઈશ." મીનીસ્ટરે કહ્યું. લોહી માટે હરામી મીનીસ્ટર મરવા તૈયાર થયો એ જોઈ મને નવી લાગી. આ ડી.એન.એ. શું ચીઝ છે એ હજુ વૈજ્ઞાનિકોને પણ ક્યાં સમજાયું છે? ગમે તેવું હિંસક જાનવર પણ પોતાના બચ્ચાં માટે મારવા તૈયાર હોય છે. આ મનુષ્ય પ્રાણીઓ પણ આવા જ હોય છે. હું પણ આવી લોહીયાળ રમત મારી બહેન માટે જ તો રમી હતી.

"કોણે કહ્યું હું તને મારીશ? હું તને મારવા નહિ તારા હાથે મરવા માંગું છું...."

"મતલબ..?" મીનીસ્ટર હડકાયા કૂતરાની જેમ પાગલ થઇ રહ્યો હતો.

"જેમ તમે જીનલને મારી એમ હું પણ મરવા ઈચ્છું છું, મારી પીઠ પર મારા જેકેટમાં ગન છે. હું તને છેલ્લો મોકો આપવા માંગું છું એ ગન લઇ તું મને મારી નાખ. જો મારા નસીબ હશે તો હું બચીસ અને તારા નસીબ હશે તો તું. કેમકે એક પળ કરતા વધુ સમય તને નહિ મળે. અખિલેશ અને ટીમના બીજા ઓફિસરો તારા શરીરને છન્ની કરી દેશે પણ જો તું એ નહિ કરે તો રાઘવનું મરવું નક્કી જ છે." મેં કહ્યું.

"બહુ સારી રમત રમી છે તું છોકરી... મારા કરતા પણ એક સ્ટેપ ઉંચી." કહી તેણે લથડવાનો ડોળ કર્યો, મેં એને ટેકો આપવાનો પ્રયાસ કર્યો અને એ દરમિયાન એણે મારા જેકેટમાં છુપાવેલ ગન નીકાળી લીધી.

એણે મને ધક્કો મારી દુર હડસેલી મારા તરફ ગન ધરી ત્યાં સુધીમાં એ લથડ્યો ત્યારે અમારા તરફ જે ઓફિસરનું ધ્યાન ગયું હતું એણે મીનીસ્ટર તરફ નિશાન સાધી ટ્રીગર દબાવી દીધું હતું.

મીનીસ્ટરે જયારે ગનનું ટ્રીગર દબાવ્યું માત્ર એક નાનકડો થડ અવાજ થયો. એ ફાટી આંખે ગનને જોઈ રહ્યો.. ગનમાં ગોળીઓ હતી જ નહિ. મેં એની સાથે પણ એ જ રમત રમી જે મેં રાઘવ સાથે રમી હતી. મીનીસ્ટર ગન ફેકે એ પહેલા અખિલેશ અને બીજા ઓફિસરોની ગનમાંથી નીકળેલી બુલેટે તેને વીંધી નાખ્યો હતો.

મારું જીનલના કાતીલની લાશ પાસે ઉભા રહેવાનું સપનું પૂરું થઇ ગયું. અખિલેશ અને બાકીના ઓફિસરો મારા નજીક દોડી આવ્યા, મને કાઈ નથી થયું એ જોઈ તેમણે મીનીસ્ટરને તપાસ્યો. કદાચ એનામાં હજુ શ્વાસ હોય તો? પણ એના શ્વાસ બંધ થઇ ચુક્યા હતા.

અખિલેશે મારા તરફ જોયું અને કઈક વિચારતા હોય એમ ખિસ્સામાંથી ફોન કાઢી

એમ્બ્યુલન્સનો નંબર ડાયલ કર્યો. “જીનલ હવે ખુશ હશે ને?” સામેથી કોઈ ફોન રીસીવ કરે એ પહેલા અખિલેશ સરે મારી સામે જોઈ કહ્યું. મેં માત્ર હકારમાં માથું હલાવ્યું.

***

સં ધ્યાને સુરજ સાથે કદાચ કોઈ અજીબ સંબંધ હશે કેમકે હું એક જ એવી સંધ્યા હતી જેના ઉરમાં હમેશા આગ સળગતી રહેતી હતી પણ કદાચ એ આગ મને સળગાવી નાખવા માટે ન હતી! એ બધાને સળગાવવા માટે હતી જેમણે મારા જીવનને હમેશા દુ:ખની આગમાં સળગવા મજબુર કર્યું હતું.!

ફરી એક વાર હું કોલેજમાં હતી પણ કોઈ નાટક ભજવવા માટે નહિ. મેં મારું લક્ષ પૂરું કરી લીધું હતું. તમને નવાઈ લાગશે પણ મને મળેલ ન્યાય કુદરતે કરેલા ન્યાય જેવો જ હતો. જીનલનો જન્મ દિવસ હતો એ જ દિવસે હું ફરી કોલેજમાં ગઈ અને એના આગળના દિવસે જ મેં એના કાતીલોને સજા આપી દીધી હતી. એટલે મને એ ન્યાય કુદરતના કરિશ્મા જેવો લાગ્યો.!

હું શારીરિક અને માનસિક બંને રીતે એ કાળ કોટડીમાં કંટાળી ગઈ હતી. મને એમ લાગ્યું હતું કે મારે એ સ્થળેથી બહાર નીકળ્યા પછી અઠવાડિયાઓ સુધી આરામની જરૂર પડશે પણ એવું કાઇ ન થયું. હું બીજા જ દિવસે સવારે વહેલી ઉઠી કોલેજ જવા માટે નીકળી પડી. મેં ફરી એ જ જીનલના બ્લેક લોવર અને યલો ટોપ પહેર્યા પણ એ વખતે એના ગમતા કપડા પહેરી કોલેજ નીકળતી વખતે મારી આંખોમાં આંસુ ન હતા! હું જાણતી હતી કે હવે તે તેના હેવનમાં જઇ શકશે. હવે તેને ત્યાં જતા તેનું દિલ રોકશે નહિ.

પપ્પા અને દાદાનું કહેવું હતું કે મારે કેટલાક દિવસો સુધી આરામ કરવો જોઈએ. પોલીસે પણ એમ જ કહ્યું હતું. પણ ના, મારે કોલેજ એ જ દિવસે જવું હતું કેમકે એ મારા માટે ખાસ દિવસ હતો. એ દિવસે કોલેજમાં બધા શોક દિન મનાવે છે જે ત્રણ છોકરીઓ ગુમ થઇ ગઈ હતી તેમના માટે અને જીનલ મૃત્યુ પામી હતી એ માટે. જોકે જીનલ મૃત્યુ પામી એ દિવસ એ ન હતો પણ એ દિવસ વેકેશનમાં આવે છે માટે તેઓ જીનલના જનમ દિવસને દિવસે જ કોલેજમાં એ દિવસને મનાવે છે. મને પણ કોલેજ પહોચ્યા પછી જ જાણ થઇ કે કેમ તેઓ એ આખું ફંકશન જીનલના જન્મ દિવશે રાખે છે - જીનલ સિવાયની ત્રણ છોકરીઓ ગુમ થઇ હતી પણ તેમના મૃતદેહ મળ્યા ન હતા એટલે તેઓ એમ માને છે કે તેઓ જીવિત હશે! બસ એમના કોલેજમાં ન હોવાનો અફસોસ વ્યક્ત કરે છે. એમને ખબર છે કે તેઓ જીવિત હશે તો પણ મૃત્યુથી પણ બદતર હાલતમાં હશે તો પણ આપણા રીવાજો મુજબ જીવતા વ્યક્તિઓ માટે શોક દિન મનાવી શકાતો નથી. જોકે એમના ત્યાં ન હોવાનો શોક દરેક હ્રદયમાં હતો.

હું કોલેજમાં ઓડીટોરીયમ હોલ નજીક ઉભી હતી.

ઓડીટોરીયમમાં દરેક વ્યક્તિ પોતાની સીટ પર ઉદાસ ચહેરા સાથે બેઠા હતા. મોટા ભાગના ઓડીટોરીયમના એક છેડે ભીડ બનાવીને ઉભા હતા. તેઓ બધા કોઈ ચર્ચા કરી રહ્યા હતા. બધાના ચહેરા જોતા એમ લાગી રહ્યું હતું જાણે એ દુ:ખદ ઘટના હજુ હમણાં જ થઇ હોય! જાણે જીનલ હજુ કોલેજમાંથી બધાને આજે જ છોડીને ગઈ હોય.!

“તેઓ શું કરી રહ્યા છે?” મેં મારા નજીકમાંથી પસાર થતી એક છોકરીને પૂછ્યું. મને એનું નામ ખબર ન હતી પણ કદાચ તે સીનીયર હતી.

“તને ખબર નથી?” તેને નવાઈ લાગી હોય તેમ એ બોલી.

"હા, ખબર છે કોઈ છોકરી ગુમ થઈ હતી તેનો શોક દિન મનાવે છે." હું એને એમ કહી શકું તેમ ન હતી કે તે છોકરી મારી વહાલી બહેન જીનલ હતી કેમકે મેં કોલેજમાં નામ એ જ રાખ્યું હતું પણ જાત અને પિતાનું નામ બદલીને એડમીશન લીધું હતું જેથી કોઈને ખ્યાલ ન આવે કે હું કોણ છું અને કોલેજમાં કેમ છુ? આમ તો બર્થ સર્ટીફીકેટ અને બીજા ડોક્યુમેન્ટ્સમાં આ બધું બદલવું મુશ્કેલ કામ છે પણ હું આઈ.પી.એસ.ની ટ્રેઈનીગમાં હતી અને આ કામમાં અખિલેશ સરે મને મદદ કરી હતી એટલે એ બધું મારા માટે આસાન થઇ ગયું હતું.

"હા, ત્યાં પેલી ભીડ છે ત્યાં ફંડ ભેગું કરી રહ્યા છે. જીનલને નાના બાળકો બહુ પસંદ હતા. તે તેના જન્મ દિવસે અહી બાજુમાં જ આવેલ એક પ્રાથમિક શાળાના છોકરાઓને ચોકલેટ વહેચતી અને ઘણીવાર તેમને કોઈને કોઈ વસ્તુઓ ભેટ આપતી. તે બધાથી અલગ હતી. કોલેજમાં આજે ફંડ ભેગું કરવામાં આવશે અને એ ફંડમાંથી ગરીબ બાળકોને ચોકલેટ અને એવી બીજી વસ્તુઓ આપવામાં આવશે." તેણીએ આછા સ્મિત સાથે કહ્યું, "ગોડ બ્લેસ હર સાઉલ....."

હું કશું જ ન બોલી. હું એને કહી શકું તેમ ન હતી કે હું જાણું છું જીનલ બધાથી અલગ હતી, હું હજુ મારી ઓળખ છતી થવા દેવા નહોતી માંગતી કેમકે હજુ મારે મુંબઈમાં ઘણા કામ કરવાના બાકી હતા.

હું જ્યાં ફંડ રેઈઝ કરવામાં આવી રહ્યું હતું ત્યાં પહોચી. તેમની બાજુમાં જઇ ઉભી રહી. બે છોકરીઓ અને એક છોકરો ટેબલની પેલી તરફ બેઠા હતા. બંને છોકરીઓ સુંદર અને એથલેટ લાગતી હતી. જીનલ સાથે જ તેઓ પણ સ્પોર્ટ્સમાં જોડાયેલ હશે એટલે જ તો ટેબલની પેલે તરફ બેસી ફંડ રેઈઝ કરી રહી હતી.

લાકડાના ટેબલ પર જીનલનો ફૂલ સાઈઝનો ફોટો ગોઠવેલ હતો. કદાચ તેની જુનિયર ફેન્સીંગ ટીમમાં લેવાયેલ એ ફોટો હોય તેમ મને લાગ્યું. તે ફ્રેમમાં જાણે આત્મવિશ્વાસ સાથે તેની નંબર સત્તર લખેલ સ્પોર્ટ્સ ટી-શર્ટ પહેરીને ઉભી હતી. તેના એક હાથમાં તેની ફેન્સીંગ સ્ટીક હતી અને બીજા હાથમાં ફેન્સીંગ માસ્ક હતું. તેના કાળા સુંદર વાળ તેણીએ ખુલ્લા રાખેલા હતા. મને ખાતરી હતી કે ફોટો લેતી વખતે ફ્રેન્ડસની જીદને લીધે તેણીએ વાળ ખુલ્લા રાખ્યા હશે નહિતર એને ખુલ્લા વાળ ગમતા જ નહી. જોકે એ ખુલ્લા વાળમાં ખુબ જ સુંદર લાગતી હતી. તેની આંખો પરની મોટી કાળી ભ્રમર તેની આંખોને વધુ મોટી અને સુંદર બનાવી રહી હતી. તે કોઈ પરી કરતા કમ નહોતી લાગી રહી!

મેં ટેબલ પરના કાગળ ઉપર નજર કરી.

ફંડ રાઈઝીંગ ફોર ચિલ્ડ્રન: ઇન મેમરી ઓફ જીનલ શાહ.

મેં એ કાગળ હાથમાં લીધું અને ફોલ્ડ કરી તેને જીન્સના પોકેટમાં સરકાવ્યું અને ખિસ્સામાંથી પાંચસોની બે નોટ ટેબલ પર મૂકી.

"સંધ્યા..." હું મારું નામ બોલવા જતી હતી કેમકે ફંડ આપનાર દરેકનું નામ ત્યાં લખવામાં આવતું હતું અને જો હું નામ ન લખાવું તો જરા અજુગતું લાગે પણ હું મારું વાક્ય પૂરું કરું એ પહેલા જ ટેબલ પાછળથી એક છોકરીએ કહ્યું, "સંધ્યા શર્મા.. તને કોણ નથી ઓળખતું...?? તું એ જ છે ને જેણીએ છોકરીઓને બચાવી છે?"

માત્ર હકારમાં માથું ધુણાવી હું ત્યાંથી આગળ નીકળી ગઈ. મને એમ લાગી રહ્યું હતું જાણે દુર ઉભી પેલા ફોટામાં પહેરેલ સપોર્ટ સુટ સાથે જીનલ મારા તરફ જોઈ મંદ મંદ હસી રહી છે... હું એને જોતી રહી... એની તસવીર આગળ અગરબત્તી જળતી હતી. એમાંથી પણ ધુમાડો નીકળતો હતો.! ધુમાડા સાથે મારે ગજબનો સબંધ છે.! મને ફરી મનમાં વિચાર આવ્યો. હું તસવીર પરથી નજર હટાવી બહાર ગઈ.

ઓડીટોરીયમની બહાર આવી મેં જોયું કે મારી જેમ જ નિશા, અને બીજી છોકરીઓ પણ કોલેજ આવી ગઈ હતી. તેમણે પણ રેસ્ટ કરવાનું પસંદ ન હોતું કર્યું.

સુરજે એ છોકરીઓને શહેરમાં ઉતારતા પહેલા સમજાવી દીધું હતું કે તેમની સાથે રાઘવ કિડનેપ થયો હતો એ વાત જ કોઈને ન કહેવી. એનું શું થયું એ અમને ખબર નથી એ જ કહેવું. જેમ રાઘવ કોલેજની છોકરીઓને ગુમનામ બનાવી નાખતો હતો કે તે જીવતી છે કે મરી ગઈ છે એ જ નક્કી ન થઇ શકે. અમે પણ એની સાથે એ જ કર્યું. એને ગુમસુદા બનાવી નાખ્યો જેથી એ જીવીત છે કે મરી ગયો છે એ જ કોઈ નક્કી ન કરી શકે. કિરણ સર જેલના સળિયા પાછળ ધકેલાઈ ચુક્યો હતો, કદાચ જીવનમાં ફરી એને કોલેજ કે સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ જોવા મળવાનું ન હતું.

હું નિશા, મનીષા, રિયા અને બીજો છોકરીઓ સાથે કોલેજ કેમ્પસમાં વ્યસ્ત હતી. એ કોલેજનો પહેલો દિવસ હતો જયારે હું સાચે જ ખુશ હતી! જયારે હું ફરી સંધ્યા હતી! કદાચ સૂરજને લીધે. મેં એક નજર આકાશ તરફ કરી, સૂરજ ધીમે ધીમે રંગ પકડી રહ્યો હતો, તે તેજ બની રહ્યો હતો અને આગળ વધી રહ્યો હતો.

“સંધ્યા, લૂક.” નિશાએ મારો હાથ ખેચતા કહ્યું.

“વો..ટ..?” હું એનાથી આગળ વધુ કાઈ ન બોલી શકી, મેં મેઈન એન્ટ્રેન્સ તરફથી આરાધના અને તેની બંને રૂમમેટને આવતા જોયા. તેમની સાથે એક અજાણ્યી છોકરી હતી, કદાચ મેં એને પહેલા ક્યારેય જોઈ ન હતી.

આવતાની સાથે જ આરાધના મને ગળે વળગી રડવા લાગી. તેની આંખોમાંથી ખુશીના આંસુ વહેતા હતા. તેની બંને રૂમમેટ પણ એટલી જ ખુશ હતી. ફરી મારું ધ્યાન એ અજાણ્યી છોકરી પર ગયુ.

“અ ન્યુ ફ્રેન્ડ?” મેં આરાધનાને પૂછ્યું.

“યસ. ગેસ વું ઈઝ સી?” આરાધનાએ હસતા હસતા કહ્યું.

મેં અંદાજ લગાવવાનો પ્રયાસ કર્યો પણ મને યાદ આવ્યુ નહી કે મેં એ છોકરીને પહેલા ક્યારેય જોઈ હોય.

“આઈ કાન્ટ.” મેં કહ્યું.

“આઈ એમ રોશની.” આરાધના તો આટલી સહેલાઈથી મને જવાબ ન આપત પણ એ છોકરીએ જ કહ્યું.

“સૂરજની બહેન?” મારા મોમાંથી આકસ્મિક શબ્દો નીકળી ગયા.

“કોણ સૂરજ?” આરાધનાએ કહ્યું.

મેં ભોઠપ અનુભવી. મને થયું હું પણ પાગલ થઇ ગઈ છું. જેટલી છોકરીઓના નામ રોશની હોય તે બધી સૂરજની બહેન થોડી હોય.!

“એ જ સૂરજને જે અમને કાળ કોટડીમાંથી છોડાવી લાવ્યો?” આરાધનાએ ઉમેર્યું અને માત્ર ત્યારે મને ખયાલ આવ્યો કે આરાધના અને એની રૂમમેટ ફરી જોવા મળ્યા એ ખુશીમાં હું એને પૂછવાનું જ ભૂલી ગઈ હતી કે તેઓ ક્યાં હતા અને કઈ રીતે પાછા આવ્યા.

“તને એણે બચાવી?” મેં નવાઈથી કહ્યું.

“હા, તેણે કોઈને થર્ડ ડીગ્રી ટોર્ચર કર્યો અને એ બિચારાએ અમે ક્યાં કેદ છીએ એનું એડ્રેસ એને આપી દીધું.” આરાધનાએ કહ્યું.

“અને પછી એ બિચારા ટોર્ચર થયેલ માણસનું શું થયું?” મેં પૂછ્યું. હું જાણતી હતી કે આરાધના રાઘવ માટે બિચારો ટોર્ચર થયેલ માણસ શબ્દ વાપરી રહી હતી. તેને પણ સૂરજે સમજાવી દીધું હશે કે શું કરવું.

“જેની બહેનને તે બચાવી લીધી હોય એ વ્યક્તિ તારી બહેનના કાતિલ સાથે શું કરે? એ કાતિલ બિચારો ગભરાઈને ચાલુ કારમાંથી કુદી પડ્યો અફસોસ એ જ્યાં પડ્યો ત્યાં રોડની બાજુમાં માઈલ સ્ટોન હતો અને એનું માથું એ માઈલ સ્ટોનના પથ્થર સાથે અથડાઈ ગયું.” આરાધાનાએ કહ્યું.

હું સમજી ગઈ કે આરાધનાને સૂરજે બધી વાત કરી હતી અને તેમણે આયોજનપૂર્વક રાઘવનું કામ તમામ કરી નાખ્યું હતું. કદાચ એ પણ કુદરતનો ન્યાય હતો રાઘવ પણ જીનલના જન્મ દિવસે જ મૃત્યુ પામ્યો અને એ પણ એ જ રીતે જે રીતે જીનલ મૃત્યુ પામી હતી.

હું આરાધના, નિશા, મનીષા, રિયા, સ્નેહા અને એમની પાતળી ફ્રેન્ડ તેમજ પેલી ચોથી છોકરીને વારા ફરતી ભેટી પડી. મારી આંખો સજળ બની ગઈ.

“જા બહાર કારમાં કોઈ તારી રાહ જોઈ રહ્યું છે.” છેવટે આરાધનાએ હસતા હસતા કહ્યું.

“કોણ?”

એણીએ કાઈ જવાબ ન આપ્યો, તે માત્ર મારા તરફ જોઈ હસી. મારે જવાબની જરૂર પણ ન હતી. હું બધાને હાથ હલાવતી બહાર ઉભી કાર તરફ જવા લાગી. કદાચ દુનિયામાં પહેલીવાર એવું બન્યું હતું સૂરજ સંધ્યાની રાહ જોઈ રહ્યો હતો અને સંધ્યા સૂરજ તરફ જઈ રહી હતી.

હું દરવાજા બહાર ગઈ. ત્યાં મેં દ્રશ્ય જોયું. એ જ દાઢી-મૂછવાળો સૂરજ આજે ડાર્ક બ્લુ જીન્સ અને બ્લેક ટી શર્ટ ઉપર વાઈટ બ્લેઝરમાં એની ગાડી પાસે નાના નાના બાળકોને ભેગા કરીને ચોકલેટ આપતો હતો. રોડ ઉપર નાના બાળકોનું એક મોટું ટોળું ભેગું થયેલું હતું. ઝડપથી વહેતા વાહનોના અવાજ વચ્ચે બાળકોના હસવાનો અવાજ ખીલખીલાટ હવામાં આહ્લાદ ઉમેરતો હતો.

એ દ્રશ્ય જોઈ મારો ચહેરો ખીલી ઉઠ્યો.! સંધ્યા એ સૂરજને જોઈ ખીલી ઉઠી.! ત્યાં મને એક સફેદ વસ્ત્રોમાં સજ્જ પરી જેવી છોકરી દેખાઈ. એ જીનલ હતી. એ જ મર્માળ સ્મિત એના ચહેરા ઉપર હતું. એ ઘડીક સૂરજને અને ઘડીક મને જોઈ રહી હતી. સૂરજ એના ધ્યાનમાં હતો. ત્યાં જીનલે મને હાથ હલાવી વિદાય લીધી એ ધીમે ધીમે હવામાં ગાયબ થઇ ગઈ.

"શું થયું સંધ્યા?" એકાએક સૂરજ મારી સામે આવીને ઉભો રહી ગયો.

"કઈ... કઈ નહી...." મેં એના ખભા પાસેથી પાછળ નજર કરી ત્યારે સૂરજે પણ પાછળ જોયું.

"તે સ્ટ્રેસની ગોળી નથી લીધી આજે?" સૂરજ સમજી ગયો હતો કે મારું મન ત્યાં જીનલને જોતું હતું. સૂરજના ગાલમાં અને ચહેરા ઉપર મોટા ઘા હતા. મેં ચાંદ ઉપર દાગ જોયા હતા પણ સૂરજ ઉપર આજે પહેલીવાર જ દાગ જોયો હતો. જોકે એ દાગ માત્ર મેં જ જોયો હતો દુનિયાએ નહી...!!

"ના... મારે હવે ટેબલેટની જરૂર નથી..." મેં હસીને કહ્યું.

"વેલ... હું અમેરિકા જાઉં છું રોશનીની ટ્રીટમેન્ટ માટે એટલે મળવા આવ્યો હતો.."

"ગોડ બ્લેસ હર...." કહી મેં હાથ મિલાવ્યા.

"હમ્મ્મ જીનલ પણ સ્વર્ગે પહોંચી ગઈ હશે હવે...." એણે હસીને કહ્યું "ફરી મળીશું.. ટેક કેર..."

મેં માથું હલાવ્યું અને મારું પર્સ બંને હાથમાં પકડી અદબવાળી ઉભી રહી. સૂરજ ગાડીમાં બેઠો. જતા પહેલા એણે મારી સામે જોયું, "સંધ્યા, થેંક્યું.."

મારા ચહેરા ઉપર એક નિર્દોષ સ્મિત ફરી વળ્યું ને સૂરજે ગાડી હંકારી મૂકી. તે આકાશના સૂરજ સાથે કદમથી કદમ મિલાવી ચાલવા લાગ્યો અને સંધ્યા પહેલી વાર રાતમાં ઢળ્યા વિના સૂરજને જતો જોઈ રહી. આમ તો સૂરજ સવાર માટે ઉજાસ લઈને આવે છે પણ આ સૂરજે સંધ્યાના જીવનમાં એટલું અજવાળું ભરી દીધું હતું કે તે ફરી ક્યારેય રાતમાં ઢળી શકે તેમ હતી જ નહિ.

*** સમાપ્ત ***